
એક મહાન શોધ,

મરજી પ્રમાણેનાં બાળક



લે.

[illegible]

गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराअिट विभाग]

अनुक्रमांक वर्गांक

पुस्तकनुं नाम

विषय ८ : ६

એક મહાન શોધ.

મરજી પ્રમાણેનાં બાળક.

જોઇએ તો છોકરો કે છોકરી

તંદુરસ્ત, ખુબસુરત બુધ્ધિમાન બાળક પેદા કરવાની વિદ્યા.

લખનાર,

બેહમન સો. જહાં. બનાજી.

છત્રીસ ચિત્રો તથા અનેક સુધારા વધારા સાથની

આવૃત્તિ ત્રીજી.

મુંબઇ:

જેહાંગીર બી. કરાણીના છોકરાઓ,

પારસી બજાર, કોટ.

કીંમત ૨-૦-૦

૧૯૨૩.

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
૧૧૧૬૧
ગુજરાતી કૉપીરાઈટ-સંગ્રહ

એજ લખનારનાં બીજાં પુસ્તકો.

ગુપ્ત મનશકિતની મહાન શોધો

જે વડે માણસ દુ:ખ, દરદ, મોત અને નસીબપર કાબુ રાખી શકે
આવૃતિ બીજી. કીંમત રૂ. ૦-૧૨-૦

સ્ત્રીનો મદદગાર ફિરેશ્તો

સ્ત્રીને માટે જોઇતું મુખ્ય જ્ઞાન.

બંદગીનું બળ

બંદગીના મળેલા જાણવા લાયક જવાબો.—કીંમત રૂ. ૧-૮.

દીકરાને બાપની ખાનગી સલ્લાહ.—કીમત રૂ. એક.

દીકરાને માતાની ખાનગી સલ્લાહ.—કીંમત રૂ. સવા.

મોતનો ભેદ—ગુજરેલાંની દુન્યા--કીંમત રૂ. સવા બે.

ઉપલાં પુસ્તકો મળવાનું ઠેકાણું:—

જેહાંગીર બી૦ કરાણીના છોકરાઓ,

૨૨૦-૨૨૨, પારસી બજાર,

કોટ, મુંબાઇ.

આ પુસ્તકનો સર્વ હક્ક ૧૮૬૭ ના ૨૫ માં કાયદા પ્રમાણે કર્ત્તાએ સ્વાધીન રાખવા માટે રજીસ્ટર કરાવ્યો છે.

Published by M. J. Karani, 220-222, Parsi Bazar, Fort, Bombay.

Printed by P. C. Appoo, at the New Art Printing Press.
204-224, Mapla's Compound, Bora Bazar, Fort, BOMBAY.

અર્પણ પત્ર.

મરહુમ શેઠ ફ્રામજી કાવસજી બનાજી.

તે મારા પરોપકારી અને સખી વજુદ વડવા જેઓએ જ્યારે પાણીની
તાણ હતી, ત્યારે જગેજગ કુવા અને તળાવો ખોદાવી દેશની સેવા
બજાવી હતી, આતશબેહરામ અને દોખમુ બંધાવી ધર્મ તરફની
ફરજ બજાવી હતી, અને કુટુંબને સુખીકરવા લાખોરૂપીયાનું
સાત ગામોનું મોટું પવાઇ એસ્ટેટ મુકી ગયા છે, એવા મારા
સદ્‌ગુણી અને નામાંકીત વડવા તેમજ મારા ઉમદા ખવા-
સના મરહુમ પીતાજી શેઠ સોરાબજી જહાંગીર ફ્.
બનાજી કે જેઓનું ઉમદા લોહી મારી નસોમાં
વહે છે અને મને પણ પરોપકારી કામો કરવાને
સુચવે છે, તેઓને ઘણાંજ માનથી અને
અત્યંત ઉપકારની લાગણીથી આ પુસ્તક
અર્પણ કરૂં છું અને દુવા ગુજારૂં છું
કે એવોનાં રૂહને હંમેશાની શાંતી
મળે!

એ બાબદનાં ભાષણુ અને લખાણુ વિષે છાપાનાં મતો.

"જામે જમશેદનું" મત. શનીવાર તા૦ ૩૦ મી માર્ચ ૧૯૦૭.

" મનની ભેદી અસરોથી મરજી પ્રમાણેનાં ખુબસુરત અને બુદ્ધિમાન બાળકો પેદા કરવાની માનસીક શાસ્ત્રની મહાન શોધ " આ એક એવો ઉપયોગી વિષય છે, કે જેને તમામ આદમ જાત સાથ સંબંધ છે. તે મહા દયાળુ પરમેશ્વરે સૃષ્ટીની તમામ રચના માનવી માત્રને માટે કરેલી છે, તો માનવી માત્રની ઉત્તમ ઉત્પત્તી દુનિયાને દિપાવવાને એક સર્વોપરી સાધનભુત છે. જો એમજ છે તો આદમ જાતનું વંશ બની શકે તેટલું ઉત્તમ ખુબસુરત અને બુધ્ધિમાન નીવડે તેટલા માટે જે જે પ્રયત્નો થાય તે સૃષ્ટીને એક આશીરવાદ સમાન છે. આપણે ગાય ઢોર અને ઘોડાઓની ઉત્તમ પેદાયશ માટે પ્રયત્નો કરીએ છીએ તો માણસ જાતનાં ઉત્તમ બીજ અને ઉત્તમ ફળ માટે કરેલો પ્રયત્ન વગર શકે **ભગીરથ** ગણવો જોઇએ. પરમેશ્વરની સર્વોપરી રચના " માનવી " શબ્દમાં સમાયલી છે અને તે " માનવી "નું મુળ બીજ કેમ સુધારવું, તેને ઉત્તમ ઉન્નતીના ચઢતા તબક્કાપર કેમ લાવવું. ક્યા ઉપાયોથી ઇનસાન બુદ્ધિમાન નિવડી શકે અને કુદરત જે પોતે " ખુબસુરતીનો ખંડ " છે, તેમાં માનવી રૂપી પુષ્પને ખુબસુરતીના બહારમાં કેમ દીપતાં કરવા, **એ જે શાસ્ત્ર શીખવતું હોય તે શાસ્ત્ર, બધાં શાસ્ત્રમાં વગર શકે સર્વોપરી ગણાવું જોઇયે.** એક હમેલદાર સ્ત્રી પોતાના હમેલની હાલતમાં જે પ્રકારના વિચારો કરે, જે પ્રકારનું વર્તન રાખે અને જે પ્રકારો તેની નજર સામે આવે, તે વિચાર, તે વર્તન અને દ્રષ્ટી-ચીત્રને અનુસરતું બાળક પેદા કરવાને સામર્થવાન છે. ખચીત કુદરતની મહાન અજાયબી ગણાવી જોઇયે કે મનુષ્ય પોતે ઇચ્છે એવું ફળ પ્રાપ્ત કરી શકવાને શકિતવાન છે? આજના શોધ-ખોળના જમાનામાં મનુષ્ય જાતીની ઉત્તમ સંપતી મેળવવા માટે એક હમેલદાર સ્ત્રીનું વિચારબળજ જો માલ કામ કરતું હોય તો તે વિજળી-બળ કરતાં પણ ઘણે દરજ્જે ચઢીઆતું ગણાવું જોઇયે. જો કે એ વિદ્યાની શોધખોળ હજી બચગીમાં છે છતાં બચગીમાંજ જો એ વિદ્યા એટલી બધી રોશની ફેકી શકવાને શકિતવાન થતી હોય તો તેનું ભવિષ્ય બેશક ઘણું પ્રકાશીત નીવડે એમાં નવાઇ નથી.

અખબારે સોદાગરનું મત-તા૦ ૧૪ મી સપ્ટેમ્બર ૧૯૦૭

મી૦ બનાજીનું આ લખાણ ખચીત વિદ્વતા ભર્યું છે અને આ બાબતનો તેવણે ખાસ અભ્યાસ કીધેલો લાગે છે. વિદ્યાની આ મહાન શોધ ખચીત યુરોપમાં જો કે સારી પેઠે જણાયલી છે તો પણ હીંદમાં તે નવીસવી છે. માતાઓને ખસુસ કરીને આ વિષય વાંચવા જોગ છે.

પ્રસ્તાવના.

——:o:——

ઇશ્વરની દરેક પેદાયશમાં માણુસ જાત શ્રેષ્ટ ગણાય છે તેનું કારણ એજ કે આપણે ઉંચા પ્રકારનું મન ધરાવ્યે છીયે, તેથી માનવી તરીકેની આપણી પહેલી ફરજ આપણાં મન વિષેનું જ્ઞાન મેળવવાની છે, એ વિચારથી માનસીક શાસ્ત્રનો (Psychology) નો અભ્યાસ સેવકે કરવા માંડયો હતો. આપણાં દરેક કાર્યમાં મન કેવી રીતે પોતાનું કાર્ય કરે છે તે જાણવાની કોશેશ કીધી છે. આ રીતે અભ્યાસ કરતાં આ સવંથી અગત્યની બાબતપર મન કેમ ખેંચાયું અને શા આધારે આ પુસ્તક લખાયું તે જણાવવાની રજા લઉ છું. એમ કરતાં કાંઇ દોશ માલમ પડે તે માટે મારી ચાકીશ.

ડા૦ સ્કોફીલ્ડની " Mind Force" એટલે "મનનું બળ" નામની ચોપડી વાંચવામાં આવતાં તેમાંના થોડાક દાખલાઓએ ધ્યાન બહુજ ખેંચ્યું હતું. તે દાખલાઓ નીચે પ્રમાણે હતાઃ—બચ્ચાંનાં બીજની ઉત્પત્તિ વખતે ઘોડા ઘોડી આગળ જે રંગનો પરડો અથવા ઘોડો ધરવામાં આવે તે રંગનું ઘોડાનું બચ્ચું જન્મે છે. "બાઇબલ" માં પણ એવોજ દાખલો જણાવવામાં આવ્યો છે કે લેબાને ઘેટાંઓ આગળ જે રંગના ઝાડના સાંઠાઓ નજર આગળ રજુ કીધા તેજ રંગના ઘેટાં જન્મ્યાં હતાં. એ પ્રમાણે કેટલાંક કાળાં રંગના માબાપને ત્યાં સફેદ બચ્ચાં જન્મે છે. આ દાખલાઓ ઉપરથી વિચાર કીધો કે આમ થવાનું કારણ શું ? ઘણો વિચાર કરવા પછી એવાં અનુમાનપર આવી શકાય કે ચોકસ વખતે માબાપનાં મનપર જેવા છાપ પડે તેવાં બચ્ચાં જન્મે છે, એમ દાખલાઓપરથી સાબેત થાય છે. મનની અદભુત શકિતઓનો અભ્યાસ કરતાં અને વિદ્વાન દારવીનના પુસ્તકમાં કેટલાક દાખલા વાંચ્યાથી જાનવરો અને પતંગ્યાં પોતાની ઇચ્છા શકિતથી પોતાનો ઘાટઘટમ કેમ ફેરવી શકે છે, અને ઝાડનાં પાડદાંના રંગ રૂપની બરાબર નકલ કેમ કરે છે તે સમજ પડે છે. આ દાખલાપર ઉંડાણથી વિચાર કીધા પછી એવાં અનુમાન પર આવી શકાય કે જાનવરો અને માણુસોનો ઘાટઘટમ, રંગ રૂપ, અને જુદા જુદા અવયવો તેઓમાં સમાયલી મનશકિતને આધારે થાય છે. આ ખુલાસા ઉપરથી માલમ પડે છે કે માબાપની મનની અસરથી મરજી પ્રમાણેનું બાળક પેદા કરી શકાય, અને જો એ બની શકે તો મનુષ્ય જાતમાં કેટલો ફેરફાર થઇ જાય ? આ શોધ મનુષ્ય જાતને કેવી આશીર્વાદ સમાન થઇ પડે ? માણુસ જાતની બેહેતરીને માટે આ સવાલ ઘણો અગત્યનો છે એમ વિચારી રાત દિવસ એ બાબતનો ખુલાસો મેળવવા મનને રોકયું.

સઘળા દાખલાઓ વાંચ્યા બાદ પહેલો સવાલ ઉત્પન્ન થયો તે એ કે બાળકને મરજી પ્રમાણેનું ખુબસુરત બનાવવું હોય તો કેમ બનાવી શકાય?

મનની શરીરની ઉપર અસરોનું શાસ્ત્ર (Psyco-physiology) ના આધારે એક સ્ત્રીનાં મનની જુદી જુદી સ્થિતિમાં ગર્ભસ્થાનપર શું શું અસરો થાય છે તે જાણી શકાય છે. હવે સ્ત્રીનું મન ગર્ભ ઉપર કેવી અસરો કરે છે તે જાણવું જોઇએ.

ગર્ભ સંબંધી શાસ્ત્ર (embryology) ના અભ્યાસથી જણાય છે કે ગર્ભસ્થાન સાથે ગર્ભને બહુ નિકટ સંબંધ રહે છે. ગર્ભ પોતાનું સઘળું પોષણ માતાનાં લોહીમાંથી મેળવે છે અને ગર્ભમાં જુદે જુદે મહિને જુદા જુદા અવયવો પ્રગટી નિકળે છે.

ડા. સ્કોફીલ્ડનાં પુસ્તકમાં કેટલાક દાખલા મળી આવે છે કે ગર્ભવાળી સ્ત્રીનાં મનપર જે છાપ પડે છે તેની ગર્ભપર અસર થાય છે, જેને એ તખીબ "psychological imprints" કરીને જણાવે છે. એજ પુસ્તકમાં વળી એક દાખલો મળે છે કે ગર્ભવાળી સ્ત્રીનાં બે આંગળાંને ઇજા થઇ, તેથી બચ્ચાંનાં તેજ બે આગળાંને પણ ઇજા થઇ હતી. આ દાખલા પરથી ખુલાસો થયો કે માતાના અવયવોને અને શરીરના ભાગોને પેટમાંના બાળકના અવયવો સાથે નિકટ સંબંધ હોય છે, તેથી માતા જો હમેલની વખતે પોતાના અવયવને સારી હાલતમાં રાખે તો છોકરૂં સારા ઘાટઘટનું પેદા થાય.

દુઝેનેક ઑફ બોલનનું પુસ્તક વાંચવાથી માલમ પડે છે કે આંખ, કાન, નાખ, હોથ, અને ચેહેરાના બીજા ખાસ રજ્જુ મનની જુદી જુદી સ્થિતિમાં જુદો જુદો દેખાવ દે છે. ધિક્કારની વખતે ઉપલા હોથનો વચલો ભાગ ઉસ્કેરાય છે, તુમાખી સ્વભાવ વખતે નાખનું ટીચકું ઉપર ચઢે છે, વગેરે, એજ રીતે કીનો, કપટ, ગુસ્સો, હવસ જેવી મનની દુર્ગુણી સ્થિતિ માતાના ચેહેરામાં ફેરફાર કરી કદરૂપો બનાવે છે જેની અસર બચ્ચાંનાં ચેહેરાનાં બંધારણની વખતે થાય છે, તેથી પણ બચ્ચું કદરૂપું બને છે; વળી કદરૂપા દેખાવો ચોકસ વખતે માબાપના જોવામાં આવે છે તો બચ્ચું કદરૂપું જન્મે છે, માટે ખુબસુરત બચ્ચું પેદા કરવા મનને સદગુણી અને ખુશ સ્થિતિમાં માબાપે રાખવું જોઇયે અને ખુબસુરત ચિત્રો અને ખુબસુરત દેખાવો નજર આગળ રાખવા જોઇયે. આ રીતે માબાપ મરજી પ્રમાણેનું ખુબસુરત બાળક પેદા કરી શકે એવાં અનુમાનપર આવતાં વિચાર થયો કે બાળકને મરજી પ્રમાણેનું ખુબસુરત બનાવવા માટે માબાપને એક ખુબસુરત

બાળકનું ચિત્ર આપવું અને તેની ખુબસુરતીનો છાપ મનપર માનસિકશાસ્ત્ર (Psychology) ની વિદ્યાથી કેમ થસાવવો તે શિખવવાની કોશેશ કરવી.

હવે બીજો સવાલ એ ઉત્પન્ન થાય છે કે બાળકને મરજી પ્રમાણેનું તંદરોસ્ત કેમ પેદા કરવું ?

ગર્ભશાસ્ત્ર (embryology) ના અભ્યાસથી માલમ પડે છે કે પેટમાંનાં બાળકનું પોષણ માતાનાં લોહીમાંથી મળે છે, માટે હમેલની વખતે માતા પોતાનું લોહી સ્વચ્છ રાખે, થોડીક અંગ કસરતથી અને ઢીલાં કપડાંથી, અને ચોકસ રીતે શ્વાસ ક્રિયા કરવાથી લોહીની નિયમીત ફરહર શરીરમાં કરવા દે તો બચ્ચાંને લોહીમાંથી સારૂં પોષણ મળે અને તે તંદરોસ્ત થાય.

માનસિક શાસ્ત્ર (Psychology)ના અભ્યાસથી જણાય છે કે મનની દરેક ખેરાબ સ્થિતિ લોહીમાં ચોકસ જાતનાં ઝેહરો ઉત્પન્ન કરે છે, તેથી તંદરોસ્ત બાળક પેદા કરવા માટે માતાએ હમેલની વખતે સદગુણી અને ખુશ સ્વભાવ રાખવો જોઇએ અને કોઇ પણ પ્રકારના દુર્ગુણોથી મનને ખરાબ કરવું નહીં, પણ ઉમદા અને આનંદી સ્વભાવ રાખવો જેથી પોતે પણ તંદરોસ્ત રહેવા ઉપરાંત બાળક પણ તંદરોસ્ત બનશે. વળી મનની અસરથી તંદરોસ્ત બાળકનાં ચિત્રોનો છાપ મનપર મજબુત ઠસાવવાથી બચ્ચું તંદરોસ્ત દેખાવનું અને કદાવર પેદા થશે, એટલુંજ નહીં પણ હમેલ રહ્યા પછી જુદે જુદે મહિને, જુદા જુદા અવયવપર મનશિકત વાપરી બચ્ચાંના જુદા જુદા અવયવને તંદરોસ્ત બનાવી શકાય.

વળી વધુ એક અગત્યનો સવાલ ઉત્પન્ન થાય છે કે બાળક મરજી પ્રમાણેનું બુદ્ધિમાન કેમ બનાવી શકાય ? જો આપણને ફિલસુફ યા ચિતારો જોઇએ અને તેવાં હુન્નરમંદ બાળકની પેદાશ કરવી હોય તો કેવી રીતે થાય ?

હમેલવાળાં જાનવરો પર ડા૦ નાઇટે કેટલાક પ્રયોગો કીધા હતા, તે ઉપરથી માલમ પડે છે, કે હમેલવાળાં જાનવરો ઉપર ચોકસ અખતરા કીધાથી અને મનને ચોકસ વળણુ આપવાથી, બચ્ચાં જન્મ્યાં તે વગર શિખવવે મનની તેવીજ વળણુનાં અને તેવાંજ કાર્યો કરવા લાગ્યાં. તેમજ ચાર્લસ કીંગસલીની માતાએ મનની સદગુણી અસરથી પોતાનાં બાળકને સદગુણી બનાવ્યો; મહાન લડવૈયા નેપોલ્યને પોતાની માતાની મનની વળણુથી ચોકસ મનશકિત મેળવી હતી. આ દાખલાઓ ઉપરથી એવાં અનુમાનપર આવી શકાય છે કે હમેલની વખતે માતા જેવી મનશક્તિ વાપરવાની કોશેશ કરે તેવીજ મનશકિતવાળું બાળક પેદા થાય, માટે હમેલવાળી સ્ત્રી જેવી

મનશક્તિવાળું બાળક પેદા કરવા માંગતી હોય તેવી મનશક્તિ વાપરવાની પોતે કોશીશ કરે તો બાળક જન્મથીજ મનની તેવી વળગુનું પેદા થાય.

આ રીતે જે સવાલો ઉત્પન્ન થયા તે સવાલોનો. બીજાં શાસ્ત્રોની મદદથી ખુલાસો મેળવવાનાં છેવટે એવું અનુમાન થઇ શકે કે માબાપો પોતાના મનની અદભુત અસરોનાં બળવી મરજી પ્રમાણેનું બાળક પેદા કરી શકે. એ બહુજ અગત્યની બાબદપર વિચાર ચલાવતાં તે વખતે મારા હાથમાં પશ્ચિમ તરફના વિદ્વાનોનાં એ વિષય ઉપર ખાસ લખાયલાં પુસ્તકો આવ્યાં ન હતાં; તેથી એમ લાગ્યું કે આ બાબતપર કાંઇ અજવાળું નાખવું એ એક મહાન કાર્ય કહેવાય. મારી પુરતી ખાત્રી થઇ હતી કે મનની બળવાન અસરે શ્રી મરજી પ્રમાણેનાં બાળકો પેદા કરી શકાય છે એવી શોધ મારા હાથમાં છે, અને હજુ પશ્ચિમ તરફના લોકોનું ધ્યાન પુરતી રીતે ખેંચાયું નથી તેથી એ બાબતપર અજવાળું નાખવાનું માન મને મળશે. આ વિચાર પશ્ચિમ તરફના વિદ્વાનોની શોધો માટેનાં મારાં અજ્ઞાનપણાંને લીધે આવ્યો હતો. મેં મારાં "મનને લગતી મહાન શોધો " નાં જાહેર ભાષણની વખતે ઉતાવળે જાહેર પણ કરી દીધું હતું કે મરજી પ્રમાણેનું બાળક પેદા કરવાની કેટલીક શોધો મેં કીધી છે જેથી એક હબસી પણ સફેદ બાળક પેદા કરી શકશે, જે સાંભળી શ્રોતાજનો અજાયબ થયા હતા.

ત્યારે પછી સ્વતંત્રપણે મેં જે અભ્યાસ કીધો અને પૂરાવાને માટે વધુ તપાસ કીધી કે એ બાબતપર કઇ પુસ્તકો લખાયાં છે કે નહીં ?

પહેલું પુસ્તક મારા હાથમાં આવ્યું તે પ્રૉ. વીસમેનનું "The Germ plasin" નામનું હતું. આ વિદ્વાને જુદાં જુદાં તત્વો શું કાર્ય કરે છે અને ઓલાદમાં શરીરનું બંધારણ અને સ્વભાવો કેમ ઉતરે છે તેનો સર્વ વિદ્વાનો કરતાં વધુ ઉંડો અભ્યાસ કીધો હતો. આ વિદ્વાનનાં પુસ્તકોનો મેં ત્રણ મહિના અભ્યાસ કીધો. મને એક બાબદની ઘણીજ નિરાશી ઉત્પન્ન થઇ કે એ વિદ્વાન મનની અસરથી મરજી પ્રમાણેનું બાળક પેદા થાય એમ માનવા સાફ ના પાડતો હતો, જોકે માતાનાં મન પર જે છાપ પડે છે તેની બચ્ચાંપર અસર થાય છે તેના દાખલા તે પોતનાં પુસ્તકમાં આપે છે, પણ તે સાથે શારીરિકશાસ્ત્ર પ્રમાણે મન પર પડેલા છાપને બચ્ચાં સાથનો સંબંધ તે માનવાને ના પાડતો હોવાથી મને બહુજ નિરાશી લાગી કે આ વિદ્વાન આવી શોધો ના પાડે છે તો મારી બધી મહેનત ફોકટ જવાની. પણ મેં હીંમત ધરી અને એ વિદ્વાનની દલીલો

બહુ બારીકીથી તપસવા માંડી, તો માલમ પડ્યું કે એ વિદ્વાનનું બીજા શાસ્ત્રોનું જ્ઞાન પુરતું ન હોવાથી આવી બાબદો તે હસી કહાડતો હતો. પોતાનું અજ્ઞાનપણું કબુલ રાખવા બદલે જે બાબદ સમજણ પડે નહીં તે હસી કહાડવી તે ઉમદા સ્વભાવની કોતાઇ દેખાડે છે. ત્યાર પછી મારા મિત્ર મી. દી. હોમીયાર પસેથી ડા૦ કેલૉગ અને ડા. ત્રેલનાં પુસ્તકો મેળવ્યાં, જે મને બહુજ ઉપયોગી થઇ પડયાં હતાં. એ પુસ્તકો વાંચ્યાથી મને પાછી ધીરજ આવી. ડા. ત્રોલની ચોપડીમાંથી ડા. સીકરટના પ્રયોગો મળી આવ્યા તેમાં માબાપનાં મનપર જે રંગનો છાપ પડે છે તેવું બચ્ચું જન્મે છે તેનો સસલાં ઉપર કીધેલો પ્રયોગ મેં વાંચ્યો હતો. એ પ્રયોગથી સીધ્ધીને ત્યાં સફેદ છોકરૂં પેદા થાય તે વિષેની મારી શોધની સાબેતી મળી હતી. વળી ડા. કેલૉગનાં પુસ્તકમાં એક કદરૂપા, ખુધા ન્યાયાધીશે ખુબસુરત પુતળાંની મદદથી, ખુબસુરત છોકરૂં કેમ પેદા કીધું તે જાણી ખુબસુરત બચ્ચાં પેદા કરવાનું અનુમાન પણ ફત્તેહમંદ નીવડેલું માલમ પડયું. ત્યાર પછી ડા૦ ફાઉલરની ચોપડી હાથમાં આવતાં તે વાંચી મને પુરતો સંતોષ મળ્યો હતો, કારણ જે અનુમાન ઉપર સ્વતંત્રપણે હું આવ્યો તે ખરા બનેલા દાખલા દલીલો સાથે આ વિદ્વાને સાબેત કીધાં છે. એ પુસ્તક લગભગ એક હજાર પાણાંનું બનેલું છે. અને ઘણુંજ ઉપયોગી છે. વળી મારા એક મિત્રે મને જણાવ્યું કે મી૦ દી. દી. જસાવાળાએ ૧૯૦૪ માં થીયોસોફીકલ સોસાયટીમાં એજ વિષય ઉપર અંગ્રેજીમાં એક ભાષણ આપ્યું હતું જેની નકલ એ મિત્ર પાસે મેળવી. એ ભાષણ મેં જે ચોપડીઓ વાંચી હતી તે પરથી ઉપજાવી કહાડેલું હતું અને ઘણું અગત્યનું હતું. એ પછી બીજાં ઘણાંક પુસ્તકો એ બાબદના વાંચ્યાં તેમજ મારી નોંધપોથીમાં દરેક પુસ્તકોની નોંધ લેતો ગયો. સેવટે મારી નોંધપોથીનાં ૧૨૦૦) પાના ભરાઇ ગયાં જેમાં દરેક વિદ્વાને આપેલા ખરા બનેલા દાખલાઓની સંખ્યા લગભગ ૧૦૦) ની થઇ હતી.

આ રીતે એ બાબતનો પુરતો અભ્યાસ કીધા પછી પ્રજાના ઉપયોગને માટે "જ્ઞાન પ્રસારક મંડળી" તરફથી મેં એક જાહેર ભાષણ આપ્યું, જે કેટલાક નકશાથી અને મસ્તક રેખની આકૃતિથી સમજાવવામાં આવ્યું હતું, જે સર્વને બહુજ ઉપયોગી માલમ પડયું. ભાષણમાં આ બહોળી બાબદને પુરતી રીતે ખુલાસાથી સમજાવવાને પુરતો વખત નહીં મળવાથી એ બાબદનું ખુલાસેવાર પુસ્તક લખવાનો વિચાર કીધો.

જો કોઇ વાંચનાર મનની અસરથી પેદા થતાં બાળકોના બનાવ વિશે જાણતા હોય તો પુરતી સાબેતી સાથે મને જણાવશે તો બહુજ ઉપકાર થશે, કારણ એ બાબદ ઉપર વધુ અજવાળું નાખી શકાશે. આ પુસ્તકમાં જણાવેલી રીતોથી પોતાની કોશેશ ફત્તેહમંદ નિવડે તે પણ જણાવવાની મહેરબાની કરવી.

આ પુસ્તક એવી મતલબથી બહાર પડયું છે કે આપણા સ્વદેશ બંધુઓ આ વિષય કેટલો અગત્યનો અને બહુવાજોગ છે તેનો કાંઇ ખ્યાલ કરે. ઘણાં લોકોનો મોટો ભાગ નસીબની ઉપર આધાર રાખી આળસુ જીંદગી ગુજારે છે પણ આ પ્રકારના મહાન સવાલોનો ભેદ સમજવાની કોશેશ કરતા નથી અને સર્વ કુદરત ઉપર સોંપે છે, જે આદતથીજ હિંદુસ્તાન દળીદ્રતામાં આવી પડયું છે. માણસ જાતને ઇશ્વરે મહાન મનશક્તિ આપી છે. જેઓ ખરા ભકિતભાવથી, સાફ અંતકરણથી અને બિનસ્વાર્થી લાગણીથી કોશેશ કરે છે, તેઓને સર્વ શકિતવાન ઇશ્વર પોતાનો ભેદ જણાવે છે, માટે દરેકની ફરજ છે કે ભકિતભાવથી કુદરતના ભેદ જાણવાની કોશેશ કરવી અને મનુષ્ય જાતને તેનો લાભ આપવો.

બાળકોની ઉત્પત્તિનો સવાલ મનુષ્ય જાતની બેહેતરીને માટે કેટલો અગત્યનો છે તેનો બે ઘડી પ્રિય વાંચનાર ખ્યાલ કરો ! મરજી પ્રમાણેનાં બાળકો પેદા કરવાની શોધ માણસ જાતને કેટલી ફાયદાકારક થઇ પડે તેની ઉપર મનન કરો ! આ શોધ ખરેખર સર્વ શોધો કરતાં શ્રેષ્ટ ગણાવી જોઇયે, કારણ એ શોધ ઇશ્વરે મનુષ્ય જાતને જે નેમથી પેદા કીધી છે, તે મહાન નેમની સેવટની ટોંચે પહોંચવાનો સહેલો રસ્તો ખુલ્લો કરે છે. આ શોધથી ભવિષ્યની ઓલાદમાં ઉત્તમ ખુબસુરતી, ખરા સદગુણો અને ઉમદા બુદ્ધિબળ ઉત્પન્ન કરી શકીશું. માટે પ્રિય વાંચનારને આગ્રહ કરીશું કે આ પુસ્તક ધ્યાનથી વાંચી પુખ્ત વિચાર કરજો. આ વિષય ઓછી મનશકિતવાળા માણસો શરમ ભરેલો સમજે છે તેવો નથી, પણ મનુષ્યજાતની બેહેતરીને માટે તે એટલો તો અગત્યનો છે કે તે વિષે જેટલું લખ્યે એટલું થોડું છે, માટે એ વિષય ઉપર પવિત્ર મનથી મનન કરી, મનુષ્ય જાત તરફની, દેશ તરફની અને ઇશ્વર તરફની ફરજ આ પુસ્તકમાં આપેલાં જ્ઞાનથી અદા કરશો !

મુંબઇ,
તા૦ ૨૭ મી સપ્ટેમ્બર ૧૯૨૩.

બ. સો. બનાજી.

૧૧૨૬૧

સાંકળિયું.

(પ્રસ્તાવના.)

પ્રકરણ ૧૧ મું.

પ્રકરણ ૧૨ મું.

પ્રકરણ ૧૩ મું.

પ્રકરણ ૧૪ મું.

પ્રકરણ ૧૫ મું.

વધારો:—

મહાન નરો—તેઓનાં ચિત્ર અને ચારીત્રની અગત્યજોગ નોંધ.

સ્ત્રીનો મદદગાર ફિરસ્તો.

કર્તા—બ. સો. બનાજી.

સુધારા તેમજ ઘણા નવા વધારા સાથની આવૃત્તિ ત્રીજી છપાય છે.

સાંકળિયું.

સ્ત્રીની ઉત્પતિ—કાર્ય, દરજ્જો. હાલની હિંદની સ્ત્રીઓની હાલત. **કુમારીકા:**—જુવાની કેમ ગુજારવી, જુવાનીમાં રાખવી જોઇતી સંભાળ. **પરણેતર**—લગ્ન અને કુદરતનો કાયદો. **અદરાણું**—અદરાયા પહેલાંનો વખત અને પછીનો વખત કેમ પસાર કરવો. **લગ્ન**—ભરથાર અને મહેરવચ્ચેનો પ્યાર—લગ્ન વિષે જાણીતા કવિ અને વિદ્વાનોનાં મતો. **હમેલવાળી સ્ત્રીને જ્ઞાન**—હમેલની વખતે રાખવાની પવિત્રાઇ અને શરીરની સંભાળ, હમેલવાળી સ્ત્રીના દરદો અને ઉપાયો—જન્મેલાં બચ્ચાંની માવજત. બચ્ચાંના દરદોના ઉપાયો. **માતા**—બચ્ચાંની કેળવણી–માતાની લાયકાત, નામાંકિત છોકરાં બનાવવા માટેની કેળવણી. **શરીરની રચના**—શરીરના જુદા જુદા ભાગો અને અવયવનું વર્ણન. **ખુબસુરતી કેમ મેળવવી**—ખુબસુરતી વિષે વિદ્વાનોના મતો, ચહેરાને ખુબસુરત બનાવવાના ઉપાયો. **તન્દુરસ્તી**—ઉંચા પ્રકારની તંદુરસ્તી મેળવવાની રીત. **ખોરાક**—જુદા જુદા ખોરાકની તંદુરસ્તી અને સ્વભાવ ઉપર અસરો. અંગકસરત–પોષાક–ગાયન–**માસિક માંદગી અથવા દુર બેસવું**, માસિક માંદગીના દરદોના ઉપાયો. **નર્સીંગ, બિમારની માવજત. ડાકટર આવે તે અગાઉના જીવ બચાવવાના ઇલાજો. સ્ત્રીઓનાં દરદો અને ઉપાયો. સ્ત્રીઓને બોધ. નામાંકિત સ્ત્રી કેમ થવું, નામાંકિત બાનુઓનાં જન્મ ચરીત્રો.**

કુંવારી યા પરણેલી દરેક બાનુઓને જુવાનીથી તે આખી જીંદગી સુધી પોતા માટે તેમજ પોતાનાં બાળ–બચ્ચાં માટે અગત્યની સુચનાઓ આપતું એક ઘણું કીંમતી પુસ્તક જેની એક નકલ દરેક ઘરમાં રાખવાથી જીંદગી ગુજારવાની દરેક બાબદમાં ઘણું જાણવાનું મળશે.

જેહાંગીર બી. કરાણીના છોકરાઓ, પારસી બજાર, કોટ, મુંબઇ.

માબાપો ! તમારાં દીકરા, દીકરીને હાલની બદીઓથી, નાદાનીયતથી અને દુ:ખ-દરદોથી બચાવવા અને સંસાર સુખી જોવા માંગતાં હોય તો નીચલાં બે પુસ્તકો જરૂર વાંચવા આપવાં.

દીકરીને માતાની ખાનગી સલાહ.

લખનાર—મી૦ બેહમન સોરાબજી બનાજી.

વધારા સાથની આવૃતી બીજી (૨૦૦) પાના. કીંમત રૂ. સવા

ખીલતી જુવાની વખતે જનન અવયવો અને જીવન-રક્ષક પદાર્થની સંભાળ—દુ:ખદરદોનાં કારણો અને ઉપાયો—નાદાનીયત, સ્વખીગાડ Self Pollution ની ખરાબીઓ દાખલા દલીલો સાથે, હાલની સંસારી બદીઓથી કેમ દુર રહેવું, સ્ત્રી જાતની ઉત્પતી, દરજ્જો, પાકદામાન (Sexual Purity) સ્વચ્છ ખોરાક, પોષાક, પ્યાર, લગન, જુદદીન લગન વિષેની ખરાબીઓની ચેતવણીઓ અને શિક્ષણો—સુખી સંસારના નીયમો—માબાપની સેવા—ઘરધણીયાણી અને માતાની ફરજો, પતીવ્રતા બાનુઓના દાખલાઓ—બંદગીના દાખલાઓ—જીંદગીની ઉત્તમ નેમો.

દીકરાને બાપની ખાનગી સલાહ.

સુધારા વધારા સાથની આવૃતી બીજી—પાના ૧૫૦ કીં. રૂ. એક

જીવન-રક્ષક પદાર્થ (vital force) ની જાળવણી—સ્વખીગાડ (Self Pollution) ની ખરાબીઓ, દરદો, ઉપાયો, જાણવાલાયક દાખલાઓ—નીતિ સંબંધી પવીત્રાઇ (Sexual Purity) ચેપી દરદોના દાખલા દલીલો, પ્યાર, લગન, જુદદીન લગનોની ખરાબીઓ વિષે ચેતવણી—સંસાર સુખના નીયમો—માબાપની સેવા—નામાંકીત નર કેમ થવું—જીંદગીની ઉત્તમ નેમો.

જેહાંગીર બી. કરાણીના છોકરાઓ, પારસી બજાર, કોટ, મુંબઇ.

એક

મહાન શોધ.

મરજી પ્રમાણેનાં બાળક.

——:o:——

પ્રકરણ ૧ લું.

——:o:——

સર્વથી શ્રેષ્ઠ શોધ.

"Since the creation of man, there has been no subject that so immediately concerns the life and happiness of the individual, the love and harmony of friend, and the stability and prosperity of states and kingdoms, as does that of the reproduction of the best, most beautiful and original forms of humanity for the world and the next" *Dr. John Cowan M D.*

જ્યારથી મનુષ્ય જાતની ઉત્પત્તિ થઇ છે ત્યારથી આ તેમજ બીજી દુન્યા માટે સર્વથી શ્રેષ્ટ, ખુબસુરત અને અસલ દેખાવના આદમી પેદા કરવાની બાબદ શિવાય બીજી કોઇબી બાબદ એક માનવીની જીંદગી અને સુખ સાથે, મિત્રોની એકદીલી અને પ્રેમ સાથે, અને રાજ્ય અને રાજસત્તાની સ્થિરતા અને આબાદી માટે એટલો અતલગનો સંબંધ ધરાવતી નથી.

(ડા. જૉન કૉવન એમ. ડી.)

આજ જમાના થયાં મનુષ્ય જાતનો મોટો ભાગ એમજ માને છે કે બચ્ચાનું પેદા થવું ફક્ત કુદરતનાજ હાથમાં છે, અને આપણે કુદરતનો એ ભેદ સમજી શકીયે નહીં, પણ આમ કહેવું આપણું અજ્ઞાનપણું દેખાડી આપે છે. જે વિદ્વાનો હાલની શોધોનો અભ્યાસ કરી, પોતાની કેળવાયલી મનશક્તિ ચાલુ ખંતથી કુદરતના કાયદાઓ સમજવાને વાપરે છે તેથી કુદરતનો પરદો રફ્તે રફ્તે દુર થાય છે અને તેથી આપણે કુદરતનો ભેદ સમજવાને શક્તિવાન થઇએ છીએ. કુદરતનાં દરેક કાર્યો ચોક્કસ નિયમોથી અથવા કાયદાથી થાય છે અને જ્યારે માણસ તે કાયદાની શોધ કરે છે ત્યારે

તે બાબતમાં કાબુ મેળવી પોતાની મરજી પ્રમાણેનું કાર્ય કરવાને શક્તિ-વાન થાય છે. એક અજ્ઞાન માણસને કહેવામાં આવે કે પાણી બનાવી શકાય તો તે માનશે નહીં પણ હાલનો મેટ્રીકયુલેશન જેટલું શીખેલો છોકરો રસાયણ શાસ્ત્ર (Chemistry) ના સાધારણ અભ્યાસથી તમને બે ભાગ "હાઇડ્રોજન" અને એક ભાગ "ઑક્સીજન" નામની ગ્યાસો સાથે મેળવી પાણી બનાવી આપશે. કારણ રસાયણશાસ્ત્રએ પાણી ઉત્પન્ન કરવાનો કાયદો શોધી કાઢયો છે, જેથી જો કોઇ બાબતનો કુદરતનો કાયદો શોધી કાઢવામાં આવે તો તેની ઉત્પત્તિ કરવાને આપણે શકિતવાન થઇએ છીએ.

હવે બચ્ચાંની ઉત્પત્તિ પણ ચોક્કસ કાયદાથીજ થાય છે, જે કાયદાઓ હાલ જણાયલા નહીં હોવાથી આપણે બચ્ચાંની ઉત્પત્તિ વિષે જ્ઞાન ધરાવતા નથી. પણ હાલ કેટલાક વિદ્વાનોએ બચ્ચાંની ઉત્પતિ કયા કાયદાઓથી થાય છે તેનો ચાલુ ખંતથી અભ્યાસ કરી કેટલાક પ્રયોગો કરી એ બાબતના કેટલાક કાયદાઓની શોધ કરી છે, જેથી બચ્ચાંની ઉત્પતિ કયા નિયમોથી થાય છે તેનું જ્ઞાન મેળવવાને આપણે શકિતવાન થયા છે, જેથી આપણી ઓલાદને મરજી પ્રમાણે સુધારી શકીશું.

હાલ જાનવરો ઉછેરનારાઓ ઉંચા પ્રકારનાં જાનવરો ઉછેરવા માટે કેટલાક નિયમો શોધી કાઢયા છે જેથી ઉંચા પ્રકારનાં જાનવરો ઉછેરી શકે છે. પણ કમનસીબે માણસની ઓલાદ સુધારવાને બહુજ જુજ વિદ્વાનો કોશેષ કરે છે.

જાનવરો ઉછેરનારાઓ સારાં જાનવર જયારે ઉછેરી હજારો રૂપિયા મેળવે છે, પણ આપણને હાલ થોડોજ ખ્યાલ આવે છે કે મનુષ્ય જાતની ઓલાદ સુધારવાના નિયમો શોધી કાઢયા પછી આપણને કેટલો અમુલ્ય લાભ થશે.

હાલની જે કાંઇ શોધો થઇ છે, તેમાં મનુષ્ય જાતની ઉત્પતિ અને સુખને માટે સર્વથી શ્રેષ્ટ શોધ સદગુણી અને બુદ્ધિમાન બચ્ચાં ઉત્પન્ન કરવાની છે. કારણ મનુષ્ય જાતમાં માલમ પડતા દરેક દુર્ગુણો બદીઓ કંગાલ્યત, અનીતિ અને અજ્ઞાનપણાંથી છોકરાં ઉત્પન્ન કરવાથી થાય છે જે દાખલા દલીલ સાથે આગળ ચાલતાં તપાસીશું. ત્યારે એવી કોઇ શોધો આપણને માલમ પડે કે જેથી હવે પછી સઘળાં નીતિમાન અને બુદ્ધિમાન છોકરાં ઉત્પન્ન કરી શકયે તો દુનિયામાંથી દુર્ગુણો ઘણે ભાગે નાબુદ થાય અને જેમ આપણા પેગમ્બરો અને કવિઓએ આગાહી કીધી

છે તેમ તે જમાનો નજદીક આવી લાગે કે જ્યારે મનુષ્ય જાતમાંથી સવ દુર્ગુણો દુર થશે અને ખરૂં ઇશ્વરી સ્વરૂપ આપણામાં પ્રકાશશે.

જેઓ એ બાબતમાં અજ્ઞાન છે તેઓ કહે છે કે મનુષ્ય જાતની ઉન્નતિ યાને બેહતરીને માટે કેળવણીજ (education) ફક્ત અગત્યની છે. જે જાતી ગુણો બચ્ચાંએ માબાપ તરફથી મેળવ્યા હોય તે ખીલવવાનેજ કેળવણી જરૂરની છે, જે પ્રમાણે એક બીજને એક ઝાડ જેવું થવા ખાતર, પાણી, જમીન વિગેરે અવશ્યનાં છે, પણ જો બીજ હલકા પ્રકારનું હોય તો તેને ગમે તેવી સારી જમીન અને ખાતર પાણીથી એક ફળદ્રુપ ઝાડ બનાવી શકાય નહીં, તેજ પ્રમાણે એક બચ્ચાંનું બીજ માબાપના દુર્ગુણોથી ખરાબ થયું હોય તો એવાં બચ્ચાંને ઉંચી કેળવણી પણ પુરતી રીતે સુધારી શકિત નથી. જેઓ ઉંચા પ્રકારની કેળવણી લેવા છતાં દુર્ગુણી માલમ પડે છે તેનું મુખ્ય કારણ એજ કે તેઓને દુર્ગુણમાં પેદા કરવામાં આવ્યા છે. કેટલાંક બાળકો આ બાબતમાં માબાપનાં અજ્ઞાનપણાંને લીધે બેવકુફ (idiot) અથવા તો બહુજ હલકા પ્રકારની મનશકિત ધરાવનારાં હોય છે. તેઓને ગમે તેવી કેળવણી આપ્યા છતાં કાંઇ પણ ફાયદો થતો નથી, માટે માબાપો જો પોતાનાં છોકરાંને વિદ્વાન અને સદગુણી બનાવવા માંગતાં હોય તો ફકત કેળવણી પર આધાર રાખવો ન જોઇએ પણ આ બાબતનો અભ્યાસ કરી તેને જન્મથીજ અથવા ખરી રીતે કહયે તો જન્મ અગાઉથીજ ઉંચા પ્રકારનું ભેજું બનાવી આપવું જોઇએ જેથી તેઓ પુરતા હોશિયાર થશે. આપણે આગળ ચાલતાં દાખલા દલીલ સાથે જાણશું કે ચોકસ વખતે માબાપની મનની જેવી સ્થિતી હોય તેવીજ મનશકિત ધરાવનારૂં બાળક જન્મે છે. પ્રો. ફાઉલર એ વિષે લખે છે કે "Teach mankind how to parent and then how to educate humanity and you transform the word." "તમે મા-બાપ કેમ થવું તે માણસને શિખવો અને બાર પછીજ દરેકને કેળવણી આપો જેથી તમે દુન્યામાં સુધારો કરી શકશો."

હાલના કેટલાક વિદ્વાનોનું એવું મત છે કે જે પ્રમાણે બીજાં શાસ્ત્રો અને વિદ્યાઓ (sciences) નો અભ્યાસ આપણા જુવાન્યાઓને કરાવવામાં આવે છે તેજ પ્રમાણે આ બાબતનો અભ્યાસ કરાવવાની બહુજ જરૂર છે. ઉંચા પ્રકારની કેળકણી આપી એક માણુસને ગ્રહસ્થ અને સારો શહેરી બનાવવાની કોશેશ કરવામાં આવે છે, પણ ઓલાદની ઉન્નતિ યા બેહતરીનો

અભ્યાસ એક માણુસને પોતાને ફાયદો કરે છે એટલુંજ નહીં પણ તેની આખી ઓલાદને ફાયદો કરે છે. આપણે આગળ ચાલતાં દાખલા દલીલ સાથે તપાસીશું કે અજ્ઞાનપણું અને દુર્ગુણોથી બચ્ચાંને પેદા કરવાથી કેટલીક વખતે તે માણુસની આખી ઓલાદ ખરાબ નિકળે છે, માટે એ બાબતનો અભ્યાસ કરવાની દરેક માણુસની ફરજ છે.

પ્રકરણ ૨ જું.

બચ્ચાંમાં ઓલાદથી ઉતરતા ગુણો (Heredity.)

"The fundamental character, disposition of an individual may be inherited as much as are his physical and intellectual qualities." *Dr. Barnad Hollender.*

"જે પ્રમાણે શારીરિક અને બુદ્ધિબળના ગુણો બચ્ચાંમાં માબાપથી ઓલાદમાં ઉતરે છે તેજ પ્રમાણે એક માણુસની મુખ્ય ચાલચલણ અને સ્વભાવો પણ વારસામાં મળે છે." ડા. બરનાડ હોલેંડર.

Heredity યાને ઓલાદથી ઉતરતા ગુણો એટલે દરેક જીવવાળી ચીજ પોતામાંથી પોતા જેવીજ બીજી ચીજ ઉત્પન્ન કરે છે તે; એક બચ્ચું માબાપને મળતું આવે છે તે આજ નિયમથી; જો કે કેટલીક વખતે બચ્ચું તદન માબાપને મળતું આવતું નથી તે છતાં શરીરે અને શરીરનાં કાર્યમાં માબાપને મળતું આવે છે.

કુદરત તરફ નજર દોડાવતાં માલમ પડે છે કે ઝાડપાન પોતાનાં જેવાં બીજમાંથી ઝાડ પેદા કરે છે, જાનવરો જે ખાસિયતનાં હોય છે તેવીજ ખાસિયતનાં જાનવરો પેદા કરે છે. એક બિલાડી જન્મથીજ એક ઉંદરને મારી નાખતાં શીખે છે. માછલાં પાણીમાં તરતાં જન્મથીજ શીખે છે. બતક અને દેડકાં જન્મથીજ પાણીમાં રહેવાનું પસંદ કરે છે, એ સઘળું માબાપ તરફથી વારસામાં લીધેલી ખાસિયતના બળથીજ થાય છે.

પ્રો. ફાઉલર એ વિષે લખે છે કે "The adage–It is education forms the common mind, belies and is belied by all Nature, for generation alone gives all innate specialities and instincts.—આપણામાં એવું કહેવું છે કે

કેળવણી મનનું બંધારણ કરે છે એ તમામ કુદરત ઓછું પાડે છે, કારણ પ્રેરણાબુદ્ધિ અને જાતિસ્વભાવ ફક્ત ઓલાદથીજ મળે છે.

જેમ ઝાડપાન પોતાનાં જેવાં બીજમાંથી ઝાડપાન ઉત્પન્ન કરે છે તેમ જાનવરો પણ પોતાનાં જેવાંજ જાનવરો પેદા કરે છે, અને મનુષ્ય જાતમાં પણ જુદી જુદી જાત પોતાનાં જેવાંજ બચ્ચાંનો જન્મ આપે છે; એક ચીનો અથવા આફ્રીકન પોતાની જાત જેવુંજ બચ્ચું ઉત્પન્ન કરે છે. દરેક જુદી જુદી જાતો પોતાના બચ્ચાંને પોતાની જાતનો ચેહરો અને ખાસિયતો આપે છે, જેથી આપણે એક પારસી, મુસલમાન, હિંદુ, ચીના, આફ્રીકન વગેરેને એકી નજરે ઓળખી શકયે છીયે.

દરેક કોમ અથવા જાત ચહેરાનું મળતાપણું વારસામાં આપે છે. એટલુંજ નહીં પણ તે કોમનો સ્વભાવ અને ગુણ પણ તેઓની ઓલાદમાં આવે છે. આઇરીશમેનો તેઓના બાપદાદા ગુસ્સાવાળા હોવાથી ગુસ્સાવાળા હોય છે, અંગ્રેજો મગરૂર હોય છે, ફ્રેંચમેનો લોભી અને મળતાવડા સ્વભાવના હોય છે, ઇતાલ્યનો ગાયનમાં કુશળતા ધરાવે છે, પારસીઓ ચંચળ અને ઉદાર દિલના હોય છે, મુસલમાન પોતાના ધર્મ તરફ જાન ફીદા કરનાર હોય છે, હિંદુઓ પોચા અને સંતોષી હોય છે.

ડા. ગ્રેગરી જણાવે છે કે માબાપો પોતાના છોકરાંમાં પાછી જીંદગી ગુજારે છે, કારણ છોકરાંઓ માબાપને આબેહુબ મળતાં આવે છે. ફકત ચહેરામાં અને શરીરનાં બંધારણમાં એટલુંજ નહીં પણ મનની સાધારણ વળણો, સદગુણો અને દુર્ગુણો બંનેમાં, પણ આપણે સાધારણ રીતે તપાસ્યું છે કે કેટલાંક માને મળતાં આવે છે, કેટલાંક બાપને મળતાં આવે છે, એટલે સુધી કે કેટલાક દાખલામાં જો માબાપને મોંહ પર ચોકસ ડાઘ અથવા ખાડો હોય છે તો છોકરાંને પણ તેમજ હોય છે.

કેટલીક વખતે અનેક કુટુંબમાં અવલોકન કરતાં માલમ પડે છે કે એક કુટુંબના સઘળાં માણસોનાં નાખ લાંબા હોય છે, બીજા કુટુંબમાં ઘણું ખરાં સઘળાં માણસોનાં આગળા બે દાંત મોટા મોટા હોય છે, તેમજ જુદાં જુદાં કુટુંબમાં જુદા જુદા સ્વભાવો અને ખાસિયતો ઓલાદથી ઉતરતી રહે છે. રોમ શહેરના એક અહંકારી, હાટકી અને જુલમગાર કલોડીયસ નામનાં કુટુંબમાં તાઇબીરીયસ નામનો દયાહિણ, ધિક્કારવા લાયક માણસ પેદા પડયો, અને છસો વરસમાં જ્યારે

એ કુટુંબનો અંત આવ્યો તેટલામાં કેલીગુલા, કલોડીયસ, અને અગ્રી-પીના નામના ખુનીઓ પેદા કીધા અને છેવટે નીરો નામનો રાક્ષસ પેદા કીધો.

આગળ ચાલતાં આપણે બીજા ઘણા દાખલા તપાસીશું જેમાં માબાપનો સ્વભાવ બચ્ચાંમાં કેવી રીતે ઉતરે છે તે પુરતી રીતે જાણીશું.

સ્વભાવો ઓલાદમાં ઉતરે છે એટલુંજ નહીં પણ ખહી, ફીફરૂં, ઘેલાપણું, નાસુર, સંધીવા વગેરે. દરદો પણ ઓલાદમાં ઉતરે છે. માટે એવાં દરદીઓએ પરણતી વખતે સંભાળ રાખવી જોઇએ અને તંદરૌસ્ત સાથી સાથે પરણવું જોઇએ.

લાંબી જીંદગી પણ ઓલાદમાં ઉતરે છે. કેટલાક કુટુંબમાં લાંબી જીંદગી હોય છે. જે કુટુંબમાં બાપદાદા લાંબી જીંદગી ભોગવી ગયા હોય એવા બે કુટુંબમાં લગ્ન થયા હોય તો તેઓનાં બચ્ચાં બહુ લાંબી જીંદગી ભોગવે છે. આથીજ કેટલાંક કુટુંબનાં માણસો ૮૦) અને ૧૦૦ વર્ષ ઉપર જીંદગી ગુજારવાને શક્તિવાન થાય છે.

પાંચમી અથવા છઠ્ઠી પેહેડી પછી પ્રગટ થતા ઓલાદના ગુણો.

કેટલીક વખતે એવું બને છે કે શરીર અને ચહેરાનું ચોક્કસ મળતાપણું અથવા તો મનની વળાણે પાંચમી અથવા છઠ્ઠી પેઢી પછી એકદમ પ્રગટી નીકળે છે જેને "Reversion" "રીવરઝન" કરીને અંગ્રેજીમાં કહે છે. આવા "રીવરઝન" ના દાખલા પરથી એક માણસની ઝાડપાનની અથવા જાનવરની પહેલી ઓલાદ કેવી હતી તે જાણવાનું બની આવે છે. કેટલાક ખચ્ચર (Mules) ના આગલા પગપર અને ખભાં-પર ઝેબરા (Zebra) ના જેવા પટા હોય છે. જેથી માલમ પડે છે કે એઓ 'zebra' ઝેબરા જેવા જાનવરો પરથી ઉતરી આવેલા છે. એજ નીયમથી કેટલાંક ઝાડો પોતાનાં ફુલ કોઇ કોઇ વખતે તદન જુદાંજ રંગનાં આપે છે.

એક સફેદ માબાપને ત્યાં સામળાં બચ્ચાંનો જન્મ થયો. (Mulatto) એટલે કે સીધણ મા અથવા બાપ, અને ગોરો બાપ અથવા માને પેટે સીધી જેવા બચ્ચાં જન્મે છે તેવું બચ્ચું જન્મ્યું; પેલાં

ભરથારને પોતાની બાયડીની પતિવ્રતા વિષે શક ઉત્પન્ન થયો. પણ પેલી બાઇડીએ પોતાની પવિત્રાઇને માટે સોગંદ ખાધા આથી તેણીનો ભરથાર ફ્રાન્સમાં પોતાના બાપદાદાનાં ઘરમાં તપાસ કરવા ગયો જ્યાં પાંચમી પેઢીનો બાપદાદો એક આફ્રીકન હતો એમ માલમ પડયું અને તેથી પાંચમી પેઢી પછી છોકરૂં કાળું જન્મ્યું પણ તે આગમજની ચાર પેઢી સુધી સઘળાં બચ્ચાં ગોરાં જન્મ્યાં હતાં.

મીસીસ હન્ટ નામની સ્રીને લાલ બાલ હતા. તે છતાં તેણીનાં અગીયાર છોકરાં અને તેઓનાં બચ્ચાં પણ કાળાં બાલ વાળાં જન્મ્યાં ફકત તેનાં એકજ છોકરાંનું બચ્ચું લાલ બાલવાળું જન્મ્યું હતું. પણ તેણીની ત્રીજી પેઢીનાં બચ્ચાંનો મોટો ભાગ લાલ બાલવાળાં હતાં. કેટલાકો આ મોટા માયનાં લાલ બાલ વિષે અંજાણ્યાં હતાં તેઓ અજાયબ થતાં હતાં કે માબાપ બન્નેના બાલ કાળા છતાં છોકરાંનાં બાલ લાલ કેમ થયા હશે? પણ ખરૂં કારણ તો પેલાં મોટાં મોટામાયના લાલ બાલે ત્રીજી પેઢીમાં ફકત દેખાવ દીધો હતો. કેટલીક વખતે આપણે જોઇએ છીએ કે કેટલાંક માબાપ અભણ હોય છે તે છતાં તેઓનાં છોકરાં બુદ્ધિમાન નિકળે છે, તેનું કેટલીક વખતે કારણ આ પણ હોય કે તે છોકરાંનો પાંચમી છઠ્ઠી પેઢીનો વડવો કોઇ વિદ્વાન હોય. આ દાખલા પરથી માલમ પડે છે કે કેટલીક વખત ઓલાદથી ઉતરતા ઘાટઘટમ અને સ્વભાવો માણસનાં શરીરમાં ગુપ્ત રહે છે અને ઓલાદમાં ગુપ્ત રીતે ઉતર્યાં કરે છે પણ કાંઇ સંજોગોએ તક મળે છે તો પાંચમી છઠ્ઠી પેઢીએ પણ પ્રગટી નીકળે છે.

હાલમાં પારસી ટોળો જે ચંચળાઇ દેખાડે છે તે કાંઇ માત્ર હાલની કેળવણીનેજ આભારી નથી પણ અગાઉનાં કયાની ઇરાની લોહીને પણ આભારી છે.

પ્રૉ. ફાઉલરના મત મુજબ "માબાપે જાણવું જોઇએ અને યાદ રાખવું જોઇએ કે તેઓનાં ભવિષ્યનાં છોકરાં તેઓનાંજ સ્વરૂપ થશે અને તેઓના જેવીજ લાગણી અને ચાલચલણનાં પ્રતિબિંબ પાડતાં, તેઓના જેવીજ ખાસિયતો વારસામાં મેળવતાં, તેઓના જેવાજ જુસ્સાથી દોરવાતાં, તેઓના જેવાજ વિચાર આચાર ગ્રહણ કરતાં, તેઓનાં જેવાજ દુર્ગુણોથી હલકાં પડતાં, તેઓના જેવાજ સદગુણોથી શ્રેષ્ઠ બનતાં, તેઓનાં જેવીજ શક્તિઓ ધરાવતાં અને તેઓ જે હાલતમાં હોય તેવાં સારાં નરસાં

સુખી અથવા દુઃખી બનતાં થશે." આગળ ચાલતાં એ સઘળી બાબતના ખરા બનેલા દાખલા સાથે તપાસ કરશું.

શરીરશાસ્ત્રીઓએ (Physiologists) એમ પુરવાર કીધું છે કે એક બચ્ચાંનું બંધારણ એક તસુ અથવા ઇંચના ૨૦૦ માં ભાગ જેટલાં મનુષ્ય જાતનાં બીજમાંથી થાય છે.

હવે સવાલ એ ઉત્પન્ન થાય છે કે આવાં બારીક બીજમાં બચ્ચાંના શરીરના તમામ અવયવના બંધારણને માટે જોઇતો પદાર્થ અને વળી ઓલાદથી ઉતરી આવતી સઘળી ખાસિયતો અને ગુણો આમાં કેમ સમાયા હશે.

એ સવાલ પુરવી રીતે સમજવાને માટે પહેલાં બીજમાંથી બચ્ચું કેમ ઉત્પન્ન થાય છે તે પ્રથમ જાણવું અવશ્યનું છે. માટે બચ્ચું કેમ પેદા થાય છે અને કેમ મોટું થાય છે તે સવાલ પહેલાં હાથ ધર્યે.

પ્રકરણ ૩ જું.

બચ્ચાંની ઉત્પતિ.

"The entire organic machinery of life is thus created in embryo, and each organ located, relatively to all the other organs, before they leave the laboratory of the father.

Dr Fowler.

જીંદગીને માટે સઘળા અવયવોનું જોઇતું સાંચાકામ ગર્ભમાં આ રીતે ઉત્પન્ન થાય અને બાપની પ્રયોગશાળામાંથી બહાર પડે તે અગાઉ સઘળા અવયવો (પુરૂષનાં બીજમાં) પોતાની અમુક જગાએ ગોઠવાઇ રહેલા હોય છે. (ડા. ફાઉલર.)

ઘણુંજ પ્રાચીન કાળમાં નર અને નારી જાતિ કાંઇ જુદા હતાં નહીં, પણ બન્ને જાતી એકજ માણસમાં સમાયલી હતી પણ પાછળથી જુદી પડી હતી. બચ્ચાંની ઉત્પતિનું કાર્ય એ બે જાતી જ્યારે એક એકમાં મળી જાય છે ત્યારે થાય છે. આવી બે જાતીના એક એકના સમાગમમાં આવ્યાથી જે પદાર્થ ઉત્પન્ન થાય છે તે પદાર્થમાંથી બચ્ચું

પેદા થાય છે. માટે દરેક જાતીનો પદાર્થ શું ગુણ ધરાવે છે અને ક્યા અવયવ વડે એ પદાર્થની ઉત્પતિ થાય છે તે જાણવું જરૂરનું છે. શુક્ષ્મદર્શક યંત્ર વડે એ બન્ને જાતીના પદાર્થનું અવલોકન કરતાં માલમ પડે છે કે એ બન્ને પદાર્થો સરખા નથી પરંતુ જુદા જુદા ગુણો અને આકારો ધરાવે છે.

બચ્ચાંની ઉત્પતિને માટે પુરૂષ અથવા નરજાતીનો પદાર્થ તેના બે ગોળી જેવા અવયવમાંથી ઉત્પન્ન થાય છે. ચિત્ર (નં० ૧) તરફ નજર ફેંકતાં માલમ પડશે કે પુરૂષ પદાર્થ નાના નાના કિડા જેવા જીવડાનો બનેલો છે. કેટલાક જાણીતા તબીબો એ પદાર્થમાં આવા જીવતા જીવડા છે એમ જણાવે છે. એ ચિત્ર પરથી માલમ પડશે કે પુરૂષનું વીર્ય (Semen) જીવડાઓથી ભરપુર છે અને તેઓને મોંહ અને પુછડી માલમ પડે છે.

મોરટન (Morton's Anatomy) શરીરના અવયવની રચનાનાં પુસ્તકમાં એ જીવડા વિષે જણાવે છે કે પુરૂષનું વીર્ય નાના જીવડાઓથી ભરપુર હોય છે. એ જીવડા જીવતા હોય તેમ ચાલુ હીલચાલ કરતાં માલમ પડે છે. કોલીકર (Kolliker) ના કહેવા પ્રમાણે એ જીવડાં $\frac{1}{600}$ ઇંચ જેટલા બારીક હોય છે, જે સાધારણ નજરે આપણે બરાબર જોઇ પણ શકતા નથી. મી. પ્રોચેટ (Prouchet) કે જેણે એ જીવડાની રચના તપાસવાને પુખ્ત અભ્યાસ કીધો છે તે જણાવે છે "they have rudimental heads, thoracis, structures and skins." એ જીવડાંઓને અપૂર્ણ માથું, ગળું અને ચામડી માલમ પડે છે તે પરથી જણાય છે કે તેઓને અવયવ પણ છે અને હીલચાલ કરે છે તેથી મારારજાણુ અને જ્ઞાનતંતુ પણ હોવા જોઇયે, આ ઉપરથી એમ માલમ પડે છે કે પુરૂષનાં વીર્યમાં આ પ્રકારના જીવતા જીવડા હોવાથી ભવિષ્યનાં બચ્ચાંના દરેક ભાગો અને અવયવ દરેક જીવડામાં હોવા જોઇયે.

ડા. ફાઉલર લખે છે કે ગર્ભમાં જીંદગીને માટે જોઇતા સઘળા અવયવોનું સાંચાકામ આવી રીતે ઉત્પન્ન થાય છે અને બાપની પ્રયોગશાળામાંથી તેઓ બહાર પડે તે અગાઉ સઘળા અવયવો (પુરૂષ પદાર્થમાં) પોતાની અમુક જગ્યાએ ગોઠવાઇ રહેલા હોય છે.

પુરૂષ પદાર્થમાં આવા જીવતા જીવડા છે કે નહીં તે માટે તબીબી મંડળમાં હાલ બહુ વાદવિવાદ ચાલે છે. કેટલાક ના પાડે, કેટલાક હા પાડે છે પણ આ સવાલ તબીબોએ સેવટનો નક્કી કીધો નથી.

સ્ત્રીનાં વીર્યનું (ovum) વર્ણન.

હવે સ્ત્રી અથવા નારી જાતીનાં પદાર્થમાં શું ગુણો સમાયલા છે તેની તપાસ કરીયે.

જે પ્રમાણે બચ્ચાંની ઉત્પતિને માટેનો પુરૂષપદાર્થ બે ગોળી જેવા અવયવમાંથી પેદા થાય છે તેજ પ્રમાણે સ્ત્રીનું વીર્ય પણ બે ગોળી જેવા અવયવ ગર્ભસ્થાનની એક જમની બાજુ અને એક ડાબી બાજુ હોય છે તેમાંથી ઉત્પન્ન થાય છે.

સ્ત્રીનું વીર્ય ચિત્ર (નં. ૨) માં જણાવ્યા મુજબ નાની ગોળ દડી જેવા આકારના અણુ (cell) થી પુર હોય છે. જેમાંનું એક રજકણુ જેવું અણુ ચિત્રમાં આપ્યું છે. આ એક કોષ (cell) $\frac{૧}{૨૦૦}$ ઇંચ જેટલું બારીક હોય છે. સૂક્ષ્મદર્શક યંત્ર વડે તપાસતાં ચિત્ર (નં. ૨) માં દર્શાવેલા અણુના જેવા સેંકડો ગોળ કોષ (cells) સ્ત્રી પદાર્થમાં માલમ પડે છે. આવા એક અણુનો આકાર ઇંડાંને ભાંજતાં અંદર જેવો દેખાત હોય તેવો હોય છે. જે પ્રમાણે ઇંડાંને દાળ અને સફેદી હોય છે તે પ્રમાણે એ કોષમાં પણ મુખ્ય બે ભાગ માલમ પડે છે.

ચિત્ર (નં. ૨) માં જુવો (૧) ભાગ ઇંડાની દાળ જેવો હોય છે જેને Nucleus "ન્યુકલ્યસ" કરીને કહેવામાં આવે છે.

(૨) ભાગ જે ઇંડાની સફેદી જેવો હોય છે તેને "પ્રોટોપલેઝમ" (Protoplasm) કરીને કહેવામાં આવે છે.

એ બે ભાગોના જુદા જુદા ગુણો વિષે આગળ ચાલતાં ખુલાસા સાથે જાણીશું.


સ્ત્રીનાં વીર્ય વિષે પણ તબીબ મંડળમાં બહુ વાદવિવાદ ચાલે છે. ડા. ફાઉલર જેવા કેટલાક તબીબોનું કહેવું એવું છે કે સ્ત્રીનું વીર્ય કાંઇ બચ્ચાંની ઉત્પત્તિ કરતું નથી, પણ પુરૂષ પદાર્થ જે ખરેખર બચ્ચાંની ઉત્પત્તિ કરે છે તેને રક્ષણ અથવા પોષણ આપવાનેજ સ્ત્રી પદાર્થ કામમાં આવે છે. જ્યારે કેટલાક તબીબો એમ કહે છે કે સ્ત્રી અને પુરૂષ પદાર્થ બેઉ એક સરખો બચ્ચાંની ઉત્પત્તિમાં કામ લાગે છે. સ્ત્રી અને પુરૂષનું વીર્ય ચોક્કસ રીતે સાથે મળે છે તોજ ગર્ભ રહે છે જેથી બચ્ચાંની ઉત્પત્તિ થાય છે.

નાં. ૧.



પુરૂષનાં વિર્યમાં વસ્તો જીવ–Spermatoza.

નાં. ૨.




સ્ત્રીનું વીર્ય.–Ovum.

૧. દાળ જેવો પદાર્થ–Nucleus.

૨. સફેદી જેવો પદાર્થ–Protoplasm.

જુવો પાનું ૧૦ મું.

નાં. ૩.



આ પદાર્થમાં પુરૂષ વીર્યનું દાખલ થવું.

૧. આીનો જીવવાળો પદાર્થ.

૨. ખ. પુરૂષનો જીવવાળો પદાર્થ.

જુવો પાનું ૧૨ મું.

૧૧૧૮૧

આપણે જાણ્યું તેમ બચ્ચાંની ઉત્પત્તિમાં કાર્યની વખતે સ્ત્રી અને પુરૂષ પદાર્થ ગર્ભસ્થાન આગળ સાથે મળે તે વખતે સ્ત્રી અને પુરૂષ પદાર્થના હજારો કોષો (cells) ઉત્પન્ન થાય છે પણ એ સઘળા કામમાં આવતા નથી પણ સ્ત્રીનાં વીર્યમાંની એક નાની રજકણ અથવા કોષ (cell) પુરૂષના વીર્યના એવાજ કોષમાં આમેજ થાય છે ત્યારેજ ગર્ભ રહે છે, આ પરથી માલમ પડે છે કે બચ્ચાંની ઉત્પત્તિના કાર્યમાં જેટલો પદાર્થ ઉત્પન્ન થાય છે તે સઘળો કામ લાગતો નથી પણ પુરૂષના વીર્યની નાની રજકણ, સ્ત્રીની તેવીજ નાની રજકણ અથવા કોષ (cell) માં આમેજ થાય છે, ત્યારેજ થાય છે. એટલી નાની રજકણજ બચ્ચાનાં ગર્ભને માટે કામમાં આવે છે બાકીનો પદર્થ વ્યર્થ જાય છે. આપણે જાણ્યું તેમ સ્ત્રીનાં વીર્યની નાની રજકણ અથવા કોષ જેને ઓવમ (ovum) કરીને કહેવામાં આવે તેમાં પુરૂષનાં વીર્યની નાની રજકણ સ્પર્મ (sperm cell) આમેજ થાય છે ત્યારેજ ગર્ભ ઉત્પન્ન થાય છે માટે એ ગર્ભ કેમ ઉત્પન્ન થાય છે તે તપાસશે.

ચિત્ર (નં. ૩) માં (ક) બચ્ચાંની ઉત્પત્તિને માટે સ્ત્રીનાં વીર્યનું એક નાનું કોષ "ઓવમ" (ovum) પુરૂષનાં વીર્યનું એક નાનું કોષ (sperm-cell) "સ્પર્મ" કેમ એક એકમાં આમેજ થાય તે જણાવે છે (ખ) સ્પર્મ (sperm cell) અથવા પુરૂષનાં વીર્યનું એક નાનું કોષ, (ક) છે તે સ્ત્રીના વીર્યનું નાનું કોષ "ઓવમ" (ovum) માં આ રીતે દાખલ થાય છે. અને (૨) છે તે ઉત્પન્ન થયલાં પુરૂષના વીર્યના નાના કોષનું મોહ છે જેને 'ન્યુકલ્સ' Neuclus કહેવામાં આવે છે તે સ્ત્રીના વીર્યના કોષ ઓવમ (ovum) નું ન્યુકલ્સ (neuclus) (૧) માં સાથે મળી જાય છે ત્યારે બચ્ચાંનો ગર્ભ ઉત્પન્ન થાય છે, એ બન્ને કોષો સાથે બચ્ચાંનો ગર્ભ ઉત્પન્ન થાય છે અને તે જ્યારે ગર્ભસ્થાનની અંદર ચીટકી રહે છે ત્યારેજ હમેશ રહે છે પણ જો એ ગર્ભ ગર્ભસ્થાનમાં ચીટકી રહેતો નથી તો હમેશ રહેતા નથી પણ એ ગર્ભ બહાર નીકળી જાય છે. કેટલી સ્ત્રીઓને છોકરાં થતાં નથી તેનાં મુખ્ય કારણો એજ કે કેટલી વખતે સ્ત્રી અને પુરૂષનાં વીર્યના નાના કોષો એક એકમાં આમેજ થતા નથી અથવા તો એક એકમાં આમેજ થાય છે તો ગર્ભસ્થાનની નબળાઇને લીધે તેમાં ચીટકી રહેતાં નથી અને ગર્ભ બહાર નીકળી જાય છે. ઘણીક વખતે આવી રીતે બરાબર ગર્ભ રહે છે તો સ્ત્રી પુરૂષની ફક્ત એકજ સંગતમાં હમેશ રહે છે.


બચ્ચાંની ઉત્પતિને માટેનું બીજ અથવા ગર્ભ $\frac{૧}{૨૦૦}$ ઇંચ જેટલું બારીક હોય છે. ચીત્રમાં જણુાવ્યા પ્રમાણે સ્રી અથવા પુરૂષ પદાર્થનાં એક એક કોષ, એક એકમાં આમેજ થાય છે ત્યારે ગર્ભ રહે છે. હવે એ ગર્ભ કેમ ખીલે છે તે તપાસ્યે. એ ગર્ભમાંથી એકદમ બચ્ચાંનો આકાર માલમ પડતો નથી પણ પાછળ આપેલાં ચિત્રો પ્રમાણે વધ થાય છે.

ચિત્ર (નં. ૪) પ્રમાણે બચ્ચાંનું બીજ જેવું પાકટ થયું કે તુરત ચિત્ર (નં. ૫) પ્રમાણે એકના બે થઇ જાય છે પછી ચિત્ર (નં. ૬) પ્રમાણે બેના ચાર થાય છે, પછી ચારના આઠ થાય છે એ પ્રમાણે (નં. ૭) માં ચિત્ર પ્રમાણે વધે છે પછીજ બચ્ચાંનો આકાર દેખાવ દે છે. ડા. ટ્રાલ (Trall) પ્રમાણે, હમેલ રહ્યાને બીજે અઠવાડિયે બચ્ચાંનું બીજ વજનમાં એક ગ્રેન (Grain) જેટલું હોય છે. અને લંબાઇમાં $\frac{૧}{૬}$ ઇંચ જેટલું હોય છે. ત્રીજું અઠવાડિયું પુરૂં થતાં તેનો આકાર એક મોટી કીડી અથવા મંકોડાનો જેવો અથવા તો બાજરીના દાના જેવો દેખાય છે. ત્રીસમે દિવસે બીજમાં બચ્ચાંના માથા તથા પગ તરફના ભાગો ઉત્પન્ન થતા જણુાય છે, હવે લંબાઇ $\frac{૧}{૩}$ ઇંચ જેટલી થાય છે અને થોડાક અવયવના બંધારણુની પહેલ થતી જણુાય છે. આશરે ચાલીશમે દિવસે બચ્ચાંનો આકાર ઉત્પન્ન થાય છે. શરીર સાથે સરખાવતાં માથું બહુ મોટું હોય છે, અને હાથ પગો તરકારીના સાખા જેવા લાગે છે. હાથ પગનાં આંગળાં અને પાટલી માલમ પડતી નથી. આંખ, નાંખ મોંહ કાળા દાંતા જેવા લાગે છે અને લંબાઇ એક ઇંચ જેટલી થાય છે.

બીજે મહિને સઘળું ખુલ્લું પ્રગટી નીકળે છે. આંખના પોપચાં બરાબર દેખાય છે, નાખ બહાર નિકળે છે, મોહું મોટું થાય છે અને ઉઘડેલું માલમ પડે છે, હાથ પગના આંગળાં ખુલ્લાં માલમ પડે છે.


ત્રીજે મહિને આંખના પોપચાં તદન તૈયાર થાય છે અને બંધ રહે છે. નાખના ફીફરાં બરાબર દેખાય છે, હોઠ પણ બરાબર દેખાય છે, અને મોહ બંધ માલમ પડે છે. આ મહિનામાં બચ્ચાં પેદા કરનારા અવયવ અથવા પીસાબના અવયવનું બંધારણુ થાય છે અને ખીલેલા માલમ પડે છે. ભેજું થોડું ઘણું માલમ પડે છે પણ બહુજ નરમ માવા જેવું હોય છે અને કમરના કાઠાંમાંના માવાનો ભાગ (Spinal cord) પણ એવોજ નરમ માલમ પડે છે, ફેફસાં બરાબર ખીલેલાં હોતાં નથી પણ કળેજું મોટું થયલું હોય છે. હૃદયનું ચાલવું પણ માલમ પડે છે. હાથ-પગ

નાં. ૪.




પાકટ થવા માંડેલું બીજ.

નાં. ૫.




બીજમાં થતો ફેરફાર.

નાં. ૬.



બીજમાં થતો વધુ ફેરફાર.

નાં. ૭.



બીજમાં શરીરનો આકાર દેખાય
તે અગાઉની સ્થિતિ.

જુઓ પાનું ૧૨ મું.

સંપૂર્ણ ખીલેલા માલમ પડે છે. હવે બચ્ચું ૩½ ઇંચ જેટલું હોય છે અને વજનમાં ૨½ આઉંસ જેટલું હોય છે.

ચોથે મહિને માથું અને કલેજું બીજા અવયવ કરતાં ઓછા વધે છે, સઘળા માસરજણુ બરાબર દેખાય છે અને થોડીક હીલચાલ માલમ પડે છે. સાહડા ચાર મહિના પુરા થતાં બચ્ચાંની લંબાઇ પાંચ થી ૭ ઇંચ જેટલી થાય છે અને વજનમાં ચાર થી પાંચ આંઉસ જેટલું હોય છે.

પાંચમાં મહિનામાં સઘળા માસરજણુ બરાબર દેખાય છે અને બચ્ચાંની હીલચાલ ચાલુ રહે છે, હજુ માથું શરીર સાથે સરખાવતાં મોટું લાગે છે અને તેની ઉપર નાના રૂપેરી બાલ ઉગે છે. લંબાઇ સાતથી નવ ઇંચ જેટલી હોય છે અને વજનમાં ૭ થી આંઠ આંઉસ જેટલું હોય છે.

છઠ્ઠા મહિનામાં ચામડીના બે પડ બરાબર થયલાં માલમ પડે છે. ચામડીનો રંગ રતાસપર હોય છે પણ બહુ નાજુક અને લીસો અને જરા કરચલીવાળો હોય છે. નખ ઉગેલા હોય છે. લંબાઇ ૧૦ થી ૧૨ ઇંચ જેટલી અને વજનમાં લગભગ બે રતલ જેટલું હોય છે. જો આ મહિને બચ્ચું જન્મે છે તો થોડો વખત શ્વાસ લઇ શકે છે પણ જીવતું નથી.

સાતમાં મહિનામાં બચ્ચાંના સઘળા ભાગો બરાબર થાય છે. બચ્ચાંનું માથું નીચે એટલે બહાર નીકળવાની જગાપર હોય છે અને પગ ઉપર થાય છે. આંખનાં પોપચાં ખુલ્લાં થતાં માલમ પડે છે. હવે ચરબી વધવાથી સઘળા આકાર ગોળ લાગે છે. લંબાઇ આશરે ૧૪) ઇંચ જેટલી અને વજનમાં લગભગ ૩) રતલ જેટલું હોય છે.

આઠમે મહિને બચ્ચું લંબાઇ અને પહોળાઇમાં બરાબર વધે છે, અને બે મહિનામાં પોતે જીંદગી ગુજારી શકે છે. નખ, પાંસળી, હાથ પગ, સઘળું સંપૂર્ણ થયલું હોય છે. લંબાઇ ૧૬) ઇંચ અને વજન ૪) રતલથી ઉપર હોય છે.

નવમાં મહિના પછી બચ્ચું લંબાઇમાં સાધારણ રીતે ૧૮ થી ૨૦ ઇંચ જેટલું અને વજનમાં ૬ થી ૮ રતલ જેટલું હોય છે. આ મહિને બચ્ચું જન્મ લેવાને તૈયાર હોય છે.

બચ્ચાંના પહેલાં થોડાક મહિના માથું ઉપર અને પગ નીચે હોય છે પણ ૭ મહિના પછી બચ્ચાંનું માથું હેઠે બહાર નિકળવાની જગા પર થાય છે અને પગ ઉપર રહે છે તેનું કારણ એ કે ૭ મહિના પછી

ભેજાનું બંધારણ પુરતું થાય છે જેથી માથું શરીર કરતાં વજનમાં ભારી થવાથી ભારને લીધે નીચે થાય છે.

આ પ્રકરણમાં બચ્ચાંની વધ ડા. ટ્રાલ (Trall) પ્રમાણે જુદે જુદે મહિને કેમ થાય છે તે જણાવી છે. તે આગળ ચાલતાં આપણને ઘણી ઉપયોગી થઇ પડશે. આગળ ચાલતાં મનની અસરો જુદે જુદે મહિને બચ્ચાંના જુદા જુદા અવયવો પર કેમ થાય છે તે તપાસીશું.

બચ્ચાંનું બીજ ૧/૨૦૦ ઇંચ જેટલું નાનું હોય છે અને તેમાંથી બચ્ચું મોટું થાય છે તેથી બચ્ચાંને કોઇબી રીતનું પોષણ મળવું જોઇએ. હવે બચ્ચાંને કેવી રીતે પોષણ મળે છે તે તપાસ્યે.

બચ્ચાંનું પોષણ માતામાંથી મળે છે અને મુખ્ય કરી બચ્ચાંના બે અવયવ વડે મળે છે એક તો ઓર (Placenta) અને એની સાથે સંબંધ ધરાવતું દોરી જેવું અવયવ જેને નાલ્યું (Umbilical cord) કરીને કહે છે તેથી થાય છે.

ઓર (Placenta) નરમ, સ્પંજ જેવું પહોળું ગોળ આકારનું હોય છે. માતામાંથી બચ્ચું એનાથી પોષણ લે છે. એ ઓર આશરે ૬) ઇંચ જેટલું મોટું હોય છે અને મધ્ય ભાગમાં ૧ થી ½ ઇંચ જેટલું જાડાઇમાં હોય છે વજનમાં આશરે એક રતલ જેટલું હોય છે. આની એક બાજુ ગર્ભસ્થાનને વળગી રહે છે જ્યારે બીજી બાજુ બચ્ચાં તરફ રહે છે. આમાંથી નારૂ ઝાડના સાંધાની માફક નિકળી બચ્ચાંની દુટીમાં જાય છે. જેમ ઝાડનાં મુળમાંથી પાણી ઝાડની ડાંખળીઓમાં જઇ સઘળે પંથરાય છે તેજ પ્રમાણે ઓર જે મુળ જેવું હોય છે તે માતામાંથી પોષણનાં તત્વ ચુસી લે છે. ત્યાર પછી એ પોષણનાં તત્વ નારૂમાંથી પસાર થઇ બચ્ચાંને દુટી વડે મળે છે.

હમેલ રહયા પછી બે મહિને ઓર બને છે. નારૂ બે ધોરી નસોનું અને એક સાધારણ નસનું બનેલું છે અને બચ્ચાંની જેટલી લંબાઇ હોય છે એટલીજ એ નારૂની લંબાઇ થાય છે. માતાનું લોહી ઓરમાંથી પસાર થઇ નારૂની સાધારણ નસ વડે બચ્ચાંમાં જાય છે. જ્યારે બચ્ચાંનું ખરાબ થયલું લોહી નારૂની ધોરી નસવડે ઓરમાં પાછું જાય છે. જે પ્રમાણે આપણાં ફેફસાં, લોહી આખા શરીરમાં ખરાબ ગયું હોય તેને સાફ કરવા, શ્વાસ લેવા અને ખોરાક પાચન કરવા કામ લાગે છે

તેજ પ્રમાણે બચ્ચાંની ઓર પણ ઉપલાં કામો કરે છે. આ પરથી માલમ પડે છે કે માતા અને બચ્ચાંનું લોહી એક એકમાં પસાર થાય છે. આપણે જાણ્યું છે કે બરાબર શ્વાસ અથવા દમ લીધાથી ફેફસાં મારફતે લોહી સાફ થાય છે તેથી હમેલવાળી સ્ત્રીએ બરાબર રીતે શ્વાસ લેવો જોઇએ. જો શરીરને સારી હીલચાલમાં રાખ્યું હોય અને સારી રીતે શરીરને અંગ કસરત મળ્યાથી શ્વાસ ક્રિયા જોસમાં ચાલે છે તો લોહી સાફ થાય છે પણ આખો દિવસ બેસી અથવા સુઇ રહેવાથી શ્વાસની ક્રિયા પુરતી ચાલતી નથી તેથી લોહીમાં બગાડો થાય છે. બીજું એ ધ્યાનમાં રાખવું જોઇએ કે હમેલની વખતે સ્ત્રીઓએ પેટની નજદીક કપડાં ઢીલાં પહેરવાં જોઇએ. કારણ આપણે જાણ્યે છીએ કે માતાંનું લોહી બચ્ચાંમાં પસાર થાય છે તેથી બચ્ચાંને પોષણ મળે છે પણ જો પેટની નજીકનો પોષાક તંગ પહેર્યો હોય અથવા પારો બાંધ્યો હોય તો એ ભાગોપર લોહીનું ફરવું બરાબર થતું નથી, અને આખો દિવસ બેસી અથવા સુઇ રહેવાથી પણ લોહીનું ફરવું ધીમું પડી જાય છે જેથી બચ્ચાંનાં પોષણને માટે પુરતું સ્વચ્છ લોહી મળતું ન હોવાથી બચ્ચું નબળું અથવા ચામડીના દરદો, કીડ ખુજલીવાળું જન્મે છે, કેટલાંક બચ્ચાં મુવેલાં જન્મે છે અથવા જલદી મરી જાય તેનાં એજ કારણો છે.

પ્રકરણ ૪ થું.

બચ્ચાંનાં શરીરના તત્વો અને ઓલાદથી ઉતરતી ખાસિયતો ગર્ભમાં કેમ સમાય છે.

"In all 'Physiological units' there dwells the intrinsic aptitude to aggregate into the form of that species, just as in the atoms of a salt there dwells the intrinsic aptitude to crystallise." *Herbert Spencer.*

"જે પ્રમાણે ચોકસ ખારો અથવા નિમક પોતાના જેવાંજ ચોકસ પાસા પાછા ઉત્પન્ન કરવાની શકિત ધરાવે છે તેજ પ્રમાણે દરેક શારીરીક એકમ (Unit) અથવા કોષ (Cell) પોતાની જાતનો આકાર લેવાને જાતી ગુણ ધરાવે છે. (હરબર્ટ સ્પેનસર.)

આપણે ગયા પ્રકરણમાં જાણ્યું કે બચ્ચાંનું બીજ ફક્ત $\frac{૧}{૨૦૦}$ ઈંચ જેટલું બારીક હોય છે અને માતામાંથી પોષણ મેળવી મોટું થાય છે. હવે સવાલ એ ઉત્પન્ન થાય છે કે આવા બારીક બીજમાં બચ્ચાંના શરીરના બંધારણને માટે જોઇતા દરેક તત્વો અને ઓલાદથી ઉતરતી ખાસિયતો તેમજ શરીરના અને અવયવના ઘાટઘટમો કેમ સમાતા હશે? પાણીના બારીક ટીપાંથી પણ બચ્ચાંનું બીજ નાનું હોય છે તેમાં આ બધી ચીજો કેમ સમાતી હશે?

એ બાબતની સમજણ મેળવવા ઉંડાણમાં ઉતરવું પડશે. આ પ્રકરણમાં ઘણી કઠ્ઠણ અને ફીલસુફી ભરી દલીલો રજુ કરવામાં આવશે તેથી જો કોઇ વાંચનારને સમજ ન પડે તો ફીકર જેવું કાંઇ નથી; વાંચવું છોડી દેવું નહીં પણ ધીરજ રાખી ફરી અને ફરી વાંચવું ચાલુજ રાખવું. સમજ ન પડે તો કાંઇ નહીં, એ બાબદ બચ્ચાં પેદા કરવામાં ઘણી ઉપયોગી નથી; એ બાબદ તો ફક્ત બચ્ચાંની ઉત્પત્તિનાં મૂળ કારણો શોધવાની છે. બચ્ચાં પેદા કરવાની શોધો હજુ આગળ ચાલતાં આવશે અને તે સહેલાઇથી સમજણ પડશે. આ પ્રકરણ આખું વાંચવું જેથી એનો સાર સમજ પડયા વગર રહેશે નહીં.

બચ્ચાંનાં બારીક બીજમાં ઓલાદથી ઉતરતી ખાસિયતો અને બચ્ચાંનો ઘાટઘટમ અને શરીરનાં બંધારણને માટે જોઇતાં સઘળાં તત્વો કેમ સમાતા હશે. તે માટે બે સિદ્ધાંતો રજુ કરવામાં આવે છે. એક તો "evolutiun" or "preformation" નું સિદ્ધાંત જેમાં એમ જણાવવામાં આવે છે કે બીજમાં ઝાડપાન અથવા મનુષ્ય જાતનાં બચ્ચાંનાં બંધારણના દરેક તત્વો બારીક રીતે અગાઉથી ગોઠવાઇ રહેલાં હોય છે. જ્યારે બીજું સિદ્ધાંત "Epigenesis" નું છે જેમાં એમ જણાવવામાં આવે છે કે શરીરના સઘળા ભાગો બીજમાં અગાઉથી ગોઠવાઇ રહેતા નથી પણ "Differentiation" થી રફતે રફતે શરીરના જુદા જુદા ભાગો ઉત્પન્ન થાય છે.

એ સિદ્ધાંતોને ટેકો આપતા ત્રણ નામાંકિત વિદ્વાનોની દલીલો ટુંકમાં તપાસીશું. ઓલાદથી ઉતરતું શરીર અને ખાસિયતોને વિષે હાલના જમાનામાં પહેલ વહેલી સિદ્ધાંત રૂપી સમજણ આપનાર હરબર્ટ સ્પેનસર નામનો જાણીતો ફીલસુફ હતો. જે પોતાની દલીલ રજુ કરતાં કહે છે કે દરેક શરીરી એકમ (Unit) અથવા કોષ (Cell) પોતાની જાતનો આહાર લેવાને જાતી ગુણ ધરાવે છે જે પ્રમાણે ચોકસ ખારો અથવા નિમક પોતાના જેવાજ

ચોક્કસ પાછા પાછા ઉત્પન્ન કરવાની શકિત ધરાવે છે તેમ. આ ફીલસુફના કહેવા પ્રમાણે આખું શરીર અવા એકમો (Units) અથવા કોષો (Cells) નું બનેલું છે. આ સઘળા એકમો એકજ જાતના હોય છે. બીજમાં પણ આવા એકમો એકઠાં થાય છે. આ એકમો સઘળાં એક સરખાં છે પણ જ્યારે તેઓની જુદી જુદી રીતે ગોઠવણી થાય ત્યારે શરીરના જુદા જુદા ભાગો ઉત્પન્ન થાય છે. એ શરીરના એકમો જુદી જુદી રીતે ગોઠવાઇ જવાની શકિત ધરાવે છે જેથી શરીરના જુદા જુદા ભાગો ઉત્પન્ન થાય છે. જો શરીરના કોઇ ભાગમાંથી થોડાંક એકમો અથવા શરીરનો થોડો ભાગ કાઢી નાખવામાં આવે છે (જેમ દરદોની વખતે વાઢકાપ કરવામાં આવે છે તેમ) તો પાછો તે ભાગ પોતેજ સાજો થાય છે અને પોતાનો આકાર પાછો સંપૂર્ણ બનાવે છે. પણ આ ફીલસુફની દલીલ સંપુર્ણ માલમ પડતી નથી કારણ બીજમાં આ એકમો કયા બળથી અથવા ગુણથી અને કેવી રીતે ગોઠવાઇ જાય છે તે પુરતી રીતે જણાવતો નથી. ફકત શરીરી એકમો (Physiological units) એવો ગુણ ધરાવે છે એમજ જણાવે છે અને ઓલાદથી ઉતરતી ખાસિયતોને વિષે પણ આવા શરીરના એકમો વિષે જે થોડું ઘણું જ્ઞાન આપ્યું છે અને પોતાના સિધ્ધાંતનો મુળ પાયો એ શરીરી એકમોથી રજુ કીધો છે તે વખાણવાજોગ છે કારણ એ ફીલસુફ પછીના બીજા ફીલસુફોએ શરીરી એકમોનો બારીક અભ્યાસ કરી એ દલીલને સંપુર્ણતામાં લાવવાની કોશેશ કીધી હતી.

જે પ્રમાણે હરબર્ટ સ્પેનસરે પોતાની "શરીરી એકમો" ની દલીલ રજુ કીધી તેજ પ્રમાણે થોડાંક વર્ષ પછી જાણીતો વિદ્વાન ડારવીન "The variation of Animals and plants under Domestication." નામના ઘણાજ ઉપયોગી પુસ્તકમાં "pangenesis" નામની દલીલ રજુ કીધી છે.

ડારવીન પોતાનું એવું અનુમાન જણાવે છે કે શરીરના દરેક ભાગો પોતામાંથી અતિ સુક્ષ્મ ભાગો જેને એ વિદ્વાન gemmules કરી ઓળખાવે છે તેઓ બહાર કાઢે છે. આ અતિ સુક્ષ્મ અણુ આખાં શરીરમાં ફરહર કરે છે અને જો તેને પુરતું પોષણ મળે તો પોતામાં એવાજ બીજા અણુઓ ઉત્પન્ન કરે છે અને તેમાંથી શરીર કોષો (cell)) ની ઉત્પત્તિ રફતે રફતે થાય છે. સઘળાં બચ્ચાંમાં આ ઓલાદથી ઉતરે છે અને તેઓમાં પ્રગટી નિકળે છે. અથવા તો કેટલીક પેઢી તુલીક ગુપ્ત પડી રહે છે અને

તક મળવે પ્રગટી નિકળે છે. શરીરની વૃદ્ધિની દરેક સ્થિતિમાં શરીરી કોષો (cells) એઓને ઉત્પન્ન કરે છે. આ અતિ સૂક્ષ્મ અણુઓ બીજમાં અથવા વીર્યમાં એકઠાં થવાનો જાતિ ગુણ ધરાવે છે. એઓની વૃદ્ધિ પોતાના જેવા અગાઉના અણુઓ સાથે મળી જવાથી થાય છે.

વિદ્વાન દારવીનના એ અનુમાનો કલ્પનારૂપી છે અને પ્રયોગોથી પુરવાર કીધા નથી.

હવે જરમનીનો જાણીતો પ્રો. વીસમેન પોતાની "germ plasm" નામની દલીલ કેમ રજુ કરે છે તે તપાસ્યે. એ વિદ્વાન જણાવે છે કે "The Germ plasm is composed of vital units, each of equal value, but differing in character, containing all the primary constituents of an individual. This substance (germ-plasm) can never be formed anew; it can only grow, multiply and be transmitted from one generation to another"—બચ્ચું ઉત્પન્ન કરનાર બીજ જીવનરક્ષક એકમો અથવા અણુઓનું બનેલું છે જે અણુઓ સઘળા સરખી રીતના હોય છે પણ જુદા જુદા ગુણો ધરાવે છે અને માણસનાં બંધારણ માટેના દરેક તત્વોવાળું હોય છે. આ પદાર્થ અથવા બીજ હર વખતે નવો બનતો નથી, પણ એની વૃદ્ધિ થાય છે, પોતામાં બીજો પદાર્થ ઉત્પન્ન કરે છે અને પેઢી દર પેઢી ઓલાદમાં ઉતર્યા કરે છે."

હવે આ વિદ્વાન કેટલાક પ્રયોગો કરી બચ્ચાંના બીજમાં જુદા જુદા ગુણ ધરાવનારા જુદા જુદા ભાગો રજુ કરે છે કે જેમાં શરીરનાં બંધારણને લગતાં તત્વો તેમજ ઓલાદથી ઉતરતી ખાસિયતોને લગતાં તત્વો કેમ સમાયલાં હોય છે તે જણાવે છે.

બચ્ચાંની ઉત્પતિ એટલે શું અથવા ઉત્પતિ થવાનું કારણ શું.

Hackel was probably the first to describe reproduction as an overgrowth of the individual and he attempted to explain heredity as a simple continuity of growth. બચ્ચાં ઉત્પન્ન થવાનું કારણ દર્શાવનાર તરીકે વિદ્વાન હેકલ પહેલોજ હોય એમ લાગે છે. એના કહેવા પ્રમાણે જ્યારે એક માણસમાં જોઇયે તેના કરતાં વધુ વધ થાય છે ત્યારે તેમાંથી તેના જેવી ચીજ બહાર

પડે છે. આ એનું અનુમાન એક કોષ (cell) ધરાવનારાં સાધારણ આંખથી ન જણાય તેવા બારીક જીવજંતુ (Unicellular organisms) જેવાં કે "એમીબા" "ઇન્ફ્યુસોરીયા" વીગેરેને લાગુ પડે છે. આ જીવજંતુઓની ચોક્કસ વધ થાય છે પછી તેઓના બે ભાગ થઇ જાય છે જે બેઉ એક એકને એવાં તો મળતાં આવે છે કે કયો ભાગ મોટી અથવા નાની વયનો છે તે પારખી શકાતો નથી અને બેઉ જુદા જુદા જીવડા તરીકે જીંદગી ગુજારે છે, તેની વળી પાછી ચોકસ વધ થાય છે. પાછા બે જીવડામાં વહેંચાઇ જાય છે, એ પ્રમાણે જીવડા અમર જીવે છે. આવા બારીક એકજ કોષ ધરાવનારા જીવજંતુ પરથી ખુલ્લી રીતે જણાય છે કે બચ્ચું તે માબાપનો એક ભાગ છે.

આ જીવડાઓ અરધા ભાગમાં વેંહચાઇ બીજા જીવડા પેદા કરે છે. પણ મોટાં જાનવરો અને માણુસો બે જાતી નર અને નારી સાથે મળ્યા વગર બચ્ચાં ઉત્પન્ન કરી શકતા નથી, તેઓમાં બચ્ચાંની ઉત્પત્તિ કેમ થાય છે તે તપાસવું જોઇએ.

ઉપલાં જીવજંતુ ફકત એકજ કોષ (cell) ના બનેલા છે જ્યારે સઘળા જાનવરો અને મનુષ્ય જાતનું શરીર એવા કરોડો કોષો (cells) નું બનેલું છે. આપણું શરીર ઘણુજ બારીક રજકણો અથવા કોષો (cells) નું બનેલુ છે.

હવે એમ જણાવવામાં આવે છે કે આપણાં શરીરમાં બે જાતના કોષો હોય છે. એક જાતના કોષોથી આપણાં શરીરનું બંધારણ થાય છે જે કોષો રોજના હજારો મરણ પામે છે અને ખોરાકથી પાછા ઉત્પન્ન થાય છે અને બીજી જાતના કોષો આપણા શરીરમાં છે તે મરણ પામતા નથી પણ પેઢી દર પેઢી આપણાં શરીરમાં ઓલાદથી ઉતર્યા કરે છે એ કોષોથી બચ્ચાંનું બીજ થાય છે જેમાંથી બીજું બચ્ચું પેદા થાય છે.

હવે એ જાતનાં કોષો (Cells) કેવી રીતે આપણામાં ઉત્પન્ન થયા તે તપાસ્યે. પ્રથમ જીવજંતુઓ એકજ કોષ (Cell) વાળા છે જે ખોરાક મેળવી ચોકસ રીતે મોટા થઇ બે ભાગમાં વહેંચાઇ જઇ બીજું પોતાના જેવું જીવજંતુ પેદા કરે છે. આવી રીતે પેદા કરતાં કેટલાંક પ્રથમ જીવજંતુ બે ભાગમાં વહેંચાઇ ગયા છતાં એક એકથી છુટા પડયાં નહીં પણ એક એક સાથે રહયા. એમ સાથે રહયા પછી તેઓએ પોત પોતામાં જુદું જુદું કામ વહેંચી લીધું, તેમાં એક ભાગે ખોરાકમાંથી પોતાનું

પોષણુ મેળવી જીવન રક્ષણુ શોધવાનું કામ માથે લીધું. જ્યારે બીજા ભાગે પોતામાંથી પોતા જેવું પેદા કરવાનું કામ કરવા માડયું. આવી રીતે આપણામાં બે જાતના કોષો (Cells) ઉત્પન્ન થયા છે. શરીરનું રક્ષણુ કરનાર અને બંધારણુ રાખનાર કોષોને પ્રો. વીસમેન Sometic Cells, અને વૃધ્ધિ કરનાર કોષો જે બચ્ચાંના બીજને માટે હોય છે તેને germ cells કરી ઓળખાવે છે. આ વૃધ્ધિ કરનાર કોષો પોતામાંથી બીજા કોષો કેમ ઉત્પન્ન કરે છે કેમ નાશ પામતા નથી અને ઓલાદમાં તમામ ખાસયતો લઇ કેમ ઉતરે છે તેની હવે તપાસ કરયે.

આપણે જાણ્યું તેમ બચ્ચાંનું બીજ નર જાતી અને નારી જાતીનું આખું એકેક કોષ સાથ મળી એક એકમાં આમેજ થાય છે. અને પાછું એકજ કોષ બને છે ત્યારેજ થાય છે. ત્યારે હવે પહેલ વહેલાં બચ્ચાંનું બીજ અથવા આવા કોષનું બંધારણુ તપાસ્યે. બચ્ચાંની ઉત્પતિનું બીજ ફક્ત એક નાના કોષનું બનેલું છે જે એક ઇંચના બસોમા ભાગ જેટલું બારીક હોય છે. એ બીજ અથવા કોષ (Cell) ના મુખ્ય બે ભાગ દેખાડવામાં આવ્યા છે. બરાબર વચમાંના સઉથી નાના ભાગને (૧) "ન્યુકલ્સ" કરી કહેવામાં આવે છે જ્યારે તેની આસપાસના ભાગને (૨) "પ્રોટોપ્લેઝમ" કરી કહેવામાં આવે છે.

આખા કોષનું મધ્ય બીંદુ અને આખા કોષ (cell) અથવા બીજનો મુખ્ય ભાગ જેમાંથી એના જેવા બીજા કોષો થવા એના ભાગ પડી જાય છે તે આ "ન્યુકલ્સ" છે. પ્રો. વીસમેને કેટલાક પ્રયોગો કરી પૂરવાર કીધું છે કે બચ્ચાંની ઉત્પતીને માટે જોઇતા મુખ્ય તત્વો અને ઓલાદથી ઉતરતી હરેક ખાસયતો આ ભાગમાં હોય છે. એમાં કેટલીક જાતના ખારો અને પદાર્થ સમાયલા છે.

આ બીજનો બીજો ભાગ "પ્રોટોપલેઝમ" કરી કહેવામાં આવે છે જે વડે બીજ પોતાનું રક્ષણુ મેળવે છે. એ ભાગ પોષણુનો તત્વ પહેલાં ખેંચી લે છે અને બીજને પોષણુ આપે છે. અને તેમાં આખો વખત હીલચાલ થાય છે.

આગળ ચાલતાં માલમ પડશે કે હવા, પાણી, રૂતુ, જુદી જુદી મનશકિત એ બીજપર અસર કરી બચ્ચાંના ઘાટ ઘટમમાં ફેરફાર કરે છે. પ્રો. હેન્સલોના કહેવા પ્રમાણે બચ્ચું માબાપથી જે જે પ્રકારે જુદું પડે છે તે એ "પ્રોટોપલેઝમ" ની ઉપર જુદી જુદી અસર થવાથી થાય છે. એ

વિદ્વાનના કહેવા પ્રમાણે "પ્રોટોપ્લેઝમ" ના "responsive power" એટલે બહારના ફેરફારોની પોતાપર અસરો લેવાની શકિતથી થાય છે.

આપણે આગળ જાણ્યું તેમ બીજમાં "ન્યુકલ્સ" ના ભાગમાંજ બચ્ચાંના બંધારણને માટે અને ઓલાદથી ઉતરતી ખાસયતો રહે છે એ કેમ પુરવાર થયું છે તેનો એક પ્રયોગ હયાં રજુ કરીશું. મનુષ્ય બીજ અને મરઘીનું ઇંડું બન્ને તદન સરખાં છે. ઇંડુ મોટું છે જ્યારે બીજ બહુજ નાનું છે. બચાનાં બીજમાં જેમ મુખ્ય બે ભાગ છે તેમ ઇંડું ભાંગીને જોતાં તેમાં પણ બે ભાગ હોય છે. ઇંડાંની દાળ જેને પણ "ન્યુકલ્સ" કહી શકાય, અને બીજો ભાગ સફેદી છે તેને "પ્રોટોપ્લેઝમ" કહી શકયે. હવે મનુષ્ય બીજ બહુજ નાનું હોય છે, સહેલાઇથી મળી શકતું નથી તેથી તે પર પ્રયોગ કરવાને બની શકે નહીં તેથી જો મરઘીનાં ઇંડાં પર પ્રયોગો કરવામાં આવે તો તે મનુષ્ય બીજમાં કરવામાં આવેલાં બરાબર કહેવાય. જરમનીનો એક વિદ્વાન બોવેરી (Boveri) એ 'ન્યુકલ્સ'માંજ એટલે ઇંડાંની ડાળમાંજ બચ્ચાંના બંધારણને માટે જોઇતી સઘળી ચીજ હોય અને બીજા ભાગમાં નથી હોતી તે પુરવાર કરવા નીચે પ્રમાણે એક પ્રયોગ કીધો હતો. તેણે એક દરીયાઇ જાનવર (Sea Urchin) નું ઇંડું લીધું અને તેમાંથી ચોકસ રીતે દાળ અથવા "ન્યુકલ્સ" કાઢી નાખી અને તેને બદલે બીજી જાતનું "ન્યુકલ્સ" તેમાં રેડયું તો તેને માલમ પડયું કે પેલી પહેલી જાતના ઇંડામાંથી દાળ "ન્યુકલ્સ" કાઢી નાખેલી હોવાથી તેમાંથી બે જાતનું બચ્ચું પેદા થયું, એ પરથી પુરવાર થાય છે કે "ન્યુકલ્સ" માંજ બચાનાં બંધારણને માટે જોઇતા તત્વો (Heredity) હોય છે જ્યારે "પ્રોટોપ્લેઝમ" તો બીજનાં પોષણને માટે હોય છે.

મનુષ્ય બીજ બહુજ નાનું હોય છે. પાણીના એક ટીપાંથી પણ બારીક હોય છે અને વળી તેમનો પણ બારીક ભાગ જેને "ન્યુકલ્સ" તરીકે જાણ્યો છે તેમાં પેઢી દર પેઢીની ઓલાદથી ઉતરતી ખાસયતો અને બચ્ચાંના બંધારણને માટે જોઇતા દરેક તત્વ હોય છે. હવે સવાલ પાછો ઉભો થાય છે કે આવા બારીક ભાગમાં એ સઘળાં તત્વો કેમ સમાતાં હશે અને એ તત્વો પોતે કેટલાં સુક્ષ્મ તત્વો અથવા સુક્ષ્મ અણુદીઠ બળો હોવાં જોઇએ. પ્રો. વીસમેન એ બળોને કેવી રીતે ઓળખાવે છે તે તપાસ્યે. આપણે જાણ્યું તેમ "ન્યુકલ્સ" માંજ ઓલાદથી ઉતરતું બંધારણ અને ખાસયતો સમાય છે.

"ન્યુકલ્સ" માં એ સઘળાં તત્વો ક્યાં બળથી પોતાનું કાર્ય કરતાં હશે તે તપાસ્યે. એ બળને એ વિદ્વાન "Idioplasm" 'ઇડીયોપ્લેઝમ'નાં બળથી ઓળખાવે છે અને જણાવે છે કે એ બળ કાંઇ દરેક બીજમાં નવું બનતું નથી પણ એ બળ પેઢી દર પેઢી માણસનાં શરીરનાં બીજ ઉત્પન્ન કરનારા કોષોમાંથી એકેક કોષ એકેક આપ્યા કરે છે જેથી બીજમાં બચ્ચાંની ઉત્પત્તિનાં દરેક તત્વો આ બળને આધારે બચાંનું બંધારણ કરે છે. આપણે જાણ્યું છે કે ઓલાદથી ઉતરતી ખાસયતો પેઢી દર પેઢી ઓલાદમાં ઉતર્યા કરે છે અને આપણે કેટલાક દાખલાથી જાણી ગયા છીયે કે ઓલાદથી ઉતરતી ખાસયતો કેટલીક વખતે ગુપ્ત રહે છે અને પાછળથી પાંચમી છઠી પેઢીએ પણ પ્રગટી નિકળે છે. બીજમાં એ બળને "Ids" ઇડસ તરીકે જણાવે છે. એ બળ બીજમાં કેટલીક વખત ગુપ્ત રહે છે અને ટક મળે પ્રગટી નિકળે છે. એ બળ દરેક ઓલાદમાં પેઢી દર પેઢી ઉતર્યા કરે છે. બીજમાં માબાપનાં શરીરના દરેક અવયવ ચોકસ રીતે ગોઠવાઇ રહેલા હોય છે જે જગા પર માબાપનો અવયવ હોય તેજ જગા પર બીજમાં પણ હોવો જોઇએ અને ચોકસ રીતે એક પછી એક અવયવ ખીળવા જોઇએ. આ સઘળું કાર્ય બીજમાં સમાયલા "determinent" "દીટરમીનન્ટ" નામના સુક્ષ્મ પદાર્થથી થાય છે. એ પદાર્થ જેવી રજકણોથી બચાંનું બીજ નિયમીત ખીલતું જાય છે. બીજમાં દરેક પરમાણુને તેની જાતના જાતી ગુણ આપનાર અને જીવનશકિત આપનાર કાંઇ તત્વો હોવા જોઇએ. એવાં તત્વને Biophors "બાયોફોર્સ" કરી ઓળખાવે છે એ "બાયોફોર્સ" ને લીધે બીજ જીવનશકિત ધરાવે છે અને પોતાની ઓલાદનો જાતી ગુણ ધરાવે છે. દરેક જાતોનાં બીજમાં જુદા જુદા પ્રકારના "બાયોફોર્સ" હોવાથી બચ્ચામાં તેઓની જાતના જુદા જુદા રંગ રૂપ ઉત્પન્ન થાય છે. એ "બાયોફોર્સ" છુટાં છુટાં પરમાણુના બનેલા નથી હોતા પણ થોડાક પરમાણુ સાથે મળી એક "બાયોફોર્સ" બને છે. હવે જ્યારે પરમાણુઓ જુદી જુદી રીતે ગોઠવાઇ જાય છે ત્યારે "બાયોફોર્સ" જુદા જુદા ગુણવાળા થાય છે. બીજનો બીજો ભાગ જેને આપણે "પ્રોટોપલેઝમ" તરીકે જાણ્યો છે એ "પ્રોટોપલેઝમ" બાયોફોર્સથી બનેલો છે. જ્યારે "બાયોફોર્સ" એક કોષ (cell) ના "ન્યુકલ્સ" ભાગમાં દખલ થાય છે. ત્યારે તે કોષને પોતાના જાતીગુણમાં ફેરવી નાખે છે, જે કોષમાં "બાયોફોર્સ" દાખલ થાય છે તે કોષને પોતાના જેવા ગુણવાળો બનાવે છે.

આપણે ઉપર જણાવી ગયલા સઘળા સુક્ષ્મ પદાર્થો એક ચોક્કસ આકારમાં કાર્ય કરવા જોઇએ; જે પ્રમાણે એક ઘર બાંધવું હોય તો પહેલાં તે ઘર કયા પ્લૅન પર બાંધવું છે અને તેનો આકાર કેવો જોઇએ તે નક્કી કરવો જોઇએ પછી ચોકસ બળ અને માલ વાપરી ઘરનું બાંધકામ શરૂ કર્યે છીયે, તેજ પ્રમાણે બચ્ચાંના બીજમાં પહેલો ચોકસ આકાર ઉત્પન્ન થવો જોઇએ જેને "Fixed Architecture" કરી કહેવામાં આવે છે, યાને બીજમાં પહેલાં બચ્ચાંની ચોકસ રીતનીજ બાંધણી થવી જોઇએ તે નક્કી થાય છે. ત્યાર પછી સુક્ષ્મ પદાર્થો અને તેમાં સમાયલા બળો બાંધણીનું કામ શરૂ કરે છે જેથી માંથુ, હાથ, પગ, અને દરેક અવયવનું બંધારણ ચોકસ આકારમાં નકી થયલું હોય છે તેજ પ્રમાણે તેજ જગોપર થાય છે. એ સઘળા સુક્ષ્મ પદાર્થ અને તેમાં સમાયલી શકિત બચાંનું બંધારણ કેમ કરે છે તે તપાસ્યે.

જ્યારે સ્ત્રી પદાર્થનો એક કોષ (cell) અથવા અણુ પુરૂષ પદાર્થમાં આમેજ થઇ જાય છે ત્યારે બીજ ઉત્પન્ન થાય છે અને કાર્ય સાધક થાય છે. એ બે કોષો સાથે આમેજ થઇ એક કોષ થઇ જાય છે. હવે એ બીજ આખું ને આખું ખીળતું નથી, પણ એ બીજના પહેલાં બે ભાગ થાય છે, પછી ચાર ભાગ થાય છે, પછી આંઠ ભાગ થાય છે, એમ થઇને બીજ ખીળતું જાય છે. 'Ids' ઇડસ નામના સુક્ષ્મ પદાર્થ બીજમાં ઘણા હોય છે. એ "ઇડસ" એટલે બાપદાદાથી ઉતરી આવતી ઓળાદના અંશો એમાં હોય છે. બાપદાદાના ઉતરી આવતા દરેક પ્રકારના આકાર, ઘાટ ઘટમો, ખાસયતો સઘળા એ "ઇડસ"માં સમાયલા હોય છે; હવે આપણે તો સઘળા બાપદાદાના અંશમાં એકજ બચાંને લગતો તત્વો મેળવવો છે તેથી જેમ બીજના ભાગ પડે છે એકમાંથી બે, બેમાંથી ચાર વગેરે થાય છે તેમ તેમ એ "ઇડસો" પણ વહેંચાઇ જાય છે અને જે ઘણો પ્રબળ "ઇડ" હોય તે બાકી રહી જાય છે અને તે બચ્ચાંના બંધારણને માટેજ કામ લાગે છે. "દીતરમીનટો" પણ ઘણા હોય છે જે અમુક અમુક અવયવના તત્વો છુટા પાડી અમુક અમુક અવયવનું બંધારણ કરે છે. એ "દીતરમીનટો" માંથી કેટલા "બાયોફોર્સ" બીજના દરેક પ્રમાણુને જીવન રક્ષણ આવે છે અને ઓલાદથી ઉતરતી ખાસયતો તેમાં સમાવે છે અને એ "બાયોફોર્સ" ખરેખર રીતે ઓલાદથી ઉતરતી ખાસયતો બીજના દરેક પ્રમાણુને આપે છે.

બીજના દરેક પ્રમાણુમાં આ "બાયેફ્રોર્સ" પેવસ થઇ જાય છે, અને ચોક્કસ ગુણ ધરાવતો "બાયેફ્રોર્સ" જે પ્રમાણુમાં દાખલ થયો કે તે પ્રમાણુનું તેજ રીતનું બંધારણ કરે છે. પ્રો૦ વીસમેનની દલીલો ટુંકમાં તપાસી ગયા છીએ અને જાણ્યું છે કે બીજમાં સુક્ષ્મ પદાર્થો અને તેમાં સમાયલાં બળથી બચ્ચાંનું બંધારણ થાય છે. પણ એ વિદ્વાન પોતાની શોધો ત્યાં ખતમ કરે છે, પણ એ સુક્ષ્મ પદાર્થો અથવા બળો શાના બનેલા છે અથવા કેમ ઉત્પન્ન થાય છે તે જણાવવાને અશકત છે અને વળી મનનો તત્વ સ્વિકારતો નથી. જુદા જુદા શાસ્ત્રોનો અભ્યાસ કરતાં માલમ પડે છે કે એ વિદ્વાન જે બાબદમાં પોતાને અશકત જણાવે છે તે બાબદમાં એમ કહી શકાય કે જો કે બીજમાં સમાયલા જે સુક્ષ્મ પદાર્થો અને તેમાં સમાયલાં બળો પ્રો૦ વીસમેન આપણને જણાવે છે તે સઘળાં કબુલ રાખીયે અને માન્ય રાખી શકાય પણ સઘળા બળો શાનાં બનેલા છે તે વિષે કેટલીક દલીલો બીજી વિદ્વાને આધારે આપણે રજુ કરીશું.

આપણે જાણ્યું તેમ મનુષ્ય બીજ એક પાણીનાં ટીપાંથી પણ બારીક હોય છે કહો કે લગભગ એક ઇંચના બસોમાં ભાગ જેટલું બારીક હોય છે, તેમાં પેઢી દર પેઢી ઓલાદથી ઉતરતી ખાસયતો અને વળી બચ્ચાંના બંધારણને માટે જોઇતાં દરેક તત્વ આ બારીક બીજમાં સમાયલાં છે અને વળી એ બારીક બીજમાં તરેહવાર જાતનાં બળ હોય છે. માટે એ બીજમાં સમાયલા બધા પદાર્થો બહુ બારીક હોવા જોઇએ એટલા સુધી કે સુક્ષ્મદર્શક યંત્ર વડે પણ દેખાય નહીં. માટે આવા સુક્ષ્મ પદાર્થ "ether" "ઇથર" નામના પદાર્થના બનેલા હોવા જોઇએ. આ "ઇથર" નામનો પદાર્થ બહુજ સુક્ષ્મ હોય છે એટલો સુક્ષ્મ કે નકકરમાં નકકર પદાર્થ લોખંડ જેવાંમાંથી પણ આરપાર પસાર થઇ શકે તેમ છે. એ "ઇથર"ના પ્રમાણુઓ નકકર પદાર્થની એક નાની રજકણુમાં હજારો અને લાખો સમાઇ જાય છે માટે બીજમાં એવા "ઇથર" ના પ્રમાણુઓ લાખો જેટલા સમાયલા હોઇ શકે છે માટે "ઇથર" નાં તત્વો એ બીજમાં હોવા જોઇએ અને જે જે સુક્ષ્મ પદાર્થ વિષે આપણે જાણી ગયા તે સઘળા મુખ્ય કરી આ "ઇથર" ના બનેલાં છે એમ હું માનું છું. હવે આ સુક્ષ્મ પદાર્થ કેમ ઉત્પન્ન થાય છે અને તેમાં બળ કેમ સમાય છે તે તપાસયે. મારા ધારવા પ્રમાણે બીજમાં આ સુક્ષ્મ પદાર્થો આપણું મન ઉત્પન્ન કરે છે. હાલની માનસિક

શાસ્ત્રની શોધો પ્રમાણે મનમાંથી ઉત્પન્ન થતા વિચારો અને બીજી શક્તિઓ આ "ઇથર" ના બનેલા હોય છે. દરેક વિચાર આપણા મનમાંથી બહાર પડે છે તે "ઇથર" નામના તત્વોનો બનેલો હોય છે. દરેક વિચારો ચોકસ ચોકસ આકાર ઉત્પન્ન કરે છે પણ એ આકારો "ઇથર" જેવા સુક્ષ્મ પદાર્થના બનેલા હોવાથી આપણે જોઇ શકતા નથી, પણ પેરીસનો એક જાણીતો વિદ્વાન ડા. બરેડક ચોકસ પ્રયોગો કરી આપણા વિચારના આકારોનો ફોટોગ્રાફ લીધો છે (એ વિષે જાણવું હોય તો "ગુપ્ત મનશકિતની મહાન શોધો" નું મારૂં પુસ્તક વાંચવું જરૂરનું છે) આ રીતે એક લશ્કરી અમલદારે પોતાનાં મનમાં એક ગરૂડ પક્ષીનો વિચાર કીધો, જેથી પેલી છબી પાડવાના યંત્રની પ્લેટપર તે પક્ષીનો સુંદર આકાર જાહેર થયો. એ તબીબ વધુ જણાવે છે કે, એક માતા પોતાના મરણ પામેલાં બચ્ચાંનો વિચાર કરતી હતી તે તસ્વીરમાં પડ્યું હતું. માટે બચ્ચાંનો આકાર પહેલાં માબાપનાં મનમાં ઉત્પન્ન થાય છે, અને તે "ઇથર" ના તત્વોનો બનેલો હોય છે. એ તત્વો માતાનાં લોહીમાંથી પોષણ મેળવી જડ થાય છે અને બચ્ચાંના આકારનું બંધારણ થાય છે. આપણે આગળ ચાલનાં કેટલાક દાખલા તપાસીશું જેમાં માબાપનાં મનપર જે છાપ અથવા દેખાવ પડે છે તે દેખાવનું બચ્ચું જન્મે છે તેનું કારણ પણ એજ છે બચ્ચાંનાં બીજની ઉત્પતી વખતે માબાપના એકે એક જ્ઞાનતંતુ, જે વડે મન પોતાનું કાર્ય કરે છે. તે એટલાં તો તેજી બને છે કે મનની બીજી સાધારણ સ્થિતીમાં કદી પણ આવા તેજી અને આનંદી બનતા નથી, અને આવી સ્થિતીને લીધેજ બીજ ઉત્પન્ન થાય છે. માટે આ સઘળા દાખલા દલીલો પરથી મારૂં કહેવું એ છે જે કે બીજ મનનાં બળથીજ ઉત્પન્ન થાય છે અને બીજમાં સમાયલા સુક્ષ્મ પદાર્થો અને તેનું બળ મનશકિતનાં બનેલાં હોય છે. હવે એ બીજ પર અને બચ્ચાંનાં બંધારણ પર મન કેવી અસર કરે છે તે ખુલાસાથી દાખલા દલીલ સાથે તપાસ્યે.

——:o:——

પ્રકરણ ૫ મું.

—:o:—

મનની ગર્ભપર અને બચ્ચાંના બંધારણપર થતી અસરો.

The whole of the function of reproduction and sex is quite as much mental as bodily. It relates as much to the brain cortex and the mind as to the organs of sex and generation." *Prof. Dr. Clowston.*

"બાળકની ઉત્પત્તિનાં સઘળાં કાર્યોની અને જાતીની બાબદ જેટલી શરીરને લગતી છે એટલીજ મનને લગતી છે. એ બાબત જેટલી જાતીના અવયવો અને વૃદ્ધિ સાથે સંબંધ ધરાવે છે તેટલીજ ભેજાંનાં ઉપલા ભાગ અને મન સાથે સંબંધ ધરાવે છે." પ્રોફે. ડા. કલાઉસટન.

ગયાં પ્રકરણને છેડે બીજ મનથી ઉત્પન્ન થાય છે અને એ બીજમાં જે સુક્ષ્મ પદાર્થો છે તે "ઇથર" ના બનેલા છે અને તેમાં મનનાં તત્વ સમાએલા છે એમ આપણે જાણી ગયા છીએ. હવે આ પ્રકરણમાં મન, ગર્ભપર અને બચ્ચાંના બંધારણપર કેવી અસર કરે છે તે ખુલાસા-વાર તપાસશે.

માનસિક શાસ્ત્રીઓ (Psychologists) એ બાબત પર શું દલીલો રજુ કરે છે તે તપાસશે. કેટલાક માનસિક શાસ્ત્રીઓનું એવું કહેવું છે, કે એક ચીજનો આકાર બનવો અથવા એક અવયવ ઉત્પન્ન થવાનું મૂળ કારણ તેમાં સમાયલી ગુપ્ત મનશક્તિને આધારે છે. કેટલાંક જીવજંતુ અને જાનવરો પર આપણે પહેલાં નજર ફેંકશું તો માલમ પડશે, કે તેઓનો આકાર અને ઘાટઘટમ મનની ચોકસ અસરથીજ ઉત્પન્ન થાય છે; એક વાઘ અથવા વરૂએ પોતાનો વિકાળ દેખાવ ફાડી ખાનારાં કાર્યોથી બનાવેલો છે, જ્યારે એક બકરૂં અથવા ગાય શાંત રીતે જીંદગી ગુજારવાથી કુદરતી વળણથી શાંત દેખાવ અખત્યાર કીધો છે.

જંગળમાં રહેતાં કેટલાંક જાનવરોને પોતાના બચાવને માટે ધારતી રહેવાથી પોતાનાં મનની અસરથી શીંગડા ઉત્પન્ન કીધાં છે. એક જંગલી ગાયનાં શીંગડાં મોટાં હોય છે, પણ પાળેલી ગાયને શીંગડાની થોડી જરૂર

હોવાથી તેનાં શીંગડાં નાનાં હોય છે, જો આ પાળેલી ગાયને પાછી જંગલમાં રાખી હોય તો શીંગડાં પાછાં મોટાં થાય છે.

'કલીમાં પરલેકતા' (Kallima parallecta) નામનુ પતંગ્યું આબેહુબ ઝાડનાં પાદડાંને મળતું આવે છે. આ પતંગ્યું ઝાડના પાદડાંની એવી તો નકલ કરે છે, કે આપણે ઝાડ આગળ ઉભા હોઇયે તો તદન તેને ઝાડનું પાદડુંજ સમજયે. ઝાડનું તે પાદડું અને આ પતંગ્યાની પાંખ લઇ બહુ બારીક રીતે અવલોકન કર્યે તો માલમ પડશે, કે ઝાડનાં પાંદડાંને જેટલી દોરા જેવી નસો હોય છે એટલીજ સંખ્યામાં આ પાંખ પર પણ હોય છે. આવી આબેહુબ નકલ કરવાનું કારણ એટલુંજ કે એ પતંગ્યાને બીજાં પક્ષીઓ ખાઇ જાય છે, તેથી પોતાના બચાવને માટે પાંદડાંની નકલ કરી ઝાડ પર બેસે છે, જેથી પક્ષીઓ પાંદડાં સમજે છે. કેટલાંક પક્ષીઓ આવાં પતંગ્યાને પોતાના ખોરાકને માટે પાંદડાંમાંથી શોધી કાઢવા પોતાની આંખ તેજી બનાવે છે. કારણ જેઓની આંખ વધારે તેજી હોય છે તેઓ પોતાનું ગુજરાન વધારે સારી રીતે કરે છે. કેટલાંક પક્ષીઓને બીજાં પક્ષીઓ મારી નાખે છે તેથી નાસી જવા ઉડવાની ઝડપ મેળવે છે. કેટલાંક જીવતંતુ અને ફુલો પોતાનાં રક્ષણ માટે પોતાના ઘાટઘટમમાં ફેરફાર કરે છે. આવીજ રીતે કોરોલાસ (corollas) નામના ફુલે પોતાની નળી (tube) લાંબી બનાવી છે, તેથી કેટલાક જીવજંતુઓએ પોતાની જીભ એ ફુલોમાંથી મધ ચુસવા લાંબી બનાવી છે. પહેલાં એ ફુલોને લાંબી નળી હતી નહીં તેથી એ ફુલમાંનું મધ બહાર રહેતું અને સહેલાઇથી જીવજંતુથી ચુસાઇ લેવાતું હતું. આવી રીતે બીન ઉપયોગી જીવજંતુ બધું મધ ચુસી લેતાં તેથી ફુલે પોતાનાં રક્ષણને માટે પોતાની નળી લાંબી કીધી જેથી મધ છેક અંદર રહેવા લાગ્યું. આથી જીવજંતુઓ પોતાની જીભ લાંબી કરવા માંડી કે જેથી અંદરનું મધ ચુસી લેવાય.

કેટલાંક જીવજંતુ ફુલોની નકલ કરે છે જેથી બીજા જીવજંતુઓને લલચાવે છે અને તેઓનો ભક્ષ કરે છે.

અમેરીકામાં ઇલોપસ (Elops) નામના ઝેરી સાંપો ઘણા હોય છે. તેઓને બહુ ખેંચાણકારક રંગો હોય છે. આ સાંપો ઝેરી હોવાથી સાપ ખાનારા પક્ષીઓ તેને ખાતા નથી, બીજો સાંપ ઇરીથ્રોલેમસ

(Erythrolamprus) નામનો છે જે ઝેરી રહેતો નથી. એ સાંપ પેલું પક્ષી ખાઇ નહીં જાય કરી પોતાનાં રક્ષણને માટે પેલા ઇલોપસની આબેહુબ રંગ રૂપની નકલ કરે છે. કેટલાંક પેટે ચાલનારાં જીવજંતુઓને પોતાની સલામતીને માટે પગની જરૂર પડે છે ત્યારે પગ પેદા થાય છે; જેથી જીવવાળી વસ્તુને પોતાનાં ગુજરાન અને રક્ષણને માટે ચોક્કસ અવયવની જરૂર પડે છે અને તે મેળવવાની ઇચ્છા ઉત્પન્ન થાય છે ત્યારેજ રફતે રફતે તે અવયવો ઉત્પન્ન થાય છે અને તે જ્યારે જુદીજ સ્થિતીમાં આવે છે ત્યારે ચોકક્સ અવયવની જરૂર પડતી નથી ત્યારે તે અવયવ નિકળી જાય છે. પુરાણી દટાઇ ગયલી ચીજોની હાલ ખોદકામ કરી જે શોધો કરવામાં આવે છે તેમાંથી બાર પગનો ઘોડો માલમ પડયો હતો, જેથી શાસ્ત્રવેત્તાઓ એવાં અનુમાન પર આવ્યા છે કે અગાઉ ઘોડાને બાર પગ હતા પણ રફતે રફતે ચાર પગ થયા છે; આવીજ રીતે મનનાં બળથી આપણે જાનવરી અવસ્થામાંથી ઉંચી જીંદગી ગુજારવાને જે જે અવયવની જરૂર પડી તે મેળવી બીન જરૂરી અવયવ કાઢી નાખી આપણું શરીરનું બંધારણ આ રીતે કીધું છે. આ દાખલાઓ પરથી માલમ પડે છે, કે મનનાં કાર્યોથીજ અને ઇચ્છાથીજ શરીરનાં ઘાટઘટમ અને આકારો ઉત્પન્ન થાય છે.

બચ્ચાંની ઉત્પત્તીમાં મન-શક્તિ કેટલે દરજ્જે અસર કરે છે?

બચ્ચાં પેદા કરનારાં અવયવ મનની અસરથીજ પોતાનું કાર્ય કરે છે. એ વિષે જાણીતો ડા. કલાઉસ્ટન લખે છે કેઃ—"બચ્ચાંની ઉત્પતીનાં સઘળાં કાર્યોની અને જાતીની બાબદ જેટલી શરીરને લગતી છે એટલીજ મનને લગતી છે. એ બાબત જેટલી જાતીનાં અવયવો અને વૃદ્ધિ સાથે સંબંધ ધરાવે છે, તેટલીજ ભેજાંના ઉપલા ભાગ અને મન સાથે સંબંધ ધરાવે છે. ડા. સ્કોફીલ્ડ જણાવે છે કે—"Turning to uterine diseases, we may couple the action of the mind with the growth of fibroids, abortion and premature labour, with conception and *its products, both in their mental and physical* characters." "ગર્ભ સંબંધી દરદો જેવાં કે માંસના રેસાનું જમાવ થવું, અધુરે મહિને બચ્ચું પડવું, વખત અગાઉ જન્મ આપવો, ગર્ભ

રહેવે અને તેની ઉત્પત્તી એ સર્વની શરીરી અને મનની યોગ્યતામાં મનનાં કાર્યનો સંબંધ રજુ કરી શકયે." ડા. ટ્રાલ (Trall) જન્મ આપતી વખતની ગર્ભસ્થાનની સ્થિતિ વિષે લખે છે કે "So true, so admirable, and so energetic are the manifestations of the vital instincts of the uterus on this occasion, that they seem, almost like intelligences." આ વખતે (જન્મ આપતી વખતે) ગર્ભસ્થાનની અગત્યની પ્રેરણાબુદ્ધિઓ એવી તો વખાણવા લાયક રીતે દેખાડે છે, કે તેઓ બુદ્ધિબળ જેવાંજ લાગે છે. ત્યારે આપણે ઉપલા દાખલાઓથી જાણ્યું છે કે મનનીજ અસરથી પેદા કરનારાં અવયવ પોતાનું કાર્ય કરી શકે છે.

હવે આપણે દાખલા દલીલ સાથે તપાસીશું, કે બચ્ચાંનો ઘાટ ઘટમ, રંગરૂપ અને ચાલચલણ માબાપનાં મનની અસરથીજ થાય છે.

કાળાં માબાપ છતાં સફેદ રંગનું બચ્ચું મનની અસરથી કેમ પેદા કરી શકાય?

પહેલાં બચ્ચાંનો સફેદ અથવા કાળો રંગ મનની અસરથી કેમ થાય છે તે તપાસ્યે. સ્પેન દેશની એક ઉમરાવજાદીના સુવાના ઓરડામાં એક ઇથોપિયન (Ethiopian) નું ચિત્ર ટાંગેલું હતું, પેલી ઉમરાવજાદીના મનપર આ ચિત્રની અસર થવાથી એ ચિત્રના જેવુંજ કાળું બચ્ચું જન્મ્યું.

એક બીજી યુરોપિયન બાનુને ત્યાં સિધીનું ચિત્ર હતું, જેના કરચળીવાળા બાલ પેલી બાનુને બહુજ પસંદ પડયા હતા, જેથી કરચળીવાળા બાલનાં બચ્ચાંનો જન્મ થયો. એક ઇથોપિયન (કાળી જાતની) રાણીને ત્યાં સફેદ છોકરાનો જન્મ થયો, કારણ તેણી રાત દિવસ સફેદ રંગપર પોતાનું ધ્યાન રાખતી હતી. ઘણાક દાખલા મળી આવે છે જેમાં માબાપનાં મગજપર સફેદ અથવા કાળા રંગનો છાપ પડે છે તેવાજ રંગનું બચ્ચું પેદા થાય છે. જાનવરો પર પણ એવા રંગોની અસર બચ્ચાં પર શું થાય છે તેના પ્રયોગો કીધા છે. કેટલી વખતે લશ્કરમાં સઘળા કાળા અથવા લાલ ઘોડા જોઇએ છીએ ત્યારે ઘોડા ઉછેરનારા બચ્ચાંની બીજની ઉત્પત્તીને વખતે ઘોડા ઘોડીની આગળ કાળા અથવા લાલ રંગનો પડદો આંખ આગળ ધરવાથી અથવા તો કાળો અથવા લાલ ઘોડો એ-

વખતે તેઓની આગળ રાખવાથી કાળા અથવા લાલ ઘોડા જન્મે છે. ખ્રીસ્તીઓની ધર્મપોથી "બાઇબલ" માં પણ એ બાબેનો ઇસારો છે, જેકબે (Jacob) જુદા જુદા રંગના ઝાડના શાખાથી ધાબાં ધાબાંવાળા ઘેટાં પેદા કીધાં એ વાત જાણીતી છે. લૅબન (Laban) એ સઘળાં ઘેટામાંથી ડાઘા ડાઘાવાળું ઘેટું જન્મે તે જેકબે લેવું એવી કબુલાતથી જેકબનું ભવિષ્ય સુધરે એમ લાગતું હતું નહીં, કારણ ઘેટાંના ટોળાંમાં કોઇબી ઘેટાં ડાઘા અથવા ધાબાંવાળાં હતાં નહિ તેથી ધાબાંવાળાં બચ્ચાં થવાં બનવા જોગ હતાં નહીં. જેકબે જોયું કે સઘળાં જોરાવર ઘેટાં પાણી પીવાની જગાપર સાથે મળી વૃદ્ધિનું કાર્ય અથવા બચ્ચાં પેદા કરવાનું કાર્ય કરતા હતા તેથી તેણે એક યુકિત રચી. તેણે થોડાક સફેદ અને થોડાક લીલા રંગના સાંઠાઓ લીધા અને એક સફેદ અને એક લીલો એમ એક પછી એક ગોઠવ્યા અને એક ઢગ બનાવ્યો; હવે જ્યાં જોરાવર ઘેટાં પાણીના ઝરા આગળ આવતાં ત્યાં તેણે પુષ્કળ ખોરાક એકઠો કીધો, જ્યારે ઘેટાંઓ એકમેક સાથ બચ્ચાં પેદા કરવા સંગત કરવા ત્યારે તુરત તેઓની નજર આગળ જુદા જુદા રંગના સાંઠાનો ઢગ ધરતો ગયો જેથી બચ્ચાં જન્મ્યાં તે પેલા સાંઠાના જુદા જુદા રંગના ધાબાં પ્રમાણેનાં ડાઘા ડાઘાવાળાં જન્મ્યાં, જો કે કોઇ પણ ઘેટાં ડાઘાવાળાં હતાં નહીં તે છતાં ડાઘાવાળી વસ્તુ બચ્ચાંનાં બીજની ઉત્પતિ વખતે જોવાથી તેવા ડાઘા ડાઘાવાળાં બચ્ચાં જન્મ્યાં હતાં. આ યુકિતથી જેકબ ઘણું ઘેટાંનો ધણી થયો અને લૅબનને ભાગે બહુજ થોડાં રહયાં હતાં. આ દાખલો "બાઇબલ" માંથી વાંચી ડા. પી. એફ. સીક્સ્ટ. એમ. ડી. (P. F. Sixt M. D.) એ એક એવોજ અખતરો અજમાવી જોયો. તેનાં ઘરમાં કેટલાંક પાળેલાં સસલાં હતાં, તેઓનું જે ઓરડામાં રહેઠાણ બનાવ્યું હતું તે સઘળે બ્લુ રંગનું કપડું પાથર્યું હતું. જમીન પર ગાલીચો પણ બ્લુ રંગનો પાથરેલો હતો, જે પર સસલાં વારંવાર આળી જતાં હતાં. આ તબીબની મોટી અજાયબી વચ્ચે સસલાંના બે બચ્ચાં જન્મ્યાં તે તદન ઘેરા બ્લુ રંગનાં હતાં અને જ્યારે તેઓનાં બચ્ચાં જન્મ્યાં તે પણ બ્લુ રંગનાં જન્મ્યાં. આ સઘળા દાખલા પરથી માલમ પડે છે, કે જો ચોકસ વખતે માબાપનાં મગજ પર સફેદ રંગનો છાપ મજબુત પાડવામાં આવે તો સીદ્દી જેવાં માબાપને ત્યાં પણ સફેદ બચ્ચાં જન્મી શકે છે. એવા સીદીઓના દાખલા પણ જાણમાં આવેલા છે.

વિદ્વાન ડારવીન (Pro. Darwin) પણ જણાવે છે કે પુરૂષો તેમજ જાનવરોમાં "સફેદ" રંગ ઓલાદમાં સહેલાઈથી ઉતરે છે. જો સફેદ રંગનાં માણુસો કાળા રંગનાં માણુસો સાથે સંગત કરે છે, તો બચ્ચાં મોટે ભાગે "સફેદ" રંગના જન્મે છે. કારણ સફેદ રંગ માણુસ જાતનાં મન પર વધારે ખેંચાણ કરે છે.

મનની અસરથી એક સફેદ માબાપને ત્યાં કાળાં બચ્ચાંનો જન્મ થયો.—ડા. ફાઉલર તેનો દાખલો આપતાં જણાવે છે કે ઘણો હવસી માણુસ એક બહુજ ગરીબ બાયડી સાથે પરણ્યો અને તેણીની સાથે એવો કોલકરાર કીધો કે તે તેણીને કોઇબી રીતનું દુઃખ દેશે નહીં પણ તેની મરજી પડે તે પારકી સ્ત્રી સાથે સુખ ભોગવે. એક વખતે તેની પડોશના ભઠિયાર ખાનાની ચાકરડીને પોતાને ત્યાં આયા તરીકે રાખી પણ ખરી રીતે એક રાખેલી સ્ત્રી તરીકે રાખવા ખુબ સમજાવ્યું પણ સ્ત્રી પાકદામાનની હતી તેથી તેની આ હલકી માંગણી સાફ ના પાડી. હવે પેલા નીચ માણુસે જોયું કે તેણીને સમજાવ્યાથી નથી માનતી તેથી તેણીનો કોઇબી રીતે હવસ ઉસ્કેરવાની તજવીજ કીધી, પણ પેલી સ્ત્રી પવિત્ર મનની હોવાથી આ નીચ કોશેશમાં પણ નિષ્ફળ નિવડ્યો. એક સાંજે બહુ મોડેથી પેલી સ્ત્રીનો હવસ ઉસ્કેરવા ખુબ હલકા દેખાવો તેણે કીધા પણ તેણીએ તેને ત્યાંથી કાઢી મુકયો પણ તેણીનો હવસ ઉસ્કેરવા જે કોશેશો કીધી તેથી તેનો પોતાનો હવસ એટલો તો ઉસ્કે-રાયો કે ઘરે જઇ પોતાની બાયડી સાથે સંગત કરી પોતાનો હવસ તૃપ્ત કર્યા વગર તેનાથી રહેવાયું નહીં, આવી રીતે સંગત કીધાથી તેની બાયડીને ગર્ભ રહયો. તેઓને ત્યાં છોકરી આવી તે કાળા રંગની પેલી ભઠિયારખાનાની ચાકરડીને બરાબર મળતી હતી, એટલા સુધી કે અજા-ણ્યા માણુસો પેલા ભઠિયારખાનાની સ્ત્રીને તે બચ્ચાંની માના તરીકે માનતા. આ બન્ને માબાપો ગોરાં હતાં તે છતાં બચ્ચું કાળું જન્મ્યું તેનું કારણ એટલુંજ કે પેલા ભરથારે પેલી ભઠિયારખાનાની સ્ત્રીનો હવસ ઉસ્કેરવાની જે કોશેશ કીધી હતી, તેથી તેણીના ઘાટઘટમનો છાપ પેલાનાં મનપર બહુજ મજબુત પડેલો અને તેને હવસ ઉસ્કેરતાં પોતાનો હવસ ઉસ્કેરાયો અને મનની આવી સ્થિતિમાં પોતાની બાયડી સાથે સંગત કીધી જેથી બચ્ચાનો આકાર તેનાં બીજની ઉત્પત્તિને વખતે જે પેલી ભઠિયારખાનાની સ્ત્રીનો છાપ પેલા બાપનાં મનમાં હતો તેજ દેખાવનો થયો.

ડા. લૌ (Lowe) ઉપલા દાખલાને મળતો એક દાખલો આપી જણાવે છે કે—એક ખુબસુરત સોનેરી બાલવાળો અંગ્રેજ એક ઓસ્ટ્રેલિયન સ્ત્રી સાથે પરણ્યો, પણ છોકરાં થયાં નહીં. આ ઓસ્ટ્રેલિયન સ્ત્રી સામળા રંગની અને કાળા બાલવાળી હતી. વીસ વર્ષ પછી પેલો અંગ્રેજ એક અંગ્રેજી બાનુ સાથે પરણ્યો. તેઓને ત્યાં છોકરે જન્મ્યો તે પેલી વીશ વર્ષ અગાઉ મરી ગયલી તેની બાયડીના જેવે સામળા રંગનો અને કાળા બાલવાળો અને ઓસ્ટ્રેલિયન લોકોના જેવા ઘાટઘટમનો હતો. આ છોકરાના માબાપ અંગ્રેજ છતાં છોકરૂં ઓસ્ટ્રેલિયન જેવું જન્મ્યું તેનું કારણ એજ કે પેલો અંગ્રેજ પોતાની પહેલી મહોરદાર જે વીસ વર્ષ અગાઉ મરણ પામી હતી તેને બહુ ચહાતો હતો અને વીસ વર્ષ સુધી તેનાં મનપર એ ઓસ્ટ્રેલિયન બાયડીનો છાપ મજબુત પડેલ હોવાથી અને હાલની અંગ્રેજ બાયડી સાથે બચ્ચાંના બીજની ઉત્પતિ વખતે પોતાની પહેલી પ્યારી મહોરદારની યાદ વારંવાર થવાથી આ છોકરૂં ઓસ્ટ્રેલિયનનાં જેવું જન્મ્યું હતું.

આ દાખલાઓથી ખુલ્લે ખુલ્લું માલમ પડે છે કે માબાપ સફેદ હોય અથવા કાળાં હોય પણ તેઓનાં મનપર સફેદ અથવા કાળા રંગનો છાપ મજબુત પડે છે તો બચ્ચું તેવાજ રંગનું પેદા થાય છે.

હવે આ સફેદ અથવા કાળો રંગ કેવી રીતે ઉત્પન્ન થતો હશે ? અને ઓલાદમાં એ રંગો કેમ ઉતરે છે તે ઉંડાણથી તપાસ્યે.

ડા. લૌ. (Lowe) (British Medical Journal October 11, 1896) ૧૮૯૬ ના અકટોબર મહિનાના "બ્રીટીશ મેડીકલ જરનલ" નામના ચોપાન્યામાં પોતે કીધેલા અખતરાઓ નીચે પ્રમાણે રજુ કરે છે—

(૧) એ તબીબે સફેદ રંગની કુકરી લીધી અને તેને બ્લેંકશીયર કુકર સાથે મુકી તેઓથી બચ્ચાં પેદા થયાં તે કાળા અને સફેદ રંગનાં હતાં. હવે આ સફેદ કુકરીને પાછી લાલ રંગના તામ્રવર્ણ કુકર સાથે મુકી જો કે હવે આ જોડામાં કોઇનો પણ કાળો રંગ હતો નહીં તે છતાં બચ્ચાં પેદા થયાં તે કેટલાક કાળાં, રાતાં અને સફેદ હતાં, કેટલાંક પર કાળા ધાબાં બહુ અચંબાકારક હતાં.

(૨) એક કાળી કુકરી લીધી અને તેને એક કુકર સાથે મુકી તો બચ્ચાં સઘળાં કાળાં રંગનાં પેદા થયાં. હવે આ કુકરને પેહેલીજ વખત એક સફેદ કુકરી સાથે મુકયું. બે મહિના રહી પાછો પેલી કાળી કુકરી સાથે રાખ્યો જેઓથી સફેદ અને કાળા રંગનાં બચ્ચાં પેદા થયાં. જો કે માબાપમાં સફેદ રંગ હતો નહીં તે છતાં બચ્ચાં સફેદ રંગનાં પેદા થયાં.

(૩) એક નાના શીંગડાવાળી ગાય અને એલદરની (Alderney) ગોધાથી જે વાછરડો પેદા થયો તે અરધો એલદરની ગોધા જેવો પેદા થયો. આ પછી એજ ગાયને પાછી નાના શીંગડાવાળા બીજા ગોધા આગળ રાખી જેઓથી વાછરડો પેદા થયો તે થોડેક ભાગે પેલાં એલદરની ગોધા જેવો હતો.

(૪) એક સુંવાળા બાલવાળા ફૅાક્ષ તેરીયર (fox-terrier) જાતની કુતરીને ખરબચડા બાલવાળા સ્કોચ-ટેરીયર (Scotch-terrier) જાતના કુતરા સાથે રાખવાથી બચ્ચાં પેદા થયાં તે સઘળાં ખરબચડા બાલવાળાં હતાં. હવે એજ કુતરીને પાછી સુંવાળા બાલવાળા કુતરા ફૅાક્ષ ટેરીયર સાથે રાખવા છતાં બચ્ચાં થયાં તેમાંના ઘણાં ખડબચડા બાલવાળાં હતાં જો કે તેઓના હાલનાં માબાપના બન્નેના સુંવાળાં બાલ હતા. પણ પેલી કુતરી પહેલા ખડબચડા બાલવાળા સાથે રહી હતી તેનો મનપર છાપ રહેલો હોવાથી પાછળથી સુંવાળા બાલવાળા કુતરા સાથે મુકયા છતાં મન પરનો ખડબચડા બાલનો પહેલો છાપ પ્રમાણેનાં બચ્ચાં પેદા થયાં.

(૫) એક પુછડી વિનાના બિલાડાને વિલાયતી બિલાડી સાથે રાખવાથી જે બચ્ચાં થયાં તેમાંના થોડાંક પુછડી વગરનાં હતાં અને થોડાને બહુ નાની પુછડી હતી. જો કે આ બિલાડો થોડાંક વર્ષ થયાં મરી ગયો હતો તે છતાં પેલી બિલાડીથી જે બચ્ચાં થયાં તેમાંના થોડાંક પુછડી વગરનાં જન્મ્યાં.

(૬) એક અંગ્રેજ પેહેલાં ઓસ્ટ્રેલિયન બાનુ સાથે પરણ્યો અને પાછળથી ૨૦) વર્ષ પછી અંગ્રેજી બાનુ સાથે પરણ્યો છતાં ઓસ્ટ્રેલિયન બાનુના જેવું છોકરું જન્મ્યું તે દાખલો આપણે તપાસી ગયા છીએ.

ડા. લો (Lowe) એ આપેલા આ સઘળા દાખલા ઉપરથી માલમ પડે છે કે માબાપનાં મનપર જેવા રંગ અથવા ઘાટઘટમનો છાપ પડે છે તેવાં બચ્ચાં પેદા થાય છે.

હવે સવાલ એ ઉત્પન્ન થાય છે કે માબાપ કરતાં છોકરાંમાં જુદાજ રંગ કેમ ઉત્પન્ન થતા હશે? માબાપના મનપર જે રંગનો છાપ પડે છે તે રંગનું બચ્ચું કેમ પેદા થતું હશે?

હાલના ઘણાક શરીરી શાસ્ત્રીઓ (Physiologist) અને બીજી બાબદોના અભ્યાસીઓ આ સવાલનું કારણ આપી શકતા નથી, અને કેટલાકો પોતાનાં શાસ્ત્રના આધારે આ ફેરફાર થવાનું કારણ સમજી શકતા નથી ત્યારે આવા ફેરફારો બની શકે એમ માનવા સાફ ના પાડે છે.

પહેલાં રંગ એટલે શું? અથવા રંગ આપણી નજરે કેમ દેખાય છે તે જાણવું જોઇયે. હાલની વિદ્યા પ્રમાણે રંગ એ કાંઇ નહીં પણ ચોક્કસ જાતની ધ્રુજરી (Vibration) છે. દરેક જુદા જુદા રંગો જુદી જુદી ધ્રુજરી કરે છે અને તેથી જુદા જુદા રંગ ઉત્પન્ન થાય છે. એક ચોક્કસ રંગ જેવો કે સફેદ રંગની ચોક્કસ ધ્રુજરી આંખ ઉપર પડે ત્યારે આંખના જ્ઞાનતંતુ (nerves) ને તે રીતની ધ્રુજરી આપે છે જેથી આપણે તે રંગ જોઇ શકયે છીયે. એક સફેદ ગોળ આકારનો જાડો કાગળ લઇને તેના થોડા થોડા ભાગો જુદા જુદા રંગોથી રંગવા. ત્યાર પછી એ દરેક રંગથી રંગેલો કાગળ એક ચક્કર સાથે ચોંટાડી ચક્કરને ખુબ જોસથી ફેરવ્યાથી માલમ પડશે કે પેલા કાગળ પરના જુદા જુદા રંગ માલમ પડશે નહીં. કાગળ સફેદ રંગનો હોય તેમ માલમ પડશે આવી રીતે દેખાવાનું કારણ શું? કારણ એટલુંજ કે જે રંગો ચોક્કસ ધ્રુજરીના બનેલા છે તે ધ્રુજરી સરખી રીતે આંખનાં જ્ઞાનતંતુ પર પડી શકતી નથી, કારણ કાગળ ગોળ ગોળ ફર્યાથી જુદી ગતી મળે છે તેથી સફેદ રંગ દેખાય છે. હવે રગ બચ્ચાંનાં બીજપર કેવી અસર કરે છે તે તપાસ્યે. કાળા રંગ કરતાં સફેદ રંગ દરેકને બહુ પસંદ હોય છે કારણ સફેદ રંગની ધ્રુજરી ચોક્કસ રીતની હોવાથી તે બહુ સારી ધ્રુજરી કરે છે. બચ્ચાંનાં બીજની ઉત્પત્તિ વખતે માબાપનાં આખાં શરીરનાં જ્ઞાનતંતુ બહુ તેજ અને આનંદી રીતે ઉશ્કેરાયલા હોય છે, આ વખતે સફેદ અથવા બીજા રંગની ધ્રુજરી જ્ઞાનતંતુને મળે છે તો તે ધ્રુજરી વડે બચ્ચાંનું બીજ ઉત્પન્ન થાય છે તેથી બીજને તે ધ્રુજરીની ગતી

મળવાથી બીજનું બંધારણ ચોક્કસ રીતનું થાય છે. હમેલ રહયા પછી પણ આ બીજમાં રંગનો ફેરફાર કરી શકાય છે. હમેલવાળી સ્રી એક સફેદ રંગના ખુબસુરત બચ્ચાં પર અથવા તો તેવાજ દેખાવડાં બચ્ચાંના ચિત્રપર બહુ ઉલટ અને હોંસથી રોજ જોયા કરે છે તો બીજનો જે ભાગ ચામડી બનાવવામાં કામ લાગે છે તે ભાગને તેવો રંગ પેદા કરવાની ગતી મળે છે તેથી તેવોજ રંગ પેદા થાય છે.

મનની અસરથી બચ્ચાંનો સફેદ રંગ પેદા કરવાની રીત.

આપણે ઉપલાં લખાણથી દાખલા દલીલ સાથે તપાસ્યું છે કે માબાપનાં મનપર જે રંગનો છાપ મજબુત પડે છે તે રંગનું બચ્ચું પેદા થાય છે. હવે સફેદ રંગનો છાપ મનપર મજબુત રીતે કેમ બેસાડવો તેની રીત જાણવી જોઇયે. જો માબાપ કાળા રંગનાં હોય છે તો બચ્ચાં કાળાં રંગનાં પેદા થાય છે તેમાં તો કાંઇ શક છેજ નહીં. કેટલીક વખતે ભરથાર સામળા રંગનો હોય છે અને તેની બાયડી સફેદ રંગની હોય છે અને તેઓનાં બચ્ચાં તપાસવામાં આવતાં માલમ પડે છે કે તેઓનાં થોડાં બચ્ચાં સફેદ રંગનાં હોય છે અને થોડાં બચ્ચાં સામળાં રંગનાં હોય છે. કારણ કેટલીક વખતે ભરથાર પોતાની સફેદ બાયડીને બહુ પ્યારથી ચાહે છે તેથી તેનું મન બીજપર વધારે બળવાન અસર કરે છે તેથી બચ્ચું સફેદ રંગનું થાય છે. પણ વળી કેટલીક વખતે મહોરદારનો પ્યાર પોતાના સામળા ભરથાર પર બહુ હોય છે, પણ ભરથારનો સામળો રંગ બહુ પસંદ પડતો ન હોવાથી તે પર મહોરદારનું મન તો વારંવાર રોકાય છે તો મનનું બળ વધે છે અને આવાં મનનું બળ બીજને સામળા રંગની ગતી આપે છે તેથી બચ્ચું સામળું, બાપના જેવું જન્મે છે. ત્યારે ધ્યાનમાં રાખવાનું એટલુંજ કે જો ભરથાર અથવા મહોરદારનો રંગ સામળો તો એ સામળા રંગ પર ધ્યાન રોકવું નહીં અથવા "રંગ સામળો છે." એમ વારંવાર વિચાર કરવો નહીં પણ જ્યારે એવો વિચાર આવે ત્યારે કોઇ સફેદ બચ્ચાંનો આકાર ધ્યાનમાં રાખવો અથવા તો સફેદ બચ્ચાંનું ચિત્ર ખરીદીને ચિત્રના સફેદ રંગપર દરરોજ વારંવાર ખુબ ધ્યાન રોકવું જેથી સફેદ રંગનો છાપ મનપર મજબુત બેસશે.

મન દરેક રીતનો છાપ સહેલાઇથી કયા વખતે લઇ શકે છે? જ્યારે મન શાંત હોય છે ત્યારે રાતના સુતી વખતે જ્યાં સુધી મન શાંત થતું નથી

ત્યાં સુધી ઉંઘ આવતી નથી. માટે મન શાંત થાય ત્યારે સફેદ રંગનાં બચ્ચાંનાં ચિત્રપર એકાગ્રહ ચિતે નજર રાખી સફેદ રંગનો છાપ મનપર ખુબ ઠસાવી શાંતીથી ઉંઘી જવું. ઉંઘમાં આવી રીતે શું ફેરફાર થઈ શકે છે તે માટે "ગુપ્ત મનશકિતની મહાન શોધો"નું પાનું ૩૦ જુવો.

સવારના ઉઠતાં પણ મન શાંત હોય છે અને ઉંઘથી શાંતી મેળવે છે. આ વખતે જે પહેલો છાપ મનપર બેસે તે છાપ આખો વખત મનમાં કાર્ય કરે છે માટે સવારમાં ઉઠતી વખતે પણ આ ચિત્રને ખુબ જોઇ મનપર ઠસાવવું. ભરથાર અને બાયડી સાથે મળી બીજની ઉત્પત્તિ કરે છે તે વખતે મન ઘણુંજ તેજી હોય છે કારણ સઘળા જ્ઞાનતંતુ આનંદથી પુર શાંતીમાં હોય છે. મનની આવી સ્થિતી હોય તે વખતે અને તે વખતની અગાઉ પેલાં ચિત્રને નજર આગળ રાખી તેના સફેદ રંગપર મનને ખુબ રોકવાથી બીજપર સફેદ રંગની અસર થાય છે. સફેદ રંગના છાપ મનપર એવી રીતે ઠસાવવો જોઇએ કે આંખ બંધ કરીયે તો પણ સફેદ રંગનાં બચ્ચાંનો આકાર જોઇ શકયે. આવી રીતે સફેદ રંગ મનપર ઠસાવવો જોઇયે. સફેદ ફુલો પર ધ્યાન રાખવું, દરેક ખુબસુરત સફેદ ચીજપર મન રોકવું, બચ્ચાંનાં બીજની ઉત્પતિને વખતે ઓરડો પણ સફેદ રંગના ચુનાનો હોવો જોઇએ અને કપડાં પણ સફેદ રંગના હોવાં જોઇએ.

આ બધી રીતો અમલમાં મુકવી બહુ કંટાળા ભરેલી લાગશે પણ બધી રીતો અમલમાં ન મુકાય તે છતાં એ બાબદનું ફકત જ્ઞાન મેળવ્યાથીજ કેટલો ફાયદો થાય છે .અને તેમાંથી થોડીક રીતો અમલમાં મુકવાની કુદરતી રીતે ઉલટ થાય છે. અને થોડીક રીતો પણ અમલમાં મુકવાથી થોડી ઘણી સારી અસર થયા વગર રહેશેજ નહીં.

પ્રકરણ ૬ ઠું.

ખુબસુરત બચ્ચાં કેમ પેદા કરવાં !

"Parents who are in comparatively good condition when they cohabit for reproduction, will frequently have children more beautiful than themselves; while on the other hand parents who are in their worst condition when they beget

children are represented in the next generation by specimens of the *genius homo* more illooking than they are themselves." *Dr. Trall.*

"માબાપો જ્યારે બચ્ચાંનાં બીજ ઉત્પન્ન કરવાની સંગતની વખતે શરીરે અને મને સારી હાલતમાં હોય છે ત્યારે ઘણીક વખતે બચ્ચાં ખુબસુરત પેદા થાય છે. એથી ઉલટું જ્યારે તેઓ બચ્ચાં પેદા કરવાની સંગત વખતે ખરાબ હાલતમાં હોય છે ત્યારે તેઓની આખી ઓલાદ તેઓ કરતાં વધુ કદરૂપી પેદા થાય છે." ડા. ટ્રાલ.

ખુબસુરતી પર માબાપનું ધ્યાન રહેવાથી બચ્ચું ખુબસુરત જન્મે છે. ખુબસુરત ચીજો જોવાથી, માણસ જાતમાં સમાયલી દરેક જાતની સુંદરતા પર લાંબો વખત ધ્યાન રોકવાથી, કુદરતમાં સમાયલા સઘળા ખુબસુરત દેખાવોનું બારીકીથી અવલોકન કરવાથી, સઘળાં સુંદર ચિત્રો ચીતારેલી માણસની ખુબસુરતીનો બારીકીથી અભ્યાસ કરવાથી એક માણસ પોતે ખુબસુરત બની શકે છે એટલુંજ નહીં પણ ખુબસુરત બચ્ચાં પેદા કરી શકે છે. એ બાબદને લગતા થોડાક દાખલા તપાસ્યે.

ડા. કેલોગ (Kelogg) એક દાખલો આપે છે છે કે રોમ શેહેરનો ન્યાયાધીશ નાના કદનો, કદરૂપો અને ખુંધો હતો. તેને ત્યાં બચ્ચું જન્મ્યું તે તેના જેવુંજ કદરૂપું અને ઇસોપ (Aesop) ના પુતળાં જેવું આબેહુબ હતું. આ ધાસ્તી ઉપજાવે તેવા નાના રાક્ષસના દેખાવથી તે બાપને ભય ઉત્પન્ન થયો, કે તેની આખી ઓલાદ આ પ્રમાણે કદરૂપી જન્મશે. તેથી એક બહુજ વખણાયલા દાકટર ગેલન (Galen) ની તે સલાહ લેવા ગયો. ડાકટરે સલાહ આપી, કે બીછાણાંની આસપાસ તારે ત્રણ નાના ખુબસુરત પુતળાં રાખવાં, એક પગ આગળ એક જમણાં હાથ તરફ અને બીજું ડાબા હાથ તરફ, કે જેથી તારી મહોરદાર જ્યાંબી નજર ફેંકે ત્યાં આ ખુબસુરત પુતળાં તેની નજરે પડે. પેલા કદરૂપા ન્યાયાધીશે ડાકટરની સલાહ પ્રમાણે બરાબર અમલ કીધો, અને જે બચ્ચું જન્મ્યું તેથી સાબેત થયું છે, કે, તે ધારણાથી પણ વધારે ખુબસુરત હતું.

એક જવાન મહોરદાર અને તેનો ભરથાર એક ઘણુંજ ખુબસુરત બચ્ચાંનું ચિત્ર ખરીદવા આખાં બોસ્તન (Bostan) શેહેરમાં

મુસાફરી કરી આખરે એવુંજ ચિત્ર ખરીદી પોતાની મહોરદારની આંખો તે ચિત્ર પર પડયા કરે તેમ દીવાલપર ટાંગ્યું, કે જેથી કરી તે ખુબસુરત બચ્ચાંના ચહેરાનો ખ્યાલ કરે અને પોતાના ભવિષ્યનાં બચ્ચાંના ચહેરાની ખુબસુરતી બનાવે. થોડા વખતમાં તેઓને ત્યાં બચ્ચું જન્મ્યું તે આબેહુબ પેલા ચિત્રમાં દર્શાવેલા ચહેરા જેવુંજ ખુબસુરતીમાં અને સ્વભાવમાં હતું એટલે સુધી કે તેઓને ત્યાં પરોણાઓ આવતાં અને પેલું ચિત્ર જોતાં ત્યારે પેલાં બચ્ચાંનુંજ ચિત્ર છે એમ માનતાં હતાં.

આવીજ રીતે માબાપનાં મનપર કદરૂપા દેખાવો પડે છે, ત્યારે કદરૂપાં બચ્ચાં જન્મે છે.

હિંદુઓમાં કેટલીક વખત બચ્ચાં જન્મે છે, જેને ચાર હાથ હોય છે, આંખો કપાળપર ઉગેલી હોય છે. આ પ્રકારના બચ્ચાં જનમવાનું કારણ એ છે, કે, હિંદુ સ્ત્રીઓ હમેશની વખતે આવી મુર્તીની પુંજા કરવાથી થાય છે. માટે માબાપે કદરૂપી ચીજ પર ધ્યાન આપવું નહીં, એવા દેખાવનો છાપ મન પર પડવા દેવો નહીં, ઝટ કાઢી નાખવો. ડાકટર ટ્રોલ (Trall) ખુબસુરત બચ્ચાં વિષે લખે છે, કે જ્યારે મનની અને શરીરની સ્થિતી સારી હાલતમાં હોય છે ત્યારે બચ્ચું ખુબસુરત જન્મે છે. સંપુર્ણ ખુબસુરતી એમ જણાવે છે, કે શરીરના દરેક ભાગો અને અવયવ સમતોલ હાલતમાં છે. આ પરીણામ ઉત્પન્ન કરવા મન અને શરીર માબાપોએ સારી હાલતમાં રાખવાં જોઇએ. હોજરીમાં એકદમ ખોરાક ભરવો નહીં, કલેજાને સાફ રાખવું જોઇયે, ચામડી પર મેલ બાજવો ન જોઇએ. ટુંકમાં સર્વ કાર્ય નિયમીત થવાં જોઇએ.

જે માણસના શરીરના અવયવ અને બંધારણ સંગીન હોય તેઓજ સંપુર્ણ તંદરોસ્ત હોય છે, અને જેઓ સંપુર્ણ તંદરોસ્ત છે તેઓ સંપુર્ણ ખુબસુરતી ધરાવી શકે છે. આ પરથી માલમ પડે છે કે માબાપે પોતાની તંદરોસ્તી સંભાળવી જોઇએ. શરીરને બગાડી નાખે એવી ખરાબ ટેવોથી દુર રહેવું જોઇએ અને નિયમીત જીંદગી ગુજારવી જોઇએ.

માબાપો બચ્ચાંનાં બીજ ઉત્પન્ન કરવાની સંગતની વખતે શરીર અને મને સારી હાલતમાં હોય છે ત્યારે ઘણીક વખતે બચ્ચાં

ખુબસુરત પેદા થાય છે. એથી ઉલટું જ્યારે તેઓ બચ્ચાં પેદા કરવાની સંગત વખતે ખરાબ હાલતમાં હોય છે ત્યારે તેઓની આખી ઓલાદ તેઓ કરતાં વધારે કદરૂપી પેદા થાય છે.

એક ભરથાર અને મહોરદાર વચ્ચેનો પ્યાર તેઓને શરીરે અને મને સર્વથી ઉત્તમ સ્થિતીમાં રાખે છે અને પ્યારથી પેદા થયલાં બચ્ચાં ખુબસુરત અને બુદ્ધિમાન હોય છે, માટે પ્યાર બચ્ચાંની ઉત્પત્તિ પર કેવી અસર કરે છે તે બીજાં પ્રકરણમાં દાખલા દલીલો સાથે તપાસ કરીશું. અને ત્યાર પછી માબાપોની મનની જુદી જુદી સ્થિતી બચ્ચાં પર કેવી કેવી અસર કરે છે તે તપાસીશું.

પ્યારથી પેદા થતાં ઉતમ બાળકો.

એક ઝાડનું સારી રીતે પોખાવું સારી જમીન પર આધાર રાખે છે તેજ પ્રમાણે ખુબસુરત તંદરોસ્ત અને સદગુણી બચ્ચાંની ઉત્પતિ સારાં મનની અસરથીજ થાય છે.

સાચો પ્યાર ભરથાર અને મહોરદારને મને અને શરીરે એવી તો ઉત્તમ સ્થિતીમાં રાખે છે, કે મનની આવી સ્થિતીમાં સુંદર અને તંદરોસ્ત બચ્ચાં પેદા થાય છે. ત્યારે પ્યાર બચ્ચાં પર કેવી રીતે અસર કરે છે તે તપાસ્યે.

જેમ હાલ કેટલાંક ઝાડપાનમાં હોય છે તેમ, પ્રાચીન કાળમાં નર અને નારી જાતી જુદાં હતાં નહીં, પણ બન્ને જાતી એકજ જાતીમાં હતી. (hermaphrodite state.) પણ પાછળથી કુદરતે ઉત્તમ બચ્ચાંની ઉત્પતિને માટે અને પ્યાર જેવી ઉતમ મનશકિતને ખિલવવા માટે એ બે જાતીને જુદી પાડી છે. પણ બચાંની ઉત્પતિનાં કાર્યમાં એ બે જાતી પાછી એક થાય છે કે જેથી બન્ને જાતીઓ પોતાની સ્વભાવીક અસર બચાંની ઉત્પતિમાં સાથેજ આમેજ કરે. જેટલા દરજ્જામાં બન્ને જાતી તને અને મને એક થઇ જાય છે, તેટલા દરજ્જામાં બચાંની શ્રેષ્ટાઇ વધે છે. બચ્ચાંની ઉત્પતિનાં કાર્યમાં તેઓના વિચારો અને કાર્યો એક એકમાં હળી મળી રહેવા જોઇએ.

આ બે જુદી જુદી જાતીને ઐકયતામાં લાવનાર અને એક એકમાં આમેજ કરી નાખનાર કાંઇજ નહીં પણ સાચ્ચો પ્યાર છે.

અને તે પ્યાર બચ્ચાંનાં બંધારણને માટે જોઇતા સર્વ તત્વ ઉત્પન્ન કરાવે છે તેમજ બચ્ચાંને ખુબસુરત તંદરોસ્ત અને બુદ્ધિમાન બનાવે છે.

એક વેળા ડા. ફાઉલર અને તેની મહોરદાર સાથે ફરતાં હતાં તેવામાં તેની બાયડીની નજર બે ઘણુંજ સુંદર સ્વભાવનાં બચ્ચાંપર પડી. આ બચ્ચાં સુંદર, ખુશમીજાજી અને તંદરોસ્ત હોવાથી ડા૦ ફાઉલરની મહોરદારે તે બચ્ચાંનાં માબાપો કેવાં હશે તે જાણવા બહુજ આતુર થઇ અને તેણીએ તે બચ્ચાંના માબાપનું નામ નિશાન લખી લીધું કે જેથી તેઓ કેવાં હશે તેની તપાસ થાય. તપાસ કરતાં માલમ પડયું, કે માબાપ કોઇબી રીતે સુંદરતા ધરાવતાં નહતાં, પણ તે માબાપમાં એક બીજાં પર એવો તો પ્યાર હતો કે તેઓએ એક બીજાને એક પણ સખત બોલ કહયો ન હતો, અને તેઓ અકેકમાં હળીમળી રહયાં હતાં.

હવે સવાલ એ ઉત્પન્ન થાય છે કે પ્યાર શા વડે અને કેવી રીતે બચ્ચાંના બંધારણ પર, ખુબસુરતીપર, તંદરોસ્તીપર, અને જુદી જુદી મનશકિત ઉત્પન્ન કરવામાં શું શું અસર કરી શકે છે! પ્યાર એ કેવી શકિત છે શાની બનેલી છે, પ્યારનું રહેઠાણ કયાં છે તે તપાસ્યે.

પ્યારનું રહેઠાણ.

પ્યાર એ મનની એક શકિત છે. હવે એ મનશકિત ભેજાં મારફતે કેમ ઉત્પન્ન થાય છે? શરીરી શાસ્ત્રીઓએ (physiologists) હાલ પુરવાર કીધું છે કે ભેજાંના જુદા જુદા ભાગો જુદા જુદા માસ રજ્જુ અને અવયવ પર કાબુ ધરાવે છે અને એ ભાગોથીજ જુદા જુદા માસ રજ્જુ અને અવયવ પોતાનું કાર્ય કરી શકે છે. મસ્તક વિદ્યા (phrenology) એટલે માણસનું મસ્તક તપાસી તે શું શું મનશકિત ધરાવે છે તે જાણવાની વિદ્યા પુરવાર કરે છે કે ભેજાંના જુદા જુદા ભાગોમાં જુદી જુદી મનશકિતનું રહેઠાણ હોય છે અને ભેજાંનો જે ભાગ ખિલી તે મસ્તકના બહારના ભાગને ખિળવે છે. જેથી માથું તપાસી તે પર ખિલેલા અને ઉપસી આવેલા ભાગો તપાસી એક માણસમાં કઇ મનશકિત ખિલેલી છે તે જાણી શકાય છે.

આંખના ભવાંથી તે અધી કપાળ સુધીના ભાગમાં જુદી જુદી અવલોકન કરવાની શકિત રહેલી છે, એ ભાગ ખિલેલો હોય છે તે

માણસમાં અવલોકન કરવા અથવા દરેક ચીજ ખુબ બારીકીથી નિહાળવાની શકિત હોય છે. એ પછીનાં અર્ધ કપાળથી તે માથાંના વાળ શરૂ થાય છે તે ભાગમાં બુદ્ધિબળની, તર્ક કરવાની, અને કારણ શોધવાની શકિતઓ આવેલી હોય છે. એ પછીના માથાનાં ઉપલા ભાગમાં સઘળા સદ્‌ગુણો, ધર્મ તરફનું યકીન, ભકિતભાવ, દ્રઢતા વગેરે હોય છે. માથાંના પાછલા ભાગમાં દરેક રીતના પ્યારની શકિતઓ આવેલી છે જેવી કે પાડોશી તરફનો પ્યાર, માબાપ તરફનો પ્યાર, મિત્ર તરફનો પ્યાર, કુટુંબ તરફનો પ્યાર, છોકરા તરફનો પ્યાર, અને એ ભાગને છેક નાકે સ્ત્રી તરફનો પ્યાર આવેલો હોય છે.

આપણે આગળ ચાલતાં કેટલાક ખરા બનેલા દાખલાઓ ઉપરથી સાબેત કરીશું કે ચોકસ વખતે માબાપનાં મસ્તકના જે ભાગો અથવા મનશકિતઓ ઉશ્કેરાયલી હોય છે તેજ મનશકિત બચ્ચાંમાં પણ ખિલેલી માલમ પડે છે. આપણે હાલ તુરત તો જાણ્યું છે કે પ્યારનું રહેઠાણ **માથાંના પાછળના હેઠળના ભાગ પર આવેલું છે.** હવે પ્યાર કેમ ઉત્પન્ન થાય છે અને શરીર પર શું અસર કરે છે તે તપાસ્યે.

ચિત્ર ના૦ ૮ આપણું ભેજાનું છે (૧) ભેજાંનો આગળો ભાગ cerebrum કપાળનો છે, (૨) ભેજાંનો પાછળો ભાગ cerebellum જ્યાં પ્યારની શકિતનું રહેઠાણ છે તે. એ ભેજાંનો પાછળો ભાગ શરીરને સમતોલ રાખે છે. એક છાકટ માણસ ખુબ દારૂ પીએ છે ત્યારે તેને ફેર આવે છે અને બરાબર ચાલી શકતો નથી પણ ડોળા ખાય છે અને લઠરપઠર થાય છે તેનું કારણ એજ કે દારૂ એ ભાગ (૨) ની ઉપર બહુ ખરાબ અસર કરે છે અને તેને પોતાનું કાર્ય કરવા દેતું નથી તેથી તે માણસ પોતાનું સમતોલપણું ખોઇ દે છે. (૩) ભાગ મેડયુલા ઓબલોંગેટા છે, જે ભેજાંનો ઘણો અગત્યનો છે. એમાંથી ના૦ ૪, ૫, ૬, ૭, વગેરે બીજા ઘણા જ્ઞાનતંતુઓ નિકળે છે જેથી આપણે જોઇ, સાંભળી અને બોલી શકયે છીયે. ચહેરાના માસ રજ્જુ દરેક રીતની હીલચાલ કરે છે તે પણ એજ જ્ઞાનતંતુ વડે અને શરીરના મુખ્ય અવયવો પણ એજ જ્ઞાનતંતુથી પોતાનું કાર્ય કરી શકે છે. એ જ્ઞાનતંતુ બારીક દોરા યા રેસા જેવા હોય છે.

ભેજાંની પાસેનાં બીજાં ચિત્ર ના૦ ૯ પરથી માલમ પડશે કે ભેજાંના છેડેનો ભાગ "મેડયુલા ઓબલોંગેટા" કમરની કરોડમાંથી પસાર

થાય છે અને તેમાંથી બારીક જ્ઞાનતંતુઓ નિકળી આખાં શરીરમાં વ્યાપી રહેલાં છે. શરીરના બારીક ભાગમાં પણ એ જ્ઞાનતંતુ વ્યાપી રહેલા છે. એ જ્ઞાનતંતું વડેજ આપણને દરેક રીતની લાગણી થાય છે અને સુખ અને દુ:ખ માલમ પડે છે. હવે આપણે પ્યાર કેમ ઉત્પન્ન થાય અને શરીર પર કેવી અસર કરે છે તે તપાસી શકશું.

પ્યાર કેમ ઉત્પન્ન થાય છે ?

જ્યારે પણ કાંઇ ખુબસુરત ચીજ જોઇએ છીએ અથવા તો આ-પણા મનને આનંદમાં રાખે યા પસંદ પડે એવી ચીજ આપણી નજર આગળ આવે છે ત્યારે પ્યાર ઉત્પન્ન થાય છે. ભેજાનાં ચિત્ર તરફ પહેલાં નજર કરો, એક ખુબસુરત દેખાવ (ના૦ ૪) આંખ વડે ઉપર પડે છે ત્યારે (ના૦ ૪) આંખનું જ્ઞાનતંતુ છે તેને આનંદી રીતે તેજી બનાવે છે. હવે એ જ્ઞાનતંતુને (નં. ૩) "મેડયુલા ઓબલોંગેટા" સાથે સંબંધ હોવાથી તે આખો ભાગ તેજી બને છે (નં. ૫, ૬, ૭, ૮, વગેરે) જ્ઞાનતંતુ જે ચહેરાના જુદા જુદા માસરજ્જુ ઉપર કાબુ ધરાવે છે તેથી તે સઘળા માસરજ્જુ એવા તો આનંદી બને છે કે ચહેરો બહુજ ખુબસુરત એ વખતે દેખાય છે અને પ્યાર ચહેરા પર અને ચળકતી આંખો વડે પ્રગટી નિકળે છે. ભેજાંની પાસેના શરીરના તમામ જ્ઞાન-તંતુનાં ચિત્ર તરફ ફેંકતાં માલમ પડશે કે માણસનાં શરીરમાં જ્ઞાન-તંતુ એક ઝાડની ડાંખલીઓ માફક વ્યાપી રહેલાં છે અને એ ઝાડનું મુળ પ્યારના રહેઠાણની જગા પર હોય. એમ લાગે છે, જેમ ઝાડનાં મુળમાં પાણી નાંખ્યે છીએ ત્યારે આખું ઝાડ પાણીથી પુર થઇ આનંદી દેખાવ આપે છે, તેજ પ્રમાણે શરીરનાં આખાં જ્ઞાનતંતુનું મુળ ભેજાંના નિચલા ભાગ જેમાં પ્યારનું રહેઠાણ આવેલું છે તે ભાગ જ્યારે પ્યારની લાગણીથી તેજી બને છે ત્યારે આખું શરીર આનંદી બને છે. આવી આનંદી સ્થિતીમાં ભરથાર અને મહોરદાર બચ્ચાંનું બીજ ઉત્પન્ન કરે છે તો તે **બીજ બહુજ ઉતમ પ્રકારનું હોય છે.** આખાં શરીરના જ્ઞાનતંતુ આવી રીતે તેજી બનવાથી બચ્ચાં ઉત્પન્ન કરવાને માટેના સઘળા તત્વો એ બીજમાં સમાય છે તેથીજ ડા. ફાઉલર કહે છે **કે પ્યારથીજ બચ્ચાંનાં બંધારણને માટે જોઇતી ચીજ ઉત્પન્ન થાય છે.**

એક ઘણુંજ ખુબસુરત બચ્ચું હોય અને તે એક સ્ત્રીના જોવામાં આવે છે ત્યારે તેણીનો ચહેરો અને તેણીની લાગણી તપાસતાં માલમ પડે છે, કે તે બચ્ચાંનો ખુબસુરત દેખાવ આંખોનાં જ્ઞાનતંતુ વડે થઇ પ્યારની શકિતના રહેઠાણ પર અસર કરે છે, કે, તુરત તેણીનો ચહેરો ખુબસુરત થતો માલમ પડે છે. તેણીની આંખ તેજી લાગે છે. તેણી તે બચ્ચાંને ગોદમાં લે છે અને તેને "કીસ" કરે છે. આવીજ રીતે એક ભરથાર અને મહોરદારનો પ્યાર હોય છે. આપણે જાણ્યું તેમ જ્ઞાનતંતુ આખાં શરીરમાં વ્યાપી રહેલાં છે, પ્યારનું રહેઠાણ જ્ઞાનતંતુનાં મુળ આગળ આવેલું છે જેથી પ્યાર ઉત્પન્ન થાય છે ત્યારે આખ્ખાં શરીરનાં જ્ઞાનતંતુ તેજી બને છે આનંદમાં આવે છે અને વિજળી જેવી શકિત ઉત્પન્ન થાય છે, જે આંખોમાંથી ચળકતી માલમ પડે છે અને હોઠ વડે પોતાની પ્યારી ચીજને તે શકિત આપે છે.

માણસના ચહેરાપરથી માણસના ગુણો પારખવાની વિદ્યા (Physiognomy) પ્રમાણે જે માણસના ઉપલા હોઠનો વચલો ભાગ મોટો હોય તેમાં પ્યાર ઘણોજ હોય છે.

પ્યારની શકિત શાની બનેલી છે?

પ્યાર એ એક મનશકિત છે. દરેક મનશકિત બળ (force) ધરાવે છે, તેથી પ્યાર પણ એક જાતનું બળ અથવા શકિત છે જે વિજળી કરતાં પણ વધુ બળવાન છે. મનશકિત કેવું ચપળ બળ ધરાવે છે તે વિષે મારાં પુસ્તક "ગુપ્ત મનશકિતની મહાન શોધો" નું પાનું ૧૧ મું જુવો. જ્યારે બે જુવાન જીવ વચ્ચે પ્યાર બાજે ત્યારે આપણે માલમ પડે છે કે તેઓને એકમેક તરફ કેટલું આકર્ષણ હોય છે. તેઓના શરીરમાં લોહચુંબીક શકિત એટલી બધી વધી જાય છે કે તેઓને એક બીજાં તરફ ચાલુ આકર્ષણ થયા કરે છે અને જ્યારે તેઓ એક બીજાંની નજદીક હોય છે ત્યારેજ તેઓને આનંદ થાય છે. એ પ્યારની શકિત કેટલી બળવાન હોય છે તે આપણે જાણ્યે છીયે. રાજાઓ રાજપાટની દરકાર કર્યા વગર એ શકિતને આધીન થયા છે, અને મોટી લડાઇઓ થઇ છે. પોતાની પ્યારી પ્રિયાને મેળવવા ઘણા જુવાન્યાઓએ પોતાના જીવનો ભોગ આપ્યો છે. પ્યારજ બે જુદી પડેલી જાતીને સાથે મેળવે છે. જ્યારે એ બંન્ને જાતીમાં

પ્યાર ઉત્પન્ન થાય છે ત્યારે એ પ્યારના આકર્ષણનું બળ એટલું બધું વધી જાય છે કે તેઓને એકમેકમાં આમેજ કરી નાખે છે અને પછી બચ્ચાંના બીજની ઉત્પત્તિ થાય છે. પ્યાર વિજળી જેવું બળ એક માણસમાં ઉત્પન્ન કરે છે. વિજળી તારમાંથી પસાર થતી હોય છે ત્યારે જો કોઇ માણસ એ તારને હાથ લગાડે છે તો તેને જોસમાં ઝટકો લાગે છે, અને તેનામાં વિજળી પેવશ થાય છે, તેજ પ્રમાણે પ્યારમાં પડેલું એક જોડું જ્યારે એકમેકના શરીરને હાથ લગાડે છે ત્યારે તેઓમાં વિજળી જેવો પ્રવાહ આખાં શરીરમાં પસાર થતો માલમ પડે છે. આ સઘળા દાખલાઓપરથી માલમ પડે છે કે પ્યાર એ એક બળ છે અને તે વિજળી કરતાં પણ વધુ ચપળ છે.

પ્યારથી માબાપનું શરીર બચ્ચાંમાં ઉતરે છે.

ડા. ફાઉલર પ્યારને વિષે લખે છે કે "Love is an transmitting agent" એટલે પ્યારથીજ માબાપનું શરીર બચ્ચાંમાં ઉતરે છે. એ માટે પોતાની દલીલ રજુ કરતાં તે જણાવે છે કે પ્યારનું રહેઠાણ શરીરનાં જીવનશક્તિના રહેઠાણ આગળ આવે છે. આપણાં શરીરને જીવનશક્તિ મળે છે તેનું રહેઠાણ હોવું જોઇયે. એ જીવનશક્તિનું રહેઠાણ શરીરનાં એવા ભાગમાં હોવું જોઇયે કે જ્યાં શરીરનાં તમામ અવયવનું મુળ હોવું જોઇયે, જે મુળ શરીરપર કાબુ મેળવતું હોવું જોઇયે, જે મુળ ભેજાંમાં હોવું જોઇયે પણ ભેજાંના મધ્ય ભાગમાં અને કમરની કરોડમાંથી પસાર થતાં જ્ઞાનતંતુની ઉપર હોવું જોઇયે. (ભેજાંનું ચિત્ર જુવો) ભેજાંનો પાછલો ભાગ (૨) અને તેની સાથે જોડાયલો ભાગ (૩) એ ભાગોમાંથી જીવનશક્તિનું તેમજ પ્યારનું રહેઠાણ છે.

(૧) શરીરના દરેક અવયવ અને માસરજ્જુઓ જીવે છે અને પોતાનું કાર્ય કરે છે કારણ તેઓ દરેકને ભેજાં સાથે સંબંધ છે. (૨) શરીરમાં વ્યાપી રહેલા તમામ જ્ઞાનતંતુ બરડાના કરોડમાં સાથે મળે છે તે ભેજાંમાં એકઠા થાય છે, (૩) ભેજાંનો પાછલો નીચલો ભાગ આ કમરની કરોડને મથાળે આવેલો છે. (૪) પ્યારનું રહેઠાણ એજ ભેજાંના પાછલા નીચલા ભાગમાં આવેલું છે કે જે ભાગ શરીરના તમામ અવયવ અને માસરજ્જુ સાથે સંબંધ ધરાવે છે તેથી પ્યાર શરીરના દરેક ભાગ પર કાબુ ધરાવે છે. (૫) ઇંદ્રિઓના દરેક જ્ઞાનતંતુઓ જેવાં કે જોવાના,


નાં. ૯

નાં. ૮.

ભેજું અને તેનું બંધારણ.



૧. કપાળ આગળનો ભાગ-Cerebrum.
૨. પાછળનો ભાગ-Cerebellum.
૩. મેડયુલા ઓબ્લૉંગેટા.
૪. ૫. ૬. ૭-જોવા-સાંભળવા-બોલવા-
વિચાર કરવાની શકિત
બક્ષનાર જ્ઞાનતંતુઓ.



નરવસ સીસટમ.
ભેજાં સાથે અનેક રીતે
જ્ઞાનતંતુઓનો સંબંધ.

જુલો પાનું ૪૪ મું.

સાંભળવાના, સુંઘવાના, ચાખવાના વગેરે ખાસના રહેઠાણુ આગળના ભાગમાંથી ઉત્પન્ન થાય છે. ત્યારે પ્યારનું રહેઠાણુ શરીરના દરેક અવયવના, જીવનશક્તિ, જ્ઞાનતંતુના, દરેક ઇંદ્રિના, મગજરજ્જુના મુળ આગળ આવેલું છે. જેથી પ્યાર શરીરના બારીકમાં બારીક ભાગ સાથે સંબંધ ધરાવી શકે છે અને તેથી પ્યાર બચ્ચાંનાં શરીરના બંધારણુને માટે જોઇતા દરેક તત્વો બીજમાં ઉત્પન્ન કરે છે. બચ્ચાંના બીજની ઉત્પતિ વખતે આખી જાતીમાં અત્યંત પ્યાર ઉત્પન્ન થાય છે જે પ્યાર મારફતે બચ્ચાંના શરીરના બંધારણુના તત્વો ઉત્પન્ન થાય છે. ત્યારે આ દલીલ પરથી માલમ પડે છે કે બચ્ચાંના બીજમાં શરીરને બંધારણુને માટે જોઇતા દરેક તત્વો, બારીકમાં બારીક રીતે સમાય છે.

આપણે આગળ દાખલો જોઇ ગયા કે એક માબાપનાં બે બચ્ચાં બહુજ સુંદર સારા સ્વભાવનાં હતાં કારણુ તેઓનાં માબાપ વચ્ચે બહુજ પ્યાર હતો. જો એક ભરથાર અને મહોરદાર વચ્ચે બહુજ પ્યાર હોય છે તો બચ્ચું ખુબસુરત પેદા થાય છે. આપણે આગળ જાણ્યું તેમ ખુબસુરતી એટલે શરીરના દરેક ભાગો બધા સમતોલ હોય અને ઘાટઘટમનું સારી રીતે બંધારણુ થયું હોય તે છે. આપણે હમણાં જાણ્યું છે કે પ્યારજ એ બંધારણુને માટે જોઇતો દરેક તત્વ ઉત્પન્ન કરે છે. તેથી જો ભરથાર અને મહોરદારમાં બહુજ પ્યાર હોય છે તો બચ્ચાંને માટે જોઇતા દરેક તત્વો બહુ સારી રીતે ઉત્પન્ન થાય છે. પ્યાર ખુદ માબાપોનાં શરીરને આનંદી બનાવે છે અને શરીરના દરેક જ્ઞાનતંતુ અને અવયવને એટલા તેજી બનાવે છે કે આવા વખતમાં બચ્ચાંનું બીજ ઉત્પન્ન થાય છે તો તે બીજ ઉત્તમ તત્વનું બને છે અને તેથીજ બચ્ચું તંદરોસ્ત અને ખુબસુરત બને છે. પ્યાર માબાપના ચહેરા પર પ્રકાશી છે ત્યારે તેઓનો ચહેરો કેટલો ખુબસુરત દેખાય છે, જાણે પ્યાર શરીરમાં સમાયલી ખુબસુરતીને બહાર કાહડતું હોય તેમ લાગે છે. પ્યાર ખુદ માબાપને ખુબસુરતીમાં ફેરવી નાખે છે તો મનની આવી સ્થિતિમાં બચ્ચું કાં નહીં ખુબસુરત પેદા થાય? વળી પ્યાર દરેક અવયવ અને જ્ઞાનતંતુ પર કાબુ ધરાવે છે. પ્યાર માબાપના શરીરના દરેક અવયવ અને જ્ઞાનતંતુને બહુ તેજી અને આનંદી બનાવે છે. માબાપ પોતે પ્યારની શક્તિથી તંદરોસ્ત બને છે, માબાપની આવી શારીરીક તંદરોસ્તી અને આનંદમાં બચ્ચાંનાં બીજની ઉત્પત્તિ થાય તો જરૂર બચ્ચું તંદરોસ્ત પેદા થાય છે.

પ્યાર ઉતમ મનશકિત ધરાવતું બચ્ચું પેદા કરે છે.

માબાપના એકેક તરફના સાચા પ્યારથી સદગુણી અને ઉમદા સ્વભાવનું બચ્ચું કેમ પેદા થાય છે તે તપાસ્યે. પ્યારનું રહેઠાણ ભેજાંના મુળમાં હોવાથી, અને ભેજાંના જુદા જુદા ભાગમાં જુદી જુદી મનશકિતનું રહેઠાણ હોવાથી પ્યાર મનની જુદી જુદી શકિતઓને સામટી રીતે ઉસ્કેરે છે. પ્યારમાં પડેલાં જોડાંની મનની સ્થિતીનું બરાબર અવલોકન કરતાં માલમ પડશે, કે તેઓનું મન શાંત અને હળીમળી રહેલું હોય છે. સાચો પ્યાર તેઓનાં મનને એવું તો શાંત અને પવિત્ર બનાવે છે કે તેઓમાંથી તમામ દુર્ગુણો નિકળી જાય છે, મનની આ પ્રકારની સ્થિતીમાં તેઓ એક પણ દુર્ગુણી શકિત ધરાવતા નથી, અને સાચો પ્યાર તેઓનાં મનને પવિત્ર બનાવે છે. વળી પ્યારનો આનંદ એટલો તો વધી જાય છે કે તેઓને લાગે છે કે તેઓ આ દુન્યામાં હસ્તી ભોગવતાં નથી પણ પેલી દુન્યાના બહેસ્તમાં છે. મનની આવી સ્થિતીમાં ઇશ્વરી આનંદ અથવા દેવતાઇ આનંદ કેવો હોય છે તેનો કાંઇ અનુભવ મેળવી શકે છે. આ આનંદને માટે તેઓ આભારની લાગણીથી ઉભાઇ જતાં હૃદય વડે ઇશ્વરને યાદ કરે છે. માટે સાચો પ્યાર તેઓમાં ભકિતભાવ અને ઇશ્વર તરફની આભારની શકિત, જે મસ્તકરેખાની વિદ્યા પ્રમાણે માથાંની બરોબર વચમાં આવેલી છે, તે ખીલે છે. પ્યાર તેઓની અવલોકન કરવાની શકિત ખિલવે છે, તેઓ એક ચિતારાની માફક દરેકે દરેક ભાગની ખુબસુરતીનું અવલોકન કરે છે. તેઓની કવિતા જોડવાની શકિત અને ઝમકદાર ભાષામાં બોલવાની શકિત ખીલે છે, જે શકિત આંખ આગળ આવેલી છે. શું આપણે જાણતા નથી કે જેઓ સાચા પ્યારમાં હોય છે તેઓ એકમેકને માટે કવિતા જોડે છે, એકમેકને માટે ઉતમ શબ્દો બોલે છે જે બોલો તેઓના મનની સાધારણ સ્થિતીમાં કદી પણ તેઓનાં મોંહમાં આવતા નથી. તેઓ કુદરતની તમામ ખુબસુરતીને એક કવિ અથવા તો ચિતારાની આંખો વડે જોય છે અને કુદરતની ખુબસુરતીથી ઉત્પન્ન થતો આનંદ ભોગવવાને નસીબવાન બને છે. અવલોકન કરવાની શકિત, કલ્પના કરવાની શકિત તેમજ ખુબસુરતીની પીછાણ કરવાની શકિત સાચા પ્યારથી ખીલે છે.

પ્યારમાં પડેલાં જોડાંને ઘરબાર તરફનો પ્યાર પણ વધે છે જેથી તેઓ ઘરને શણગારે છે, ગાયનનો શોખ ઉત્પન્ન કરે છે, સ્વભોગ

વધારે છે, જેથી તેઓ પોતાના સાથીને ખુશી રાખવા અને તેની સેવા બજાવવા પોતાનો સુખનો ભોગ આપવા તૈયાર થાય છે; તેઓ પોતાનું સ્વમાન અને ઇજત જાળવે છે, એકમેકને સુખી કરવા દરેક કાર્યો હીંમતથી, ખંતથી, અને દ્રઢતાથી કરે છે, ભવિષ્યને માટે ઉમદા આશાઓ મનમાં રાખે છે, અને ઉદ્યોગી અને ઉમંગી બને છે. ટુંકમાં કહયે તો પ્યાર, ઉમદા સદ્ગુણો અને ગુપ્ત રહેલી મનશક્તિને ખીળવે છે. પ્રિય વાંચક, વિચાર કર કે ઉત્તમ મનની આવી સ્થિતિમાં માબાપ બચ્ચાંનું બીજ ઉત્પન્ન કરે તો શું બચ્ચાં ઉત્તમ સ્વભાવનાં, તંદુરોસ્ત ખુબસુરત અને બુદ્ધિમાન પેદા નહીં થાય ? ખચીતજ થાય. ઘણા દાખલા આપણે તપાસી ગયા છીયે અને આગળ ચાલતાં વધુ દાખલા તપાસીશું જેથી પુરતી ખાત્રી થશે. જે મહાન કવિઓ અને ચિતારાઓ થયા છે, તે તેઓના માબાપની આવી ઉમદા પ્યારની શક્તિઓ વડેજ. જો કે તેઓના માબાપ કવિ અને ચિતારા ન હોય પણ તેઓ જ્યારે પોતાના સાથી સાથે પ્યારમાં હોય છે, ત્યારે જુદી જુદી ગુપ્ત રહેલી શક્તિ એટલી જોસમાં તેજી બને છે કે થોડો વખત આ પ્રકારની મનની સ્થિ-તીથી મોટા કવિ અને નામાંકિત ચિતારાનો પાયો નખાય છે. આવી મનની સ્થિતીમાં બચ્ચાંનું બીજ ઉત્પન્ન થાય છે તો બીજમાં તેવી શક્તિ ઉતરે છે માટે જેઓ બહેસ્ત જેવો આનંદ મેળવવા માંગતા હોય અને ઉત્તમ છોકરાંની ખાહેશ રાખતાં હોય હોય તો પરણેલી જીંદગીમાં પ્યાર જેટલો ખીલવાય એટલો ખીલવવો. જો એક ભરથાર પોતાની મહોરદારને પ્યાર આપે નહીં અને તેની મહોરદાર પોતાના ભરથારને ખરાં જીગરથી ચાહે નહીં તો જાણવું, કે બીજી કોઇપણ ચીજ પર પ્યાર રાખી શકે નહીં, અને તેઓ કદી પણ પોતાના સદ્ગુણો વાપરી શકેજ નહીં. તેઓને દુરગુણી માનવાં જોઇએ. પ્યાર જેવી મીનોઇ અથવા દેવતાઇ શક્તિ ખીલવવાને ઇશ્વરે બે જાતી પેદા કીધી છે અને એ ઉમદા શક્તિ પરણેલી જીંદગીમાં સારી રીતે ખીલે છે અને ઉતમ આલાદ પેદા થાય છે તેથી ડા૦ ફાઉલર વાસ્તવીક રીતે લખે છે કે "Those who love in spirit should unite in person." એટલે જેઓ આત્મીક પ્યારથી એકેકને ચાહતાં હોય તેઓએજ એક બીજા સાથે જોડાણ કરવું અથવા પરણવું જોઇયે.

કેટલીક વખતે આપણે જોઇયે છીયે કે એક ભરથાર પોતાની મહોરદારને ખરા પ્યારથી ચાહે છે ત્યારે મહોરદાર વધારે નખરાંખોર

થાય છે, અને જરા જરામાં નાકનું ટીચકું ચડાવે છે. કેટલીક સ્ત્રીઓ-ઓમાંજ નખરાંખોર ખાસિયત હોય છે, જે ભરથારને તેમજ બચ્ચાંને બહુજ નુકશાનકારક છે, કારણ પ્યાર એ એક જાતની દરેક જ્ઞાનતંતુઓમાંથી નિકળતી વિજળી જેવી શકિત છે; હવે જ્યારે ભરથાર આવી શકિ પ્યારથી પોતાની મહેરદારને આપે તેના બદલામાં મહેરદાર પોતા-પ્યારથી એવીજ શક્તિ જો પાછી નહીં આપે તો ભરથારની શકિત ઓછી થતી જાય અને શરીરે નબળો પડે. જ્યાં સુધી ભરથાર અને મહેરદા એકેકને સરખી રીતે પ્યાર કરે નહીં ત્યાં સુધી સંપુર્ણ બચ્ચાં જન-નહીં. એક માણસમાં સ્ત્રી તેમજ પુરૂષના સદગુણો આમેજ થયા હોય ત્યારેજ તે માણસ ઉમદા સ્વભાવનો બને છે. એક તરફી પ્યારથી એક-તરફની ખાસિયતો ઉતરે છે, જેથી તે બચ્ચું એકજ જાતીની ખાસિયત દેખાડે છે અને ઉમદા અને ફતેહમંદ જીંદગી ગુજારી શકતો નથી. આપણે જાણ્યું તેમ પ્યાર બે જાતીને એક એકમાં આમેજ કરે છે જેથી બચ્ચાં-પેદાશ થાય છે માટે જેટલા પ્રમાણમાં આ બે જાતી એક એકમાં આમેજ થઇ જાય છે એટલા પ્રમાણમાં બચું ઉત્તમ પેદા થાય છે.

ડા૦ ફાઉલર એક દાખલો આપે છે કે શરીરે અને મને એક મજબુત તંદરોસ્ત અને ખુબસુરત સ્ત્રી, સામી જાતી તરફ પ્યાર પુરતે ધરાવતી ન હતી. તેણી પોતાના ચઉદ વર્ષના નાજુક વહેલ્યાં જેવા છોક-રાને એક ડાકટર આગળ લઇ આવી કે ડાકટર એ છોકરાની બરાબર તપાસ કરે, કે તેમાં પુરતી અક્કલ છે કે નહીં. આ છોકરો નહીં કાંઇ શિખતો હતો કે નહીં કાંઇ તોફાન કરતો, પણ ભુતખની માફક ફક્ત બેસી રહેતો, તેનું શરીર તવાઇ ગયલું અને માથું બચ્ચાં જેવું નાનું હતું. ડા. ફાઉલરે પેલી માતા અને છોકરાંને બારીકીથી તપાસતાં માલમ પડયું કે પેલી માતા શરીરે મજબુત અને ખુબસુરત હતી પણ તેનામાં સામી જાતી તરફના પ્યારની શકિત પુરતી રીતે ખીલેલી ન હતી જેથી બચ્ચાંનો ઉધરભાવ સારો થયો ન હતો. આ દાખલા પરથી માલમ પડે છે કે માબાપ ગમે તેવા મજબુત કે તંદરોસ્ત હોય પણ તેઓમાં પ્યારની શકિત પુરતી ખીલેલી નહીં હોય તો તેઓનાં છોકરાં માંદાં, તવાઇ ગયલા અને ભુખખ જેવાં પેદા પડે છે. એથી ઉલટું જો માબાપો ઘણાંજ ખુબ-સુરત અને તંદરોસ્ત નથી હોતાં તે છતા જો તેઓમાં પ્યાર વ પ્રમાણમાં હોય છે તો તેઓનાં છોકરાં તંદરોસ્ત અને સુંદર પેદા થાય

છે. નબળાઇ ધરાવતો પ્યાર બચ્ચાંના મારારજ્જુ ઢીલા બનાવે છે કારણ માબાપનાં મારારજ્જુ પણ તે વખતે ઢીલા હોય છે, પણ જુસ્સાવાળો પ્યાર બચ્ચાંના મારારજ્જુ મજબુત બનાવે છે અને છોકરૂં બહુ તેજી બને છે, માટે પ્યારનો જુસ્સો જેટલો બને એટલો વાપરવો જોઇએ જેથી બચ્ચું હીંમતવાન અને મજબુત મારારજ્જુવાળું જન્મશે. આવા દાખલાઓ પરથી આપણને માલમ પડે છે કે ભરથાર અને મહોરદારે પરસ્પર બહુજ પ્યારથી રહેવું, જેથી તેઓની તંદરોસ્તી સુધરશે, તેઓનાં ઘરને બહેસ્ત જેવું બનાવશે અને ઉતમ બચ્ચાં પેદા થશે, જેઓ તેઓને ઘડપણ સુધી સુખ આપશે.

જો એક ભરથાર અને મહોરદારને એકેક પર પ્યાર હશે નહીં અને એકેક સાથે કજીયો કરતાં હશે, તો બચ્ચાં માબાપ તરફ કદી પણ પ્યારથી વરતશે નહીં. માબાપની મનની આવી સ્થિતિમાં બચ્ચાંની ઉત્પતિ થવાથી બચ્ચાં માબાપ તરફ માન ધરાવતાં નથી પણ નાફરમાન થાય છે, કજીઓ કંકાસ કરે છે, ગુસ્સાવાળાં પેદા પડે છે, અને ખુશમિજાજી હોતા નથી પણ બરચલ સ્વભાવનાં હોય છે, અને વળી ખુબસુરત પણ હોતાં નથી. આવાં બચ્ચાં દુઃખ ખમી શકતાં નથી. પ્યાર વગરના માબાપનાં છોકરાં કેવાં હોય છે તેનો એક બીજો દાખલો નીચે આપ્યો છે. મને અને તને મજબુત એક માતા પોતાની ૧૬) વર્ષની છોકરીને ડા. ફાઉલર આગળ લઇ આવી અને કહેવા લાગી કે "આ છોકરીને જરા પણ કાંઇ વાંકને માટે કહેવામાં આવે છે કે તુરત રડી પડે છે. હંમેશ દલગીર અને ગમગીન રહે છે, અને આખો વખત ધર્મનાં પુસ્તક વાંચે છે."

ડા૦ ફાઉલર મસ્તક વિદ્યા (Phrenology) જાણતો હોવાથી એનું મસ્તક તપાસ્યું તેમાં દ્રઢ સ્વભાવ (firmness), પ્યાર, અને અવલોકન કરવાની શકિતઓ એકદમ ગેરહાજર દેખાઇ. આ તબીએ કુદરતી રીતે તેણીની મા તે પેટમાં હતી તે વખતે મનની કેવી સ્થિતીમાં હતી તે જાણવા માગ્યું જેથી પેલી માતાએ પોતાનો હેવાલ રજુ કીધો કે "હું મારા મિત્રોના સમજાવ્યા છતાં એક ખરાબ સ્વભાવના માણસ સાથે પરણી. કમનસીબે લગ્ન થયા પછી અમારી કબાટની કુંચી મારા પિતાના ઘરમાં વિસરી આવી. મારા ભરથારની બહેનો મને કહેવા લાગી કે એનો સ્વભાવ બહુ ખરાબ છે ને ગુસ્સો કરશે અને પેટી ભાંગી નાખશે

તેથી ભરથારને એ વિષે જણાવવું નહીં. સહવાર પડતાં મારા ભરથારે મને ગુસ્સા સાથે બોલાવી અને ઉઠતાં વાર લાગી તેથી બહુ ગુસ્સે થયો અને ગાળો દેવા લાગ્યો. હવે આવા સાથે લગ્ન કરવાની મારી ભુલ મને સમજ પડી. હું મારા ભરથારના બાપની સાથે રહેતી હોવાથી અને તે સમુદ્રની સફરે જતો હોવાથી મારૂં મન બીજી ચીજમાં રોકવાને બની શક્યું નહીં. તેથી દિલગીરી અને નિરાશીમાં બેસી રહેતી અને મારા મિત્રની સલાહ નહીં માની તેથી હંમેશ વિલાપ કરતી હતી અને 'બાઇબલ' વાંચવા અને રડવા શિવાય બીજું આખો દિવસ કાંઇ કરતી હતી નહીં. મનની આવી સ્થિતીમાં આ છોકરીનું બીજ ઉત્પન્ન થયું અને તેની વૃદ્ધિ થઇ. આ છોકરીને જો કાંઇ કહેવામાં આવે અથવા તો ગુસ્સાથી જોવામાં આવે તો કલાકોના કલાકો સુધી રડી પડે છે. જો સહવારે કાંઇ ગુસ્સાથી કહેવામાં આવે તો રાત્રે સુવા જાય ત્યાં સુધી દચકાં ખાઇ રડયા કરે છે, ને જયારથી પાંચ વર્ષની થઇ ત્યારથી 'બાઇબલ'ને પોતાના તકિયા હેઠળ મુકી રાખે છે છે અથવા તો પોતાની છાતી પર દાબી રાખે છે"—આ દાખલા પરથી માલમ પડે છે કે જે બચ્ચાં આખો વખત રડયા કરે છે અને ગમગીનીમાં રહે છે તેનું કારણ એ છે કે તેઓનાં માબાપ વચ્ચે પ્યાર હોતો નથી અને કજીયો કંકાસમાં રહેતાં હોવાં જોઇયે.

ખરો પ્યાર તેમજ હવસની બચ્ચાંપર અસરો.

હવે ખરો પ્યાર અને હવસમાં કેટલો તફાવત છે, અને તેની અસર બચ્ચાંપર કેવી થાય છે તપાસ્યે. આપણે જાણ્યું તેમ પ્યાર મનની એક શકિત છે અને મનના ઉમદા ગુણો અને ગુપ્ત રહેલી શકિત ખીલવે છે, અને શરીરને તંદરોસ્ત અને આનંદી બનાવે છે અને એ શકિતથીજ તંદરોસ્ત, ખુબસુરત, બુદ્ધિમાન અને ખુશ સ્વભાવના બચ્ચાં પેદા થાય છે. જયારે હવસ એ શરીરનો એક જાનવરી જુસ્સો છે, જે આખ્ખાં શરીરને ઉશ્કેરે છે અને માણસને જાનવર જેવો બનાવે છે, જેથી તેનાં શરી-રમાં શાંતી, અથવા આનંદ માલમ પડતા નથી, પણ જુસ્સા અને ઝનુન માલમ પડે છે, શરીરનો ધાટઘટમ કદરૂપો બને છે અને ફકત એ જુસ્સો તૃપ્ત કરવાને ખાતરજ જુસ્સો ઉશ્કેરાય છે. આ પ્રકારના હવસથી માબાપનું શરીર બગડે છે. જયારે પ્યાર શરીરના દરેક જ્ઞાનતંતુને આનંદી અને તેજી બનાવે છે; ત્યારે હવસ તેઓને ઉશ્કેરે છે. આવી રીત

જ્ઞાનતંતુઓ ઉશ્કેરાયાથી શરીરમાં બગાડો થાય છે. હવસથી ભરથાર અને મહોરદારને આનંદ અથવા સંતોષ મળતો નથી તેથી તેઓ વારંવાર એકએકની સંગત કરે છે જેથી પેલો ભરથાર શરીરને જીવનશક્તિ આપતો પદાર્થ ફેંકટમાં શરીરમાંથી કાઢી નાખે છે, જેથી શરીર બહુજ નબળું પડે છે, ચહેરો ફીકો થઇ જાય છે, પાચનશક્તિ બગડે છે અને કલેજાંને પણ બગાડે છે. આ હવસ શરીરને એટલું તો નબળું કરી નાંખે છે કે તે ધંધો રોજગાર પણ કરી શકતો નથી. જે પ્રમાણે દારૂ પીનાર આદમીને દારૂ કાંઇ સ્વાદ લાગતો નથી પણ દારૂ પીવાની તલબ થાય છે અને એ તલબ મટાડવાજ તે દારૂ પીયે છે તેજ પ્રમાણે પેલા હવસી માણસને પોતાનો વારંવાર હવસ તૃપ્ત કરવાની ટેવ પડે છે.

હવસથી બાયડીને પણ નુકસાન થાય છે. તેણીને ગર્ભસ્થાનનાં કેટલાંક દરદો લાગુ પડે છે અને જન્મ આપતી વખતે તે બહુજ કસ્તાય છે,

હવસી જોડાંને એક એક સાથ લાંબો વાર સલાહ અથવા પ્યાર રહેતો નથી, તેઓમાં એકેક સામે ધિક્કાર ઉત્પન્ન થાય છે અને ઘણીક વખતે આવાં જોડાં એકેકથી છુટાં પડે છે. જે ભરથાર અને તેની બાયડી કંકાસ કરી છુટાછેડા કરે છે તેઓનો મોટો ભાગ આવા હવસને લીધેજ. હવસથી એકેકમાં ધિક્કાર ઉત્પન્ન થાય છે, કજીઓ કંકાસ ઉત્પન્ન થાય છે અને છેવટે એકેકથી છુટાં પડે છે, જ્યારે પ્યાર એકેકનો ચાહ વધારે છે, પોતાના સાથીની હાજરીથી આનંદમાં આવે છે અને એકેકને પોતેજ સમજે છે, જુદાં સમજતાં નથી અને તેઓનાં ઘરમાં શાંતી અને આનંદ વ્યાપી રહેલો હોય છે.

ડા. ફ્રાઉલર એ વિષે જણાવે છે કે "Forty years of specific observation compels this that excessive intercourse is the great cause of meritial alienation"—ચાલીસ વર્ષના એ બાબદના મારા ખાસ અવલોકનથી મને જાહેર કરવાની ફરજ પડે છે કે વારંવારની હવસી સંગતો પરણેલાં જોડાંને એકેકથી જુદા પાડે છે.

ભરથાર અને બાયડીને શરીરે અને મને આવી હાલતમાં હવસ લાવી મુકે છે એટલુંજ નહીં પણ ખરાબ છોકરાંની વેદના પણ તેઓને ખમવી પડે છે.

પ્યારથી દરેક સદ્દગુણો અને ઉત્તમ મનશક્તિ ખીલે છે, પણ હવસ તો મનને જાનવરી સ્થિતિમાં રાખે છે અને શરીરી જુસ્સા ઉશ્કેરે છે તેથી ઝનુની, ઘાતકી, અને જાનવર જેવાં બચ્ચાં પેદા થાય છે. તેઓમાં ખુશ મિજાજ, દયા, મમતા અને સારી રીતભાત માલમ પડતી નથી પણ ગુસ્સો, ઝનુન અને નિર્દયપણું માલમ પડે છે અને કેટલીક વખતે તો બેવકુફ જેવાં પેદા થાય છે, કારણ હવસથી જ્યારે બચ્ચાંનું બીજ ઉત્પન્ન થાય છે તે વખતે માબાપ ઉશ્કેરાયલાં અને ગુસ્સાવાળાં હોય છે તેથી બીજને પણ તેવીજ મતી મળે છે.

હવસથી ઉત્પન્ન થતાં બચ્ચાં કદરૂપાં અને દુઃખી દરદી પેદા થાય છે કારણ હવસ સઘળા જ્ઞાનતંતુને ઉશ્કેરે છે અને તેઓને નિયમીત કામકાજ કરવા દેતું નથી. હવસથી માબાપના માસરજ્જુમાં એવું તો અનિયમીત રીતે ખેંચતાણ થાય છે કે તેઓનો દેખાવજ જાનવરી લાગે છે અને તેઓનો દેખાવ આવો હોવાથી બચ્ચાંનો ઘાટઘટમ પણ કદરૂપો બને છે; કારણ બચ્ચાંનો ઘાટઘટમ તેઓનાં બીજની ઉત્પતિ વખતે માબાપનાં ઘાટઘટમના દેખાવપર આધાર રાખે છે.

હવે હવસથી ઉત્પન્ન થતાં બચ્ચાંના દાખલા તપાસ્યે. ૧૭૨૦ના સાલમાં ૯૫ વરસનો એક માણસ એક હવસી સ્ત્રી સાથે નહાસી ગયો કે જે વખતે તેની ચાર બાયડીઓ હૈયાત હતી. આ હવસી માણસની ઓલાદ દુર્ગુણી પેદા પડી. તેની પાંચમી પેઢીનો માણસ એક મોટો રાજદ્વારી માણસ હતો, પણ હજારો રૂપીઆ ખરાબ સ્ત્રીઓમાં ખુવાર કરતો હતો. ૬૦) વર્ષની ઉમ્મરે તો ખરાબ સ્ત્રીઓનાં ઘરો રાખતો હતો. ચઉદ વર્ષની ઉમ્મરે ૧૩ વર્ષની પોતાની કાકાની છોકરી સાથે પરણી બાપ થયો હતો. તેની સઘળી બેહેનો પરણ્યા અગાઉ માતા થઇ હતી, અને તેઓના બાપદાદા અને બેશીઓ સઘળાં હવસી હતાં. તેના છોકરાનો છોકરો બંદીખાને પડયો હતો અને તે આગ લગાડતાં બળી મુવો હતો. આ જાતના દાખલા પરથી માલમ પડે છે કે એક હવસી માબાપ પોતાની ઓલાદને પેઢી દર પેઢી દુર્ગુણી બનાવે છે.

રોમ શહેરનો રાક્ષસ "નીરો" કેમ પેદા થયો હતો? એ રાક્ષસે પોતાની માતા એગ્રીપીનાનો ઘાટઘટમ ઓલાદમાં લીધો હતો એટલુંજ નહીં પણ તેની મા જેવી દુર્ગુણી અને હવસી હતી તેવોજ દુર્ગુણો

તેનામાં હતાં. નીરોનો બાપ અહીનોબારબસ પણ દરેક રીતનો ગુનેહગાર હતો. એ બાપે ખુનો કીધાં હતા, મા બેન સાથે જનાકારી કીધી હતી, અને જબરો હવસી હતો, તેથી છેવટે આ રાક્ષસ નીરો જન્મ્યો. નીરોમાં જે જે દુર્ગુણો અને હવસો હતા તે બાપદાદાની ઓલાદથી ઉતરી આવેલા હતા. જો એક કુટુંબ દુર્ગુણમાંજ રહે અને ઓલાદ આવીજ રીતે પેદા થાય તો એવાં કુટુંબો છેવટે રાક્ષસો અને ખુનીઓ પેદા કરે છે.

આ પ્રકારના દાખલાઓ પરથી સાબેત થાય છે કે એક પરણેલા જોડાંએ સાચો પ્યાર એક એકમાં વધારવો અને હવસથી દુર રહેવું. સાચ્ચા પ્યારવાળું જોડું સુખી અને અને તંદરોસ્ત થશે અને સદગુણી બચ્ચાંથી ભાગ્યશાળી બનશે, જ્યારે હવસી અને પ્યાર વગરનું અને કજીયા કંકાસ કરનાર જોડું પોતાના ઘરને દોજખ જેવું બનાવશે, શરીરે અને મને દુઃખી થશે, તેમજ દુઃખી દરદી અને દુર્ગુણી બચ્ચાંથી અસંત હેરાન થશે.

પ્રકરણ ૭ મું.

માબાપનાં મનની જુદી જુદી સ્થિતીની બચ્ચાંની ઉત્પતિ પર થતી અસરો.

I give this advice, given by my predecessors, that no man should unite with his wife for issue except when sober; for those begotten while their parents are drunk more usually prove wine libbers and drunkards." *Plutarch.*

"મને મારા બાપદાદાથી મળેલી શિખામણ હું આપું છું કે કોઇ પણ પુરૂષે જ્યાં સુધી સાવધ મનનો હોય નહીં ત્યાં સુધી બચ્ચાં પેદા કરવા પોતાની બાયડીની સંગત કરવી નહીં કારણ માબાપે દારૂ પીધો હોય તે વખતે છોકરાં પેદા કરવાથી તેઓ દારૂ પીનાર અને છાકટ પેદા થાય છે." પ્લુતાર્ક.

આપણે છેલ્લાં પ્રકરણમાં દાખલા દલીલ સાથે તપાસ્યું કે પ્યારથી ઉતમ બચ્ચાં પેદા થાય છે અને હવસથી દુર્ગુણી બચ્ચાં પેદા થાય, માટે સારાં બચ્ચાં પેદા કરવાને બચ્ચાંનું બીજ ઉત્પન્ન કરતી વખતે મનની

સ્થિતી સારી અને આનંદી હોવી જોઇયે. જ્યારે શરીર તંદરોસ્ત હોય, મન શાંત હોય તેમજ સાચ્ચા પ્યારથી હળીમળી રહ્યું હોય ત્યારેજ સંગત કરી બચ્ચાંના બીજની ઉત્પતિ કરવી સજાવાર છે, નહીં તો બચ્ચું દુ:ખી, દરદી, અક્કલ વગરનું અને બેવકુફ જન્મે છે. જ્યારે મન શાંત ન હોય પણ તરેહવાર રીતે મનોવિકારમાં હોય તે વખતે બચ્ચાં કેવાં ખરાબ પેદા થાય છે તેના દાખલા તપાસ્યે.

માતાની ગમગીનીથી બચ્ચાંનાં માથામાં પાણી ભરાવાનું દરદ (Dropsy of the brain) થાય છે.

ડા. ફાઉલરના કહેવા પ્રમાણે જો એક માતા મુખ્ય કરી હમેશની વખતે આખો વખત દલગીર યા ગમગીનીમાં રહેતી હોય તો તેણીનાં બચ્ચાંના માથાંમાં પાણી ભરાય છે (Dropsy of the brain.) એવાં બચ્ચાંનું માથું બહુજ મોટું હોય છે અને તે નબળી મનશકિતનું હોય છે. જો એક ચાર વર્ષના બચ્ચાંનું માથું ૨૦ાા) ઇંચથી વધુ હોય તો તો ઘણું ખરૂં તેનાં માથાંમાં પાણી ભરાયલું હોય છે. આવાં બચ્ચાંનું માથું ગોળ આકારનું નથી હોતું પણ એ માથાંના કેટલાક ભાગ બહુ ઉપસી આવેલા હોય છે, જે ભાગ ઉપસી આપેલો હોય છે તેમાં પાણી ભરાયલું હોય છે. ઉંઘની વખતે માથાંમાંથી બહુજ પરસેવો થાય છે, જે વડે કુદરત તેના માથાંમાંથી પાણી બાહાર કાહાડવાની કોશેષ કરે છે. કોઇ વખતે આવું બચ્ચું બહુ હુશયારી દેખાડે છે ને કોઇ વખતે 'ઇડમટ' જેવું હોય છે. એવાં બચ્ચાંને અભ્યાસનો બોજો વધુ આપવો નહીં. પણ મોટી ઉમ્મરે શિખવવું જોઇયે. એજ તબીબ જણાવે છે કે મેં માથાંમાં પાણી ભરાયલાં હજારો બચ્ચાં તપાસ્યાં અને મને માલમ પડયું કે તેઓની માતાની ગમગીનીની અસરથી આ હાલત થાય છે. એ ગમગીની કાંઇ તેઓનાં વ્હાલાંના મરણથી અથવા તો કોઇની ભયભીત માંદગીથી અથવા તો કોઇ સંસારી આફતોથી થાય છે. માતા જ્યારે બહુજ ગમગીન અને દલગીરીમાં હોય ત્યારે તેણીનું માથું તાવથી ગરમ થાય છે. આપણે સાધારણ રીતે જોઇયે છીયે કે જ્યારે એક માણસ બહુજ ગમગીન અથવા દલગીર થાય છે ત્યારે તેનું માથું ગરમ થાય છે અને તે વારંવાર માથાંને ઠંડા પાણીથી ઠંડુ કરવાની કોશેષ કરે છે, આવી સ્થિતીમાં માતાનું મસ્તક ગરમ થાય છે, તાવ આવે છે જેની ગરમીથી માથાંમાંનું પાણી બહાર નિકળે છે. આવી વખતે જ્યારે પેટમાં બચ્ચું

હોય છે તો તેના માંથાને અસર થાય છે કારણ આપણે ઘણા દાખલાઓથી તપાસ્યું છે અને હવે પછી પણ કેટલા વધુ દાખલા તપાસીશું, જેમાં માતાના શરીરના જે ભાગને દુઃખ દરદ થાય છે તેજ મુજબ બચ્ચાંના તે ભાગોને તેજ પ્રકારની અસર થાય છે. તેથી માતાની ગમગીનીથી જ્યારે તેણીના માથાંમાં પાણી ભરાય છે ત્યારે બચ્ચાંના માથાંમાં પણ તેવીજ અસર થાય છે. કેટલીક વખતે માતાની ફીકર અને ગમગીનીથી બચ્ચાં કવખતે મરણ પામે છે.

એક ખુશમીજાજી માતા 'બૅાલ'માં જવાની હતી જેથી તેનું અઢાર માસનું બાળક કંટાળો ન આપે તેથી ઉંઘમાં રાખવાની દવા તેણીએ આપી પણ કમનસીબે દવાનો ભાગ મોટો આપવાથી પોતાની ભુલથી તે બચ્ચાંનું મરણ નીપજ્યું. ઘણુંજ ખુબસુરત અને વહાલાં બચ્ચાંનું પોતાની ભુલથી મોત નીપજેલું જોઇ પેલી માતા બહુજ ગમગીનીમાં રહેતી હતી. આવા ગમગીનીનાં વખતમાં બીજા બચ્ચાંની વૃદ્ધિ થઇ પણ માતાની ગમગીનીની અસરથી આ બચ્ચું પણ બે વર્ષની ઉમ્મરે ભેજાંની તાવથી મરણ પામ્યું. તેણીની ગમગીની બહુજ વધતી જતી હતી તેવામાં વળી ત્રીજાં બચ્ચાંનું પેદા થવું થયું જેનાં ભેજાંમાં પાણી ભરાયલું હતું. કારણ બીજાં બચ્ચાંનાં મરણથી માતા બહુજ દલગીરીમાં રહેતી હતી. આ બચ્ચું બહુજ ચીરડાઉ, જીદ્દી અને કોઇનાથી આંકોધમાં રહી ન શકે તેવું હતું. તે દાંત ફુટવાની વેદનામાં મરણ પામ્યું. આ બચ્ચાંના મરણથી વળી નિરાશ અને દલગીરીમાં પેલી માતા રહેતી હતી તેવામાં ચોથાં બચ્ચાંનું પેદા થવું થયું, તે બહુજ નબળું અને ભેજાંમાં પાણી ભરાયલું જન્મ્યું હતું. સઘળી સંભાળ છતાં બે વર્ષનું થાય એટલામાં મરણ પામ્યું. આની દલગીરી અને નિરાશીમાં પેલી માતા મરણ પામી. આ સઘળાં બચ્ચાંનાં મરણનું કારણ પેલાં પહેલાં બચ્ચાંનાં મરણથી માને જે દલગીરી ઉત્પન્ન થઇ હતી તે હતું. કેટલીક માતાનાં બચ્ચાં જીવતાં નથી તેનું કારણ તેઓની પોતાની દલગીરીભરી સ્થિતિજ હોય છે, જે આ દાખલા પરથી સાબેત થાય છે.

એક જુવાન પરણેલાં જોડાંએ એક જંગલમાં પોતાનું રહેઠાણ કીધું હતું. આવી જંગળ જેવી જગામાં તેઓની આસપાસ કોઇ રહેતું હતું નહીં. પેહેલું વરસ હોવાથી અનાજ ઉગેલું નહીં હોવાથી તેઓને ગુજરાનને માટે ખોરાકી પુરતી હતી નહીં તેથી તેઓ માનમાન ઝાડનાં

સુખ્યાં અને છાળ કાપી પોતાનું જેમ તેમ ગુજરાન કરતાં હતાં. આવી ભુખે મરતી હાલતમાં તેઓને ત્યાં છોકરો પેદા થયો તે માબાપની મુસીબતને લીધે શરીરે અને મને નબળો, નિરાશ દેખાવનો બરીયલ અને બદહજમીથી પીડાતો હતો. બીજે વર્ષે ત્યાં ઘણાં લોકો રહેવા આવ્યાં અને તેઓને ત્યાં અનાજનો પાક બહુ સારો નિકળ્યો જે વેચવાથી ૩૦૦૦) ડૉલરનો નફો થયો અને તેઓને ત્યાં દરેક રીતની આબાદી અને સુખ થયું; આવી સુખી હાલતમાં તેઓને ત્યાં બીજું બાળક પેદા થયું જે ખુબસુરત ઉમદા દેખાવનું, જોરેમંદ, ચાલાક અને બુદ્ધિમાન થયું, અને દરેક કામ તે છોકરો માથે લેતો તે ફતેહમંદીથી પાર ઉતારતો. તેની માતા તેના મોટા ભાઇની બીમાર હાલતનું ઉપલું કારણ તેને જણાવ્યું હતું, અને જ્યારે તેણી મરવા સુતી ત્યારે પોનાના નાના સુખી છોકરાને પેલા બીમાર વડા છોકરાની સંભાળ લેવાને માટે સોંપી ગઇ.

આગળ ચાલતાં આપણે બીજા ઘણાં દાખલા તપાસીશું:—

"Children begotten during the horrors of the French Revolution are weakly nervous and irritable in mind, extremely susceptible, and liable to be thrown by the least excitement into absolute insanity" Esqurol.

આ લખનાર એમ જણાવે છે કે ફ્રાન્સ દેશની રાજદ્વારી ઉઠલ-પાથલના ભયાનક વર્ષમાં જે બચ્ચાં પેદાં થયાં હતાં તે બચ્ચાં નબળાં જ્ઞાનતંતુના, ચીરડાઉ સ્વભાવનાં, બહુંજ તીક્ષ્ણ લાગણીના, અને જરા પણ ગુસ્સે કરવામાં આવતાં ઘેલાં દિવાના બની જાય તેવાં હતાં.

જાણીતો કવિ શેક્સપિયર પણ એક ઠેકાણે એ વિષે પોતાનો વિચાર કવિતામાં જાહેર કરે છે કે:—

"Come on, ye coward; ye were got in fear."

"હ્યાં આવો, હે હિચકારાઓ, તમે ધાસ્તીમાં પેદા થયા હતા."

ડા. ફાઉલર લખે છે કે "ખરાબ સ્વભાવના છોકરાં પેદા થવાનું એક મોટું કારણ તેઓની માતાનો પોતાનો ચિરડાઉ સ્વભાવ છે. જે કદરૂપો છોકરો પોતાની બહેનોને ખિજવે છે, પોતાના મિત્રો સાથે મારા-

મારી કરે છે, પોતાની માતાને અપમાન કરે છે, જાનવરોને ઘાતકી રીતે દુઃખ દે છે, ગાળો દે છે અને કજીઓ કંકાસ કરે છે તે જેટલો ખરાબ છે તેટલોજ આપણી દયાને પણ લાયકનો છે. જેટલા પ્રમાણમાં સફેદ કોહોડ અથવા કેનસર નામનું દરદ વારસામાં મેળવે તેટલોજ દયાજનક છે. તે પોતાની માને પજવે છે તો શું થઇ ગયું, તેણી જે ખરાબ સ્વભાવને માટે તે છોકરાને શિક્ષા કરે છે તેવાજ ખરાબ સ્વભાવથી તેણીએ શું તેને પેદા કીધો નથી? જે ગરમ કપડાંને તેણીએ પોતાને હાથે પાકટ રંગ ચઢાવ્યો તેને બતા વડે ઝુંડવાથી શું ફાયદો? તે બચ્ચું તો તેના ખરાબ સ્વભાવનો ભોગ થઇ પડયું છે, તેણી તેનો કર્તા છે. તેથી તેણીએ પોતાને શિક્ષા કરવી જોઇએ અથવા તેણીએ સહન-શકિત વાપરી તે બચ્ચાં સાથે દયાથી વર્તવું જોઇયે."

હાલના જવાન્યાઓમાં આપઘાતની બદી અને તેનું કારણ.

જો માબાપ ચિરડાઉ સ્વભાવનાં હોય છે અથવા દલગીરી અને ગમગીનીમાં બચ્ચાં પેદા કરે છે તો ચિરડાઉ સ્વભાવનાં, ગુસ્સાવાળાં, અને જરા પણ દુઃખ ખમી ન શકે તેવાં પેદાં થાય છે. હાલમાં ચાલુ ગરીબી વધે છે, ગુજરાંનનાં સાધનો ઘટે છે તેમાં વળી સ્ત્રીઓ પોષાકમાં વધુ ખરચાળુ બની છે, અને સારો પોષાક મળતો નથી તો વધુ ચિરડાઉ બને છે. ગુજરાંનના સાધનો બહુ મુશ્કેલીથી મળતાં હોવાથી માબાપોને ફીકર ચીંતામાં રહેવું પડે છે એવા તંગીના વખતમાં જે છોકરાં પેદા થાય છે તે ચિરડાઉ સ્વભાવનાં, અને શરીરે અને મને નબળાં હોય છે તેમાં વળી અભ્યાસના બોજા હેઠે કચડવામાં આવે છે જેથી આ બચ્ચાં કેટલું દુઃખ વેઠી શકે? તેઓ શરીરે નબળાં અને મને દુઃખ સહન કરી શકતાં નથી, તેથી દિવાના બને છે અથવા આપઘાત કરે છે. માબાપો આવી ગમગીન અને ફિકર ચીંતાના વખતમાં દલગીર મનથી બચ્ચાં પેદા કરે છે તેથી બચ્ચાં શરીરે અને મને નબળાં પેદા થાય છે અને તેથી જીંદગીની લડતમાં વધારે દુઃખ સહેવવાની શકિત ધરાવતા ન હોવાથી આપઘાત કરે છે.

માટે માબાપની ફરજ છે કે બચ્ચાંને પેદા કરતી વખતે અને તેની વૃદ્ધિને વખતે મનને શાંત તેમજ ફિકર ચીંતાથી મોકળું રાખવું. ગમગીનીના વખતે અને પૈસા ટકાની મુસીબતોની વખતે બચ્ચાં પેદા કરવાં

સંભાવાર નથી. આવા વખતમાં શરીરે અને મને નબળાં બચ્ચાં પેદા કરી પોતાનાં દુઃખમાં ઉમેરો કરે છે. જો બચ્ચાં પેદા કરવાં હોય તો ફિકર ચીંતાથી દુર રહેવું અને મન પર કાબુ રાખી મનને આનંદમાં રાખવાની કોશેશ કરવી.

બાપની મનની ખરાબ સ્થિતિથી બચ્ચાંની ઉત્પતિ પર થતી ખરાબ અસરો.

બચ્ચાંની ઉત્પત્તિ એક બાપ થોડીક પળમાં કરે શકે છે. બચ્ચાંની ઉત્પત્તિનાં કાર્યમાં બાપ થોડી પળનો હીસ્સો આપે છે જ્યારે એક માતા તો નવ મહિના બચ્ચાંને પેટમાં પોષણ આપે છે તે છતાં બાપનાં મનની અસર બચ્ચાંની ઉત્પત્તિપર દરેક રીતે ઘણી બળવાન હોય છે.

એક વહાણનો નાખુદા (captain) કોઇ પણ દિવસ દારૂ પીતો ન હતો. પણ તેનાં લગ્નના દિવસે પોતાનો બુજોર્ગ કાકો જે તેને પાળતો હતો તેણે જીદ કરી આ જવાનને દારૂ પાયો જે પીવાની ફરજ પડી. થોડા વખતમાં આ જવાનને દારૂ ચઢવા માંડયો અને ખુશાલીમાં નાચવા કુદવા મંડયો. મનની આવી સ્થિતીમાં બચ્ચાંનાં બીજની ઉત્પત્તિ થઇ અને બીજી સહવારે વહાણ સાથે ઉપડી ગયો. નવ મહિના પછી તેને ત્યાં છોકરી આવી જે વારંવાર જે પ્રમાણે તેનો બાપ લગનને દીવસે કરતો હતો તેજ પ્રમાણે કાંઇબી કારણ વગર નાચવા કુદવા માંડતી અને ખુશાલીના પોકાર કરતી. આ બદગુણી બાપે પેલા કાકાના કહેવાથી દારૂ પીધો અને થોડો વખત આવી સ્થિતિમાં તેની છોકરી આખી જીંદગી સુધી રહી. ચોકસ વખતની માબાપની મનની ખરાબ સ્થિતી બચ્ચાંને આખી જીંદગી સુધી તેવી સ્થિતીમાં રાખે છે. કેટલાંક માબાપનું પેહેલું છોકરૂં 'ઇડીયટ' જેવું બેઅકલી પેદા પડે છે તેનું કારણ એજ કે લગનને દિવસે દારૂ પી ખુબ ખાઇ બહુ ખુશાલીમાં આવી જાય છે અને પોતાના મનનો આંકોશ રાખી શકતા નથી અને મનની આ સ્થિતીમાં બચ્ચાંનું બીજ ઉત્પન્ન કરવાથી બચ્ચું 'ઇડીયટ' જેવું બેવકુફ જન્મે છે. અને આખી જીંદગી સુધી માબાપને વેદના ખમવી પડે છે; માટે લગન જેવા ખુશાલીના વખતે ખાવા પીવામાં મિતાહારીપણું રાખી મનનો આંકોશ ખોઇ દેવો નહીં! આપણે ઉપલા દાખલા પરથી જાણ્યું કે દારૂથી અથવા બદહજમી થાય તેવું ખાઇ બચ્ચાંના બીજની ઉત્પતિ કરવામાં આવે છે

તો છોકરાં દિવાના અને બેઅકલી પેદા પડે છે માટે આવી હાલતમાં છોકરાંને પેદા કરવું નહિ. બચ્ચાં ખરાબ જન્મે છે એટલુંજ નહિ પણુ માબાપની તંદરોસ્તી પણુ બગડે છે.

ડાયોજીનીશ (Diogenes) નામનો ફીલસુફ એક વખતે એક ચકડોલ, બેવકુફ માણુસને કહેતો કે "Thy father begot thee when drunk" તારા બાપે છાકટ હાલતમાં તને પેદા કીધેલો લાગે છે. વિદ્વાન પ્લુતાર્ક (Plutarch) લખે છે કે કોઇ પણુ પુરૂષ જ્યાંસુધી સાવધ મનનો હોય નહિ ત્યાં સુધી બચ્ચાં પેદા કરવા પોતાની બાયડીની સંગત કરવી નહિ કારણુ માબાપે દારૂ પીધો હોય તે વખતે છોકરાં પેદા કરવાથી તેઓ દારૂ પીનાર અને છાકટ પેદા થાય છે.

વળી ગુનાહ ભરેલું પાપી અથવા અપ્રમાણીક કામ કીધું હોય અને અંતઃકરણુ ડંખતું હોય તે વખતે બચ્ચાંના બીજને પેદા કરવું નહીં, નહીં તો બચ્ચાં ગુનેહગાર અને પાપી પેદા પડે છે.

એક ગ્રહસ્થ બેંકમાં મોટા ઓહ્દાપર હતો અને તેનું કુટુંબ બહુ સારૂં માન પામેલું હતું. પાછળથી આ માણુસને ધંધામાં બહુજ નુકસાનીમાં આવવું પડયું. આવા વખતમાં સદંતર પાયમાલ થવું અથવા તો ખોટી સહી કરી બેંકમાંથી રૂપિયા વાપરવા એવા સંજોગમાં તે આવી પડયો. પોતાનાં પ્યારા કુટુંબને સારી હાલતમાંથી પોતાની ભુલથી પાયમાલીમાં રાખવાને તેણે ઠીક વિચાર્યું નહીં અને તેથી ખોટી સહીઓ કરી રૂપીયા મેળવી ગુજરાણુ કરતો હતો. તેનો બેંકમાં મોટો ઓધ્ધો હોવાથી તેનો આ ગુનાહ કોઇને જણુાયો ન હતો. ગુનાહ ભરેલાં મન અને ડંખેલ અંતઃકરણુની વેદનામાં આ બાપે એક બચ્ચાંને પેદા કીધું. આ છોકરાને નિશાળે મુકયું ત્યારે નિશાળમાં કાંઇ શીખે નહીં અને છોકરાઓના પૈસા અને ચોપડીઓ ચોરી જાય તેથી તેના માસ્તરે કંટાળીને તેના બાપને બોલાવી મંગાવી સઘળી વાત કહી. તેના બાપે પોતાની આંખમાં આંસુ સાથે પોતાની બેંકમાં કીધેલા ગુનાહ ભરેલાં કામની સઘળી વાત કહી અને બોલ્યો "મારો આ ગુનાહ આજ સુધી કોઇ જાણુતું નથી, પણુ ઇનસાફી ખુદાએ મારા પાપનો બદલો આ બચ્ચાંમાં આપ્યો છે જેની શિક્ષા હું હવે ખમું છું. મારી આખી જીંદગી પ્રમાણીકપણે કાહાડી હતી, પણુ ખરાબ સંજોગથી આમ કરવાની

ફરજ પડી હતી. મારી પ્રમાણીક મનની સ્થિતીના વખતનો મારો પહેલો છોકરો કેવો હોશિયાર અને સદ્ગુણી છે જ્યારે પાપી અંતઃકરણ વખતે આ બીજા છોકરાને પેદા કીધાથી કેવો દુર્ગુણી નિવડયો ? એ કુદરતનો ઇનસાફ છે અને હું ખમું છું."

એલબર્ટ ઓલસતોન પોતાના પુસ્તક ('Mind power' P. 169) માં લખે છે કે તેના એક મિત્રે માબાપનાં પાપો ઓલાદમાં કેમ ઉતરે છે તેની એક ખરી બનેલી વાત નીચે પ્રમાણે કીધી હતી.

તેના મિત્રના એક વડવાએ પરણ્યા પછી પોતાને પેટે કાંઇબી છોકરાં હતાં નહીં તે વખતે, પોતાની બાયડીને વહાણમાંથી દર્યામાં નાંખી દઇ ડુબાડી દેવાની કોશેશ કીધી. તેણીને દર્યામાં નાંખી દીધી કે તુરત તેણીએ વહાણની કીનારી પોતાના હાથોનાં આંગળા વડે પકડી રાખી. પેલા ખુની ભરથારે તેણીના સઘળાં આંગળાં કાપી નાંખ્યા. તે છતાં તેણીને બીજાઓએ બચાવી લીધી. ત્યાર પછી તેઓને પાછી સલાહ થઇ અને કેટલાંક છોકરાં તેઓને ત્યાં જન્મ્યાં. અજાયબ જેવું એ હતું કે જેટલાં છોકરાં તેઓને ત્યાં જન્મ્યાં તેટલાં બધાનાં હાથના આંગળાં હતાં નહિ, જ્યારે છોકરીઓને સંપુર્ણ હાથો હતાં. ત્રણ પેઢી સુધી કોઇ પણ છોકરો આંગળાંવાળો જન્મ્યો નહીં જ્યારે દરેક છોકરીને સંપુર્ણ હાથો હતા. છોકરાના છોકરા વિષે મારો મિત્ર જણાવે છે કે એજ પ્રમાણે તેઓનાં ચાર છોકરાં આંગળાં વગરનાં પેદા થયાં હતાં.

ગુનાહ ભરેલાં કામની યાદ ઓલાદમાં કેવી ઉતરે છે ? એ યાદ દરેક છોકરાના બીજમાં કેવી અસર કીધી હતી ? મનુષ્ય જાત જે જે પાપો કરે છે તેની સજા આ રીતે થાય છે. કોઇ સજા કરવા આવતું નથી પણ આપણું પાપી અંતઃકરણ ઓલાદ અને બીજી બાબદોમાં શિક્ષા કરે છે. માટે કાંઇ ગુનાહ થયો હોય અને અંતઃકરણ ડંખતું હોય તે વખતે છોકરાંને પેદાં કરવાં નહીં, પણ મન શાંત અને આનંદમાં રાખી બચ્ચાં પેદાં કરવાં.

બાપની જુદી જુદી મનશકિત ઉશ્કેરાયલી હોય તો તે બચ્ચાંમાં પણ ખીલેલી માલમ પડે છે.

ફીલાડેલફ્યાના એક લુહારને ત્યાં ઘણીજ બુધ્ધિમાન અને હુશિયાર છોકરી હતી જેનો બાપ આ છોકરીને પેદા કરતી વખતે મનની કેવી

સ્થિતિમાં હતો તે નીચે પ્રમાણે જણાવે છે:—આ છોકરીના જન્મની એક વર્ષ અગાઉ વરાળથી ચાલતું એક વહાણ બનાવવાને તે ખંતથી રોકાયો હતો. આ વહાણની યોજના રચવા અને બનાવવાને ભેજાને એટલું બધું ઉશ્કેરવું પડતું હતું કે કપાળ અને લવણું (temple) જ્યાં મસ્તક રેખાની વિદ્યા પ્રમાણે યોજના કરવાની અને કારણ શોધવાની શક્તિઓ (Construction and Causality) નું રહેઠાણ છે તે ભાગો એટલાં તો ગરમ થઇ જતાં કે ઠંડા કરવા એ ભાગોપર વારંવાર પાણી લગાડવું પડતું હતું. મનશક્તિ જે વખતે ઉશ્કેરાયલી હતી તે વખતે પેલા બાપે પેલી છોકરીનું બીજ પેદા કીધું. આ છોકરી ઉમરે પુગી ત્યારે તેણીનું માથું ૨૩ ઇંચ જેટલું મોટું હતું અને કપાળ અને લવણું (temple) નો ભાગ જે પેલા બાપે મનશક્તિ ખુબ વાપરવાથી ગરમ થયા હતા, તેજ ભાગો આ છોકરીમાં વધારે ખીલેલા માલમ પડતા હતા. આ દાખલા પરથી માલમ પડે છે કે બચ્ચાંનાં બીજને પેદા કરતી વખતે બાપની જે મનશક્તિ વધુ ઉશ્કેરાયલી હોય તે બચ્ચાંમાં પણ ખીલેલી માલમ પડે છે.

સુથાર લુહારોને ત્યાં પેદા થતાં વિદ્વાન છોકરાં.

આપણે ઘણીક વખતે જોઇએ છીએ કે કેટલાક વિદ્વાન પુરૂષો સુથાર, લુહારો, અથવા તો ખેડુતોના છોકરા હોય છે. તવારીખમાં એવા દાખલાઓ ઘણા માલમ પડે છે. આવા હલકા ધંધા કરનારને ત્યાં આવા ફીલસુફો અને શોધકો પેદા પડવાનું કારણ શું ? આપણે હમણાંજ એક લુહારને ત્યાં અદ્ભુત મનશક્તિ ધરાવનારી છોકરી પેદા થઇ તે વિષે જાણી ગયા છીએ. આ પ્રકારના દાખલા પરથી માલમ પડે છે કે કેટલીક વખત સુથાર, લુહારને નવા દાગીના બનાવવાને માટે યોજના કરવાની, કારણ શોધવાની, અવલોકન કરવાની, સંપુર્ણ અને સુંદર બનાવવાની વગેરે શક્તિ ખુબ વાપરવી પડે છે. આવી રીતે જ્યારે મનશક્તિઓ ઘણી તેજ થયલી હોય તેવામાં સંગતથી બચ્ચાંનું બીજ ઉત્પન્ન કીધું હોય તો તે બચ્ચાંમાં આ શક્તિઓ જન્મથી બહુજ ખીલેલી હોય છે અને જો થોડી તક મળતાં શક્તિ સારી રીતે ખીલે છે અને તે બચ્ચું મોટું થતાં વિદ્વાન થાય અથવા મોટો શોધક થાય છે. આવીજ રીતે આપણા કેટલાક મહાન નરો સુથાર, લુહાર વગેરેને ત્યાં પેદા થાય છે.

પ્રકરણ ૮ મું.

હમેલવાળી સ્ત્રીનાં શરીર અને મનની બચ્ચાંપર અસરો. હમેલવાળી સ્ત્રી મરજી પ્રમાણેનું બુધ્ધિમાન બાળક પેદા કરી શકે છે.

જોસફ કુક (Joseph Cook's "Heredity" P. 167) લખે છે કેઃ—"A form of heredity which may be called pre-natal is observed where good or bad, fortunate or unfortunate influences which have powerfully affected the mother as such, are exhibited in good or bad results of the greatest importance in the life of offspring"—જ્યારે બચ્ચું પેટમાં હોય છે ત્યારે માતાની ઉપર નસીબવંત અથવા કમનસીબ બનાવો અસર કરે છે તો તે સારા અથવા માઠાં પરીણામ તરીકે બચ્ચાની જીંદગીમાં બહુ અગત્યનો ભાગ બજાવે છે.

હમેલ રહયા પછી એક માતાનાં મન અને શરીરની જેવી સ્થિતી હોય તેવીજ બચ્ચાંપર અસર કરે છે. એ વખતે બચ્ચાંનાં એક પછી એક અવયવનું બંધારણ થતું હોય તે વખતે ધારતી અથવા ગુસ્સો ઉત્પન્ન થાય તો તે અવયવ નબળો અને કદરૂપો બને છે, અને શાંત રીતે જો બચ્ચાંનું બંધારણ થાય છે તો બચ્ચાંનો ઘાટઘટમ સારો થાય છે અને તંદરોસ્ત બને છે.

હમેલવાળી સ્ત્રીનું મન એટલું તિક્ષણ હોય છે કે કોઇબી પ્રકારના દેખાવોનો છાપ તેણીનાં મનપર પડે છે તો તેની બચ્ચાંપર અસર કરે છે. હાલ તુરત થોડાક આવા દાખલા રજુ કરીશું ત્યાર પછી હમેલવાળી સ્ત્રીનું મન કેવી રીતે બચ્ચાં પર અસર કરી શકે છે તેના કારણોની દલીલો રજુ કરીશું.

ડા. ઓરમેરોદ (Ormerod) એક દાખલો આપે છે કે હમેલવાળી સ્ત્રીનાં જમણાં હાથનાં બે આંગળાંને ઇજા થઇ હતી તેથી જ્યારે બચ્ચું જન્મ્યું ત્યારે તેના પણ તેજ બે આંગળાં અસંપુર્ણ માલમ પડયાં.

બોસટનમાં એક બચ્ચું વાંદરા જેવું જન્મ્યું કારણ એટલુંજ કે તેની માતા હમેલવાળી હતી ત્યારે એક વાંદરો તેણીની ઉપર કુદી આવ્યો જેથી ધાસ્તી ખાધી અને બચ્ચું વાંદરા જેવું જન્મ્યું.

ડા. ચેપીન એક સુવાવડ વેળા બર્મીંગટનમાં હાજર હતો તે વખતે તેણે એક સ્ત્રીનાં બચ્ચાંને મુર્તીના આકારનું જન્મેલું જોયું, કારણ તે માતાએ એક મુતિં ખુબ ધ્યાનથી જોઇ હતી જે છાપ તેણીનાં મગજપર બહુ મજબુત પડયો હતો.

એક હમેલવાળી સ્ત્રીએ પોતાના ભરથારનું એક આંગળું કુહાડી વડે કપાઇ જતું જોયું જેથી તેનાં મનપર એવી તો અસર થઇ કે જ્યારે બચ્ચું જન્મ્યું ત્યારે તેનું એક આંગળું છુટું પડેલું હતું.

એક હમેલવાળી સ્ત્રીએ તે મોસમનું 'ચેરી' નામનું ફળ ઝાડ પરથી તોડવાની ઘણી તજવીજ કીધી પણ ઉંચે હોવાથી હાથમાં આવ્યું નહીં પણ મોંહ ઉપર રાખી આંખોવડે ટીકીને જોઇ પેલી 'ચેરી'નું ફળ તોડવાની જે કોશેશ કીધી તે ચેરી બરાબર તેણીના કપાળ ઉપર હતી તેથી તેણીની છોકરી જન્મી જેનાં કપાળ પર પણ લાલ 'ચેરી' નાં જેવોજ છાપ પડયો હતો. વિદ્વાન એરીસટોટલ (Aristotle) ની ચોપડીમાં પણ રાક્ષસી બચ્ચાંના જન્મોના કેટલાક દાખલા આપ્યા છે જે હવાં રજુ કરૂં છું. એક બચ્ચું જન્મ્યું તે પગથી તે માથા સુધી વાળથી ભરેલું હતું. વધારે ભયભીત તો એ હતું કે આપણું જ્યાં મોંહ હોય છે ત્યાં તેની આંખ હતી અને હડપચી હોવી જોઇએ ત્યાં મોંહ હતું. આ બચ્ચું નરજાતિનું હતું અને આશરે ૧૫૯૭ નાં સાલમાં પ્રોવેન્સ (Provence) ના એક ગામડાં અરલીસ (Arles) માં જન્મ્યું હતું. તે બચ્ચું થોડાક દિવસ જીવ્યા બાદ મરણ પામ્યું. એ ગામડાનાં કેટલાંક વહેમી લોકો અપશુકન તરીકે માનતા હતા અને જણાવતા કે પાછળથી જ્યારે તે દેશના રાજની ખાના ખરાબી થઇ - તેની ચેતવણી તરીકે આ બચ્ચું જન્મ્યું હતું. આ બચ્ચું જન્મવાનું કારણ આપ્યું નથી પણ એમ ધારવામાં આવે છે કે આ બચ્ચાંની માતા હમેલની વખતે રીંછ જેવા વાલવાળા જાનવરથી બહુ બીધી હોવી જોઇએ અથવા તો એવા રીંછનો છાપ મનપર કોઇબી રીતે બહુ મજબુત પડયો હોવો જોઇયે.

એવું કહેવામાં આવે છે કે ઇટલીના એક ગામડાં રાવેનાં (Ravenna) માં આશરે ૧૫૬૯ માં એક વિચિત્ર બચ્ચું જન્મ્યું હતું

જેને હાથની જગાએ પક્ષીઓની માફક બે પાંખ હતી. આવું બચ્ચું જન્મવાનું કારણ એમ જણાય છે કે આપણે અગાડિનાં કેટલાંક ચિત્રો જોઇએ છીએ જેમાં ફીરેસ્તા અને પરિયાંઓને પાંખવાળાં ચિતરવામાં આવે છે, આવાં ચિત્રોનો છાપ આ બચ્ચાંની માતાનાં મનપર હમેલની વખતે મજબુત પડયો જેથી બચ્ચું પાંખવાળું જન્મ્યું હોય. આપણે વારંવાર વાંચીએ છીએ કે હીંદુઓમાં કેટલીક વખતે બચ્ચાં જન્મે છે તેને બે માથાં, ચાર હાથ, કપાલ પર આંખો વગેરે હોય છે તેનું કારણ એ માલમ પડે છે કે હિંદુ સ્ત્રીઓ હમેલની વખતે કેટલીક મુર્તિઓની પૂજા કરે છે, જેથી તે મુર્તિના છાપનું બચ્ચું જન્મે છે.

આ સઘળા દાખલાઓ પરથી માલમ પડે છે કે હમેલની વખતે એક માતાનાં મનપર કાંઈ પણ છાપ અથવા વિચિત્ર દેખાવ મજબુત અસર કરે છે તો બચ્ચાંપર પણ તેવીજ અસર થાય છે. માટે હમેલવાળી સ્ત્રીના કોઇ એવા વિચિત્ર અને ખરાબ દેખાવો જોવામાં આવે તો તે દેખાવની મનપર અસર થવા દેવી નહિ, તુરત કહાડી નાખવા અને એવા દેખાવને બદલે તુરત કાંઇ સારા દેખાવો અને ચિત્રો જોવાં કે જેથી પેલા દેખાવ મનમાંથી નિકળી જાય અને અને સારા દેખાવો અને ચિત્રોની સારી અસર થાય.

એક હમેલવાળી સ્ત્રીને 'જીન' દારૂ પીવાનો શોખ થઇ આવ્યો, પણ તેણીની આટલી બધી મરજી છતાં 'જીન' દારૂ મળી શકયો નહિ. તેણીનું બચ્ચું જન્મ્યા પછી ચાલુ ૭ અઠવાડિયાં સુધી રડયા કીધું પણ જયારે તે બચ્ચાંને થોડોક 'જીન' દારૂ આપવામાં આવ્યો કે તુરત રડતું મુગું રહ્યું અને તંદરોસ્ત બન્યું હતું. તેથી હમેલવાળી સ્ત્રીને ખાવાનો અથવા કાંઇબી રીતનો શોખ થાય તો તે પુરો પાડવો જોઇએ, નહીં તો તેણીને અને તેના બચ્ચાંને હેરાન થવું પડે છે.

એક છાકટ માણસની બાયડી જણાવે છે કે મારાં જુદાં જુદાં છોકરાંઓમાં જુદા જુદા સ્વભાવ અને ખાસિયતો છે તે હમેલની વખતે મારાં મનની જે સ્થિતિ હતી તેવાં જન્મ્યાં છે. મારૂં પેહેલું બચ્ચું પેટમાં હતું ત્યારે હું ઘણી સુખી હતી અને તેથી મારૂં પહેલું બચ્ચું ખુબસુરત અને સારા મળતાવડા સ્વભાવનું જન્મ્યું પણ મારૂં બીજું બચ્ચું પેટમાં હતું તે વખતે મારો ભરથાર દારૂ પીવા લાગ્યો જે મને

પસંદ હતું નહીં અને મને દલગીર અને ગમગીન બનાવી દીધી હતી. બીજું બચ્ચું મનની તેવીજ સ્થિતિ દેખાડે છે. ત્યારપછી મારા ધરથારનાં છાકટપણાંથી પૈસાની તંગીમાં આવી પડી, તદન પૈસે ટકે લાચાર થઇ ગઇ, જે સ્થિતીમાં મારો સ્વભાવ જે રમુજી હતો તેને બદલે ગમગીન નિરાશ અને દલગીર ગયો, તે સ્થિતીમાં બચ્ચું પેદા થયું તે એવીજ મનની ગમગીન સ્થિતિનો સ્વભાવ દેખાડે છે. જે બચ્ચાં મારા પેટમાં હતાં તે વખતે મારાં મનની જેવી સ્થિતિ હતી તેવાંજ સ્વભાવનાં મારાં બચ્ચાં પેદા થયાં છે."

હમેલવાળી સ્ત્રીએ ગુસ્સે થવું નહીં. નહીં તો બચ્ચાં ઝનુની થવાનો રહેતો સંભવ.

એક ઘણુંજ નરમ અને મળતાવડા સ્વભાવનાં માબાપને ત્યાં ઝનુની અને ચિરડાઉ છોકરો પેદા પડયો, એટલા સુધી કે એક વખતે આ છોકરો ચિરડાયલો હોવાથી જમીન પર પડેલાં બુટની જોડીને અને ભીંતને લાત મારતો હતો તેથી તેના ભાઇએ સમજાવી પતાવીને એમ કરવા ના કહ્યું જેથી તેને એક લાત મારવાથી તેનો બાપ વચમાં પડયો, તેથી છોકરો પોતાના બાપને મજબુત રીતે લાત મારવા લાગ્યો. આવો ચિરડાઉ પેદા પડવાનું કારણ પુછતાં તેનાં બાપે જણાવ્યું, કે જ્યારે તે માતાનાં પેટમાં હતો તે વખતે (Lee) ના લશકરી સિપાઇઓ અમારાં ધરપર હુમલો કરવા આવ્યા અને સઘળું લુટફાટ કરવા માંડયું. મારી બાયડીને હમેલ હોવાથી તેણીએ લશકરી સિપાઇઓને તેણીને બચાવવાને બહુ સમજાવ્યા, પણ માન્યું નહીં તેથી તેણી એવી તો ગુસ્સે થઇ કે પેલા સિપાઇઓને લાત મુકી સાથે મારવા લાગી. આવી માર-મારી પછી થોડા દિવસમાં એ છોકરાનો જન્મ થયો પણ તેની માતએ જે મારામારી કીધી હતી તેની અસરથી આ છોકરો એટલો ચિરડાઉ અને ઝનુની પેદા પડયો. આ છોકરાને 'મસ્તક વિદ્યા'થી ડા. ફાઉલરે તપાસતાં માલમ પડયું હતું, કે તેના કાનની પછવાડેનો ઉપલો ભાગ જ્યાં નાશ કરનાર શકિતનું રહેઠાણ છે તે ઘણો ખીલેલો માલમ પડયો હતો. આ દાખલા ઉપરથી માલમ પડે છે, કે હમેલવાળી સ્ત્રીએ ગુસ્સે થવું નહીં પણ શાંત મન રાખવું અને ખુશ સ્વભાવ રાખવો જોઇયે.

પેટમાં બચ્ચું હોય તે વખતે માતાએ ઘણું થાકવી નાંખે એવું કામ કરવું નહીં પણ થોડી આશાયશ જરૂર લેવી. એક જવાન વહાણુ બાંધનારે પોતાના પહેલા છોકરાની વખતે પોતાની હમેલવાળી સ્ત્રીની પાસે પોતાનાં કામદારોને માટે ખુબ રંધાવ્યું, એટલાં સુધી કે તેણી વારંવાર થાકથી સુસ્ત થઇ ગઇ હતી. આવી હાલતમાં તેઓનો પહેલો છોકરો જનમ્યો જે ફીક્કા ચહેરાનો, પાટલો, સુકાઇ ગયલો, બહુજ નબળો, ઘેલો, ગાંડો, ઇડયટ જેવો હતો, જ્યારે તેણીનાં બીજાં છોકરાં બહુજ જોરાવર અને હુશિયાર જન્મ્યાં હતાં.

હમેલવાળી સ્ત્રીએ બનતાં સુધી કોઇ **બીમારની સારવાર કરવી નહીં**, કારણ હમેશાં માદાં માણુસ બીજા તંદરોસ્ત માણુસની પ્રાણુશકિત (Magnetism) લઇ લે છે અને તેના બદલામાં પોતાની દરદી શકિત તેને આપે છે. એક માતાનો એક નાજુક, ફીકકો પડેલો, બિમાર છોકરો હતો અને તેણીની છોકરી બહુજ હુશ્યાર, તંદરોસ્ત અને ખુશમિજાજી હતી, આ બે છોકરાંની જુદી જુદી હાલતને વિષે પુછતાં માલમ પડયું, કે પેલો છોકરો જ્યારે પેટમાં હતો ત્યારે તેણીનો સસરો બહુ બિમાર હતો, જેથી તેણીને રાત દિવસ તેની સારવાર કરવી પડતી હતી, જેથી આ છોકરો નબળો, ગમગીન ફીકકો જન્મ્યો જ્યારે પેલી છોકરી પેટમાં હતી તે વખતે તેણી બહુ મજાહ અને આનંદમાં રહેતી હતી, જેથી તંદરોરત હુશિયાર અને ખુશમિજાજી છોકરી પેદા થઇ હતી.

આ સઘળા દાખલા પરથી માલમ પડે છે કે હમેલવાળી સ્ત્રીએ તંદરોરત બચ્ચાંને પેદા કરવાં, ગુસ્સે થવું નહીં, શાંત સ્વભાવ રાખવો, રમત ગમતમાં ભાગ લેવો અને મનને જેમ બને તેમ ખુશ રાખવું. અંગ કસરતની પણ જરૂર છે. સારી ઉંઘની પણ જરૂર છે. ઉંઘમાં વારંવાર ઉઠવું નહીં. ખુલ્લી હવામાં ફરવા હરવાની તો બહુજ જરૂર છે.

હમેલવાળી સ્ત્રી, પોતાના મનની અસરથી મરજી પ્રમાણેનાં બુધ્ધિમાન બાળકો પેદા કરી શકે છે.

હમેલવાળી સ્ત્રી, પોતાનાં મનને પવિત્ર રાખે અને પોતાની જુદી જુદી મનશકિત જુદા જુદા અભ્યાસથી અને અવલોકન કરી ખીલવે તો બચ્ચાં તેવીજ મનશકિત ધરાવતાં માલમ પડે છે. આપણા કેટલાક

મહાન નરો માતાની મનની આ સ્થિતીથી જન્મ લીધો હતો. મી. નાઇટે રોયલ સોસાયટીમાં એક નિબંધ વાંચ્યો હતો તેમાં એ વિદ્વાન જણાવે છે કે તેણે કેટલાંક જાનવરો પર હમેલની વખતે પ્રયોગો કીધા હતા. ગર્ભવાળાં જાનવરો પાસે ચોકસ કાર્યો કરાવવામાં આવ્યાં અને તેઓને ચોકસ કળાઓ શિખવવામાં આવી તો માલુમ પડ્યું કે તેઓનાં બચ્ચાં વગર શિખવવે પોતાની માતાનાં જેવા કાર્યો અને કળા વાપરવા લાગ્યાં. સર એનટોની કાટલીસલી જણાવે છે કે મને એક બુઢ્ઢા અનુભવી શિક્ષકે જણાવ્યું કે જે માબાપોએ તવારીખ અને ભાષાનો અભ્યાસ કીધો હોય છે તેઓનાં છોકરાં કરતાં જે માબાપોએ અંકગણિત અને હિસાબનો અભ્યાસ કીધો હોય તેઓનાં છોકરાં વધુ જલદી હિસાબ શિખે છે જ્યારે પેલાં છોકરાં ભાષા સારી રીતે શિખે છે

એક ભરથાર અને મહોરદારને ગણિતશાસ્ત્ર પર બહુજ અભાવ હતો. તેઓને કોઇબી બાબતની ગણત્રી કરવી ગમે નહીં. આ માણસ હિંદુસ્તાન તરફ વેપાર કરવા આવ્યો, પણ તેમાં નિષ્ફળ નિવડયો તેથી પશ્ચિમ ભણી પાછો ગયો ત્યાં આંખો સુજી આવી જેથી પોતાના વેપારનો હિસાબ રાખી શકયો નહીં પણ તેની બાયડી લોભી હોવાથી તેણીએ પોતાના ભરથારને મદદ કરી તેના વેપાર વધારવાની કોશેશ કીધી. જો કે તેણીને ગણિતશાસ્ત્ર પર અને હિસાબ પર અભાવ હતો તે છતાં પોતાના ભરથારને મદદ કરવા વેપારનો સઘળો હિસાબ પોતે રાખતી, કાગળોનો જવાબ પોતે લખતી અને સઘળું નામું પોતે રાખતી હતી. તેણીના ઉમંગથી વેપાર વધુ વધવા માંડયો. તેણીનો આખો વખત હિસાબ કરવામાં જતો હતો તેથી તેણીની ગણિત કરવાની મનની શકિત બહુ ખીલી હતી. મનની આવી સ્થિતીમાં તેણીને હમેલ રહયા અને થોડા વખતમાં એક સુંદર છોકરીનો જન્મ આપ્યો જે મોટી થતાં ગણિત શાસ્ત્રમાં અદભુત મનશકિત ધરાવતી થઇ. જો કે તેણીનાં માબાપ ગણિત શાસ્ત્ર તરફ અભાવ ધરાવતાં હતાં પણ તેણીની માતાએ તેણી પેટમાં હતી તે વખતે વેપારને લગતા હિસાબ રાખવાની જે ઉમંગી કોશેશ કીધી હતી તેની અસરથી આ છોકરી જન્મથી અંકગણિતમાં અદભુત શકિત ધરાવતી થઇ હતી. તેણી નવ વર્ષની ઉમરે વખાણવા લાયક કાગળો લખતી હતી કારણ કે તેણીની માતા તેણી પેટમાં હતી તે વખતે વેપારને લગતાં સઘળા કાગળોનો જવાબ તેણીજ લખતી હતી.

આ છોકરીનું બુધ્ધિબળ તેણીના માબાપ કરતાં વધુ શ્રેષ્ટ હતું, કારણ હમેલની વખતે તેની માતાને પોતાના વેપારને વધારવા પોતાનું સઘળું બુદ્ધિબળ વાપરવું પડતું હતું. તેણી હમેલની વખતે ગાયણ શિખતી હતી જેની અસરથી આ છોકરી ગાનાર થઇ અને પિયાનો પણ સારી રીતે વજાડતી હતી એટલે સુધી કે અગાઉથી કાંઇપી કોશેશ કરવા વગર એકદમ ગાયણો પોતાને હાથે જોડતી.

આ છોકરી પછી થોડા વખતમાં તેઓને ત્યાં છોકરો જન્મ્યો, જે પણ પેલી છોકરીના જેવીજ મનશકિત ધરાવતો હતો કારણ હમેલની વખતે પેલી છોકરીના વખતના જેવીજ મનની સ્થિતિમાં માતા રહેતી હતી. આ દાખલા પરથી ખુલ્લું માલમ પડે છે કે જો એક માતા હમેલની વખતે ચોકસ મનશકિત ખીલવવાની દરેક કોશેશ કરે છે તો બચ્ચાંમાં તે મનશકિતનું અદભુત બળ માલમ પડે છે. થોડાક વધુ દાખલા તપાસતાં વધુ ખાત્રી થશે.

ઝેરાહ કોલબર્ન (Zerah Collburn) અંકગણીતમાં અદભુત શકિત ધરાવતો હતો અને પોતાની આ અદભુત શકિતથી સઘળાં ભણેલાં માણસોને તેણે છક કરી નાંખ્યા હતાં. અને મોહોડેથી ગણિત કરવાની રૂઢી શોધી કહાડી હતી. આ અદભુત મનની શકિત તેણે પોતાની માતા તરફથી વારસામાં કેવી રીતે મેળવી હતી તે આપણે તપાસીએ.

મીસીસ આર્ઇમ્સ નામની સ્ત્રી આ શખ્સની માતાને સારી રીતે ઓળખતી હતી. તેણી જણાવે છે કે ઝેરાહ કોલબર્નની માતા કાપડ પર જુદી જુદી આકૃતિ વણી પોતાનું ગુજરાન કરતી હતી. આ આકૃતિ વણવાને બહુજ બારીકીથી ગણત્રી કરવી પડે છે. તેણી વારંવાર નવી નવી આકૃતિ પોતાના મનમાંથી ઉપજાવી કાહાડતી હતી અને પોતાનાં મનમાંથી ઉપજાવી કાહાડેલી આકૃતિ વણવા માંગતી હતી. આકૃતિ વણવા તાંતણાઓની બહુ બારીક ગણત્રી કરવી પડતી હતી, દિવસોના દિવસ તેણીએ આકૃતિ વણવાને માટે ગણત્રી કીધી પણ સઘળી ફોકટ ગઇ. એક દિવસ આખી રાત આ આકૃતિ વણવાને માટે ગણત્રી કરી નિરાશ થઇ એ વણવાનું છોડી દેવાની અણીપર હતી, તેવામાં તેણીનાં મનમાં નવી ગણત્રી એકદમ આવી, કે જો, અમુક દોરા આવી રીતે વણવામાં આવે તો આકૃતિ વણી શકાય. સવારે તેણીએ આ ગણત્રી પ્રમાણે વણ-

વાથી મહેનત વગર પેલી આકૃતિ વણી શકી. તેણે આકૃતિ પાછળ આટલી ખંતથી જુદી જુદી ગણુત્રી જ્યાં સુધી નિરાશ થઇ ગઇ ત્યાં સુધી કીધી. ગણુત્રીની મનની શકિતને આટલી બધી ઉશ્કેરતી હતી તે વખતે તેણીને હમેલ હતા. પેલો છોકરો તેણીનાં પેટમાં હતો. આ છોકરો કોલબર્ન નવી ગણુત્રીના શાસ્ત્રનો શોધક અને અદ્‌ભુત મનશક્તિ ધરાવતો હતો તેનું કારણ એટલુંજ કે જ્યારે તે પેટમાં હતો ત્યારે તેની માતાએ ગણુત્રીની ચોક્કસ આકૃતિ વણવા હદ બહાર મનશકિત વાપરી હતી. આ પુર્વીણ જ્યારે ફક્ત ત્રણ વરસનો હતો ત્યારે ઉભો ઉભો પોતાના મનમાં બબડતો હતો કે "આમાંના આટલા લઇયે અને પેલામાંના આટલા લઇયે તો આટલા બીજા થાય" જે પ્રમાણે તેની માતા પેલી આકૃતિ વણવાને દોરાની ગણુત્રી કરતી હતી તેજ પ્રમાણે આ છોકરો નાની વયમાં ગણુત્રી કરતો હતો.

મહાન લડવૈયો નેપોલીયન બોનાપાર્ટ જેણે દુન્યાને જીતવાની કોશેશ કીધી હતી તે કેમ પેદા થયો હતો? જોસફ કુક (Joseph Cook's "Heredity" P. 167) લખે છે કે "It is said that the Mother of Napoleon read Plutarch's Lives and heroic Literature and that her moods of mind were transferred to her son." એવું કહેવાય છે કે નેપોલીયનની માતા યુનાન દેશના વખણાયલા વિદ્વાન પ્લુતાર્ક, જેણે નામાંકીત માણસોની જીંદગીના બોધકારક હેવાલો લખ્યા છે તેની ચોપડી અને બહાદુરી ભરેલાં કાર્યોનું સાહિત્ય હમેલની વખતે વાંચતી હતી જેની અસરથી નેપોલીયન મહાન બુદ્ધિવાળો અને લડવૈયો થયો હતો.

પ્રો. ફાઉલર નેપોલીયન મહાન લડવૈયો કેમ થયો તે વિષે લખે છે કે—'Because of his mother's state all the time she was carrying him, in exercising queenly power over her spirited charger and the subordinates of husband, and co-mingly with the army. Had her state of mind nothing to do with his ruling passion strong in death?" નેપોલીયનની માતા જ્યારે તે પેટમાં હતો તે વખતે એક ઘણુજ મજબુત ઘોડાની ઉપર સવારી કરતી હતી અને આ ઘોડા પર અને તેણીના ભરથારના હાથ નીચેના માણસો ઉપર એક રાણી જેવો

કાબુ ધરાવતી હતા. શું તેણીની આવી મનશકિતએ તેની (નેપોલીયનની) જીંદગીની મોટી નેમ પર અસર કીધી ન હશે ?

નેપોલીયનની ફત્તેહમંદ કારકીરદીની વખતે મીસીસ. એ'મસી (M'c) ને ત્યાં એક છોકરો જન્મ્યો જે મોટો થયો ત્યારે નેપોલીયનને ઘણોજ વખાણનારો થયો. આ મહાન લડવૈયાની જીંદગીના હેવાલો તેની માતા જ્યારે હમેલવાળી હતી ત્યારે એટલા તો પસંદ પડતા હતા કે, તેણી દરેક પુસ્તકખાનામાંથી નેપોલીયનને વિષે જે પણ લખાણ થયાં હોય તે મંગાવીને વાંચતી હતી. તેણીનો છોકરો મોટો ફત્તેહમંદ ધારાશાસ્ત્રી અને સારો વકતા થયો હતો, અને તે લડાઇના કામમાં ઘણો ભાગ લેતો હતો, અને નેપોલીયને ઘણાજ ઉમંગથી વખાણનારો હતો. તેણે પણ પોતાની માતાની માફક નેપોલીયન વિષે જે પણ પુસ્તકો લખાયાં હતાં તે વાંચ્યા હતાં. તેના ઘરનાં દરેક ખુણામાં નેપોલીયનનાં ચિત્રો અને તેની લડાઇઓના ચિત્રો ટાંગ્યાં હતાં. જે પણ વાત કરતો તેમાં નેપોલીયન વિષે બોલ્યા વિના રહેતો નહીં.

ચાર્લ્સ કીંગસ્લીની જીંદગીના હેવાલ પરથી માલમ પડે છે કે તે પોતાની માતાના પેટમાં હતો ત્યારે તેની માતાએ વિચાર કીધો કે મારે દુન્યાની લાલચોથી દુર રહી પરહેજગારી રાખવી કે જેથી મારાં પેટમાંના બચ્ચાંપર પવિત્ર અસર થાય. આ વિચારથી તેણી શહેરોમાંથી જતી રહી ડેવનશીયર નામનાં ગામડામાં રહેવા ગઇ, અને ત્યાં આખો વખત કુદરતની ખુબસુરતી ઉપર લક્ષ આપી સર્વ શકિતવાન ઇશ્વરનાં કાર્ય અને કરામતના વખાણ કરવા લાગી, જેનું પરીણામ એ આવ્યું કે તેણીનો છોકરો જ્યારે મોટો થયો ત્યારે કુદરતની ખુબસુરતીની પિછાણને વિષે નામાંકીત પુસ્તક લખ્યું એટલુંજ નહીં પણ તે એક માન પામેલો ધર્મગુરૂ થયો.

એક સ્ત્રીએ મરજી પ્રમાણેનાં છોકરાં મનની અસરથી પેદા કરવાનું જ્ઞાન મેળવી તે પ્રમાણેનો અમલ કરી પોતાનાં ચાર છોકરાં મરજી પ્રમાણેનાં પેદા કીધાં હતાં; તેણી પોતાનો હેવાલ આપતાં જણાવે છે કે મારૂં પહેલું છોકરૂં જન્મે તેની એક મહિનો અગાઉ મનની અસરથી છોકરાં જેવાં ધાર્યે તેવાં થાય છે તે મારી જાણમાં આવ્યું. મારાં પહેલાં છોકરાંને જન્મવાનો વખત આવી પુગેલો હોવાથી પહેલા છોકરા પર પુરતી મનની અસર કરી શકી નહીં તેથી માહારૂં પેહેલું છોકરૂં સાધારણ બુદ્ધિનું જન્મ્યું. બીજાં છોકરાંની વખતે મેં વિચાર કીધો કે આ છોકરાને

સારો છટાદાર બોલનાર બનાવવો તેથી આ છોકરો પેટમાં હતો તે વખતે સઘળા છટાદાર બોલનારને સાંભળવા જતી હતી. છટાદાર બોલનારનાં ભાષણો અને કવિતાઓ વાંચતી. આવી રીતે મેં મારા બીજા છોકરાને હુશિયાર છટાદાર બોલનાર બનાવ્યો. આ છોકરાનું મસ્તક તપાસતાં ડા. ફાઉલર કહે છે કે તેમાં કલ્પનાશકિત (Ideality) દેખાવ દેવાની શકિત (Expression) નકલ કરવાની શકિત (Imitation) રસીક બોલવું (Wit) બુધ્ધિ (Reason) અને યાદદાસ્ત શકિત (memory) મસ્તક પર બહુજ ખીલેલી માલમ પડતી હતી. ત્રીજું છોકરું પેટમાં હતું તે વખતે મારી મરજી થઇ કે આ છોકરાંને એક નામાંકીત કારીગર અને ચિતારો બનાવવો એવી નેમથી ન્યુયોર્ક, બોસટન, ફીલેડેલફીયા, બાલટીમોર, મૉનટ્રીલ વગેરે શેહેરોના દરેક ચિતારાઓના સ્ટુડયોમાં જઇ ત્યાં દરેક ચિત્રોનો અભ્યાસ કરતી અને તેઓની કારીગરીની વખાણુ કરતી હતી. જેથી મારા છોકરાની અવલોકન કરવાની શકિતઓ (perceptives) યોજના કરવાની શકિત (constructive) અને દરેક કામ શિખી જવાની શકિત (acquisition) બહુજ ખીલેલી છે. સઘળાં છોકરાંઓ મારા પેટમાં હતાં તે વખતની મારી મનની સ્થિતિ જેવી હતી તેવાંજ છોકરાં ઉત્પન્ન થયાં છે.

આ સઘળા દાખલાઓ પરથી સ્પષ્ટ માલમ પડે છે કે એક હમેલવાળી સ્ત્રી પોતાના મનની અસરથી પોતાની મરજી પ્રમાણેનું બુધ્ધિમાન બાળક પેદા કરી શકે.

હવે બીજો સવાલ એ ઉત્પન્ન થાય છે કે હમેલવાળી સ્ત્રીની મનની અસર કેવી રીતે અને શા વડે બચ્ચાં પર થતી હશે? આપણે એ બહુ અગત્યના સવાલની તપાસ કર્યે.

ગર્ભવાળી સ્ત્રીની મનની અસર બચ્ચાં પર કેમ થાય છે?

આપણે પ્રો. ફાઉલર અને બીજા વિદ્વાનોએ આપેલા દાખલા તપાસી ગયા છીએ અને તેથી જણાયું છે કે હમેલવાળી સ્ત્રીનાં મનપર જે છાપ અથવા દેખાવ મજબુત રીતે પડે છે, તેની બચ્ચાંપર તેવીજ અસર થાય છે. વળી એથી વધુ એ પુરવાર થયું છે કે હમેલવાળી સ્ત્રી હમેલની વખતે જે પણ મનશકિત ખીલવે છે અથવા તો કાંઇક સંજોગે જુદી જુદી મનશકિત ઉશ્કેરાય છે તો બચ્ચું મોટું થતાં ઉત્તમ પ્રકારની મનશકિત

ધરાવતું થાય છે. આ સઘળા દાખલા પરથી માલુમ પડે છે કે હમેલવાળી સ્ત્રીને તેણીનાં બચ્ચાં સાથે બહુ નિકટ સંબંધ હોય છે. હવે પેટમાંના બચ્ચાં સાથે હમેલવાળી સ્ત્રી શા વડે અને કેવી રીતે સંબંધ ધરાવે છે તે તપાસવાનું છે. પ્રકરણ ત્રીજામાં આપણે જાણ્યું છે કે સ્ત્રી પદાર્થનું એક કોષ સાથે મળી જાય છે ત્યારે બચ્ચાંનું બીજ ઉત્પન્ન થયલું કહેવાય છે અને જ્યારે એ બીજ ગર્ભસ્થાનની અંદર એક બાજુમાં ચીટકી રહે છે ત્યારેજ હમેલ રહે છે. જો ગર્ભસ્થાનમાં નબળાઇ હોય છે અથવા કોઇ રીતે શરીરને બહુજ રગડવું પડે અથવા તો બહુ વજન ઉંચકવો પડે એવું કામ કરવામાં આવે છે તો એ બીજ ગર્ભસ્થાનમાંથી દુર બેસવાની વખતે દસ્તાન મારફતે બાહાર નીકળી જાય છે અને હમેલ રહેતા નથી. તેથી એ બીજની ગર્ભસ્થાનમાં જડ લાગવી જોઇએ. હવે જ્યારે બીજની જડ ગર્ભસ્થાનમાં લાગે છે ત્યારે એ બીજ માતાનાં જ્ઞાનતંતુ જે ગર્ભસ્થાન આજુબાજુ રહે છે તેના સંબંધમાં આવે છે અને બીજ ગર્ભસ્થાનનો અથવા માતાનાં શરીરનોજ ભાગ હોય તેમ રહે છે. જ્ઞાનતંતુઓ ભેજાંમાંથી નિકળતા દોરા જેવા છે જે ભેજામાંથી નિકળી બરડાના કરોડમાંથી પસાર થાય છે અને એ કરોડની આજુબાજુથી બહાર નિકળી શરીરના દરેકે દરેક ભાગમાં વ્યાપી રહે છે. શરીરના બારીકમાં બારીક ભાગમાં સોય ભોકવામાં આવે છે તો આપણને લાગણી થાય છે તેનું કારણ એજ કે શરીરના બારીકમાં બારીક ભાગમાં જ્ઞાનતંતુ આવેલાં છે, અને એ જ્ઞાનતંતુનું મુખ્ય કાર્ય એજ છે, જે શરીરમાં કાંઇપણ થાય તેનો સંદેશો ભેજાંને પુગાડવો. જેમ ટેલીફોનનાં તાર વડે સંદેશા મોકલવામાં આવે છે તેજ પ્રમાણે આ જ્ઞાનતંતુ શરીરના બારીકમાં બારીક ભાગમાં કાંઇપણ થાય છે તેનો સંદેશો ભેજાં ઉપર મોકલે છે અને એજ પ્રમાણે આપણી મરજીનો સંદેશો શરીરના જુદા જુદા ભાગમાં લઇ જાય છે અને તેને આપણી મરજી પ્રમાણેનું કાર્ય કરાવે છે. ધારો કે આપણો હાથ આપણને હલાવવો છે જે આપણી મરજીનો સંદેશો ભેજાંમાંથી હાથના જ્ઞાતતંતુને મળે છે જેથી હાથના જ્ઞાનતંતુ ઉંચકવાનું કાર્ય કરે છે.

આ બાબદમાં વધુ ઉંડાણથી ઉતરવા માટે ઘણું લાંબુ થઇ જાય તેથી ટુંકમાંજ સમજાવ્યું છે. જ્ઞાનતંતુ, માસરજ્જુ, અવયવો, અને શરીરમાંથી ઉત્પન્ન થતાં જુદા જુદા પદાર્થ પર મન કેવી અસર કરે

છે તે જાણવું હોય તો જુઓ "ગુપ્ત મનશકિતની મહાન શોધો" પાનું ૪૧ થી ૪૯. આપણે જાણ્યુ છે તેમ શરીરનાં બારીકમાં બારીક ભાગમાં પણ જ્ઞાનતંતુ વ્યાપી રહેલાં છે, જે વડે શરીરના દરેક ભાગ પર મન અસર કરી શકે છે અને તેથી આખ્ખું શરીર પોતાનું નિયમીત કાર્ય કરે છે. શરીરના કેટલાક ભાગોમાં આપણે મરજી પ્રમાણે મનશકિત વાપરી હીલચાલ કરી શકયે છીયે, જ્યારે શરીરના કેટલાક અવયવ અને ભાગોમાં મન અસર કરે છે પણ તેનું આપણને ભાન રહેતું નથી તે સઘળું છુપી મનશકિતના બળથી થાય છે. (જે વિષે વધુ જુવો ઉપલી ચોપડી પાનું ૧૮ થી ૨૧) એ સઘળાં ઉપરથી માલમ પડશે કે આપણાં ભાન સાથે અથવા ભાન વગર શરીરના દરેક ભાગો, અવયવ, નસ અને શરીરમાંથી ઉત્પન્ન થતા પદાર્થ પર જ્ઞાનતંતુ વડે અસર થાય છે. હવે પેટમાંના બચ્ચાં પર મન કેમ અસર કરે છે તે તપાસ્યે. આપણે જાણ્યું તેમ જેવું બચ્ચાંને માટેનું બીજ ગર્ભસ્થાનમાં જડ લે છે કે તે બીજ માતાના શરીરનો એક ભાગ હોય તે પ્રમાણે રહે છે. જે પ્રમાણે શરીરના બીજા અવયવ, શરીરમાં ફરતાં લોહીમાંથી પોષણ મેળવી પોતાનું કાર્ય કરવાને શકિતવાન બને છે તેજ પ્રમાણે આ બીજ માતાનાં શરીરમાંથી લોહી લઇ પોતાનું પોષણ કરે છે (જુઓ પ્રકરણ ત્રીજું) ત્યારે પહેલાં તો માતાનું મન લોહી વડે પેટમાં બચ્ચાં પર અસર કરે છે.

મનની જુદી જુદી અસરથી લોહીમાં જુદો જુદો ફેરફાર થાય છે. ગુસ્સો, કીનો, કપટ, દિલગીરી, ગમગીની વગેરે મનની ખરાબ શકિત લોહીમાં ઝેરી પદાર્થો ઉત્પન્ન કરે છે જેથી મનની આ અસરથી શરીરમાં દુઃખ દરદો ઉત્પન્ન થાય છે તેથીજ દિલગીરીમાં અને આફતમાં એક માણસ બીમાર પડી જાય છે. એક અમેરીકન માનસિક રસાયણીએ મન શરીરમાં જુદાં જુદાં ઝેરો કેમ ઉત્પન્ન કરે છે તે તપાસવા એક અખતરો કીધો હતો તે માટે એ વિદ્વાન જણાવે છે કે "ધારો કે અરધો ડઝન માણસ એક ઓરડામાં બેઠાં છે. એક નિરાશ, બીજો શોકાતુર, ત્રીજો ખરાબ સ્વભાવનો, ચોથો અદેખો, પાંચમો ખુશમિજાજી, અને છઠ્ઠો રેહેમ દીલનો તેમજ દયાળુ. ગરમીનો વખત હોવાથી તેઓને પરસેવો પડ્યો હોય. તેઓના પરસેવાના નમુના એક માનસિક રસાયણીકના હાથમાં મુકવામાં આવે તો તપાસ કરવામાં આવતાં તેઓની મનની સ્થિતી બરાબર માલમ પડે છે. દરેક ખરાબ વિચાર પોતાનું ચોકસ જાતનું ઝેર ઉત્પન્ન કરે છે, જે તેનાં શરીર પર ખરાબ અસર કરે છે, જ્યારે ખુશી ખુશાલી

ભરી લાગણી શરીરને સ્વચ્છ અને તંનદરોસ્ત રાખે છે. મનના ગુસ્સાની દરેક રસાયણીક ઉત્પત્તિમાં ગુનેહગારીની સર્વથી ખરાબ છે. જો ગુનેહગાર માણુસનો પરસેવો એક કાચની નળીમાં મુકી સીલેનીક એસીડ (Selenic Acid) આગળ ખુલ્લી રીતે ધરવામાં આવે તો તે પરસેવો રતાસદાર (Pink) થઇ જશે, જે પરથી માલમ પડશે કે તેમાં ઝેર છે. જ્યારે ખુશમીજાજી અને રહેમ દિલના માણુસનો પરસેવો તેજ એસીડમાં રતાસદાર રંગ પકડતો નથી તેથી જણાય છે કે તે પરસેવામાં ઝેહેર નથી. (એ વિષે જુવો "ગુપ્ત મનશકિતની મહાન શોધો" પાનું ૫૧).

કેટલીક ગમગીન અને દિલગીર માતાનાં છોકરાં નબળાં, માંદાં, અને ચામડીના દરદોથી અને લોહી વિકારના દરદોથી પિડાય છે તેનું કારણ હવે આપણુને બરાબર સમજ પડે છે. આપણે જાણ્યું તેમ ગમગીની નિરાશી વગેરે માતાના લોહીને ઝેરી બનાવે છે. બચ્ચાંનું પોષણુ માતાના લોહીમાંથી મળે છે તેથી જો માતાનું લોહી મનની ખરાબ સ્થિતિથી બગડેલું હોય છે તો બચ્ચાંને ઝેહેરી લોહીમાંથી પોષણુ લેવું પડવાથી બચ્ચાંને લોહી વિકારના અને ચામડીનાં દરદોથી પિડાવું પડે છે, અને બચ્ચું તંદરોસ્ત રહેતું નથી. માટે એક માતાને જો તંદરોસ્ત છોકરાં જોઇતાં હોય તો હમેલની વખતે ગમગીની કે દિલગીરીથી દુર રહેવું અને જેમ બને તેમ ખુશાલ સ્વભાવ રાખવાની કોશેશ કરવી.

હમેલવાળી સ્રીનું મન બચ્ચાં પર લોહી મારફતે કેમ અસર કરે છે તે જાણ્યું છે, બીજી રીતે હમેલવાળી સ્રીનું મન જ્ઞાનતંતુ વડે પણુ અસર કરે છે. ગર્ભસ્થાનની આસપાસ સઘળા જ્ઞાનતંતુઓ આવેલાં છે. મન જ્ઞાનતંતુ મારફતે પોતાનું કાર્ય કરે છે. તેથીજ કેટલીક વખતે હમેલવાળી સ્રી એકદમ ધાસ્તી ખાય તો બચ્ચું અધુરે મહિને ટુટી પડે છે. ગર્ભસ્થાનની આસપાસ જ્ઞાનતંતુ હોય છે. હવે મનના ચોકસ જુરસાથી જ્ઞાનતંતુમાં ચોકસ રીતની હીલચાલ થાય છે. આપણા દરેક માસરજ્જુમાં જે હીલચાલ થાય છે તે જ્ઞાનતંતુથીજ થાય છે માટે મન જ્ઞાનતંતુ મારફતે ગર્ભસ્થાનના માસરજ્જુમાં ચોકસ રીતે સારી અથવા માઠી હીલચાલ કરે છે. બચ્ચું ગર્ભસ્થાન સાથે એટલો નિકટ સંબંધ ધરાવે છે કે ગર્ભસ્થાનની આ હીલચાલ બચ્ચાંમાં પણુ થાય છે તેથી બચ્ચાંમાં સારી માઠી અસર થાય છે. હવે પ્રકરણુ ત્રીજાં પ્રમાણે બચ્ચાંનાં શરીરના ભાગો અને અવયવનું

એક પછી એક બંધારણ થાય છે, આવી રીતે જ્યારે બચ્ચાંનું બંધારણ થતું હોય તે વખતે માતાનું મન તરેહવાર ગુસ્સા અને હવસથી ઉશ્કેરાય છે તો જ્ઞાનતંતુ ઉશ્કેરાઇને ગર્ભસ્થાનના માસરજ્જુમાં ઘણી હીલચાલ કરી મુકે છે જેથી બચ્ચાંના અવયવનું બંધારણ શાંત રીતે થતું ન હોવાથી તેનો સારો ઘાટઘટમ બપાતો નથી અને બચ્ચું કદરૂપું જન્મે છે. જે પ્રમાણે એક માટીનું વાસણ બનાવવામાં આવે ત્યારે માટીમાં પાણી નાંખી માટી નરમ કરવામાં આવે છે અને નરમ સ્થિતિમાંજ તે વાસણનો ઘાટઘટમ કરવામાં આવે છે જે સુકાઇને કઠણ બનીને તે ઘાટઘટમ પાકટ થાય છે, પણ જ્યારે માટી નરમ હોય છે તે વખતે કોઇ માટી સાથે ચેડાં કાઢે છે તો વાસણનો ઘાટઘટમ ફેરવાઇ જાય છે તેજ પ્રમાણે બચ્ચાંના બંધારણમાં પણ થાય છે. બચ્ચાંનું બંધારણ થતું હોય તે વખતે મન શાંત અને ખુશમિજાજી ન હોય તો જ્ઞાનતંતુ મારફતે ગર્ભસ્થાનમાં તરેહ-વાર હિલચાલો થાય છે જે બચ્ચાંના નરમ બંધારણને સારો ઘાટઘટમ લેવા દેતું નથી, તેથીજ હવસી અને ગુસ્સાવાળાં માબાપનાં બચ્ચાં કદરૂપાં પેદા પડે છે. જ્યારે સાચો પ્યાર શરીરને એવી તો શાંત હાલતમાં રાખે છે કે બચ્ચું ખુબસુરત જન્મે છે. માટે હમેલવાળી સ્ત્રીએ હવસથી તો તદન દુર રહેવું જોઇયે પણ ફકત સાચો પ્યાર રાખવો જોઇએ.

મનની જ્ઞાનતંતુ વડે કેમ અસર થાય છે?

મન જ્ઞાનતંતુ વડે પોતાનું કાર્ય કરે છે. મન જ્યારે જ્ઞાનતંતુ પર અસર કરે છે ત્યારે એ જ્ઞાનતંતુમાં ચોકસ રીતની હિલચાલ અથવા ધુજરી (vibrations) થાય છે જેથી જુદી જુદી લાગણી થાય છે. બહારના દેખાવો આપણે જોઇએ છીએ અને જુદી જુદી લાગણી થાય છે તે પણ બહારની ધુજરી અથવા હિલચાલ આપણા જ્ઞાનતંતુમાં તેવીજ ધુજરી ઉત્પન્ન કરે છે, જે શરીરના સઘળા જ્ઞાનતંતુ પર અસર કરે છે, જેથી આપણને ચોકસ દેખાવો દેખાય છે તેમજ ચોકસ લાગણીઓ થાય છે. હવે સમજ પડશે કે જે દેખાવ એક માતાનાં મન પર પડે છે તેની તેવીજ અસર બચ્ચાં પર થાય છે.

હમેલવાળી સ્ત્રીનું મન બહુજ કોમળ રહે છે, જેથી દેખાવો તે જુવે છે તે મનમાં લાંબો વખત રહે છે અને તેણીનું ધ્યાન લાંબો વખત પેટમાંના બચ્ચાં તરફજ રહે છે જેથી જેવી દેખાવ જુવે છે તે મનમાં લાંબો વખત રહે છે તેથી બચ્ચાં પર અસર કરે છે.

હવે બીજો સવાલ એ ઉત્પન્ન થાય છે કે માતાની ચોકસ મન-શક્તિ ખીલી હોય અથવા તો ચોકસ અવયવમાં કાંઈ ફેરફાર થયો હોય તો બચ્ચાંમાં તેવીજ મનશક્તિ ખીલે છે અથવા તો તેજ અવયવમાં ફેરફાર કેવી રીતે થાય છે, અને તેનું કારણ શું ?

આટલું યાદ રાખવું જરૂરનું છે કે માતાના દરેક અવયવમાં જ્ઞાન-તંતુ હોવાથી દરેક તે અવયવને લગતી મનશક્તિ તેમાં રહેલી હોય છે. હવે એ મનશક્તિ બચ્ચાંના અવયવનું બંધારણ કરે છે. માતાના હૃદયમાં રહેલી મનશક્તિ, બચ્ચાંના હૃદયનું બંધારણ કરવાને મદદ કરે છે અને તેથીજ બચ્ચાંનું હૃદયનું બંધારણ થાય છે. માતાના ભેજામાં સમાયલી મનશક્તિથી બચ્ચાંના ભેજાનું બંધારણ થાય છે. માતાના દરેક અવયવના જ્ઞાનતંતુઓને ગર્ભસ્થાનનાં જ્ઞાનતંતુઓ સાથે સંબંધ હોય છે તેથી માતાના અવયવમાં, ભેજામાં અથવા તો મન શક્તિમાં જે ફેરફાર થાય છે, તે સર્વ ફેરફાર બચ્ચાંમાં પણ થાય છે.

હવે શરીરમાં સમાયલાં લોહચુંબીક પ્રવાહ (animal magnetism) ની વિદ્યાને આધારે આ સવાલ તપાસ્યે. જ્યારે પણ આપણું મન જ્ઞાનતંતુ મારફતે કાર્ય કરે છે ત્યારે જ્ઞાનતંતુમાં વિજળી અથવા લોહચુંબીક પ્રવાહ ઉત્પન્ન થાય છે. એ લોહચુંબીક પ્રવાહ જ્યારે કોઇ ચીજમાં એક માણસ પસાર કરે છે ત્યારે તે ચીજને તે માણસ સાથ આકર્ષણ ઉત્પન્ન થાય છે. પેટમાંનું બચ્ચું માતાનાં જ્ઞાનતંતુમાંથી નીકળતા એ લોહચુંબીક પ્રવાહ મારફતે માતાને અને બચ્ચાંને આકર્ષણ રહે છે, તેથી માતાનું મન બચ્ચાં પર અસર કરી શકે છે. એક દાખલો લેતાં એ બાબત વધુ સમજ પડશે.

ડા. ફ્રાઉલર એક દાખલો આપે છે કે એક કામદાર ઉનના કારખા-નામાં કામ કરતો હતો. એક દિવસે સાંચાકામમાં તેનો એક પગ આવી ગયો, એવી ખરાબ રીતે કે બીજા કામદારને તે પગ એક કરવત વડે કાપી કાઢવાની ફરજ પડી. આ કાપેલા પગની જાંગ આગળની બાજુ એક ચુલા આગળ પડી હતી, અને બીજી બાજુ એટલે પગનો નીચલો ભાગ ઠંડી હવામાં પડી રહયો હતો. આ બનાવ કારખાનાના ત્રીજા મજલા પર બનેલો હતો. પણ વહાડકાપ કીધા પછી તે કામદારને નીચે ભોંયતલ્યે લઇ જવામાં આવ્યો. જેવો તેને નીચે લઇ જવામાં આવ્યો કે તે ફરીયાદ કરતો હતો કે મારો પગ જાંગ આગળથી કાપી કાઢયો છે તે ભાગ દાજતો હોય તેમ

લાગે છે જ્યારે પગનાં આંગળાં આગળનો ભાગ ઠંડો થાય છે. તપાસ કરતાં માલુમ પડયું કે તેનો પેલો કાપી કાઢેલો પગ ત્રીજા મજલા પર મુકેલો હતો અને તે કામદાર ભોંયતળ્યે હતો તે છતાં પેલો કાપી કાઢેલો પગ ત્રીજા મજલા પર ચુલાના તાપથી પગનો ઉપલો ભાગ બળતો હતો તેની પેઠા કામદારને લાગણી થતી અને પગનો નીચલો ભાગ ઠંડી હવાથી ઠંડો થઇ જતો હતો તેની પેઠાના પગનાં નીચલા ભાગમાં ઠંડી લાગણી થતી હતી. પેલા વહાડકાપ કરનાર માણુસે બરાબર તપાસ કરવા પેઠો કાપી કાઢેલા પગને ફેરવીને મુકયો. પગના નીચલા ભાગને પેલા તપેલા ચુલા આગળ મુકયો અને પગના ઉપલા ભાગને ઠંડી હવા લાગે તેમ પગ મુકયો. હવે પેલા કામદારને પગના ઉપલા ભાગમાં ઠંડી લાગવા લાગી અને નીચલો ભાગ બળતો હોય તેમ લાગ્યું. હવે સવાલ એ ઉત્પન્ન થાય છે કે પેલો પગ કાપી છુટો કરવામાં આવ્યો છે તે છતાં તે છુટા કીધેલા પગને ત્રીજે માલે જેવી લાગણી થતી તે પેલા કામદારના પગના તેજ ભાગમાં છેક ભોંયતળ્યે તેવીજ લાગણી કેમ થતી હશે ? પેલા કાપી કાઢેલા પગમાં પેલા કામદારનો સુક્ષ્મ લોહચુંબીક પ્રવાહ પસાર થયલો હોવાથી પગ કાપી છુટો કીધો તે છતાં તે પગ સાથ આકર્ષણ થતું હતું. એજ પ્રમાણે માતાનો લોહચુંબીક પ્રવાહ બચ્ચાંમાં પસાર થતો હોવાથી પેટમાંના બચ્ચાંને માતાની સર્વ અસર થાય છે, જેથી પુરવાર થાય છે કે હમેલવાળી સ્ત્રી પેટમાંના બચ્ચાં ઉપર પોતાની મરજી પ્રમાણેની અસર કરી શકે છે.

હમેલવાળી સ્ત્રીએ પેટમાંનાં બચ્ચાંને મરજી પ્રમાણેનું ખુબસુરત, તંદરોસ્ત અને બુધ્ધિમાન બનાવવાની થોડીક સુચના.

ડા. ફાઉલરે એક બહુજ અગત્યની શોધ કીધી છે જે હમેલવાળી સ્ત્રીએ ધ્યાનમાં રાખવી જોઇએ. એ શોધ આ પ્રમાણે છે. **હમેલ રહ્યા પછી પહેલાં છ મહિના સુધી બચ્ચાંના શરીરનું બંધારણ થાય છે અને ફકત પાછલા ત્રણ મહિનામાં જુદી જુદી મન શકિત જેવી કે સદગુણો, વિચાર કરવાની, કારણ શોધવાની વગેરે શકિતવાળા ભેજાંના ભાગનું બંધારણ થાય છે.**

એક અજાયબ જેવા સંજોગે આ શોધ થઇ હતી. એક બાપ પોતાની બેઅકલી જેવી છોકરીને ડા. ફાઉલર આગળ લઇ આવ્યો. આ છોકરી બરાબર એક છાકટ માણુસની માફક ડોળા ખાઇ ચાલતી, અક્કલ

વગરની વાત અને કાર્ય કરતી. આ છોકરી પેટમાં હતી તે વખતે તેની માતાની મનની સ્થિતિ કેવી હતી તે વિષે તે બાપને પુછતાં તેણે હેવાલ રજુ કીધો કે,—"આ છોકરીને જન્મવાને બરાબર ત્રણ મહિના અગાઉ મારી બાયડી અને હું ઘોડા ઉપર બેસી ઘેર જતાં હતાં. એવામાં રસ્તામાં ઝાડની ઘટામાં એક છાકટો માણસ ડોળા ખાઇ જમીન પર પડયો, જેને જોઇ મારી બાયડી ખુબ ધાસ્તી ખાઇ ગઇ અને મને આજીજી કરી કહેતી, કે આપણે આપણી સલામતીને માટે આ છાકટા માણસ આગળથી નાહાસી જવું જોઇએ. આવી ધાસ્તીને લીધે ત્રણ મહિના પછી આ છોકરી જન્મી અને વખત જતાં તે બરાબર પેલા છાકટ માણસની માફક ડોળા ખાતી અને બેવકુફની માફક વાતચીત કરતી હતી. ડા. ફાઉલરને તે છોકરીનાં ભેજાંનાં જુદા જુદા ભાગ તપાસતાં માલમ પડયું કે, તેણીની અવલોકન કરવાની શકિતઓનો ભેજાંનો ભાગ જે આંખનાં ભવાં આગળ આવેલો છે તે (perceptives) પુરતો ખીલેલો હતો, પણ તેની ઉપરનો બાલ આગળનો કપાળનો ભાગ જ્યાં વિચાર અને તર્ક કરવાની શકિતઓ આવેલી છે તે ભેજાંનાં ભાગનું પુરતી રીતે બંધારણ થયું હતું નહિ, કારણ હમેલ દરમ્યાન પહેલા ૭ મહિના પેલી છોકરીનું બંધારણ થયું હતું, અને તેથી અવલોકન કરવાના ભાગો બરાબર બંધાયા હતા, પણ બાર પછી ખુબ ધાસ્તી ખાધાથી બાકીના ત્રણ મહિનામાં જે દરિયાફત કરવાની શકિત અને તર્ક શકિતનું બંધારણ થાય છે તે ધાસ્તીને લીધે બંધાતાં અટકી ગયાં હતાં, જેથી તેણી છાકટની માફક દરિયાફત અને તર્ક કરવાની શકિત વાપરી શકિત ન હતી અને ગાંડાં માણસનાં જેવી બેવકુફ જન્મી હતી.

કેટલાક વધુ દાખલાઓની બારીક તપાસ કર્યા પછી ડા. ફાઉલરે આ બહુજ અગત્યની શોધ કીધી હતી, કે ફકત છેલ્લા ત્રણ મહિનામાંજ ઉંચી મનની શકિત અને બુદ્ધિ વાસ્તે જોઇતા ભેજાંનાં ભાગનું બંધારણ થાય છે. માટે હમેલવાળી સ્ત્રીએ પહેલા ૭ મહિના બચ્ચાંને તંદરોસ્ત અને ખુબસુરત બનાવવાની કોશેશ કરવી જોઇએ અને છેલ્લા ત્રણ મહિનામાં બચ્ચાંને બુદ્ધિમાન બનાવવાની કોશેશ કરવી જોઇએ.

બચ્ચાંની તંદરોસ્તીને માટે હમેલવાળી સ્ત્રીએ શું કરવું જોઇયે !

પેટમાંના બચ્ચાંનું પોષણ માતાના લોહીમાંથી મળે છે, માટે માતાએ પોતાનું લોહી સ્વચ્છ રાખવું જોઇયે. લોહી સ્વચ્છ રાખવા માટે

સાદો પુષ્ટીકારક ખોરાક ખાવો, તીખો, ખાટો અથવા તો અથાણું, ચટની અને ખુબ મસાલેદાર ખોરાક ખાવો નહીં. એવો ખોરાક લોહી બગાડે છે અને દરદો ઉત્પન્ન કરે છે માટે જેમ બને તેમ સાદો પણ પુષ્ટીકારક ખોરાક ખાવો.

બીજું ખુશ મીજાજી રહેવાથી લોહી સ્વચ્છ રહે છે કારણ દરેક ખરાબ સ્વભાવ અને વિચારો આપણાં શરીરમાં જુદાં જુદાં ઝેર ઉત્પન્ન કરે છે માટે ગુસ્સે થવું નહિ. બનતાં સુધી દલગીર થવું નહિ, પણ રમુજી અને ખુશ મિજાજી બનવાની કોશેશ કરવી. વારંવાર ગુસ્સે થવાથી બચ્ચું ખરાબ સ્વભાવનું તેમજ ઝનુની પેદા પડે છે પણ સારા રમુજી અને ખુશ મીજાજી સ્વભાવથી બચ્ચું પણ ખુશ મીજાજી, તંદરોસ્ત અને નસીબવંત પેદા થાય છે. માતા જેટલી ખુશ મીજાજી રહેશે એટલું છોકરૂં નસીબવંત પેદા પડશે અને પોતાની જીંદગી સુખમાં કાહાડશે, કારણ પોતાનો ખરાબ સ્વભાવ, નિરાશી, અને દિલગીરીમાં બચ્ચાંને પણ તેવાજ ખરાબ સ્વભાવનું બનાવે છે, જે એક માણસને કમનસીબ બનવાને પુરતું છે.

હમેલવાળી સ્રીને સ્વચ્છ હવાની પણ જરૂર છે. માટે રોજ સાંજના ખુલ્લી સ્વચ્છ હવામાં ફરવું હરવું જોઇએ, જેથી લોહી પણ સ્વચ્છ રહેશે અને ખોરાક પણ બરાબર પાચન થશે. હમેલવાળી સ્રીને બે જીવ માટે શ્વાસ લેવા પડે છે એક તો પોતાને માટે અને બીજો બચ્ચાંને માટે તેથી હમેલવાળી સ્રીએ જેટલો બને એટલો શ્વાસ દમમાં લેવો જોઇયે. હમેલવાળી સ્રી જો ટાઇટ પટા, લેસો અને કપડાં પેહેરે તો બચ્ચાંને માટે પુરતો શ્વાસ લઇ શકેજ નહિ અને ઘણાક દાખલામાં બચ્ચું મરણ પણ પામે છે. ડા. ફાઉલરનાં મત મુજબ "Tight lacing is the chief cause of infantile mortality. That, it inflicts the very worst form of physical ruin on woman and offspring, is self evident. No evil equals that of curtailing this maternal supply, as tight lacing." બાળકોનું મરણનું પ્રમાણ વધવાનું મુખ્ય કારણ કમરે ટાઇપ લેસ અને પટા પહેરવાનું છે, જે સ્રી તેમજ બાળક બન્નેનાં શરીરને બહુજ ખરાબ રીતે નુકસાન કરે છે એ તદન ખુલ્લું છે. કારણ એટલુંજ કે ટાઇટ કપડાંથી અને પટાથી માતા પુરતા ખુલાસાથી શ્વાસ લઇ શકતી નથી, જેથી બચ્ચાંને માટે જોઇતી હવા નહિ મળવાથી બચ્ચું દુ:ખી દરદી થાય છે. અથવા

મરણ પામે છે માટે હમેલવાળી સ્ત્રીએ જેમ બને તેમ હલકાં અને ઢીલાં કપડાં પહેરવાં જોઇએ.

હમેલવાળી સ્ત્રીએ બે જીવને માટે શ્વાસ લેવો પડે છે એક તો પોતાને માટે અને બીજો બાળકને માટે, તેથી હમેલવાળી સ્ત્રીએ જેટલી બને એટલી ચોખ્ખી હવા દમમાં લેવી જોઇએ.

શ્વાસ ક્રિયા આપણાં મનને શાંત અને ખુશાલ બનાવે છે અને તંદરોસ્તી વધારે છે. શ્વાસ ક્રિયાની અગત્યતા હવે ડાકટરો પણ સ્વીકારે છે. તેઓએ દરદી પાસે ચોક્કસ રીતે દમ લેવાડવાને વાસ્તે કાચની નળીઓ બનાવી છે. ચોક્કસ રીતે દમ લેવાથી ફેફસાં સાફ રહે છે, મન ખુશાલ રહે છે, અને શરીરમાંનો ઝેરી પદાર્થ નિકળી જઇ લોહી સાફ બને છે અને નિયમીત ફરે છે. તેથીજ હીંદુ શાસ્ત્રમાં દરેક હીંદુને પ્રાણાયમ એટલે નિયમીત શ્વાસ લેવાની ભકિતની વખતે ફરજ આપવામાં આવે છે. કેટલાક યોગીઓ શ્વાસ ક્રિયા કરી કેટલાંક જ્ઞાનતંતુઓ ખિલવે છે અને શરીર પર કાબુ મેળવે છે અને જીવન શકિત વધારે છે. શ્વાસ લેવાની ઘણી રીતો છે. કેટલીક બહુ અઘરી છે અને સાધારણ માણસને નુકસાન કરે છે, તેથી શ્વાસ લેવાની સેહેલી રીત સમજાવીશું. એક શાંત જગા પર સીધા બેસી ડાબા નસકોરાંમાંથી શ્વાસ જેટલો લેવાય એટલો જોસથી ઉપર ચઢાવો. શ્વાસ ઉપર ચહડાવતી વખતે પહેલાં પેટ ફુગાવવું, પછી છાતી ફુગાવવી, આ રીતે શ્વાસ ઉપર ચહડાવતી વખતે તંદરોસ્તી અને જોર કલ્પવું, પછી ત્રણ ચાર બોલે ત્યાં સુધી એ દમને ઘેરી રાખવો પછી હળવે હળવે જમણાં નસકોરાંમાંથી દમ બહાર કાઢવો, બહાર કાઢતી વખતે એવો ખ્યાલ કરવો કે શરીરનું ઝેર આ શ્વાસથી બહાર નિકળી જાય છે. ત્યાર પછી જમણાં નસકોરાંમાંથી શ્વાસ ચઢાવી ડાબું નસકોરૂં આંગલી વડે બંધ રાખવું. એ રીતે એક પછી એક નસકોરાંમાંથી શ્વાસ ચઢાવવો અને બાહાર કાઢી નાખવો. આવી રીતે રોજ સહવારે ઉઠતી વખતે અને રાતે સુતી વખતે પાંચ સાત શ્વાસ લેવા, જ્યારે શરીર સુસ્ત થઇ ગયું હોય અથવા મનશકિત થાકી ગઇ હોય અથવા ગમગીનીથી શરીરમાં ઝેર જમા ગયું હોય તો તુરત આવી રીતે શ્વાસ લેવાથી લોહી સારી રીતે નસોમાં ફરશે, શરીરનું ઝેર નિકળી જશે, તેમાં શકિત આવશે, પાચન શકિત સારી રહેશે. ફેફસાનાં દરદો નિકળી જશે અને પેટમાંના બચ્ચાંને તંદરોસ્ત બનાવશે. પણ એટલું યાદ રાખવું જોઇએ કે જ્યાં હવા ગંદી હોય, બહુ સરદ હોય અથવા ઘેરાઇ ગયલી હોય, ત્યાં શ્વાસ ક્રિયા કરવી નુકસાનકારક છે, પણ

સ્વચ્છ ખુલ્લી હવામાં શ્વાસ ક્રિયા કરવી અને એ વખતે કપડાં સઘળાં ઢીલાં કરી નાંખવાં, જરા પણ ટાઇટ કપડું રાખવું નહિ, મુખ્ય કરી છાતી અને પેટ આગળનું ઢીલું રાખવું. જો હમેલવાળી સ્ત્રી આ પ્રમાણે સાવચેતી રાખે તો બચ્ચું તંદરોસ્ત જન્મશે. હમેલવાળી સ્ત્રીનાં મન પર જેવી ઠેખાન અથવા છાપ મજબુત પડે છે તે બચ્ચાંનાં બંધારણ પર અસર કરે છે, માટે એક તંદરોસ્ત બચ્ચાંનાં ચિત્ર ઉપર મન સાત દિવસ રોકવું, તેમજ જોરાવર કસરતબાજ માણસનાં ચિત્રોનો છાપ મન પર મજબુત પાડવો, અને જોરાવર માણસનું જોર અને શરીરનાં માસ-રજ્જુનાં ગોટલાં (muscles) બાઝેલા તે ઉપર ખુબ ધ્યાન રોકવું. ચિત્રમાં માથાંથી તે પગ સુધીના સઘળા સખત માસરજ્જુનું અવલોકન કરવું.

મન પર મજબુત છાપ પાડવાની રીત.

હવે મન પર મજબુત છાપ કેમ પાડવો તે પહેલાં જાણવું અગ-ત્યનું છે. આપણે જાણ્યે છીયે તેમ જ્યારે મન શાંત હોય છે, અથવા એક બાબતમાં લીન થઇ ગયું હોય છે, ત્યારે તે બાબતનો છાપ મન પર મજબુત પડે છે. જ્યારે સવારે ઉઠયે ત્યારે અને રાતે સુવા જઇએ ત્યારે આપણું મન શાંત રહે છે અને એ વખતે જેવો મન પર છાપ પાડવા માંગે તે પાડી શકાય છે. ઉંઘવા જવા અગાઉ જે પણ સુચના મનને કરવામાં આવે છે તે મજબુત અસર કરે છે; ઉંઘવા જવા અગાઉ જે બી છાપ મન પર પડે છે તે જ્યાં સુધી ઉંઘયે ત્યાં સુધી મન પર મજબુત રીતે રહે છે અને તેની અસર થાય છે.

હમેલવાળી સ્ત્રીએ મનને શાંત કરી બચ્ચાં પર મનની અસર કરવાની એક બહુજ અસરકારક રીત નીચે પ્રમાણે છે. હમેલવાળી સ્ત્રીએ એક એકાંત જગામાં રોજ થોડો વખત જવું અને આરામથી શાંત બેસવું અથવા બીછાનાપર લેટવું, શરીરનાં સઘળાં કપડાં ઢીલાં કરી નાંખવાં અથવા કાહડી નાંખવાં અને ખુલ્લી સ્વચ્છ હવા ઓરડામાં આવજાવ કરે તેમ બારી બારણાં ખુલ્લાં રાખવાની સગવડ રાખવી. પછી શરીરનાં સઘળા માસરજ્જુને ઢીલા કરી નાખવાં. જેમ મરણ પામેલાં માણસનાં માસરજ્જુ ઢીલા પડી ગયલા હોય છે તેમ આખું શરીર ઢીલું કરી નાખવું. પછી આગળ જણાવી ગયા તેમ હળવે હળવે શાંતીથી શ્વાસ અથવા દમ ઉપર ચડાવવો અને પછી પાંચ સેકંડ

ત્યાં વેર ધેરી રાખી શ્વાસ બહાર કાઢવો, જ્યાં સુધી આખાં શરીરને શાંત લાગે નહિ ત્યાં સુધી આ રીતે શ્વાસ ચાલુ રાખવો. આ રીતે મન શાંત થશે અને બીજા વિચારોથી મુક્ત થશે. ત્યાર પછી હમેલવાળી સ્ત્રીએ પોતાનું ધ્યાન એકાગ્રહ કરવું અને બહારની ચીજો પરથી ધ્યાન કહાડી નાખવું. હવે તેણીએ પોતાનું ધ્યાન પોતાનાં બચ્ચાંમાં રોકવું. આવી સ્થિતીમાં હમેલવાળી સ્ત્રી પોતાનાં બચ્ચાંના બહુજ નિકટ સંબંધમાં આવે છે, અને પોતાની મનની અસર સહેલાઇથી કરી શકે છે.

મન શાંત સ્થિતિમાં આવ્યા પછી ખુબસુરત અને તંદરોસ્ત બચ્ચાંનું એક મોટું ચિત્ર નજર પડે તેમ નજદીકમાં દિવાલ પર ટાંગવું. પહેલાં બચ્ચાંની તંદરોસ્તી પર વિચાર કરવો, પહેલાં ચિત્રમાં બચ્ચું કેવું તંદરોસ્ત છે, જોરમંદ છે, એ બચ્ચાંની તંદરોસ્તી અને જોર મનમાં કલ્પ્યા કરવું, અને પેટમાંનું બચ્ચું પણ મનની અસરથી એવુંજ તંદરોસ્ત અને જોરાવર થાય છે, એવો ખ્યાલ કરવો. ત્યાર પછી ચિત્રમાં પેલું બચ્ચું કેવું ખુબસુરત લાગે છે તેનો ખ્યાલ કરવો. પેલા ચિત્રમાં માથાંથી તે પગ સુધી દરેક ભાગની ખુબસુરતી જુદી જુદી રીતે તપાસવી. સુંદર કરચલીવાળા સોનેરી બાલ, પહોળું અને મોટું સુંદર કપાળ, ચળકતી તેજી આંખ, સુંદર વળાણવાળું અણીઆળું નાક, ગોલાબની કળી જેવા બાઠો, શોભાયમાન કાન, વગેરેનું બારીકીથી અવલોકન કરવું. જ્યાં સુધી એ સઘળા ભાગો મનમાં ઠસી જાય, ત્યાં સુધી એ ખુબસુરત ભાગો મનમાં કલ્પ્યા કરવા. જ્યાં તલક આંખ બંધ રાખવા છતાં તે ચહેરાને બરાબર આંખ ઉઘાડી હોય તેમ મનમાં જોઇ શકયે નહિ ત્યાં તલક ચહેરાનો ઘાટઘટમ દરરોજ મનમાં કલ્પ્યા કરવો. પહેલાં આખાં ચિત્રનો આકાર મનમાં કલ્પવો પછી જુદા જુદા ભાગની ખુબસુરતી કલ્પવી. ચહેરો કલ્પવા પછી શરીરના ભાગો કલ્પવા, સુંદર લાંબી ગરદન, પહોળી પહેલવાન જેવી છાતી, ગોળ સુંદર હાથો, મજબુત માસરજાણ-વાળી હાથની બાજુ, લોખંડ જેવી પહોળી હાથની કાંડી, અને ચિતા-રાના જેવા સેહેજ લાંબા અને પાતળાં આંગળાંવાળો સુંદર હાથ, ઘણું બહાર નહિ નીકળી આવેલું સપાટીવાળું પેટ, લાંબા મજબુત માસ-રજાણથી ભરેલા પગ, સુંદર ગોળ આકારવાળી મજબુત જાંગ અને પછવાડેનો ભાગ, મજબુત પગના ટેટાં, સેહેજ લાંબી અને પહોળી પગની પાટલી, જેવા કદાવર માણસનાં લાંબા હાથ ને પગ હોય છે તેવા હાથ

પગ કલ્પવા. જ્યાં તલક આંખ બંધ કરી મનની નજરથી આ સઘળા ભાગો બરાબર જોઇ શકયે નહિ ત્યાં તલક પુરતી અસર થશે નહિ માટે જ્યાં સુધી આંખો બંધ કરી આ ખુબસુરત ચિત્રનો સંપુર્ણ રીતે મનમાં આકાર જોઇ શકયે નહીં ત્યાં તલક ઉપલી રીત પ્રમાણે અવલોકન કરવાનું રોજ ચાલું રાખવું. આપણે ત્રીજા પ્રકરણમાં તપાસી ગયા તેમ જુદા જુદા મહિનામાં જુદા અવયવો અને ભાગોનું બંધારણ થાય છે તેથી તે મહિનામાં શરીરના તેજ ભાગ પર વિશેષ ધ્યાન આપવું જોઇએ. (પ્રકરણ ત્રીજું જોવું) એ પ્રકરણમાં જણાવ્યા મુજબ હમેલ રહ્યા પછી બરાબર વીસમે દિવસે બચ્ચાંનાં માથાં તથા પગ તરફના ભાગો ઉત્પન્ન થતા જણાય છે, માટે માથાં તથા પગની ઉપર મનશક્તિનો વિશેષ ઉપયોગ કરવો. આશરે ચાલીસમે દિવસે શરીરનો આકાર ઉત્પન્ન થાય છે માટે પેલાં ચિત્રમાંનો ખુબસુરત આકાર સારી રીતે એ વખતે કલ્પવો. એ વખતે હાથ અને પગ તરકારીના શાખા જેવા હોય છે, આંગળાં માલમ પડતાં નથી માટે એ વખતે હાથની બાજુ અને પગની જાંગની મજબુતાઇ અને સારો આકાર મનમાં કલ્પવો.

હમેલ રહ્યા પછી બીજે મહિને બચ્ચાંનો સઘળો આકાર ખુલ્લે ખુલ્લો પ્રગટી નીકળે છે. આંખના પોપચાં બરાબર દેખાય છે, નાક બહાર નિકળે છે, મોહોડું મોટું થાય છે, અને ઉઘડેલું માલમ પડે છે, હાથ પગનાં આંગળાં ખુલ્લાં માલમ પડે છે, માટે બીજે મહિને એ ભાગોની ખુબસુરતી પર ખુબ મન રોકવું જોઇએ. પેલાં સુંદર ચિત્રમાં આંખ, નાક, મોહ અને હાથ પગનાં આંગળાં જેટલાં ખુબસુરત મનમાં કલ્પાય એટલાં કલ્પવાં જોઇએ.

ત્રીજે મહિને આંખના પોપચાં તૈયાર થાય છે, અને બંધ રહે છે. નાકનાં શીદ્રાં અને હોઠ બરાબર દેખાય છે, અને મોહ બંધ માલમ પડે છે. આ મહિનામાં જે બહુ અગત્યનું જાણવું છે, તે એ કે બચ્ચાંના પેદા કરનારા અવયવ અથવા પીસાબના અવયવનું બંધારણ થાય છે, એટલે બચ્ચું નર અથવા નારી જાતીનો દેખાવ લે છે. છોકરો અથવા છોકરી મનની અસરે કેમ પેદા કરવી તે હવે પછીનાં પ્રકરણમાં ખુલાસાથી જણાવવામાં આવશે. હાલ તુરત એટલું યાદ રાખવું કે છોકરો જોઇતો હોય તો ત્રીજે મહિનાની થોડોક વખત અગાઉ નર જાતીના અવયવો પર હમેલવાળી સ્ત્રીએ પોતાનું મન વાપરવું જોઇયે, કારણ

છોકરા અથવા છોકરી પેદા થવાનું મુખ્ય કારણ માતાના મન ઉપર છોકરા અથવા છોકરીનો જે આકાર મજબુત પડેલો હોય તે પ્રમાણે થાય છે. માટે જો હમેલવાળી સ્ત્રીનાં મન પર મુખ્ય કરી ત્રીજો મહિનો થવા અગાઉ ભરથારના શરીરનો આકાર મન પર મજબુત ઠસી જાય તો છોકરો જનમવાનો વધુ સંભવ રહે છે. હવે પછી એ વિષેની ઘણી દલીલો રજુ કરવામાં આવશે. હાલ તુરત ત્યાં એટલું જાણવું બસ છે. ત્રીજે મહિને હૃદયનું ચાલવું માલમ પડે છે. ભેજું માવા જેવું નરમ માલમ પડે છે, કમરના કાંઠાનું પણ બંધારણ થાય છે. ફેફસાં, કલેજાં, વગેરે અવયવોનું બંધારણ થાય છે. માટે એ વખતે એક માતા, મનની અસરથી અવયવની મજબુતાઇ અને જોર મનમાં કલ્પવાથી, એ અવયવ જોરાવર બને છે.

ચોથે મહિને સઘળા માસરજ્જુ બરાબર દેખાય છે અને તેમાં થોડીક હીલચાલ માલમ પડે છે. માટે ચોથે અને પાંચમે મહિને માતાએ બચ્ચાંના માસરજ્જુ ગોળ ભરેલાં અને જોરાવર મનમાં કલ્પવાં જોઇયે, અથવા તો કોઇ કસરતબાજ આદમીનું ચિત્ર લઇ તેના ગોળ અને મજબુત માસરજ્જુ પર ખુબ અવલોકન કરવું, જેથી બચ્ચું જોરાવર માસરજ્જુનું અને કદાવર દેખાવનું જન્મશે.

છઠ્ઠા મહિનામાં ચામડીનાં બે પડ બરાબર થયલાં માલમ પડે છે. ચામડીનો રંગ રતાસદાર પણ નાજુક અને લીસો હોય છે, માટે છઠે મહિને અને તેની થોડાક દિવસ અગાઉથી માતાએ સાફ લીસી સફેદ અને ચળકતી ચામડી પર પેલા ચિત્રમાં ખુબ અવલોકન કરવું જેથી બચ્ચું ખુબસુરત ચામડીવાળું જન્મશે. માબાપ જો કાળાં હોય તો આ વખતે સફેદ રંગની ચામડી પેલાં ચિત્ર મારફતે મનમાં બહુજ કલ્પવી, સફેદ ફુલો, સફેદ પોશાક અને સઘળી સફેદ ચીજો પર ધ્યાન રોકવું જોઇયે.

૭ મહિના સુધી બચ્ચાંનાં શરીરનું બંધારણ થાય છે અને જુદે જુદે મહિને શરીરના જુદા જુદા ભાગોનું કેમ બંધારણ થાય છે, અને માતા પોતાના મનની અસરથી એ ભાગોને ખુબસુરત અને તંદરોસ્ત કેમ બનાવી શકે તે આપણે તપાસી ગયા છીયે.

શરીરના ભાગો બચ્ચાંમાં કદરૂપા બને છે તેનાં કેટલાંક કારણો.

જે પ્રમાણે સારાં શાંત મનની અસરથી એ ભાગો ખુબસુરત બને છે, તેજ પ્રમાણે ખરાબ દુર્ગુણી મનની અસરથી બચ્ચું કદરૂપું બને છે.

આપણે જાણ્યું તેમ જુદે જુદે મહિને શરીરના જુદા જુદા ભાગોનું બંધારણ થતું હોય તે વખતે માતાનું મન શાંત નહીં હોય, મન ગુસ્સાથી બેચેનીથી અથવા દિલગીરીથી ઉશ્કેરાયલું હોય તો શરીરના બંધારણમાં હરકત થાય છે, અને તે સારી રીતે બંધાતો નથી; તેથી તે ભાગનો ઘાટઘડમ કદરૂપો બને છે. બીજે અને ત્રીજે મહિને આંખ, નાક, કાન, મોંહ, હોઠ વગેરેનું બંધારણ થાય છે. આપણે દાખલા દલીલ સાથે જાણ્યું છે, કે માતાના શરીરના જે ભાગો ખરાબ હાલતમાં હોય છે તે ભાગોનું બચ્ચાંમાં બરાબર બંધારણ થતું નથી, હવે ગુસ્સો અથવા દિલગીરી ચેહરાના માસરજાુ, આંખ, કાન, નાકને એવી ખરાબ હાલતમાં રાખે છે કે બચ્ચાંની એ ઈંદ્રીઓ કદરૂપી બને છે.

ફ્રાન્સનો વિદ્વાન ડુજેને ઍાવ બોલોન જણાવે છે કે મનની જુદી જુદી સ્થિતિ ચેહરાના જુદા જુદા માસરજાુમાં હીલચાલ કરે છે. એક માણુસ તુમાખી બને છે ત્યારે તેનું નાકનું ટીચકું ઉપર ચઢે છે તેથીજ આપણે કહયે છીયે કે આ માણુસ જરા જરામાં નાકનું ટીચકું ઉપર ચઢાવે છે. હમેલવાળી સ્ત્રી જો વારંવાર હમેલની બીજે ત્રીજે મહિનામાં તુમાખી સ્વભાવ દેખાડે તો જે બચ્ચું જન્મે તેનું નાકનુ ટીચકું ઉપર ચઢેલું માલમ પડે છે. ઉપલા વિદ્વાનના કહેવા પ્રમાણે ધિકાર ઉપલા હોઠના વચલા ભાગને ખુબ ઉશ્કેરી કદરૂપો બનાવે છે માટે હમેલવાળી સ્ત્રી એ વખતે જો વારંવાર ધિક્કાર ધારણ કરે છે તો બચ્ચું કદરૂપા હોઠવાળું જન્મે છે. જો હમેલવાળી સ્ત્રી કોઇ પર ધિક્કારથી ગુસ્સે થઇ કીનો કપટ રાખે છે, તો તેણીના કાન લાલ થઇ આવે છે અને ખેંચાય છે. તેથી બચ્ચાંના કાન કદરૂપા બને છે. હમેલવાળી સ્ત્રી ગુસ્સાવાળી, કીના કપટવાળી, ધિક્કારવાળી હોય છે, તો બચ્ચાંની તે ઇંદ્રીઓ કદરૂપી બને છે. જ્યારે હમેલવાળી સ્ત્રી ખુશમીજાજી, માયાળુ, દયાળુ, અને સર્વની સાથે પ્યારથી વર્તે છે, ત્યારે તેણીનો ચેહેરો ખુબસુરત દેખાય છે, જે બચ્ચાંને પણ ખુબસુરત બનાવે છે.

હમેલવાળી સ્ત્રી જો હવસી બને તો શરીરને તદન કદરૂપું બનાવી દે છે, અને શરીરના સઘળા ભાગો ઉશ્કેરાય છે જેથી બચ્ચું કદરૂપું પેદા થાય છે. કેટલીક વખતે હવસથી ગર્ભસ્થાનમાં એટલી બધી તાણતોડ થાય છે કે બચ્ચું અધુરે મહિને બહાર નિકળી પડે છે. માટે ખુબસુરત બચ્ચાં જોઇતાં હોય તો હવસથી દુર રહેવું અને ભરથાર સાથનો

હવસી સંબંધથી તદન જુદા રહેવું પણ હવસને બદલે સાચો પ્યાર જેમ બને તેમ વધારવો.

એજ બાબદ પર લખતાં મીસીસ ચેન્ડલર જણાવે છે કે "જો હમેલવાળી સ્ત્રી એ વખતની જરૂરીયાત અને શક્તિઓને વિષે સમજે, અને પોતાનાં મીનોઈકાર્યને માટે પોતાનો દરજ્જો રાખે, બહારના દુર્ગુણોથી પોતાને અપવિત્ર કરતી અટકે અને પોતાના અંદરના જીવડાને માટે પોતાના આત્માનું સ્નાન કરે, તો ઘણીજ ઝડપથી ધિક્કારવા જેવા કદરૂપા અને કુસંપી જીવડાઓ, જે આદમ જાતના મોટા ભાગ ઉપર ડાઘો પાડે છે, તે નાબુદ થાય."

આપણે જાણ્યું તેમ પહેલા છ મહિના બચ્ચાંના શરીરનું બંધારણ થાય છે, માટે સુંદર ચિત્રની મદદ વડે પહેલા છ મહિના મનની અસરથી બચ્ચાંને તંદરોસ્તી અને ખુબસુરતી આપવી, જુદે જુદે મહિને બચ્ચાંના જુદા જુદા શરીરના ભાગોનું બંધારણ થાય છે તે જાણી આપણને હવે માલમ પડયું છે કે એક હમેલવાળી સ્ત્રી પોતાના મનની અસરથી બાળકના શરીરના જુદા જુદા ભાગો અને અવયવને તંદરોસ્ત અને ખુબસુરત બનાવી શકે છે.

હમેલવાળી સ્ત્રીએ બુધ્ધિમાન બાળકો પેદા કરવા માટે સુચનાઓ.

આપણે જાણ્યું છે કે છઠ્ઠા મહિના પછી અથવા છેલ્લા ત્રણ મહિના બચ્ચાંની ઉત્તમ મનશક્તિનાં ભેજાંના ભાગોનું બંધારણ થાય છે. માટે હમેલવાળી સ્ત્રીએ છેલ્લા ત્રણ મહિનામાં પોતાની મરજી પ્રમાણેના બુદ્ધિમાન બાળકો પેદા કરી શકે. હમેલવાળી સ્ત્રી મૂખ્ય કરી છેલ્લા ત્રણ મહિનામાં ચોકસ મનશક્તિને સારી રીતે ખીલવે તો જે બચ્ચું જન્મે તે તેવીજ અદભુત મનશકિત ધરાવતું પેદા પડે છે અને આવીજ રીતે આપણા મહાન નરોનો મોટો ભાગ પેદા થયો છે.

હમેલવાળી સ્ત્રીએ કેવી રીતે ચોકસ મનશકિતવાળાં બચ્ચાં પેદા કરવાં તેની રીતો તપાસ્યે;—એમ ધારો કે એક માતાને પોતાના બાળકને એક મહાન નર તરીકે જન્મ આપવો છે, તો પહેલાં તેણીએ મહાન નરોની જીંદગીના હેવાલોનાં દરેક પુસ્તકો વાંચવાની કોશેશ કરવી અને તેઓનાં મહાન કાર્યોનો બારીકાથી અભ્યાસ કરી તેની મનમાં બહુજ વખાણ કરવી. જ્યારે આવા મહાન નરોનાં મહાન કાર્યોના હેવાલો વાંચતાં

હોય, તે વખતે તે મહાન નર એ કાર્યો કરે છે એમ નહીં વિચારવું, પણ આ પેટમાંનું બચ્ચું મોટું થઇ આ મહાન કાર્યો કરે છે એમ મનમાં કલ્પવું. આ રીતનું વાંચણ છેલ્લા ત્રણ મહિના દરરોજ ચાલુ રાખવું એટલે સુધી કે આ મહાન કાર્યોના હેવાલના ચિત્રો આંખ બંધ કરી મન વડે જોઇ શકયે. આ રીતે મહાન કાર્યોનો દરરોજ અભ્યાસ કરી પછી મનને શ્વાસ ક્રિયાથી શાંત કરવાની રીત મુજબ દરરોજ એક એકાંત જગામાં જઇ શરીરના સઘળા માસરજ્જુ મુવેલા માણુસની માફક ઢીલા કરી નાખી, આગળ જણાવ્યા પ્રમાણે શ્વાસ ક્રિયા કરી, પછી શાંત રીતે પેટમાંના બચ્ચાંનો વિચાર કરવો, ત્યાર પછી મહાન નરનાં મહાન કાર્યોનાં ચિત્રો મનમાં કલ્પવાની કોશેશ કરવી. આપણે સ્વપનામાં આ મહાન કાર્યો થતાં જોતાં હોઇએ એમ મનમાં કલ્પવું. આ રીતે મનમાં ચિત્રો કલ્પતી વખતે પેલા મહાન નરને એ મહાન કાર્યો કરતાં જોવો નહીં પણ પેટમાંનું બચ્ચું મોટું થઇ આ સઘળાં કાર્યો કરે છે એમ મનમાં કલ્પવું. જો એ મહાન કાર્યોનાં ચિત્રો છપાયલાં હોય તો તે ચિત્રો રોજ જોવાં. જ્યાં સુધી આંખ બંધ કરી આપણી મનની નજરથી એ ચિત્રો બરાબર જોઇ શકયે નહીં ત્યાં સુધી એ ચિત્રો રોજ જોવાં ચાલુ રાખવાં. તે મહાન નરનું ચિત્ર નજર આગળ રાખવું અને પોતાના ભવિષ્યનું બાળક આવુંજ થશે એમ વિચારી તે મહાન નરનાં મહાન કાર્યો મનમાં કલ્પવાં. આપણી મનની શકિત મહા બળવાન છે, કેટલી બળવાન છે અને કેવી રીતની છે, તે જાણવું હોય તો આ બાબતમાં "ગુપ્ત મનશકિતની મહાન શોધો"નું પુસ્તક વાંચવું બહુજ ઉપયોગી થઇ પડશે. આપણી મનની શકિત એક જાતનું ઘણું મજબુત બળ (force) ધરાવે છે. હવે એ બળ જયારે બચ્ચાં પર પોતાની માતા વારંવાર ફેંકે છે ત્યારે તે બચ્ચાંની આસપાસ એક મદદગાર. ફરેસ્તાની માફક રહે છે, એ સઘળું માતાના મનનું બળ બચ્ચાંની આસપાસ વર્ષો સુધી રહે છે અને તેની ભવિષ્યની મહાન કારકીર્દીમાં એક મદદગાર ફરેસ્તા માફક મદદ કરે છે, અને તે બચ્ચાંને ફત્તેહમંદ અને નસીબવંત બનાવે છે. જો હમેશવાળી સ્ત્રી હમેશની વખતે દિલગીરી અને નિરાશીવાળું મન ધરાવે છે તો તેજ મનશકિતનું બળ પણ તે બચ્ચાંની આસપાસ વર્ષો તક રહે છે, અને એક દુઃખ દેનાર સેહતાનની માફક તેને દરેક કાર્યમાં નિરાશ અને દલગીર બનાવે છે, અને તે કમનસીબ બને છે. પેટમાંના બચ્ચાંને માટેની એક માતાની ખરાં જીગરની દુવા જો વારંવાર કરવામાં આવે

તો તે દુવાનું બળ તે બચ્ચાંની આસપાસ વર્ષો તક રહી તેને દરેક રીતની મદદ કરે છે. કેટલીક કહેવતો અજ્ઞાનપણામાં રચાયલી છે તેમાંની એક આ પણ છે કે "માબાપ જન્મ આપે છે પણ નસીબ આપી શકે નહીં," મનને લગતી હાલની શોધોને આધારે આ કહેવત ખોટી પડે છે. આપણે જાણ્યું તેમ હમેલવાળી સ્ત્રીની સારી અથવા માઠી મનની સ્થિતિથી બચ્ચું નસીબવંત અથવા કમનસીબ પેદા પડે છે. માટે હમેલવાળી સ્ત્રીએ ખુબ યાદ રાખવું જોઇએ કે બચ્ચાંનાં નસીબની ચાવી ઘણે દરજ્જે માતાના પોતાના હાથમાં છે.

હમેલવાળી સ્ત્રીએ છેલ્લા ત્રણ મહિનામાં, મહાન નરોના જીંદગીના હેવાલોનાં પુસ્તકો ઘણાં છપાયાં છે, તેમાંનું એક જરૂર ખરીદ કરવું અને તેમાંથી સઘળા મહાન નરોની જીંદગીનો બારીકીથી અભ્યાસ કરવો. તેઓની જીંદગીમાં જે મુશ્કેલી અને આફતો આવે તે ઉપર ધ્યાન આપવું નહીં, પણ તેઓનાં ફત્તેહમંદ કાર્યો ઉપરજ મન રોકી રાખવું, ત્યાર પછી એ મહાન નરોમાંથી જે નરની જીંદગી વધુ પસંદ પડે તે નરની જીંદગીનો હેવાલ રોજ સવારે, સાંજે અને રાતે વાંચવો. રાત્રે સુવા અગાઉ તો જરૂરજ વાંચીને સુઇ જવું. એક મહાન નરનું ચિત્ર મળી શકતું હોય તો તે પણ ખરીદવું અને રાતના ઉંઘ આવે તે પહેલાં બંદગી કરી, પછી શ્વાસ ક્રિયાથી મનને શાંત કરવાની રીત પ્રમાણે મનને શાંત કરી, પેલા મહાન નરનાં ચિત્ર પર નજર રાખી તેની જીંદગીના હેવાલનો અભ્યાસ કીધો હોય તો તેમાંની બાબતો મનમાં કલ્પવી અને પોતાનાં બચ્ચાંને તે જીંદગી ગુજારતાં મનની નજરથી જોવું અથવા કલ્પવું જોઇએ. ફક્ત આવા નરનાં જીંદગીના હેવાલો વાંચવાથી કાંઇ પુરતી અસર થતી નથી પણ એ જીંદગીનાં હેવાલો મનમાં કલ્પવા જોઇએ એટલે કે, એ જીંદગીના હેવાલો ચિત્ર માફક મનની નજર આગળ જોવા જોઇએ. જેમ સ્વપનામાં દરેક ચીજો જોઇએ છીએ, તે પ્રમાણે જોવું જોઇએ. એકાગ્રહતા રાખતી, બીજી ચીજોમાંથી ધ્યાન કાહડી નાખવું અને એ બાબતમાંજ રોકી રાખવું, ઇચ્છા શક્તિ અથવા મરજી ખુબ વાપરવી. ધચુપચુ મન રાખવું નહીં પણ દ્રઢ મનથી અને ઘણા ઉમંગથી કામ કરવું. આવી મનની સ્થિતિથી હમેલવાળી સ્ત્રીનાં મનની અસર બચ્ચાં પર સેહેલાઇથી થઇ શકશે.

આપણે કેટલાક દાખલાઓ તપાસી ગયા છીએ, જે પરથી માલમ પડશે કે હમેલવાળી સ્ત્રી પોતાની મનની અસરથી પોતે જો કોશેશ કરે

કરે તો પોતાનાં બાળકને એક ફિલસુફ, એક ચિતારો, કે એક ગણિતશાસ્ત્રી પેદા કરી શકે છે. આપણે બચ્ચાં પર કેમ અસર કરવી તે રીતો પણ જોઇ ગયા છીએ. એક હમેલવાળી સ્ત્રીનો વીચાર થાય, કે પોતાના છોકરાને એક નામીચો ચિતારો બનાવવો, પણ પોતે ચિત્રકળા જાણતી ન હોય તો તેની કાંઇ ફીકર નહીં. મુખ્ય કરી હમેલના છેલ્લા ત્રણ મહિનામાં જેટલું બને એટલું ચિત્રકળાનું શિક્ષણ લેવું, પોતે જો કે એ કળામાં કુશળતા ન મેળવે પણ એ કળા શિખવાની જે કોશેશ કરે, તે ફક્ત કોશેશનીજ અસરથીજ બચ્ચાંને મનની તે વળણ જન્મથીજ મળે છે જેથી બચ્ચું મોટું થતાં તેમાં કુશળતા મેળવે છે. માતાની તે બાબતમાં પ્રવિણ થવાની જરૂર નથી પણ જે જરૂર છે, તે, ખરાં જીગરની કોશેશ ખંત અને ઉમંગ જે વડે બચ્ચાંને તે રીતની મનની વળણ મળી શકે છે.

આ રીતે તમારાં બાળકને ફિલસુફ, ચિતારો, કારીગર અથવા તો કોઇ રીતનું તેજી મનશકિત ધરાવતું બાળક પેદા કરી શકશો, પણ તે બાળકની કારકીરદી ફતેહમંદ નિવડશે નહીં. કેટલાક અદભુત મન શકિત ધરાવતા માણસો આપણે જોઇએ છીએ પણ તેઓને ઉમદા સદ-ગુણોની અને વિવેકની જરૂર છે. ઉમદા સદગુણો વગર હાલ આપણે જોઇયે છીયે તેમ, કેટલાક અદભુત મનશકિત ધરાવનાર માણસોએ નાલેસી ભરેલાં કામો કરી, પોતાની જીંદગીની બરબાદી કીધી છે. માટે એક માતાની પહેલી ફરજ છે જે બચ્ચાંને ઉમદા સ્વભાવનું અને સદગુણી પેદા કરવાની કોશેશ પણ કરવી જોઇએ. સદગુણી અને ઉમદા સ્વભાવનાં બચ્ચાં પેદા કરવા માટે એક હમેલવાળી સ્ત્રીએ મુખ્ય કરી છેલ્લા ત્રણ મહિના પોતે સદગુણી અને પવિત્ર રહેવું જોઇયે. છેલ્લા ત્રણ મહિનામાંજ ઉમદા સદગુણો અને ઇશ્વર તરફના ભકિતભાવની શકિતના ભેજાંના ભાગનું બંધારણ થાય છે, જે ભાગો બરાબર આપણાં માથાંનો ઉપલો વચેનો ભાગ છે. છેલ્લા ત્રણ મહિનામાં હમેલવાળી સ્ત્રીએ બધા દુર્ગુણો છોડી દેવા જોઇએ. હવસથી પોતાના શરીરને કદી પણ એ વખતે અપવિત્ર બનાવવું જોઇયે નહીં. રોજ થોડો વખત ઇશ્વરની ભકિતમાં અને ધર્મના પુસ્તકો વાંચવા જોઇએ. દુન્યાની લાલચોથી તેમજ કીના કપટથી દુર રહેવું જોઇયે. જે મહાન વીરલા નરો પોતાના સદગુણોથી અને ઉમદા સ્વભાવથી પોતાનું નામ અમર કરી ગયા છે, તેઓની જીંદગીના હેવાલ જરૂર વાંચવા જોઇએ; એ વખતે કીનો, કપટ, ગુસ્સો, નિરાશી વિગેર

દુર્ગુણોથી મનને અપવિત્ર કરવું નહીં, પણ માયા, દયા, ભક્તિભાવ, સર્વ પર પ્રેમ રાખી સચ્ચાઇનો માર્ગ અખત્યાર કરવો જોઇયે. ચાર્લ્સ કીંગસ્લીના જીંદગીના હેવાલ પરથી જણાય છે કે, તેની માતા હમેશની વખતે દુન્યાની લાલચોથી દુર રહી, એક ગામડામાં જઇ ત્યાં કુદરતની ખુબસુરતી રોજ નીહાળતી હતી, અને પવિત્રાઇથી દિવસો પસાર કરતી હતી, જેથી ચાર્લ્સ કીંગસ્લી એક વખણાયલો ધર્મગુરૂ થયો હતો. કેટલાંક દુર્ગુણી અને હવસી માબાપ એમ કહેશે કે એમ કોણ પછાડા મારે, જેમ થાય તેમ થવા દેવોની! શું ઉમદાં બચ્ચાં પેદા કરવા એક માતાને ફક્ત ત્રણ મહિના સદગુણી રહેવાનું મુશ્કેલ કામ અને બહુ તકલીફ પડે તેમ છે? ફક્ત ત્રણ મહિનાની થોડી તકલીફ ન કરે તો જ્યારે બચ્ચું દુર્ગુણી જન્મશે અને પોતાના દુર્ગુણી કામોથી માબાપને નાલેશીમાં નાખશે તેમજ આખી જીંદગી આ રીતે દુ:ખ દેશે તે ખમશો? શું વર્ષો સુધીનું આ પ્રકારનું દુ:ખ, નાલેસી અને બેકરારી ખમવા તેયાર છો? ફક્ત છેલ્લા ત્રણ મહિના ઉમદા સદગુણોમાં પસાર કરશો તો તમારો છોકરો એક સદગુણી પુરૂષ થશે અને તેનાં સારાં કાર્યોની કીર્તિથી તમારૂં જીગર કેવું હરખાશે ને તમને કેવો આનંદ મળશે? આવા એક ઉપયોગી નરને જન્મ આપનાર માબાપને ઘડપણમાં કેવું સુખ મળે છે! કેટલાકો કહે છે કે, બેહસ્ત દોજખ બન્ને હયાંજ છે જેવી કરણી તેવી પાર ઉતરણી. તેમ જે માબાપ પોતાના હવસોપર કાબુ રાખશે નહીં અને પરણેલી જીંદગી દુર્ગુણમાં કહાડશે તેઓને ત્યાં ઇનસાફી ઇશ્વરના અચુક કાયદા પ્રમાણે એવા દુર્ગુણી છોકરા જન્મશે કે તેઓની આખી જીંદગી અને ઘડપણને વખતે પણ, દુર્ગુણી છોકરાંના દુર્ગુણથી જીવતાં જીવત દોજખમાં પડેલા હોય તેવી કહાડવી પડશે. જ્યારે સાચા પ્યાર અને સદ-ગુણથી બચ્ચાં પેદા કરનાર માબાપો ખુબસુરત, શાંત સ્વભાવના માયાળુ, દયાળુ, અને નેક ખસલતનાં બચ્ચાંની ઉમદા જીંદગી અને એકમેક તરફની પ્યારની લાગણીથી તેમજ લોકોનો ચાહ અને માન ઇજત પોતાનું છોકરૂં મેળવશે, તેથી તે માબાપને કેવું સુખ પ્રાપ્ત થશે! તેઓનું શાંતીનું સ્થળ હોય તેવું ઉમદા લાગશે, તેઓના કુટુંબમાં ફરેસ્તાઓ અણદીઠ રહી તેઓના સદગુણોને માટે તેઓને દરરોજ આશીર્વાદ દઇ તેઓને આનંદ આપતા હોય એમ લાગશે, અને ઘડપણમાં પેલી દુન્યામાં પોતાના સદગુણોને માટેનું સ્વર્ગ ભોગવે તે અગાઉ પોતાના છોકરાંના ઉમદા સદ-

ગુણોથી આજ દુન્યા તેઓને સ્વર્ગ જેવી લાગશે, હયાંજ સ્વર્ગ જેવો આનંદ ભોગવશે, અને તેઓ એમ કહે તેમાં અચરત થવું નહીં, કારણ કે સ્વર્ગ ભોગવવું હોય તો સદગુણોથી હયાંજ સ્વર્ગ ભોગવી શકયે છીયે.

હમેલવાળી સ્ત્રી પોતાનાં મનની અસરથી પોતાનાં બચ્ચાંને પોતાની મરજી પ્રમાણેનું તંદરોસ્ત, ખુબસુરત, બુદ્ધિમાન અને સદગુણી બનાવી શકે છે. એ કીંમતી વખતે માતાના મનની જેવી સ્થિતિ હોય છે તેવું બચ્ચું જન્મે છે. માટે હમેલવાળી સ્ત્રીએ એ વખતની પોતાની ફરજ સમજી પોતાની તંદરોસ્તી અને મનની શાંતી અને પવિત્રાઇ ઉપર ધ્યાન આપવું જોઇએ. હમેલવાળી સ્ત્રીના મનની બચ્ચાં પર અસર થાય છે તેના દાખલા આપણે તપાસી ગયા છીએ. તે જાણ્યા પછી આપણી ફરજ છે જે હમેલવાળી સ્ત્રીની દરેક રીતની સંભાળ લેવી જોઇએ. એક ભરથારે અને કુટુંબીએ હમેલવાળી સ્ત્રીને જેટલું બને એટલું સુખ આપવાની ફરજ છે. જે ભરથાર અથવા કુટુંબ હમેલવાળી સ્ત્રીને કોઇ પણ રીતનું દુઃખ દે અથવા કોઇબી રીતે તેણીની લાગણી દુખાવે તો તે માણસે એક મોટું પાપ કીધેલું કહેવાય; કારણ આવી રીતે દુઃખ દેવાથી બચ્ચાને પોષણ કરવાના કુદરતનાં એક મહાન કાર્યમાં હરકત કીધેથી કહેવાય, અને દુન્યામાં પેદા થતાં એક માનવીને જન્મથીજ બદબખ્ત કીધેલું કહેવાય, જે ગુન્હા કુદરત કદી પણ માફ કરી શકે નહીં. એક સ્ત્રીને હમેલ રહ્યા કે તેણી એક કુદરતનું મહાન કાર્ય કરે છે, તે વખતે ભરથાર તેમજ કુટુંબીઓની ફરજ છે જે એ વખતે તેણીને દરેક રીતની મદદ કરવી, દરેક રીતની સગવડ કરી આપવી અને દરેક રીતનો આનંદ તેણીને આપવો. દરેક ભરથારની ફરજ છે કે પોતાની મહોરદારને પોતાના આત્મીક પ્યારથી જેટલો આનંદ અપાય એટલો આનંદ અને શાંતી આપવી. એ વખતે તેણી કુદરતના મહાન કાર્ય કરવા કુદરતના પવિત્ર છાયામાં રહે છે તે વખતે જો એક ભરથાર પોતાના હવસથી તેણીને અપવિત્ર બનાવે તો તેને કુદરત કોઇબી રીતે શિક્ષા કર્યા વગર રહેતી નથી. ઘણીક વખતે એવો ભરથાર બચ્ચાંનો ખુની તરીકે ગણાય છે, કારણ એ વખતની હવસી સંગતથી બચ્ચું અધુરે મહિને તુટી પડે છે અને મરણ પામે છે. માટે એ વખતે એક ભરથારની ફરજ છે જે હવસથી દુર રહી તેણીની સાથે આત્મીક પ્યારથી વર્તવું જોઇએ. દરેક સ્ત્રીએ આ પ્રકરણથી જાણ્યું હશે કે હમેલની વખતે માતાની જેવી મનની સ્થિતિ હોય છે તેવી મનની

અસર અમુક રીતે બચ્ચાં પર થાય છે. માટે હમેલવાળી સ્ત્રીની પહેલી ફરજ છે કે મનને હમેશાં શાંત અને ખુશમીજાજી રાખવું, તેમજ ઉમદા વિચારોથી અને ભવિષ્યની મહાન આશાઓથી ભરપુર રાખવું. દલગીરી અને ગમગીની ભરેલું મન બચ્ચાંને ઘણુંજ નુકશાનકારક છે માટે એવા દિલગીરી ભરેલા બનાવોમાં ફકત બચ્ચાંને ખાતર ભાગ લેવો નહીં, મનં પર દિલગીરીનો છાપ પડવા દેવો નહીં, પણ ઝટ કાઢી નાખવો. ઘરનું વહીતરૂં એ વખતે ઘણું કરવું નહીં પણ સગાં વહાલાંની મદદ લેવી. ટુંકમાં કહીએ તો હમેલવાળી સ્ત્રીએઃ—

(૧) શાંત ખુશ મિજાજી અને ભરથાર તરફ પ્યારની લાગણીવાળું મન રાખવું.

(૨) બનતાં સુધી ગુસ્સે અથવા દલગીર થવું નહીં.

(૩) સારી સ્વચ્છ હવામાં રોજ ફરવા હરવાનું ચાલુ રાખવું.

(૪) મનને ખુશ રાખે તેવી દરેક ચીજોમાં ભાગ લેવો. રમત ગમતમાં પણ ભાગ લેવો.

(૫) સાદો પણ પુષ્ટીકારક ખોરાક ખાવો, મસાલેદાર તેમજ ટીખો ખાસ્તો ખોરાક ખાવો નહીં, દારૂ પીવો નહીં, ઘણું માસ ખાવું નહીં, ફળ વધારે ખાવાં.

(૬) હવસી સંગતથી દુર રહેવું.

(૭) પુરતી ઉંઘ અને આરામ લેવી, ઠાક ચઢે તેવું કામ કરવું નહીં.

(૮) ખરાબ કદરૂપા દેખાવો જોવા નહીં, જો જોવામાં આવે તો દ્રઢ મન રાખીને તેની મન પર અસર થવા દેવી નહિ, પણ ઝટ કાઢી નાખવા.

(૯) કુદરતની ખુબસુરતી પર, સુંદર ફુલ, ફળપર, ખુબસુરત બચ્ચાં પર, અને ખુબસુરતી રજુ કરે તેવાં ચિત્રો પર દિવસનો મોટો ધ્યાન રાખવું, જેથી બચ્ચું ખુબસુરત જન્મશે.

(૧૦) બચ્ચાંની તંદરોસ્તીને માટે જોરાવર, કદાવર, કસરતબાજોના ચિત્રોમાં તેઓના મજબુત માસરજ્જુનું બારીકીથી અવલોકન કરવું જેથી બચ્ચું જોરાવર અને કદાવર જન્મશે.

(૧૧) હમેલ રહ્યાના પહેલાં ૭ મહિના બચ્ચાંની ખુબસુરતી અને તંદરોસ્તી મેળવવાની રીતો જણાવી છે તે અમલમાં મુકવી.

(૧૨) હમેલના છેલ્લા ત્રણ મહિનામાં બચ્ચાને જેવી ચાહે તેવી મનશકિતવાળું બનાવવાની રીતો મુજબ કરવું. એ ત્રણ મહિનામાં હમેલવાળી સ્ત્રીએ ઉમદા માયાળુ, દયાળુ, પ્યારવાળો સ્વભાવ રાખવો, નામાંકિત વિરલા નરોના જીંદગીના હેવાલોનો બારીક અભ્યાસ કરવો. જેવું નામાંકિત બચ્ચું પેદા કરવા માંગતાં હોય તેવા નામાંકિત નરના જીંદગીના હેવાલોનો ખુબ ઉમંગ અને ધ્યાનથી રોજ અભ્યાસ કરવો, ધર્મના પુસ્તકો વાંચવા, વાયજો સાંભળવી અને તનની અને મનની પવિત્રાઇ રાખવી. હમેલવાળી સ્રીની તેમજ બચ્ચાંની બીમારી જન્મ આપતી વખતની સંભાળ, જન્મેલા બચ્ચાંની માવજત અને કાંઇબી દુ:ખ વગર જન્મ આપવાની રીત વિષે ખુલાસેથી જાણવું હોય તો જુવો "સ્રીનો મદદગાર ફિરેસ્તો પ્રકરણ ૪ થું હમેલવાળી સ્રીને જ્ઞાન."

હમેલવાળી સ્રીને ખુબસુરત તંદરોસ્ત અને બુદ્ધિમાન બાળકો પેદા કરવા માટે પુરતું જ્ઞાન આ પ્રકરણમાં દાખલા દલીલ સાથે આપવામાં આવ્યું છે. કેટલાક ખરા બનેલા દાખલા પરથી, ભવિષ્યની માતા સહેલાઇથી સમજી શકશે કે તેણીમાં મરજી પ્રમાણેનાં બાળકો પેદા કરવાની શકિત છેજ. એ મહાન ઇશ્વરી શકિત સહેલાઇથી કેમ વાપરવી તેની સેહેલી રીતો પણ આ પ્રકરણમાંજ શિખવવામાં આવી છે. હવે જે સ્રી દૃઢ મનની અને ઉત્તમ સદગુણો ધરાવતી હશે, અને એક માતા તરીકેની ઉમદા ફરજ સમજતી હશે, તે સ્રી તકલીદી, હવસી અને હલકા પ્રકારની મોજ શોખ જે મોડે વહેલે દુ:ખી દરદી અને બદબખ્ત બનાવે છે, તેથી દુર રહી સદ્‌ગુણનું ઉમદા સુખ પ્રાપ્ત કરવા, ઉત્તમ બુદ્ધિવાળું બાળક પેદા કરવાની પોતાની પવિત્ર કોશેશ કરશે જે વડે પોતાનું અને પોતાના દેશનું કલ્યાણ કરશે.

પ્રકરણ ૯ મું.

મનુષ્ય શરીરનો જીવન-રક્ષક પદાર્થ. તેની થતી બરબાદી-ઓલાદની પડતી-અને ભયંકર દરદોની ઉત્પતિ.

The extent of this vice cannot be ascertained, its nature prevents it; but that it is, in connection with sexual excess, lowering and undermining the health, strength and ability of thousands of the young who otherwise would make their mark in this world is palpable to all who possess the skill to rightly judge from plainly visible effects back to legitimate causes. *Dr. John Cowan M. D.*

એક છોકરો અથવા છોકરી ઉમ્મરમાં આવે ત્યારે તેનાં લોહીમાંથી જીવન રક્ષક પદાર્થ ઉત્પન્ન થાય છે જે બાળકની ઉત્પત્તિ માટે કુદરત પેદા કરે છે.

મરદનાં આવા પદાર્થને વીર્ય (Semen) કહેવામાં આવે છે જ્યારે સ્ત્રીના પદાર્થને મ્યુકસ (Mucus) કહેવામાં આવે છે.

આ જીવન રક્ષક પદાર્થને શરીરમાં સાચવવાથી માણસ કેટલું તંદરોસ્ત, ઉંચી મનશક્તિ ધરાવતું ઉમદા બાળક પેદા કરનારૂં અને સુખી થાય છે અને આ પદાર્થની હાલમાં જે રીતે બરબાદી કરવામાં આવે છે તેથી માણસો દુઃખી, દરદી અને બુધ્ધિહીન થાય છે તેમજ ઓલાદની બરબાદીનો પાયો નાખે છે અને તેવી અગત્યની બાબદની તપાસ ઉપર ધ્યાન પુગાડીશું.

એક છોકરો બારથી તેર વર્ષનો થતાં આ પદાર્થ તેના શરીરમાં પેદા થાય જેને વીર્ય કહેવામાં આવે છે એ વીર્ય મરદના ગોળી જેવા અવયવમાંથી ઉત્પન્ન થાય છે.

ચાલીસ ટીપાં લોહીમાંથી ફક્ત એક ટીપું આ વીર્યનું બને છે એ વીર્યમાં નાના જીવડાંઓ (Spermatoza) માલમ પડે છે. આ જીવડાઓ જ્યારે સ્ત્રી પદાર્થમાં આમેજ થાય છે ત્યારે ભવિષ્યની ઓલાદ પેદા થાય છે.

એક મરદ ત્રીસ વર્ષની ઉમરનો થાય છે તો તેનાં વીર્યમાં આ જીવડાઓ ઘણા પાકટ હોય છે. અને તેમાંથી ઉત્પન્ન થતાં બાળકો ઘણાં

સંગીન અને મોટી ઉમરે જીવે છે. પાકટ અને મજબુત બાળક પેદા કરવા મરદે પચીસ વર્ષની ઉમરે પરણવું જોઇએ જ્યારે સ્ત્રીની ઉમર ૨૦) વર્ષની હોવી જોઇએ.

આ જીવન-રક્ષક પદાર્થ વીર્ય માણસને કેટલું ઉપયોગી છે તે માટે જાણીતો વ'મીબ મેથવીલ કીથ એમ. ડી. લખે છે કે "This seed is marrow to your bones, food for your brains, oil for your joints and sweetness to your breath. And you, if you are a man, should never loose a drop of it until you are fully thirty years of age, and **then only for the purpose of having a child**, which shall be blessed from heaven and ready to become one of the inmates of the Kingdom of heaven by being born again."

આ બીજ (વીર્ય) હાડકાંની ગુર સમાન છે. ભેજાને માટે ખોરાક છે, સાંધાને માટે તેલ છે, અને શ્વાસને મીઠાશ આપે છે, અને તું જો મરદ હોય તો જ્યાં સુધી પુરો ત્રીસ વર્ષનો થાય નહિ ત્યાં સુધી તેનું એક ટીપું બગાડતો ના અને જો વાપરે તો ફક્ત બાળક મેળવવાને માટેજ જે બાળકો બહેસ્તના આશીશ મેળવશે, અને પાછો જન્મ લઇ સ્વર્ગના રહીશ થવાને તૈયાર થશે."

સ્ત્રીનો જીવન રક્ષક પદાર્થને મ્યુકસ (Mucus) કહેવામાં; આવે છે:—"When the woman is in health this uterus is filled, or has in its cavity some mucus. As long as this uterus is all right, and this mucus is ready for an emergency, this woman can draw from the uterus this mucus or oil, as from a reservoir, to do many things with. This oil will lubricate all her joints, beautify her face, smooth out her wrinkles, have her hair in good order, and many other things which come under the head of supplies to the body. She looks well and is 'enticing' if she has this uterus in good order and filled with "supplies."

જ્યારે એક સ્ત્રી તંદરોસ્ત હોય છે ત્યારે તેનું ગર્ભસ્થાન અથવા તેના ખાંચામાં આ પદાર્થ (મ્યુકસ) ભરેલો રહે છે. જ્યાં સુધી આ ગર્ભસ્થાન સારી હાલતમાં હોય છે અને આ પદાર્થ જરૂરનાં વખત માટે તૈયાર હોય છે ત્યાં સુધી આ પદાર્થ અથવા શરીરનું તેલ તેના ઝરામાંથી ખેંચી ઘણી ચીજ માટે ઉપયોગમાં લઇ શકાશે. આ તેલ તેણીના સર્વ સાંધાને લીસું બનાવે છે, ચેહેરાને ખુબસુરતી આપે છે સઘળી કરચળીને સફા કરી નાખે છે, વાળને સારી હાલતમાં રાખે છે, અને શરીરના બીજા ભાંગોને પોષણ પુરૂં પાડે છે."

મરદના અને સ્ત્રીના આ પદાર્થને જીવન-રક્ષક પદાર્થ શા માટે કહેવામાં આવે છે તે તપાસ્યું; હવે એ જીવન-રક્ષક પદાર્થ છોકરા છોકરીઓજ નહીં પણ ઉમરે પુગેલાં મરદ અને સ્ત્રીઓ પણ બરબાદ કરી ભયંકર રોગના ભોગ થઇ પડે છે અને ઓલાદ નિર્બળ કરે છે તે હવે તપાસ્યે.

જુવાન છોકરા અને છોકરીઓ નઠારા વિચારો મનમાં લાવ્યાથી પોતાના પેદા કરનારાં અવયવને ઉશ્કેરે છે અને તેઓ સાથે અટકચાળી કરી આ જીવન-રક્ષક પદાર્થને શરીરમાંથી બહાર કહાડી નાખે છે. આ નઠારી ટેવ આજકાલ છોકરાંઓમાં વધતી જાય છે અને છોકરાંઓ આ કુટેવને વશ થઇ વારંવાર પોતાના શરીરમાંના આ જીવન-રક્ષક પદાર્થને બહાર કહાડી નાખી પોતાના લોહીને નિર્બળ અને ઝેરી બનાવે છે એટલુંજ નહીં પણ પોતાનાં આખાં શરીરને નબળું અને રોગી બનાવે છે. આ કુટેવને લીધે ઘણાક ખીલતા ગુલાબો ભર જુવાનીમાં કરમાય છે.

દરેક માબાપોએ અને સ્કુલ માસ્તરોએ છોકરા છોકરીઓની તપાસ રાખવી જોઇએ અને આ કુટેવથી શરીર અને મનની જે માઠી હાલત થાય છે અને જુવાની બલકે આખી જીંદગી જે રીતે બરબાદ થાય છે તે પુરતી રીતે સમજાવવું જોઇએ. આ જીવન-રક્ષક પદાર્થ મરદ અને સ્ત્રીનાં શરીરમાં ઇશ્વરે બાળક પેદા કરવા માટે તેમજ શરીરને નિરોગી અને તંદરોસ્ત રાખવા માટેજ પેદા કીધો છે અને એ પદાર્થનો બીજી રીતે જો ગેરઉપયોગ કરવામાં આવે અને બરબાદી કરવામાં આવે છે તો શરીર રોગી બને છે, ભયંકર દરદો પેદા થાય છે અને બચ્ચાં નિરબળ અને "ઇડીયટ" જેવાં પેદા થાય છે, ખરાબ વિચારોથી અથવા હવસથી પેદા કરવાના અવયવને ઉશ્કેરવામાં આવે છે અને સંયત કરવામાં આવતી નથી તો એ

અવયવમાં ઘણું લોહી જમાવ થાય છે અને જ્યારે એ જુસ્સો નરમ પડે છે ત્યારે એ અવયવમાંથી લોહી ઘટ થઇ, બંધાઇ જઇ મરેલું લોહી પાછું આખા શરીરમાં ફરહર કરે. આ મુરદાલ અને બંધાઇ ગયલું લોહી શરીરમાં જઇ ભેજાં ઉપર જઇ સુસ્ત, ઉંઘણુસી અને નિરાશ બનાવે છે. આ રીતે બદ જુસ્સાને ઉશ્કેરવાથી તે માણસનું લોહી ખરાબ થાય છે. આ મુરદાલ લોહી સર્વ જ્ઞાનતંતુ ઉપર અસર કરે છે, અને આ બદ જુસ્સા શરીરને બગાડે છે તેની હવે ખબર પડે છે. બદ જુસ્સા બદ વિચારોથી ઉત્પન્ન થાય છે, માટે મનને સ્વચ્છ રાખવાની ઘણી જરૂર છે. કેટલાક નાદાન અણસમજુઓ પરણવાં છતાં છોકરાં પેદા કરવાની ઇચ્છા રાખતા નથી પણ ફક્ત પોતાના હવસને તૃપ્ત કરવા ખાતરજ બાળકનો જન્મ ધારણ થતો અટકાવી સંગત કરે છે તેથી ઘણી ભયંકર ખરાબી થાય છે. કેટલાક પરણેલાં સ્ત્રી મરદો તેમજ અનીતિમાન જુવાન્યાઓ સંગતથી બાળક ન થાય તે માટે રબર અને બીજી વસ્તુઓ સ્ત્રીના ગર્ભસ્થાનના મોઢ નજીક મુકે છે કે જેથી મરદનો પદાર્થ સ્ત્રીનાં ગર્ભસ્થાનમાં દાખલ થાય નહીં અને બાળકનો અટકાવ થાય. આ રીતની સંગત ઘણીજ નુકસાન કરનારી છે. પહેલાં તો આ જીવન-રક્ષક પદાર્થ આ રીતે બરબાદ કરવામાં આ સ્ત્રી મરદોની મુર્ખાઇ હોય છે. બીજું આ રીતે સંગત કરવાથી જીવન-રક્ષક પદાર્થ પુરતા ખુલાસાથી સઘળો બહાર નિકળતો નથી પણ થોડોક ભાગ બન્નેના અવયવમાંથી બહાર નિકળતો રહી જાય છે અને તેઓનાં શરીર અંદર રહી કોહવા માંડે છે, માટે સંગત અપૂર્ણ કહેવાય છે.

જ્યારે સ્ત્રી અથવા મરદ તેઓના પેદા કરવાના અવયવની વચમાં રબર અથવા બીજી વસ્તુઓનો પરદો કરી અટકાવ કરતાં નથી ત્યારે સ્ત્રી અને મરદના અવયવ ખુલાસાથી એકેકના સંબંધમાં આવી, આ પદાર્થ પુરતા ખુલાસાથી જોઇએ તેટલા પ્રમાણમાં બહાર નિકળે છે અને એકેકના પદાર્થ એકેકના અવયવને લાગવાથી એકેકના જુસ્સાની ગરમીને ઠંડી પાડે છે. આ સંગત સંપુર્ણ સંગત કહેવાય છે. જ્યારે બાળકનો અટકાવ કરનારી સંગત મરદનો અવયવ સ્ત્રીના ગર્ભસ્થાનના સંબંધમાં બરાબર નહિં આવવાથી તેઓનો પદાર્થ પુરતા ખુલાસાથી બહાર નથી નિકળતો તેથી એ પદાર્થનો જે ભાગ અંદર અવયવમાં ખેંચાઇ રહે છે, અને તે ખેંચાઇ ગયલો પદાર્થ મુરદાલ અને ખરાબ થઇ લોહીમાં ફરે છે ત્યારે લોહીમાં બગાડો થાય છે અને હવસ વધારે ઉશ્કેરાય

છે. વળી બન્નને સંગતથી પુરતો સંતોષ પણ મળતો નથી. આ રીતે જે પદાર્થ શરીરમાં ખેંચાઇ રહે છે તે મુરદાળ અને કોહેલો બની લોહીમાં ફરહર કરે છે. જે પ્રમાણે દુધમાં ખટાશ નાખવાથી દુધ ફાટીને ગાંગડાવાળું થાય છે તેજ પ્રમાણે આ મુરદાળ પદાર્થ લોહીમાં દાખલ થઇ લોહીને ખડખચડું બનાવે છે. જે લોહીની ઉપર શરીરની તંદરોસ્તીનો મોટો આધાર રહે છે તેજ લોહી આ રીતે બગડે છે ત્યારે આખાં શરીરમાં બગાડો થાય છે. આ ઝેરી લોહી છેવટે કમરના કાંથાને અને ભેજાંને ઇજા કરે છે. ઘણીક વખતે આવા માણસોને લકવો (Paralysis) થયા છે. આવી અપૂર્ણ સંગતથી સ્ત્રીને પણ હરકત થાય છે.

જે સ્ત્રી મરદની સંગતમાં રહે છે અને છોકરા નહિ પેદા કરવા રબર અને બીજી ચીજો ગર્ભસ્થાનના મોહ ઉપર મુકવામાં આવે છે કે જેથી મરદનો પદાર્થ ગર્ભસ્થાનમાં દાખલ નહિં થાય તેની સંગતથી સ્ત્રીના ગર્ભસ્થાનનો ભાગ જે ગરમ થાય તેની ઉપર મરદ પદાર્થ પડતો નથી તેથી સ્ત્રીના ગર્ભસ્થાનમાંથી તેણીનો પદાર્થ સઘળો ખુલાસાથી બહાર નિકળતો નથી પણ થોડો અંદર ખેંચાઇ રહે છે, અને એ પદાર્થ મુરદાળ બની, કોહીને લોહીમાં ફરહર કરે છે. કલેજું આ ઝેહેરી પદાર્થમાંનું ઝહેર ચુસી લે છે અને આ મરણ પામેલો ઝેરી પદાર્થ હોજરીને બહાર કાહાડવો પડે છે જેથી હોજરીની બીમારી ચાલુ થાય છે, અને પાચન-શકિતનો બગાડો થાય છે.

સ્ત્રીનાં શરીરમાં આ મરણ પામેલાં લોહીનાં અણુ ભરપુર થઇ જાય છે ત્યારે જીવનશકિત આ મુરદાળ ચીજને બહાર કાહાડી નાંખવાની કોશેશ કરે છે. ત્યારે આ મરણ પામેલા ઝેરી અણુ આ સ્ત્રીની છાતી (થાન) માંની ખાંચા ખાંચાવાળી જગ્યામાં ભરાઇ જાય છે. સ્ત્રીના થાનનો અંદરનો ભાગ ખાંચા ખાંચાવાળો હોય છે.

આ મરણ પામેલા ઝહેરી પદાર્થનું ત્યાર પછી શું થાય છે? આ ઝેરી પદાર્થથી થાન ઘણાં કઠણ માલમ પડે છે. આ મુરદાળ પદાર્થ મોટા જથ્થામાં ત્યાં એકઠો થાય છે. સ્ત્રીને હવે દુખારો થવા માંડે છે. તબીબને બોલાવવામાં આવે છે જે જણાવે છે કે થાનમાં નાસુર (કેનસર) થયું છે અને પછી તે થાન કાપી નાખવું પડે છે. તબીબો આવી રીતે નાસુર કેમ થાય છે તે જણાવી શકતા નથી અને જંતુઓથી થાય છે એમ જણાવે છે.

પણ ડાક્તર મેલવીલ કીથ એમ. ડી.નાં મત મુજબ નાસુર (કૅનસર) થવાનું કારણ આ પ્રકારની હલકી જીંદગી છે, જ્યારે હવસ ઉશ્કેરાય છે અને તેને કાબુમાં રાખવામાં આવતો નથી તો પછી આ દરદના ભોગ થવું પડે છે. મરણ પામેલો આ ઝેરી પદાર્થ શરીરમાં એકઠો થાય છે અને તે બહાર નિકળવાની કોશેશ કરે છે. આ ઝેરી પદાર્થ જ્યારે ગર્ભસ્થાનમાં દાખલ થાય છે, ત્યારે ગર્ભસ્થાનનું નાસુર (કૅનસર) થાય છે. પણ જ્યારે આ પદાર્થ થાનનાં ભાગમાં એકઠો થાય છે ત્યારે થાનનું કેનસર થાય છે. નાસુર (કૅનસર) તો લોહીના ઝેરી પદાર્થમાંથી થાય છે, જો સ્વચ્છ ખોરાક અને સદ્દગુણી જીંદગી ગુજારવામાં આવે તો કૅનસર કદી થાય નહીં.

બચ્ચાંનો અટકાવ કરી આવી અકુદરતી રીતે જેઓ સંગત કરે છે તેઓ આ રીતે ભંયકર રોગના ભોગ થઇ પડે છે. સંગત બાળકને પેદા કરવા માટેજ થવી જોઇયે અને તેમ નહીં કરવામાં આવે તો કુદરત મજબુન શિક્ષા કરે છે.

જેઓ વારંવાર સંગત કરી જીવન-રક્ષક પદાર્થની બરબાદી કરે છે, જેઓ પોતાના પેદા કરવાના અવયવ સાથે અટકચાળી કરી (Self abuse) આ જીવન-રક્ષક પદાર્થને વારંવાર શરીરમાંથી બહાર કાઢી નાખે છે તેઓને ઘણાં દરદો થાય છે જેની તપાસ કરવામાં આવે તો તેઓ ભંયકર દરદોનાં ભોગ થઇ કુદરતના અચુક કાયદા પ્રમાણે પોતાની નાદાની અને અજ્ઞાનપણાંની શિક્ષા ભોગવે છે.

બાળકને પેદા કરવા એક મરદ જો પોતાની સ્ત્રી સાથે સંગત કરી આ પદાર્થને અવયવમાંથી યોગ્ય વખતે બહાર કાહાડે તો સ્ત્રી મરદને નુકસાન થતું નથી પણ આવી સંગત વારંવાર કરવામાં આવે તો શરીર અને અવયવ નબળાં થઇ દુઃખી થાય છે. પણ જેઓ કુદરતનાં કાર્યની વિરૂધ્ધ જઇ પોતાના ખરાબ જુસ્સા તૃપ્ત કરવા આ પદાર્થની બરબાદી કરે છે તેઓ ઘણી રીતે દુઃખી થઇ પોતાની જીંદગી કંગાલ્યતમાં પસાર કરવા સાથે ભવિષ્યની ઓલાદની નબળાઇ અને કંગાલ્યતનો પાયો નાંખે છે. નઠારા વિચારોથી પેદા કરનારા અવયવને ઉશ્કેરવાથી ખરાબી ઘણી થાય છે.

આ ખરાબ જુસ્સાથી પેદા કરનાર અવયવ ઉશ્કેરાય છે, તેની અંદર ગરમી પેદા થાય છે, તેમાં લોહી ખેચાઇ આવે છે અને જ્યારે આ રીતે પોતાના જીવન-રક્ષક પદાર્થની જેઓ વારંવાર બરબાદી કરે છે તે-

મનાં શરીરનો કોઇએક ભાગ મરણ પામે છે. જો શરીરના સર્વ ભાગો સજીવન રહે છે તોજ શરીરમાં જીવન શકિત સારી હાલતમાં રહે છે પણ જો કોઇએક ભાગ મરણ પામે છે તો ધીમે ધીમે આખું શરીર મરણ પામે છે. શરીરનો કોઇ એક ભાગ મરણ પામે છે તેનું કારણ એજ કે આપણ આગળ જણાવી ગયા તેમ શરીરમાં મરણ પામેલો પદાર્થ હોય છે. યાને આ જીવનરક્ષક પદાર્થ (seed) નો થોડો ભાગ મરણ પામે છે અને કોહવા માંડે છે. આ કોહેલો પદાર્થ શરીરના બીજા ભગના સમાગમમાં આવ્યાથી તે સારા ભાગને પણ કોહવાડે છે. આવી રીતે શરીરના બીજા ભાગો પણ બગડે છે અને છેવટે આખું શરીર અને ભેજું આ મરણ પામેલા પદાર્થ (dead matter)થી બગડે છે અને છેવટે તે મરણ પણ પામે છે. કેંનસર (નાસુર) પણ આ મરણ પામેલા પદાર્થથી થાય છે. જ્યારે આ પદાર્થ મરણ પામે છે ત્યારે તેમાં જંતુઓ પેદા થાય છે જે જંતુઓ આ પદાર્થ ખાઇ જીવે છે. કેંનસર પોતે કાંઇ જીવતો પદાર્થ નથી પણ તેમાં પડતા જીવડાઓથી દરદમાં જીવ હોય એમ માલમ પડે છે. (Self-abuse) હસ્ત-ક્રિયા કરનારાઓમાં આપઘાતનું પ્રમાણ વધુ હોય છે અને તેઓ આ નાદાનીભર્યું કામ કરે છે તેની અગાઉ અધ મુવા થઇ રહેલ। હોય છે. તેઓના શરીરમાં મરણ પામેલો પદાર્થ મોટા જથ્થામાં એકઠો થાય છે તેથી તેઓ જીવવા માંગતા નથી અને તેઓને લાગે છે કે દુન્યામાં સુખ જેવું કાંઇ નથી તેથી આ દુન્યા છોડી જવાનો નિશ્ચય કરે છે. જો એક માણસમાં જીવન-રક્ષક પદાર્થ સચવાયલો હોય તો તે દુન્યાની સર્વ સારી ચીજોની કદર કરી તેથી ઘણું સુખ ભાગવે છે. તે પક્ષીઓનાં ગાયન સાંભળી મોજ અને ફુલોનો પમરાટની મજાહ મેળવી શકે છે. સ્ત્રી છોકરાં અને મિત્રોના પ્રેમથી ખુશી થાય છે, મનુષ્ય જાત તરફ પ્રીત દેખાડે છે અને પોતાની આસપાસ સર્વને સુખી કરવા આતુર રહે છે એટલુંજ નહિ પણ કોઇ તરફ કીનોકપટ રાખતો નથી, સર્વ તરફ માયા દયા અને પ્રેમથી વર્તે છે અને ખુદાની સારી રીતે ભકતી કરે છે. આ માણસો કદી આપઘાતનો વિચાર પણ લાવતા નથી, તેઓનું ભેજું મજબુત રહેવાને સબબે તેઓ આ દુન્યામાં મુરદાળ જેવા માલમ પડતા નથી અને તેઓ ઉપર દુન્યાની ખરાબ શકિત અસર કરતી નથી. કારણ એ માણસોએ પોતાનો જીવન-રક્ષક પદાર્થ શરીરમાં સાચવી રાખી અને તેનો ઉપયોગ કુદરતે સરજાવેલી રીતેજ કીધો છે. પણ જો માણસ જીવન-રક્ષક પદાર્થની વારંવાર બરબાદી કરે છે તો ટુંક વખતમાં તેનું ગળું સુકાવા માંડે

છે જેનું કારણ એજ કે આ જીવન-રક્ષક પદાર્થ (Seed) માં એક જાતનું તેલ અથવા ચીકાશ રહે છે, જે શરીરમાંથી અકુદરતી રીતે બહાર કહાડી નાખવામાં આવે તો ગળું આવાં તેલ અથવા ચીકાશ વગર સુકું થઇ જાય છે, તેથી તે કમનસીબ અજ્ઞાનપણાંના અંધકારમાં ડુબેલા માણસનું ગળું સુકાય છે ત્યાર પછી તેનો ફેફસાં ઉપર અસર થાય છે. ફેફસાં તણાવા માંડે છે અને થોડા વખતમાં તે લોહી ઓકવા માંડે છે.

તબીબો આમ થવાનું ખરૂં કારણ શોધી કાહાડતા નથી પણ લોહી બંધ કરવાની દવા આપે છે, પણ જ્યાં સુધી તે દરદી પોતાની ખરાબ ટેવો છોડતો નથી ત્યાં સુધી દવા દારૂ જરા પણ ઉપયોગી થઇ પડતી નથી અને ત્યાર પછી ખહી જેવો જબુન રોગ લાગુ પડે છે.

આ જીવન-રક્ષક પદાર્થની બરબાદી કરવાથી, ફેફસાંમાંથી લોહી મોહોડાંને રસ્તે બહાર નીકળે છે તેનાં કારણોમાં ડાકટર મેલવીલ કીથ એમ. ડી. જણાવે છે કે દરદી પોતાનાં શરીરને માટે જે તેલ અથવા ચીકાશ જોઇતો હતો તે તેણે બહાર કાહાડી નાખ્યો જેથી શરીરના હવાના અણુઓ સુકાં થઇ જઇ ફાટી જાય છે અને તેમાંથી લોહી નિકળે છે.

આ બાબદને માટે વધુ ખુલાસાની જરૂર છે. વિચાર કરતાં માલમ પડશે કે શરીરના દરેક ભાગમાં, મુખ્ય કરી સાંધાઓ (Joints), શરીરના છિદ્રો તથા ઝીણી શિરાઓનો ગુચ્છો (Tissues), આંતરડા, અને આંખની દરેક હિલચાલ, દરેક માસરજ્જુના ખેંચાણ માટે દરેક સાંધાઓની હીલચાલને માટે ચિકાશદાર બનાવવા ચોકસ તેલ (Lubrication) ની જરૂર હોય છે, માટે આપણે શરીરના માસરજ્જુ અને સાંધાઓની હીલચાલ કરયે તે અગાઉ તે દરેકમાં તેલ અથવા ચિકાશ હોવો જોઇયે. હાડની તેમજ જીભની દરેકે દરેક હીલચાલથી આ તેલ ખપે છે ત્યારેજ આ જીવન-રક્ષક પદાર્થના આ તેલ અથવા ચીકાશ શરિરને કેટલો અગત્યનો છે તેનો કાંઇક ખ્યાલ આવશે. આ અગત્યની બાબદ સમજવાને ઘણી સહેલી છે. શરીરના જુદા જુદા ભાગનાં પોશણને માટે જે તેલ અથવા ચીકાશ મળે છે તે આ વીર્ય અથવા જીવન-રક્ષક પદાર્થ (Semen) માંથીજ મળે છે અને જેઓ આ જીવન-રક્ષક પદાર્થને વારંવાર શરીરમાંથી એક યા બીજી રીતે બરબાદ કરવા બહાર કાહાડે છે તેઓનાં શરીરના સાંધા અને જુદા જુદા ભાગો નબળા પડે છે અને રોગી બને છે. આ જીવન-રક્ષક પદાર્થની બરબાદી કરવાથી ફેફસાંને જ્યારે જોઇતું તેલ મળતું નથી ત્યારે ફેફસાંનાં અણુઓ સુકાં થઇ

જાય છે અને જો કાંઈભી કાગળ મળે છે તો તેઓ ફાટી જાય છે અને તેમાંથી લોહી વહે છે, એજ પ્રમાણે જ્યારે શરીરના બીજા ભાગોને જોઈતું તેલ અથવા ચીકાશ મળતો નથી ત્યારેજ સંધીવા (રૂમેટીઝમ) નજળો અને સાંધાઓનું અકડી જવું થાય છે. તબીબો આ દરદો કેમ થાય છે તેની પુરતી તપાસ કરતા નથી પણ ફક્ટ દવા આપવાનુંજ કામ કરે છે.

આવીજ રીતે આ તેલ પુરતી રીતે ગળાંને નહિ મળવાથી મરદ અને સ્ત્રીઓ બરાબર ગાયણ ગાઈ શકતાં નથી અને તેઓનો અવાજ ખોખરો થઈ જાય છે.

જ્યારે આંતરડાંને પુરતુ તેલ મલતું નથી ત્યારે "એપેન્ડીસાઇટીસ" નું દરદ થાય છે.

કેટલાકોનો બરડો અકડી જાય છે બરડામાં દુ:ખાવો થાય છે, આંખ આગળ કુંચળી આવે છે, ચહેરો તદન ફીકો થઈ જાય છે, આંખનો રંગ પીળો દેખાય છે અને આંખના પોપચાં નીચાં ઢળતાં માલુમ પડે છે, આ સઘળાનું કારણ વીર્યની બરબાદી યા અકુદરતી ઉપયોગ હોય છે.

આવી રીતે જીવન–રક્ષક પદાર્થ અથવા વીર્યની બરબાદીથી ભેજું પણ નબળું પડી જાય છે. ભેજું આ તેલના અણુઓનું બનેલું છે. ભેજાંના અણુઓ ઉપર ચોક્કસ બાબદોનો છાપ પડે છે જેથી તે દરેક બાબદની યાદ આપે છે. કોઈની યાદદાસ્ત ઘણી સરસ હોય છે અને કેટલાકોની ઘણી નબળી હોય છે. આનું કારણ એ કે કેટલાકોનાં ભેજાના અણુઓ ઉપર છાપ સારી રીતે પડે છે અને કેટલાકો જેમી જોય, સંભળે અને વિચારે તેનો છાપ તેઓના ભેજાં ઉપર ટકી શકતો નથી. જેએ પોતાનો જીવન–રક્ષક પદાર્થ અથવા વીર્ય બરબાદ કરે છે તેઓની યાદદાસ્ત શક્તિ કમી થઈ જાય છે. તે માણસની મનશક્તિ તદન કમી થઇ જાય છે.

લોહીમાંથી ભેજાંને પોષણ મળે છે. ભેજાંને લોહી પુરતા જથ્થામાં મળતું નથી તો માણસ બેસુદ્ધ થઇ જાય છે અને વિચાર કરી શકતું નથી તેજ પ્રમાણે વીર્યની બરબાદીથી થાય છે. વીર્ય લોહીમાંથી બને છે અને જ્યારે વીર્ય ઘણું બરબાદ કરવામાં આવે છે ત્યારે લોહી પણ નબળું પડી જાય છે અને આ પ્રકારનાં નબળાં લોહીથી ભેજાંને પુરતું પોષણ મળતું નથી તેથી ભેજું નબળું પડી જાય છે અને કેટલીક વખતે માણસ દિવાનું પણ બની જાય છે.

પોતાના શરીરમાં આ વીર્યને સાચવી રાખનાર કદી પણ દિવાના થતા નથી પણ જેઓ આ વીર્યની બરબાદી કરે છે અથવા તો અપૂર્ણ સંગત કરે છે એટલે બચ્ચાં થતાં અટકાવવાને રબર વગેરે મુકી અકુદરતી સંગત કરે છે તેઓ પોતાનાં ભેજાંને નબળું બનાવે છે, તેઓની યાદદાસ્તશકિત કમી થઇ જાય છે, તેઓને અગત્યના બનાવો યા અગત્યનાં કામની પણ યાદ રહેતી નથી, જેનું કારણ એજ કે તેઓ શરીરનાં ભંડારમાંથી આ કિમતી તેલ કહાડી નાખે છે યા તેને અકુદરતી રીતે મુરદાળ બનાવે છે અને આ મરણ પામેલો પદાર્થ આખાં શરીરમાં લોહી મારફતે ફરહર કરે છે. લોહીમાંથી તેલ જેવો જે ચિકાશવાળો પદાર્થ નિકળે છે તેમાંથી ભેજાંને પોષણ મળે છે પણ જ્યારે વીર્યની બરબાદી થાય છે અથવા તો અપુર્ણ સંગતથી વીર્ય કાઢી નાખે છે અને મુરદાળ પદાર્થને લોહીમાં જમાવ કરવામાં આવે છે તો તેથી ભેજાંના અણુઓને પોષણ મળતું નથી એટલુંજ નહિ પણ દીવાનાપણું લાગુ પડે છે. દાકતર કીથ જણાવે છે કે એક જુવાન બાનુએ કોઇના સમજાવ્યાથી જરૂરયાતને ખાતર રબરનો ઉપયોગ કરી એક મરદ સાથે સંગત કીધી જેનું પરીણામ એ આવ્યું કે પેલી બીનું લોહી નબળું પડી ગયું અને પેલો મરદ આંધળો થઇ ગયો.

વળી એક બીજા તેવાજ હવસી માણસે બચ્ચાં થતાં અટકાવવાને માટે અપૂર્ણ સંગત કીધી અને બીજે સવારે એક અગત્યનાં કામ વખતે તેને સખત માથાંનો દુખારો થયો અને છેવટે આંખનું દરદ પણ થયું. તે જાણીતા અમેરીકન આંખના તબીબની સલાહ લેવા ગયો તેને વહાડકાપ કરવા ફરમાવ્યું જે વહાડકાપમાં તે તદન આંધળો થઇ ગયો. અપૂર્ણ સંગતનું આ પરીણામ આવ્યું તે પેલા મરદે પોતાના મોહથી કબુલ કીધું.

આ પ્રકારના આંધળાંપણાના બીજા દાખલા એજ તબીબ આપે છે. એજ તબીબ આ આંધળાંપણા વિષે જણાવે છે કે "Oh, we could tell you that this blindness and nearsightedness exist in this nation because these parties, young and old, have lost this precious oil of their bodies and because of other unclean habits" હા, હમે કહીયે છીયે કે આવો અંધાપો અને ટુંકી નજર આપણી પ્રજામાં હસ્તી ધરાવે છે કારણ કે જુવાન અને ઘરડાઓએ શરીરનું કીંમતી તેલ ખોયું છે અને બીજું કારણ તેઓની અપવિત્ર ટેવો છે.

વાંચનારનું હ્યાં ધ્યાન ખેંચવાની જરૂર પડે છે કે ઘણીક વખતે અત્રે જણાવેલા દરદો કેટલાંક ભલાં માણસોને બીજાજ સબબોથી થાય છે માટે કોઇને નબળાઇ અથવા ઉપર દર્શાવેલાં દરદ થાય તો તુરતજ તેની ઉપર શક લઇ જવો નહીં, એકદમ તેને વિષે ખરાબ ખ્યાલ કરવો નહીં પણ બારીકીથી તપાસ કરી તેની પાસે ખુલાસો મેળવી પછી અનુમાન કરવું, કારણ ઝેરી ખોરાક ખાવાથી, ફીકર ચીંતામાં રહેવાથી તેમજ બીજાં અનેક કારણોથી પણ કેટલાંક દરદો થાય છે.

પ્રિય વાંચનાર આ જીવન–રક્ષક પદાર્થ જેને વીર્ય કહો, મનુષ્ય બીજ કહો અથવા શરીરનું તેલ કહો તે કેટલું કિંમતી છે અને તે સાચવ્યાથી માણુસ કેવું સુખી અને તંદરોસ્ત અને બુદ્ધિશાળી થાય છે અને એ જીવન રક્ષક પદાર્થને બરબાદ કરવાથી કેવાં ભયંકર દરદો થાય તે આપણે હવે જાણ્યું છે. એટલુંજ નહિ પણ આપણા પરહેજગાર દસ્તુર દાવરો, આપણા સાધુ સન્યાસીઓ મનને પવિત્ર રાખી આ જીવન–રક્ષક પદાર્થને પોતાના શરીરમાં સાચવી રાખી અને એ પદાર્થની શકિતને ઇશ્વરની ભકિત-માં વાપરી લોકોનાં દુઃખ દરદો સાજા કરતા હતા, લોકોના વિચારો જાણી લેતા હતા, પોતાની મનની દ્રષ્ટી ખિળવી બીજા દેશોમાં બનતા બનાવો જોઇ શકતા હતા, આગાહીઓ કરતા હતા, તેનો જો ખરો ભેદ જાણવો હોય તો આજ છે કે આ પવિત્ર નરો પોતાના જીવન-રક્ષક પદાર્થ અથવા વીર્યને હમેશાં મનની પવિત્રાઇથી શરીરમાં સાચવી રાખતા હતા. આ કિમતી પદાર્થનું એક ટીપું પણ બહાર જવા દેતા ન હતાં. મોટા મોટા શોધકો અને વિદ્વાન નરો થઇ ગયા તેઓ પણ આ પદાર્થની સાચવણી કીધી તેથીજ થયા છે. અમેરીકામાં લોકો ઘણાજ હુસ્યાર અને મોટા શોધકો તરીકે નામના મેળવી છે કારણ તેઓના બાપદાદા પવિત્ર જીંદગી ગુજારનારા હતા. જાણીતા તબીબ મેલવીલ કીથ જણાવે છે " Yes, we tell you so. And they thought out things. They became the inventors and the brain leaders on this earth. This is, my good reader, why America leads in inventions and in everything else, and this is the reason why we are the smartest people on the face of the earth. Our forefathers were virtuous."

એ તબીબ કહે છે કે ટર્કી લોકો ઉમદા બાળકો અને મહાન નરોને જન્મ આપી શકતાં નથી તેનું કારણ એજ કે તેઓ ઘણાજ હવસી રહે છે ઘણીજ જુવાન વયમાંજ આ જીવન-રક્ષક પદાર્થની બરબાદી કરે છે અને તેઓ પોતાની સ્ત્રીને ફક્ત હવસ તૃપ્ત કરનારા હથીઆર તરીકેજ સ્વિકારે છે.

કેટલાકો એમ જણાવે છે કે દુન્યામાં માણસની વસ્તી ઘણી વધી ગઇ છે માટે હવે ઘણાં બાળકો પેદા કરવાં નહીં. ઉપલોજ તબીબ જણાવે છે કે યુનાઇટેડ સ્ટેટસમાં હજુ બીજા ૧૪) કરોડ માણુસનો સમાસ થાય એટલી જગા છે તે છતાં હાલમાં ત્યાં ફક્ત ૬૦ થી ૭૦ લાખ માણસ વસે છે. મધ્ય અમેરીકા અને દક્ષીણ અમેરીકામાં હજારો ચોરસ માઇલો સાહસીક માણુસોને સમાવવાને તૈયાર છે. જગા શું કહેવો છો ? આપણી પૃથ્વીનો ફક્ત એકસોમો ભાગ પણ હજુ વસાયલો નથી.

માટે અનીતિમાન જીંદગી ગુજારી બચ્ચાં પેદા કરવામાં અટકાવ નાખવો એ પણ એક ગુનાહ છે.

દુન્યામાં ઉમદા ખવાસના બાળકો પેદા કરવાની ઘણી જરૂર છે અને જેઓ પવિત્ર જીંદગી ગુજારી આ જીવન રક્ષક પદાર્થ અથવા વીર્ય સાચવશે તેઓ પોતે ઉત્તમ તંદરોસ્તીના આશીર્વાદ ભોગવશે એટલુંજ નહીં પણ તેઓને ત્યાં ઉમદા તંદરોસ્ત બાળક પેદા થશે જેઓ પોતે પણ સુખી અને તંદરોસ્ત રહેશે અને ઉમદા નરો પેદા કરવાથી પોતાના દેશનું પણ કલ્યાણ કરશે.

જીવન-રક્ષક પદાર્થને શરીરમાં કેમ સાચવવો અને તેની બરબાદી થતી કેમ અટકાવવી ?

આ પ્રકરણમાં જીવન-રક્ષક પદાર્થને શરીરમાં કેમ સાચવવો અને તેની બરબાદી થતી અટકાવવા માટે લેવા જોઇતા ઉપાયો સુચવીશું.

આપણા શરીરમાં જે લોહી છે તે બે જાતની રજકણનું બનેલું છે. લાલ રજકણ (Red Corpuscles) અને સફેદ રજકણ (White Corpuscles). આપણે જે ખોરાક ખાઇયે છીયે તેનો રસ બની આંતરડામાંથી આ સફેદ અને રાતી રજકણોને પોષણ મળે છે.

લોહીમાં પાણી, મરણ પામેલી લોહીની રજકણો, અને શરીરનો કચરો પણ માલમ પડે છે. આ કચરો ચામડી, ગુરદા, અને ફેફસાં અને ઝાડા મારફતે બહાર કાહાડી નાખવામાં આવે છે.

જીવન-રક્ષક શકિત આ લોહીની રજકણો ઉપર કાબુ રાખે છે. જે

શકિતને કેટલાકો આપણા આત્મા તરીકે ઓળખે છે.

એક માણસમાં હવસી જુસ્સો પેદા થાય છે ત્યારે પેદા કરનારા અવયવમાં નસો મારફતે લોહી ભરાય છે અને જુસ્સો નિકળી જવા માટે સામી જાતી સાથે સંગત કરવાની ઇચ્છા થાય છે. જો હવખતના જુસ્સા ઉપર કાબુ રાખવામાં ન આવે તો માણસ દિવાનું બની જાય છે.

આ જુસ્સા ઉપર કાબુ મેળવવાને માટે ખોરાક અને વિચારો ઉપર ધ્યાન પુગાડવું જોઇએ

મસાલો, માંસ, કાળુ માંછલી, કાંદો, લસન દારૂ વગેરે લોહીને ગરમ કરનાર ખોરાક જુસ્સાને ઉશ્કેરે છે, અને આ પ્રકારના ગરમ ખોરાકોથી લોહી શરીરમાં જોરથી દોડે છે; પેદા કરનારા અવયવમાં લોહી ભરાઇ રહે છે અને હવસને ઉશ્કેરે છે અને એ અવયવને ગરમ બનાવે છે જેથી કોઇ વખતે જુસ્સાને કાબુમાં રાખવો મુશ્કેલ પડે છે.

પહેલાં તો આ જુસ્સા ઉપર કાબુ મેળવવા માટે મજબુત મન–શકિત રાખવી જોઇએ અને સામી જાતી માટેનો હવસી વિચાર મનમાંથી કાઢી નાખવો જોઇયે.

બીજું આ જુસ્સો પેદા નહીં થાય તે માટે લોહીની રજકણો ઉશ્કેરનારી ગરમ ચીજોથી બનતાં સુધી દૂર રહેવું જોઇયે.

ફ્રુટ અને મેવાનો ખોરાક સર્વથી ઉત્તમ અને પુષ્ટિકારક છે માટે તે ખાવો અને પીવામાં બનતાં સુધી પાણીનો ઉપયોગ કરવો.

ગરમ ખોરાકમાં ચાહ, કોફી, દારૂ, માસ, દુક્કરનું ગોસ અને કાળુ માછલી છે. પહેલી અગત્યની બાબદ તો એ છે કે વારંવાર અંગોળ કરીને શરીરને સાફ રાખવું. થંડા પાણીનો ઉપયોગ કરવો. ગરમ પાણીનો ઉપયોગ કરવો નહિ. સવારના જલદીથી થંડા પાણીથી શરીરને સાફ કરવું અને શરીરમાં જુસ્સો ઘણો માલમ પડે તો પેદા કરનારા અવયવને દહાડામાં ત્રણથી પાંચ વાર થંડા પાણીથી સાફ કરવો.

જો રાત્રે સ્વપ્ના મારફતે વીર્ય જતું હોય અથવા તો પેદા કરનારા અવયવ ઉશ્કેરાયલી હાલતમાં રહે તો જો તમારાં શરીરને બીજી કશી અડચણ નહીં થતી હોય તો રાત્રે થંડા પાણીથી અંગોળ કરવું. જો અગત્ય પડે તો કમરની આસપાસ ભીણી ચાદર વીંટાળી તેની ઉપર સુકી ચાદર વીંટાળવી.

થંડા પાણીથી અંગોળ કરતી વખતે સાબુ વાપરવો નહિ.

ગરમ પાણીનો ઉપયોગ મુદ્દલ કરવો નહીં અને જ્યારે પેદા કરનારો અવયવ નબળો પડી ગયો હોય તો ગરમ પાણી મુદ્દલ વાપરવું નહીં. નરમ બિછાના ઉપર સુવું નહીં પણ સખત બિછાના ઉપરજ સુવું.

જીવન-રક્ષક શકિતને મારી નાખે તેવી દવા પીવી નહીં. જેવી કે બ્રોમાઇડ ઑફ પોટાસ (Bromide of Potash). આ દવા શરીરની જીવન-રક્ષક શકિતનો નાશ કરે છે અને મનશકિતનો પણ નાશ કરે છે. આ જાતની દવાઓ ભેજાંને ઘણુંજ નુકસાન પુગાડે છે કારણ ઝહેરી દવાઓ લે.- હીનાં રજકણોને મારી નાખી હવસી જુસ્સને દાબી નાખે છે, પણ જ્યારે લોહીના રજકણો મરી જાય છે અને લોહીમાં ફરહર કરે છે ત્યારે ભેજાંને પુરતું પોષણ મળતું નથી અને આખું શરીર અને ભેજાંને વીર્ય અથવા ધાતના વહેવાથી જેટલું નુકસાન ખમવું પડતું નથી તેટલું આ ઝેરી દવાઓથી પુગે છે કારણ આ દવાઓ મન-શકિતનો નાશ કરે છે.

ચાલવાની કસરત ઘણી ફાયદાકારક માલમ પડશે. ખુલ્લી હવામાં ફર- હર કરવાથી લોહીના રજકણો શરીરમાં આમેજ થઇ તેમાથી નવાં માસ- રજણુનું બંધારણ થાય છે.

લોહીની રજકણો સઘળી મળી ૨૫,૦૦૦,૦૦૦,૦૦૦,હોય છે અને જો આ રજકણ એક પછી એક પોતાનું ઉમદા પુષ્ટીકારક તત્વ જ્યારે વીર્ય અથવા ધાત શરીરમાંથી નિકળી જાય ત્યારે ખોઇ દે અને આ રીતે જો દર- રોજ આ પુષ્ટીકારક તત્વ શરીરમાંથી જતો રહે તો લોહીનું સર્વથી ઉત્તમ તત્વ નિકળી જઇ લોહી તદન નબળું પડી જાય અને શરીર નિર્બળ થઇ જાય. પણ એથી ઉલટું જો શરીરમાં આ પદાર્થ સચવાયલો રહે તો શરીરની જીવન શકિત કેટલી વધે ?

એક માણસ અપૂર્ણ સંગતથી અથવા તો ખરાબ ટેવથી નબળો પડી ગયો હોય તો ખુલ્લી હવામાં ચાલવાની કસરત એ સર્વોતમ ઉપાય છે જ્યાં સુધી આ વીર્ય બહાર નિકળતું અટકે નહીં ત્યાં સુધી વધુને વધુ ખુલ્લી હવામાં ફરવું હરવું ચાલુ રાખવું જોઇયે. સાભીજાતીનો વિચાર મનમાં રાખવો નહીં અને આવ્યા કરતો હોય તો મનને રોકી રાખે એવાં કામમાં રોકાવું. હવસી જુસ્સો ઘણો થતો હોય તો જ્યાં સુધી સઘળું ઠંડું થઇ જાય ત્યાં સુધી ઠંડા પાણીના ટબમાં બેસવું અને ત્યાર પછી ચાલવાની કસરત કરવી. મનની અને તનની બને એટલી મહેનત કરી, ઉદ્યોગી રહેવું. ચાલવાની કસરત એ સર્વથી સલામત ઉપાય છે. જેઓને ખરાબ સ્ત્રીની સાથે

સગત કરવાથી ખરાબ રોગ લાગુ પડે છે જેને આ જાર અથવા પરમો કહે છે તે પણ જો વીર્યને શરીરમાં સાચવી રાખવામાં આવે તો જલદીથી સાજો થાય છે. લકવો થયો હોય તો આ વીર્ય અથવા ધાત જવાથી વધારે નુકસાન થાય છે અને એ દરદ સાજું થવું મુશ્કેલ થઇ પડે છે.

વીર્યના ગેરઉપયોગથી નુકસાન પામેલાઓને અપવાસ પાળવાથી પણ ઘણો ફાયદો થાય છે. ચાલવાની કસરત કરે અને ઉદયોગી બને તો શરીરને પુરતું પોષણ મળી શકશે.

જો શરીર તવાઇ ગયું હોય તો ખાત્રીથી માનજો કે તે શરીરને તેલની જરૂર છે, અને શરીરને સર્વથી સરસ રીતે તેલ પુરૂં પાડવું હોય તો મેવો બદામ પસ્તાં વિગેરેનો ઉપયોગ કરવો. જો શરીર માટેલું અથવા ફ્રરણે હોય અને શરીરમાં હસ્સી ગુસ્સા ઉત્પન્ન થતા હોય અને તે ઉપર કાબુ નહી રખાતો હોય તો ફ્રુટ કુટનોજ ખોરાક ખાવો અને શરીરને પુરતું તેલ આપવા થોડો મેવો ખાવો અને બને એટલી અંગ કસરત લેવી.

જો શરીરમાંથી વીર્ય ઘણું જતું હોય તો પછી નબળા પડેલા અવયવને શક્તિ આપે એવી એ વીર્યને નિકળતું અટકાવવા માટે "Huxley's Ner-Vigor"–"Sanatogen" "Fellow's syrup"–વગેરે જાણીતી દવા તમારા ડાકટરની સલ્લાહ પુછીને લેવી. મોટી મોટી જાહેર ખબર આપનાર આજકાલ ઉભાઇ જતા ઠગારાઓની જાળમાં સપડાઇ તમારા સકમાઇના પૈસા તેવા ધુતારાઓનાં ગજવાં ભરવાં વાપરશો નહી. ઓક નામના ઝાડની છાલ (Oak Bark) નો કાવો બનાવી દહાડામાં ત્રણ પ્યાલાં ભરીને પીવાં અથવા તો ઓક ઝાડના ફળ (Oak acorn) દશથી વીસ દિવસ જેટલાં ખવાય એટલાં ખાવાં જેથી દુન્યાની કોઇપી દવા કરતાં જલદીથી એ અવયવને જોરાવર બનાવશે. અને જો હોજરી નબળી હોય તો ખાઇ રહીને ત્રણથી ચાર ખાવાં અથવા ફ્રુટ એક ફળ પણ ખાવામાં આવશે તો પુરતું છે. આ ઉપાયથી વીર્ય જતું અટકશે. યાદ રાખજો કે દાકટરોની ઝેરી દવાઓ આ જીવન શક્તિ સાચવવાને શક્તિવાન નથી, કારણ આવી ઝેરી દવાઓનો ઉપયોગ કરવાથી આ જીવન શક્તિનો નાશ થાય છે. તેઓનાં ઝેરથી લોહીની રજકણો મરી જાય છે.

પણ ઓક ઝાડની છાલ (Oak Bark) તો લોહીની રજકણોને ઉપયોગી થઇ પડે છે, અને વીર્ય વહેતું અટકાવીને જીવન શક્તિની રક્ષા કરે છે. ઉઘાડે પગે થોડો વખત ચાલવું પણ ફાયદાકારક થઇ પડશે, પગે

પાટો બાંધવો નહીં. લોહીને છુટથી શરીરમાં ફરવા દેવું જોઇયે, રોજ બંદગી કરવી અને ધર્મનાં પુસ્તકો વાંચવાં, સઘળી કોશેશો ચાલુ ખંતથી કરવી એકદમ સારૂં પરીણામ આવશે નહીં. પહેલાં થોડી કોશેશો નિષ્ફળ નિવડશે તેથી નિરાશ થવું નહીં.

ટુંકમાં એક માણસ પછી તે કુંવારો અથવા પરણેલો હોય તો પણ જો સદગુણી જીંદગી ગુજારે, મનને ખુશાલ અને આંનદી રાખે, સારો ફુટનો અને મેવાનો ખોરાક પુષ્ટી માટે લે, નિયમીત અને ઉદયોગી જીંદગી ગુજારે, ખુલ્લી હવામાં રોજ ચાલવાની કસરત લે અને થંડા પાણીના તબમાં અંઘોળ કરવાની કોશેશ કરે, મનની અંદર ઉમદા ખ્યાલ લાવવા અને પવિત્ર બનાવવા રોજ બંદગી કરે અને ધર્મનાં પુસ્તકો વાંચે તો ખચીતજ આ માણસનો સંસાર સુખી નિવડશે, એક મેક તરફનો પ્યાર વધશે, ઉમદા બાળકો પેદા થશે અને તંદરોસ્ત અને સુખી જીંદગી ગુજારશે અને જીવન શકિત વધારશે, કારણ આવી જીંદગીથી આ જીવન-રક્ષક પદાર્થની બરબાદી થતી અટકશે.

પ્રકરણ ૧૦ મું.

બચ્ચાંની ઉત્પત્તિમાં કોણ બળવાન? માતા કે પીતા?

બચ્ચાંની ચોકસ મન અને તનની શકિત માતાથી અને ચોકસ પીતાથી મળે છે તેની સમજણ.

"Fathers impart more of the physical to their children than mothers. Fathers, however more frequently impart the form bones, muscles propensities and reflectives. While children oftener resemble their mothers in their affections, moral sentiments, nervous temperament, tastes and literary faculties."

Prof. Fowler.

"બાપ બચ્ચાંને શરીરનું બંધારણ શરીરનો ઘાટઘટમ, હાડકાં માસરજ્જુ, મનની વળણો અને વિચાર કરવાની શકિત આપે છે. જ્યારે માતા તરફથી બાળકને માયા, દયાની લાગણીઓ, ઉમદા સદગુણો, જ્ઞાનતંતુથી ઉત્પન્ન થતા સ્વભાવો, ખુબી પારખવાની શકિતઓ અને વિદ્વતાની મનની શકિતઓ મળે છે.

કુદરતી રીતે એક અગત્યનો સવાલ ઉત્પન્ન થાય છે, કે બચ્ચાંની શરીર અને મનની રચનામાં એક માતા બળવાન ભાગ બજાવે છે કે પીતા ? આપણે આગળાં પ્રકરણમાં કેટલાક દાખલાઓ તપાસી ગયાં છીએ, જેમાં કેટલાંક બચ્ચાં પીતાની ચોક્કસ મનની સ્થિતીને આભારી હતા, જ્યારે કેટલાંક માતાની મનની સ્થિતીને આભારી હતા. હવે આ પ્રકરણમાં એ એમાંથી વધારે બળવાન શક્તિ કોણની છે તેનું તોલ કરવું બહુ અગત્યનું થઇ પડશે. કેટલાક શરીરની રચના શાસ્ત્રીઓ (physiologist) નું એવું કહેવું છે કે બચ્ચાંને ઉત્પન્ન કરનાર ખરેખર બાપ છે, અને બચ્ચાંનું પાળણ કરનાર માતા છે. તેઓના કહેવા પ્રમાણે એક પીતાનું બીજ શુક્ષ્મદર્શક યંત્ર વડે તપાસતાં માલમ પડે છે કે તે બીજમાં નાના જીવડા હોય છે જેમાંનો એક જીવડો માતાના બીજનાં નાનાં કોષમાં આમેજ થઇ પોતાનું જીવન રક્ષક મેળવે છે. માતાનું બીજ તો ફક્ત એ જીવડાનું પોષણ કરવા માટે છે જેથી ખરેખર બચ્ચાંની ઉત્પત્તિ કરનાર તો પિતા છે. જ્યારે કેટલાક શરીરશાસ્ત્રીઓ (Physiologists) તે માનવા સાફ ના પાડે છે અને જણાવે છે કે, માતાનું તેમજ પીતાનું બીજ સરખી રીતે બચ્ચાંની ઉત્પત્તિમાં કાર્ય કરે છે. બચ્ચાંની ઉત્પત્તિમાં કેટલી વખતે થોડી મિનીટમાં એટલે એકજ સ્ત્રી સંગતમાં પીતા પોતાનું કાર્ય પુરૂં કરે છે, જ્યારે એક માતાને તે બીજનું પાળણ કરવાને નવ માસ પોતાના પેટમાં રાખવું પડે છે તે છતા કેટલીક વખતે બચ્ચું પીતાના ગુણ ધરાવે છે અને કેટલીક વખતે માતાના જેવું જન્મે છે. વળી આપણે આગળાં પ્રકરણમાં તપાસી ગયા તેમ હમેશવાળી સ્ત્રીની શરીર અને મનની સ્થિતિ બચ્ચાંમાં ઉતરે છે.

જોકે એક પીતા બચ્ચાંની ઉત્પત્તિમાં થોડોજ વખત ભાગ લે છે તે છતાં કેટલીક વખતે બચ્ચાં પર બહુ બળવાન અસર કરે છે. આગળાં પ્રકરણમાં વાંચી ગયા તેમ એક દારૂ પીધેલા બાપે મનની છાકટ સ્થિતિમાં બચ્ચાંનાં બીજને ઉત્પન્ન કરવાથી તેને ત્યાં છોકરી આવી તે તદન છાકટ માણસ જેવી બેવકુફ હતી. આ પ્રકરણના કેટલાક દાખલાઓ આપણે તપાસી ગયા તે ઉપરથી માલમ પડે છે કે જોકે પીતા બચ્ચાંની ઉત્પત્તિમાં થોડોજ વખત ભાગ છે, તે છતાં તે બહુ બળવાન અસર કરી શકે છે. માટે એક પીતાએ બીજની ઉત્પત્તિને વખતે (એટલે સંગતની વખતે) ઉમદા અને શાંત મનની સ્થિતિમાં રહેવું જોઇએ. આ સઘળા દાખલાઓની તપાસ કરતાં માલમ પડે છે કે, માતા અને પીતા બન્ને બચ્ચાંની ઉત્પત્તિમાં સરખી અસર

કરી શકે છે. જો કે માતા હમેશની વખતે પોતાના મનની અસરથી મરજી પ્રમાણેની બચ્ચાં પર અસર કરી શકે છે.

એ બાબત પર પ્રો. હાઉલર જણાવે છે કે "લાંબા વખતના અનુભવથી ખરા બનેલા દાખલાઓની મોટી સંખ્યાથી સાબેત થાય છે કે કેટલાંક બચ્ચાં લગભગ તદન બાપને મળતાં અને કેટલાંક માતાને મળતાં હોય છે. તો પણ મોટે ભાગે બચ્ચાં બન્નેને વારંવાર સરખી રીતે મળતાં આવે છે. પીતા પોતાના બચ્ચાંને શરીરનો ઘાટઘટમ, હાડકાં, માસરજ્જુ, મનની વળણો, દર્યાફત કરવાની શક્તિ આપે છે જ્યારે માતા માથા, દયાની લાગણીઓ, ઉમદા સદગુણો, જ્ઞાનતંતુથી ઉત્પન્ન થતા સ્વભાવો, ખુબી પારખવાની શક્તિ (taste) અને વિદ્વતાની શક્તિ આપે છે.

મા અને બાપની જુદી જુદી મન અને શરીરની વળણ બચ્ચાંમાં કેવી રીતે ઉતરે છે, તે બરાબર જાણવું હોય તો ખચ્ચર (mule) પરથી બરાબર માલમ પડે છે. ખચ્ચર કેમ પેદા થાય છે તે આપણે જાણયે છીયે. ઘોડા અને ગધેડીના સંબંધથી ખચ્ચર પેદા થાય છે.

હવે ખચ્ચર પોતાના કાન, હાડકાં, શરીરનું બંધારણ, ખડતલપણું, ચાલવાની ઢપછપ, મોહડેથી ભાંસવું, બુદ્ધિબળ, હઠીલો સ્વભાવ, લાત મારવાની ટેવ, શરીરનો આગળો દેખાવ અને રંગરૂપ, ગધેડા-બાપ તરફથી મેળવે છે. ખચ્ચરની ઉંચાઇ અને લંબાઇ તેની માપર આધાર રાખે છે, જો ખચ્ચરની માતા ગધેડી હોય છે તો તેની ઉંચાઇ તેમજ લંબાઇ નાની હોય છે, પણ જ્યારે ખચ્ચરની માતા મોટી ઘોડી હોય છે તો ખચ્ચરની ઉંચાઇ અને લંબાઇ બહુ મોટી હોય છે. કારણ માતા પોષણ કરવાની ચીજો બચ્ચાંને આપે છે તેથી જો માતા મોટાં કદની હોય છે તો બચ્ચાંને પોષણ વધુ મળે છે. તેથી બચ્ચું કદાવર બને છે, તેથી બચ્ચાંનું કદ માતાપર આધાર રાખે છે, જોકે કેટલી વખતે બાપ પણ બચ્ચાંના કદ પર થોડીક અસર કરે છે.

એજ પ્રમાણે સીધ્ધન અને સફેદ બાપના બચ્ચાં (mullattoes) ચોક્સ ગુણો ધરાવે છે. પશ્ચિમ તરફના કેટલાક સફેદ લોકો આફ્રિકન સીધ્ધનોના સંબંધમાં આવ્યાથી, તેઓના બચ્ચાં માબાપની જુદીજ ખાસિયતો ધરાવતા માલમ પડ્યા છે. આવાં છોકરાં બહુજ હુશિયાર માલમ પડ્યાં છે. ફ્રેડ દગલાસ જે આવીજ રીતે આફ્રીકન સીધ્ધનથી પેદા થયો હતો તે બુદ્ધિબળમાં, અને છટાદાર, જુસ્સાદાર, તકરારી તાણા-મેહેણાથી ભરપુર બોલવામાં એટલો તો કુશળ હતો કે થોડાકજ તેની બરોબરી કરી શકતા

હતા. આ સફેદ બાપના અને સીધ્ધણુ માતાનાં છોકરાં બહુ ઉંચ મનશકિત ધરાવતાં હોશિયાર હોય છે. પણ તેઓ શરીરે બહુ નબળા હોય છે, જો કે સીધણો તો બહુ મહેનતુ હોય છે. પણ આ બચ્ચાં ઘણું શરીરનું કામ કરી શકતાં નથી, પણ મનનું કામ બહુજ કરી શકે છે. આનું કારણ શું ? કારણ એજ કે બાપ તરફથી બચ્ચાંને શરીરની મજબુતાઇ મળે છે. પણ આ બચ્ચાંની ઉત્પત્તિની વખતે બાપ અને માની મનની સ્થિતિ તપાસી હોય તો માલમ પડશે કે સફેદ બાપ-(અંગ્રેજો જે આફ્રીકા જઇને વસે છે તેઓમાં કેટલાક હવસી જીવડા પોતાનો હવસ તૃપ્ત કરવા સિદ્દણ સાથે ખરાબ સંબંધ રાખે છે,) સીદ્દણમાં કાંઇબી ખુબસુરતી જોતો નથી, તેઓને સીદ્દણનો ચહેરો પણ જોવા ગમતો નથી, પણ તેઓનો હવસ તૃપ્ત કરવાનું બીજું સાધણ નહીં હોવાથી સીધ્ધન સાથે સંબંધ રાખવો પડે છે, જેનું પરીણામ શું આવે છે ? બચ્ચાંનાં બીજની ઉત્પત્તિ વખતે બાપ કાંઇબી સારી મનશકિત વાપરી શકતો નથી. તેનામાં પ્યાર મુદ્દલ હોતો નથી પણ તે તો ફકત પોતાનો હવસ તૃપ્ત કરવા જનાકારીનું કામ કરે છે જેથી બચ્ચાંને બાપ તરફથી શરીરની મજબુતાઇ મળવી જોઇયે તે મળતી નથી. પ્રો. ફાઉલર પણ જણાવે છે કે બાપ બચ્ચાંને શરીરનું બંધારણ, શરીરનો ઘાટઘટમ, હાડકાં, માસરજ્જુ, મનની વળાણો અને વિચાર કરવાની શક્તિઓ આપે છે. સફેદ બાપ અને સીધ્ધણુ માતાનાં બચ્ચાં શરીરે મજબુત હોતાં નથી તેનુ કારણ આપણે જાણ્યું તેમ બાપનું જનાકારીનું કાર્ય બદસુરત સીધ્ધણ સાથ થયાથી પોતનો ઉત્તમ પ્યાર વાપરી શકતો નથી. આપણે જાણ્યું તેમ પ્યારથીજ માબાપના ગુણો અને શરીરના બંધારણનું તત્વ બચ્ચાંને મળે છે પણ હયાં બાપનો પ્યાર મુદ્દલ ન હોવાથી બચ્ચાંને બાપ તરફથી જે શરીરની મજબુતાઇ મળવી જોઇયે તે મળતી નથી તેથી આવાં બચ્ચાં શરીરે નબળાં જન્મે છે.

હવે સીધ્ધણનાં બચ્ચાં બહુ કુશળતા ધરાવનાર હોય છે તેનું કારણ શું ? તેનું કારણ તેઓની માતા છે. પ્રો. ફાઉલર જણાવે છે કે માતા તરફથી આપણે આગળ જોઇ ગયા તેમ બચ્ચાંને માયા, દયાની લાગણીએ, ઉમદા સદગુણો, જ્ઞાનતંતુથી ઉત્પન્ન થતા સ્વભાવો, ખુબી પારખવાની શકિતઓ અને વિદ્વતાની મનની શકિતઓ મળે છે. એક સીધ્ધણને જનાકારીના કાર્યમાં એક ગોરો ખુબસુરત સાથી મળે છે ત્યારે તેણીની મનની સ્થિતિ પ્યારથી કેટલી ભરપુર હોવી જોઇયે. આવી ઉત્તમ મનની આનંદી સ્થિતીમાં સીધ્ધણ માતા હોવાથી તેણી જે મનની શકિત આપે છે તે સઘળી બહુ

ઉત્તમ પ્રકારનાં બચ્ચાંને મળે છે. તેથી આવું બચ્ચું બહુ કુશળતા ધરાવતું અને ઉત્તમ મનશકિત ધરાવતું જન્મે છે.

સીદ્દણુ અને ગોરા બાપના બચ્ચાંના ઉપલા દાખલા પરથી માલમ પડે છે, કે માબાપ બન્નેનો એકમેક પર પ્યાર હોતો નથી તો માબાપના જે જે ગુણો બચ્ચાંમાં ઉતરવા જોઇયે તે ઉતરતા નથી. તેથીજ કેટલીક વખતે વિદ્વાનનાં છોકરાં વિદ્વાન પેદા નથી. જ્યારે એક ભરથાર અને મહોરદારનું તન અને મન પ્યારથી એક થઇ જાય છે, ત્યારેજ બચ્ચાંમાં તેઓના ઉમદા ગુણો ઉતરે છે. કેટલાક મહાન છટાદાર બોલનાર પોતાની માતાથી થયા છે, કારણુ સ્રીઓ મોટે ભાગે બોલવામાં કુશળતા ધરાવે છે. એક મોટો વકતા પેત્રીક હેનરીએ પોતાની વકતાબાજી માતા તરફથી મેળવી હતી, જે પુરવાર કરે છે કે છટાદાર બોલવાની શકિત બચ્ચાંને માતા તરફથી મળે છે.

પવિત્રાઇ પણુ બચ્ચાંને માતા તરફથી મળે છે. કારણુ એક સ્રીને હમેશાં પવિત્રાઇ અને નીતિભરી જીંદગી ગુજારવાની ફરજ પડે છે, કારણુ જો તેઓ પવિત્રાઇ રાખે નહી, તો તેઓનું ભવિષ્ય બરબાદ થાય છે, અને કોઇ તેઓની સાથે પરણુતું નથી. તેથી તેઓને પવિત્ર જીંદગી ગુજારવાની ફરજ પડે છે, જે દેખાડે છે કે બચ્ચાંને ઉમદા સદગુણો માતા આપે છે, ત્યારે માતા કેળવાયલી હોય તો બચ્ચાં કેવા ઉમદા સદગુણો અને મન શકિત ધરાવે ? તેથી સ્રી કેળવણી કેટલી અગત્યની છે તે આપણુને માલમ પડે છે. આપણે સઘળા દાખલાઓ તપાસી ગયા છીયે તે પરથી માલમ પડે છે કે દરેક સ્રીએ સારી નીતિ રીતીથી ભરપુર કેળવણી લેવાની બહુજ જરૂર છે, આવી કેળ-વાયલી સ્ત્રીનાં બચ્ચાં ઉંચી મનશકિત ધરાવતા પેદા થાય છે. જ્યારે હિંદની સ્ત્રીઓ ઉત્તમ પ્રકારની કેળવણી લઇ ઉંચી મન શકિત ધરાવનારા બેટાઓ પેદા કરશે ત્યારેજ હિંદુસ્તાનનો દિવસ ફેરવાશે.

બચ્ચાંને નવ મહિના માતા પેટમાં રાખે છે અને એ નવ મહિનામાં મનની અને શરીરની પ્રબળ અસરો કરી શકે છે. પ્રો૦ ફાઉલર જણાવે છે કે " Woman receives from the male only the rudiments of life, its framework anatomy organs; and mental faculties as it were the warp of their joint fabric while its manufacturing, weaving, drying, figuring etc. are hers." એક સ્રી મરદ તરફથી એક જીવડાના જીવની શરૂઆતનાં

તત્વ મેળવે છે, તે બચ્ચાંના શરીરનું બંધારણ, તેની રચના અવયવ અને મન-શકિતઓ તેણીને મળે છે. જે પ્રમાણે એક કપડાંને વણવા પહેલા દોરાના ટાંટણા જોઇયે તેમ તેઓ સાથે મળી પહેલાં ટાંટણા પેદા કરે છે, પણ એ દોરાના ટાંટ-ણામાંથી કપડું વણવું, તેની ઉપર ચોકસ તરાહ પાડવી, ચોકસ કુમાસનું કપડું બનાવવું એ સઘળું કામ સ્ત્રીનું છે. માટે સ્ત્રીઓને કેળવણી ઉંચા પ્રકારની મળવી જોઇએ અને મુખ્ય કરી બચ્ચાં વિષેનાં જ્ઞાનની બહુજ જરૂર છે. એક માતાને બચ્ચાં પેદા કરવાનાં કાર્યમાં ઘણા મહિના ભાગ લેવા પડેછે જ્યારે ભર-થાર તો કેટલીક વખતે થોડીક પળમાં બચ્ચાં પેદા કરવાનું કાર્ય સંપૂર્ણ કરી શકે છે. પણ એ થોડીક પળનાં કાર્યમાં બચ્ચાંને નસીબવંત અથવા કમનસીબ બનાવી શકે છે. માટે જો કે એક પુરૂષ બચ્ચાંના પેદા કરવાના કાર્યમાં નજીવો જેવો ભાગ લે છે તે છતાં એ કાર્યનું બળ કેટલું બધું છે. જે પ્રમાણે એક બંદુકને ફોડવાને વાર લાગતી નથી પણ તે ફોડી કે તેનું બળ દેખાય છે, તેજ પ્રમાણે એક બાપનું આ બચ્ચાં પેદા કરવાના કાર્યમાં આવુંજ બળ હોય છે માટે ભરથાર અને મહોરદાર બન્નેએ પોતાનાં કાર્યની જોખમદારી સમજવી જોઇયે. બન્નેએ પવિત્ર કાર્યમાં પોતાના બને એટલા ઉમદા સદગુણો વાપરવા જોઇયે, એક મેક તરફ અત્યંત પ્યારથી વર્તવું જોઇયે અને ઉમદા બચ્ચાં પેદા કરવાની નેમજ એકલી ધ્યાનમાં રાખવી જોઇયે.

મનુષ્ય જાતની ઉન્નતીમાં એક સ્ત્રી ઘણો સારો ભાગ બજાવી શકે છે. તેઓનાંજ હાથમાં આપણી ભવિષ્યની ઓલાદની બેહતરીની ચાવી છે આપણે સ્ત્રી જાતને માન આપે છીયે તેમજ દરેક કેળવાયલા દેશોમાં સ્ત્રી જાતને મરદ માન આપે છે તેનું કારણ શું? એજ કે તે મનુષ્ય જાતને જન્મ આપનાર છે, તે બચ્ચાંને નવ મહિના પેટમાં રાખી તેનું પાળણ પો-ષણ કરનાર છે, અને તે એક માતા છે, એવાજ ખ્યાલથી સ્ત્રી જાતી તરફ મરદો માનની નજરથી જુવે છે, કારણ દરેક મરદે સ્ત્રી જાતીનેજ પેટે જન્મ લીધો છે, માટે દરેક સ્ત્રીને માતા તરીકેની કેળવણી લેવી જોઇયે કારણ તેણી આ દુન્યામાં કુદરતનું એક મહાન કાર્ય કરવાને જન્મી છે. વિદ્વાનના બોલમાં કહયે તો "Girls, young ladies, mothers be implored to regenerate the race by learning and fulfilling your creative mission perfectly." છોકરીઓ, જુવાન બાનુઓ, માતાઓ બચ્ચાં પેદા કરવાનું કાર્ય સંપુર્ણ રીતે શિખી તેને અમ-લમાં મુકી મનુષ્ય જાતની ઉન્નતી કરવાની આજીજી સ્વિકારો. તમારામાં

મહાન નરો પેદા કરવાની શકિત ઇશ્વરે મુકી છે, જે દાખલા દલીલ સાથે આપણે સાબેત કીધું છે. માટે એ શકિતનો વાજબી ઉપયોગ કરો ! પુરૂષો સરકારને લગતા, ધર્મને લગતા, કેળવણીને લગતા, નીતિને લગતા સુધારા કરી શકે છે. પણ તમે તો મનુષ્ય જાતને સુધારી અને આ દુન્યાને સ્વર્ગમાં ફેરવી નાખવાની શકિત ધરાવો છો. જ્યારે તમે આ મહાન શકિતઓ ધરાવો છો ત્યારે એ શકિત કેમ વાપરવી તે જાણો. આ પુસ્તક તમને એ શકિતઓ પુરતી રીતે સમજાવે છે, તમને ઇશ્વરે બચ્ચાંને જન્મ આપવા પેદા કીધાં છે, માટે કુદરતનું એ મહાન કાર્ય કરવાની ફરજ અદા કરવા તૈયાર રહો. તમારી શરીરની અને આત્માની સઘળી શકિતઓ ઉમદા બચ્ચાં પેદા કરવામાં વાપરો, તમારો મનને સર્વથી ઉત્તમ જુસ્સો, અને ખાયશ ઉમદા ફરેસ્તાઇ બચ્ચાં પેદા કરવાનો હોવો જોઇયે. નહીં કે સુંદર પોશાક અને ઘરેણાંને માટે. જ્યારે આવી ઉમદા નેમવાળી સ્ત્રી ઉમદા બાળકો પેદા કરે, અને જ્યારે તેઓ મહાન નરો થાય છે, અને મનુષ્ય જાતમાં સુખનો પ્રસાર કરવાને મહાન કાર્યો કરે છે, ત્યારે તમામ કુદરત આ જન્મ આપનાર માતાને પોતાના દેવતાઇ આશીશ આપે છે, અને મનુષ્ય જાતના મોહમાંથી ખરાં જીગરથી નિકળતા બોલો હમેશાં સાંભળ્યે છીએ કે " ધન છે આ મહાન નરની માતાને કે તેણીએ આવા નરને પેદા કીધો છે. "

એક બાપ બચ્ચાં પેદા કરવાનાં કાર્યમાં થોડોજ ભાગ લે છે, પણ તે થોડા વખતમાં બચ્ચાંનાં બંધારણને માટે એવાં તત્વો ઉત્પન્ન કરી શકે છે, કે જેથી બચ્ચું ઉત્તમ અથવા તો જન્મથી કમનસીબ પેદા થાય છે. મોહરદાર તરફના સાચા પ્યારથી, શાંત મનથી અને ઉમદા સદગુણોથી સંગત કરવાથી એક બાપ બચ્ચાંને માટે ઉત્તમ બીજ પેદા કરી શકે છે. એક ભરથારે જાણવું જોઇએ કે કુદરતે સ્ત્રીને પેદા કરી છે, તે કાંઇ હવસ તૃપ્ત કરવા નહીં પણ ઉમદા બચ્ચાં પેદા કરવા. સ્ત્રીના દરેક અવયવો તપાસતાં માલમ પડે છે કે તેઓ બચ્ચાંની ઉત્પત્તી અને બચ્ચાંની ઉન્નતી અને પોષણને માટેજ છે. માટે એ અવયવ હવસથી અપવિત્ર કરવા વાજબી કહેવાય નહીં. સ્ત્રીના દરેક અવયવો ભરથારનો સાચો પ્યાર એક એક તરફ વધારવા છે. ઉમદા બચ્ચાં પેદા કરવાની હેતુથીજ સ્ત્રી સંગતનો આનંદ ભોગવવો સજાવર છે. આનંદનુ મુળ આપણાં મનમાં છે, હવસ કાંઇ આનંદ આપી શકતો નથી. પણ એક જાતની શરીરની તલબ ઉત્પન્ન કરે છે. પણ સાચો પ્યાર બન્ને જાતીની ઐકયતામાં લાવે છે, બન્નેનાં મનને એક એકમાં હળી મળી રહેલાં બનાવે છે અને તેઓમાં એવી મીનોઇ લાગણી ઉત્પન્ન થાય છે, કે તેઓ

એકમેકના શરીરને વિસરી જઇ એકમેકના આત્મા સાથે સંબંધ રાખતાં હોય તેમ લાગે છે. શરિરનો સંબંધ કરતાં બે આત્માઓનો સંબંધ એવો તો આનંદી હોય છે, કે તેનું બ્યાન કોઇ પણ કરી શકે નહીં. આપણો આત્મા ઇશ્વરનો અંશ છે. ઇશ્વર સત્-ચીત-આનંદનું સ્વરૂપ છે. તો જ્યારે સઘળા આનંદનો અંશ-આત્મા સામી જાતીના આત્માના સંબંધમાં આવે છે, ત્યારે તે આનંદનો અંશ પરમેશ્વરના સમાગમમાં આવે છે, અને તે સત-ચીત-આનંદનું ભાન ધરાવવાને શકિતવાન થાય છે. માટે આવો આનંદ ભોગવવો હોય તો તમારી મહોરદારને શરીરી જુસ્સા અને હવસ તૃપ્ત કરવાના હથિયાર તરીકે નહીં ગણતાં, સાચા પ્યારથી આપણા આત્મામાં સમાયલા આનંદના અંશનો ખરો પ્રકાશ મેળવવા અને ઉમદા બચ્ચાં પેદા કરવાના સાધન તરીકે સ્વીકારજો. આવા આનંદમાં બચ્ચાંનું બીજ ઉત્પન્ન થાય તો તે બચ્ચું દેવતાઇ ગુણો ધરાવવાને શકિતવાન થાય.

હમેલ રહ્યા પછી તેની સાથે અત્યંત પ્યારથી વર્તવું જોઇએ તેણી બચ્ચાંને પેટમાં પોષણ આપી જે વેદના ખમે છે તેથી ભરથારની ફરજ છે કે તે વખતે તેણીને આનંદ મળે તેમ વર્તવું. તેણીને પુરતી આશાયશ, અને ઉંઘ આપવી, તેણીનું મન રીઝવવા તેણીની આસપાસ સુંદર દેખાવો રજુ કરવા અને દરેક રીતે તેણીને સુખી બનાવવાની કોશેશ કરવી. એવા સદગુણો જો ભરથાર વાપરે તો તેણી ઉત્તમ બચ્ચાંને જન્મ આપશે. પણ એ વખતે જો ભરથાર પોતાની મહોરદારને પોતાનાં કાર્યથી અથવા તો સખત બોલવાથી દુ:ખ દેશે તો કુદરત ઘણી મજબુત શિક્ષા કરશે, તેઓને ત્યાં એવાં તો દુર્ગુણી બાળક જન્મશે કે તેઓને આખી જીંદગી દુ:ખ સોસવું પડશે અને વળી મહોરદારને એ વખતે કોઇપણ રીતનું દુ:ખ થાય તો તે બિમાર થશે, અને તેણીની સખત બિમારીની વેદના તેને ખમવી પડશે. માટે ભરથાર અને મહોરદારે બચ્ચાંની પેદાયશમાં ઉમદા સદ્ગુણ વાપરવાની જરૂર છે. એકમેક તરફ સાચો પ્યાર, એકમેક તરફની ફરજ અદા કરવી, અરસપરસ સુખ આપવાની કોશેશ કરવી, અને કુદરતનું આ મહાન કાર્ય કરવાને જે શકિત ઇશ્વરે માણસને આપી છે, તે શકિતનો ઉમદા ઉપયોગ કરવામાં આવશે તો ઉમદા બચ્ચાં પેદા થશે અને તેઓ ઘડપણમાં સુખી થશે એટલુંજ નહીં પણ દેશ તરફ પણ એક ઉમદા શહેરી તરીકે પોતાની ફરજ અદા કરશે.

———:o:———

પ્રકરણ ૧૧ મું.

છોકરો અથવા છોકરી મરજી પ્રમાણે પેદા કરવાની કેટલીક શોધો.

That there must be a law that governs the development of sex is as reasonable to suppose as that there is a law governing the tides and winds. *Dr. John Cowan. M. D.*

જે પ્રમાણે (દરયાના) મોજા અને પવન ઉપર કાયદો ભોગવે છે તે પ્રમાણે જાતીની વૃદ્ધી ઉપર કોઈ કાયદો અધિકાર ભોગવતો હોવો જોઇએ."

ડા. કોવન એમ. ડી.

આજ જમાના થયાં શરીરી શાસ્ત્રીઓ અને વિદ્વાનો છોકરો અથવા છોકરી કેવી રીતે ઉત્પન્ન થાય છે તેનો ભેદ સમજાવી શકયા નથી, અને તેમાંના કેટલાકો લાંબો વખત એ બાબદનો અભ્યાસ કરી એમ કહેતા કે ઇશ્વરે આ બાબદમાં પોતાનો ભેદ એવો તો છુપો રાખ્યો છે કે મનુષ્ય જાત એ ભેદનો પડદો કદી પણ ખુલ્લો કરી શકશે નહિ. પણ આ પ્રકરણમાં એ બાબદની કેટલીક ખાત્રીપૂર્વક શોધો રજુ કરવામાં આવશે, જે પરથી માલમ પડશે કે મનુષ્ય જાતને ઇશ્વર જે બળવાન મનશકિત આપી છે, તે જો ચાલુ ખંતથી વાપરવામાં આવે તો કુદરતનો એ ભેદ સમજી શકાય છે. તમામ કુદરત ઇશ્વરે બનાવી છે તે માણસ જાતને જ્ઞાન આપવા ખાતરજ છે. મનનો વાસ્તવીક ઉપયોગ કરવાથી, કેટલાક કુદરતના ભેદો આપણે સમજી શકયા છીએ. છોકરો અથવા છોકરી કેમ પેદા થાય છે એ કુદરતના મોટામાં મોટા ભેદમાંનો એક મોટો ભેદ છે. સંગત કરવાનું કાર્ય છોકરો અથવા છોકરીની વખતે એક સરખું થાય છે, તે છતાં કોઇ વેળા છોકરો અને કોઇ વેળા છોકરી પેદા થાય છે, આનો ભેદ શું? આપણે સફાદતો સાથે જાણીશું કે આ કુદરતનો મોટો ભેદ હાલની કેટલીક શોધોથી સમજી શકાય.

હવે સવાલ એ ઉત્પન્ન થાય છે કે આવી શોધો બહાર પાડવી ફાયદાકારક છે કે? આવી શોધો જો દરેક માણસ અમલમાં મુકે તો સઘળાઓ નર જાતી પેદા કરી, નારી જાતીનો મોડે વહેલે નાશ થઇ જાય, અને કુદરતનું કાર્ય પુરતી રીતે થઇ શકે નહિ, કારણ કે મનુષ્ય જાતની વૃદ્ધિને માટે બન્ને જાતીની સરખી જરૂર છે.

આ બાબતનો અભ્યાસ કર્યા પછી માલમ પડે છે કે આ વાંધો ટકી શકતો નથી, કારણ આ શોધોનો ઇશારો પશ્ચિમ તરફથી ઘણાં વર્ષો થયાં

બહાર પડયો છે, તે છતાં આપણામાંના કેટલા માણસો જાણે છે ? ગમે તેવી શોધો બહાર પડે છે તે છતાં તે શોધોનું સંપૂર્ણ જ્ઞાન માણસ જાતનો મોટો ભાગ મેળવી શકતો નથી. વળી એ શોધોને અમલમાં મુકવાની રીતો કાંઇ સેહેલી હોતી નથી તેથી સઘળા અમલમાં મુકી શકતા નથી, પણ જેઓ બહુ ઉલટ અને હોંશ ધરાવે છે તેઓજ અમલમાં મુકે છે. આજે હિંદુ-ઓમાં કેટલીક કોમોમાં નારી જાતની સંખ્યા બહુજ ઓછી છે, તેઓ એ જાતીને જન્મ આપવા બહુજ ખુશી છે. જો આવી શોધોથી નારી જાતી ઓછી થઇ જાય અને તેઓની માંગણી બહુ થતી હોય તો કુદરતી રીતે એ જાતીને પેદા કરવા લોકો ઉલટ પકડે. જો એ જાતી ઓછી થઇ જાય અને પછી નર જાતીને પોતાના સાથી મેળવવો મુસ્કેલ પડે તો પછી નારી જાતી પર બહુજ માંગણી થાય, એ જાતી તરફ વધારે ચાહ ઉત્પન્ન થાય, અને તેથી માબાપો પોતાના આવા લાભ અર્થે એ જાતી પેદા કરવા પડી જાય. જેથી માલમ પડે છે કે આ શોધોથી કોઇબી રીતે નારી જાતીને નુકસાન પુગવાનું નથી.

પ્રાચીન કાળથી એ ભેદ શોધવા ઘણાક વિદ્વાનોએ કોશેશ કીધી છે અને તેએ એ પોતાની જુદી જુદી દલીલો રજુ કીધી છે. કોઇ પોતાની દલીલ એક રીતે રજુ કરે છે તો કોઇ વળી બીજીજ રીતે પોતાની દલીલો રજુ કરે છે. આપણે ઙાં પ્રાચીન કાળથી તે આજ સુધી જે દલીલો બહાર પડી છે તે ટુંકમાં તપાસીશું કે જેથી આપણને એ બાબતનું જોઇતું જ્ઞાન મળી શકે.

આજે હજારો વર્ષની વાત ઉપર હિંદુ શાસ્ત્રમાં છોકરો અથવા છોકરી કેમ પેદા થાય છે તે માટે જણાવે છે. કે શ્રી કૃષ્ણ જુર વેદના ગર્ભ ઉપનીશદમાં લખેલું કહેવાય છે કે જો બાપનું બીજ વધારે બળવાન હોય છે તો છોકરો જન્મે છે, અને માતાનું બીજ બળવાન હોય છે તો છોકરી જન્મે છે, મા અથવા બાપ એકમેકની સંગતમાં વધારે ઉમંગ જે ધરાવે તેવી જાતી પેદા થાય છે. એ શાસ્ત્રમાં વધુ એમ જણાવે છે કે, સંગતની વખતે માબાપનું મન ફિકર ચીંતાવાળું હોય છે તો છોકરૂં આંધલું પાંગળું, ખુંધું યા હાથ પગ વગરનું જન્મે છે. ચંદ્ર અથવા સુર્યનાં ગ્રહણ વખતે બચ્ચાંનું બીજ પેદા કરવામાં આવે છે, તો તે બચ્ચું હાથ પગ વગરનું જન્મે છે. વળી હિંદુ શાસ્ત્રમાં બીજે ઠેકાણે એ બાબત નીચે પ્રમાણે લખેલી છે. ઘોરીનાથ પોતાની પ્રિયાને એક સ્ત્રી દુર બેઠા પછી અથવા માસીક માંદગી પછીના દિવસમાં ભરથારની સંગત કરવાથી કેવાં બચ્ચાં પેદા થાય

તેની સમજણ નીચે પ્રમાણે આપે છે. " પ્રિય સમજ ! એક સ્ત્રી દુર બેઠા પછી ચોથે દિવસે સ્નાન કરે છે ત્યારે તેણી શરીરે અને મને પવિત્ર બને છે. અને ભરથારની સંગત ફાયદાકારક નિવડે છે હયાં જે દીવસો જણાવ્યા છે તે એક સ્ત્રી દુર બેઠા પછીના દિવસ જાણવા. સાધારણ રીતે એક સ્ત્રી ત્રણ દિવસ દુર બેસે છે અને ચોથે દિવસે દસ્તાન વહેતું બંધ થાય છે અને સ્નાન કરી પવિત્ર બને છે. હવે પછીના દિવસો વિષે હયાં લખવામાં આવે છે.

પાંચમો દિવસ:—જો એક સ્ત્રીને છોકરી જોઇતી હોય તો દુર બેઠા પછી પાંચમે દિવસે ભરથારની સંગત કરવી. આ દિવસની સંગતથી છોકરી જન્મશે જે કુટુંબ અને મિત્ર મંડળમાં બહુ ચાહ પામશે અને તેણીને પેટે ઘણી છોકરી જન્મશે.

છઠો દિવસ:—આ દિવસની સંગતથી છોકરો પેદા થાય છે જે સાધારણ જીંદગી ગુજારે છે.

સાતમો દિવસ:—છોકરી જોઇતી હોય તો ખાસ આ દિવસ છે, આ દિવસનાં સંગતથી છોકરી પેદા થાય છે તે સ્વતંત્ર જીંદગી ગુજારે છે અને બહુ પૈસાવાળી થાય છે.

આઠમો દિવસ—આ દિવસની સ્ત્રી સંગત બહુ ઉમંગથી કરવામાં આવે છે તો છોકરી જન્મે છે, જે અદભુત ખુબસુરતી ધરાવશે. તેણી સારી કેળવાયલી, મજબુત મનની, પવિત્રાઇવાળી અને ભરથાર સાથે અત્યંત પ્યારથી વર્તનારી જન્મશે.

દસમો દિવસ:—છોકરો પેદા કરવાને આ દિવસ સારો છે. આ દિવસની સંગતથી પેદા થતો છોકરો બહુજ પૈસાવાળો જન્મશે, માણસાઇ ઉત્તમ ગુણો ધરાવશે અને દુન્યામાં નામાંકિત થશે.

અગ્યારમો દિવસ:—આ દિવસની સંગતથી છોકરી પેદા થશે. તેણી બહુ ખુબસુરત, ડહાપણવાળી, શોધક બુધ્ધિવાળી, સ્ત્રી જાતીના સદ્-ગુણો જાળવનારી અને પવિત્રાઇવાળી જન્મશે.

બારમો દિવસ:—આ દિવસની સંગતથી દુન્યામાં સઉથી સુખી છોકરો પેદા થશે. પ્રમાણીક અને ઉદાર દિલનો રાજદ્વારી નર થશે અને સઘળાની વખાણ પામશે અને વખણાયલો છટાદાર વક્તા થશે.

તેરમો દિવસ:—આ દિવસની સંગતથી છોકરી જન્મશે જે ઘટમ-દાર, મજબુત બાંધાની, પવિત્રાઇવાળી સ્ત્રી તરીકે પોતાના ફરજો અને ઇન્દ્રિ-

ઓપર કાબુ રાખનારી, અને સ્ત્રીએ જે પણ સદગુણો ધરાવવા જોઇયે તેવા સદ્‌ગુણોવાળી અને સચ્ચાઇની ચાહનારી તરીકે સઘળાઓ તેણીને પુજશે.

ચૌદમો દિવસ:—આ દિવસની સંગતથી છોકરો જન્મશે. આ છોકરો કોઇપણ રીતનાં પાપથી મુકત રહેશે, પોતાના હવસો પર કાબુ રાખશે, પવિત્ર જીંદગી ગુજારશે, અને તે કુળ સૃષ્ટીનું પાળણ કરનાર ભગવાન વિષ્ણુના ભકતને જોઇતા દરેક ગુણો ધરાવશે. આખી જીંદગી સુખી ગુજારશે અને તેની બુદ્ધિના સર્વ વખાણ કરશે.

પંદરમો દિવસ:—આ દિવસે સંગત કરવી નહિ. એ દિવસ ઇશ્વરની ભકિત કરવાનો છે. જો કોઇ એ દિવસે સંગત કરે છે તો છોકરી આવશે જે ઘણી દુ:ખી જીંદગી ગુજારશે.

આ સઘળું હજારો વર્ષ અગાઉના હીંદુ શાસ્ત્રમાંથી મળી આવે છે.

અગાઉના યુનાની (ગ્રીક) ફીલસુફો પણ છોકરો અથવા છોકરી કેમ પેદા થાય છે તે વિષે લખી ગયા છે.

હીપોક્રેતીસ એવું જણાવી ગયો છે કે જો બચ્ચાંનું બીજ બહુ મજબુત પદાર્થનું બનેલું હોય છે તો છોકરો પેદા થાય છે.

એરીસટોટલ અને એનેકઝેગોરાસ એવું જણાવે છે કે છોકરો જમણી અથવા ડાબી બાજુના અવયવ પર આધાર રાખે છે. માબાપની જમણી બાજુના અવયવ છોકરો પેદા કરે છે, અને ડાબી બાજુના અવયવ છોકરી પેદા કરે છે. એ વિષે હાલના વિદ્વાનોએ પણ શોધ કરી છે. હવે આપણે એ બાબતને લગતી હાલ શું શોધ થઇ છે તે વિષે ટુંકમાં તપાસશે. હાલના કેટલાક વિદ્વાનો માસીક માંદગી પછીના દિવસોથી ઉપર પોતાની દલીલો રજુ કરે છે.

જીનીવાનો પ્રોફેસર મોન્સ થ્યુરી (Mons Thury) એ ૧૮૬૩માં એક ચોપડી છપાવી હતી, જેમાં એ વિદ્વાન જણાવે છે કે છોકરો અથવા છોકરી આવવાનું કારણ સ્ત્રી બીજ કેવા પ્રકારનું છે તે પર આધાર રાખે છે, એક છોકરાને વધારે જોર અને પાકટ અવયવ હોવો જોઇએ તેથી પાકટ બીજમાંથી છોકરો પેદા થાય છે. સ્ત્રી દુર બેસે ત્યારે સ્ત્રીનું બીજ ઉત્પન્ન થાય છે. સ્ત્રી દુર બેસવાથી મુકત થાય છે ત્યાર પછી થોડા દિવસ પસાર થયા બાદ સ્ત્રીનું બીજ પાકટ થાય છે. માટે સ્ત્રી મુકત પામ્યા પછી સાત આંઠ, દિવસ પછી જો ભરથાર સંગત કરે છે તો છોકરો આવે છે. પણ જો

સ્નાન કરી બીજેજ દિવસે ભરથારની સંગતમાં રહે તો છોકરી આવે છે કારણ પેલી સ્રીનું બીજ મુદલ પાકટ થયલું હોતું નથી.

બીજો વિદ્વાન મેયર એ વિષે લખતાં ઉપલી દલીલ બીજીજ રીતે સમજાવે છે. એક સ્રી દસ્તાનથી મુકત થયા બાદ લગભગ દશ દિવસ પછી ભરથારની સંગત કરવાથી છોકરો જન્મે છે તેનું કારણ એજ કે સ્રીનું બીજ જ્યારે તેણી અડચણમાં હોય છે ત્યારે ઉત્પન્ન થાય છે, અને જ્યારે તે ઉત્પન્ન થાય છે તે વખને તે બીજમાં પોષણ ઘણું હોય છે અને તેથી સ્રી તત્વો ઘણાં બળવાન હોય છે પણ જેમ જેમ દિવસો પસાર થતા જાય છે તેમ તેમ એ બીજનું બળ ઓછું થતું જાય અને બાર, તેર દિવસ પસાર થવા બાદ મરણ પામે છે. સ્રી સ્નાન કરી રહ્યા પછી તુરત ભરથારની સંગત કરે તો છોકરી આવે છે, કારણ તે વખતે સ્રીનું બીજ બહુ બળવાન હોય છે અને સ્રી તત્વોને પુરતું પોષણ મળેલું હોય છે. પણ સ્રી સ્નાન કરી રહ્યા પછી લગભગ દસ દિવસ પછી ભરથારની સંગતમાં રહે છે તો છોકરો આવે છે કારણ એટલા વખતમાં સ્રીનું બીજ બહુ નબળું પડી ગયલું હોય છે, લગભગ મરણ તોલ હાલતમાં હોય છે તેથી પેલા ભરથારનું બીજ જે બળવાન હોય છે તેજ કાર્યસાધક રહે છે, તેથી છોકરો આવે છે; બીજા વિદ્વાનો વળી સમજાવે છે કે સ્રી રજસ્વાળાની સ્થિતિ બાદ ભરથારની સંગતનો જુસ્સો બહુ ધરાવે છે. તેણીનો સંગતનો જુસ્સો બહુ બળવાન હોવાથી તે વખતે બચ્ચાંનું બીજ ઉત્પન્ન થાય છે તો છોકરી ઉત્પન્ન થાય છે. પણ સ્નાન કીધા પછી દશેક દિવસ પસાર થવા દેવામાં આવે છે તો તેણીનો સંગતનો જુસ્સો બહુજ નબળો પડી ગયલો હોય છે તે વખતની સંગતથી છોકરો જન્મે છે.

"Intercourse in from two to six days after the cessation of the menses produces girls, in from nine to twelve boys." "*Medical Reporter.*"

"મેડીકલ રીપોર્ટર" નામનું વૈદકપત્ર એમ જણાવે છે કે "દસ્તાનનું વહેવું બંધ થયા પછી બે થી છ દિવસમાં સંગત કરવામાં આવે તો છોકરી પેદા થશે, પણ નવથી બાર દિવસમાં સંગત કરવામાં આવે તો છોકરો આવશે."

આ સઘળા વિચારો સ્ત્રીની માસીક માંદગી સાથે સંબંધ ધરાવે છે. એ શિવાય બીજી ઘણી દલીલો છે તેમાંથી થોડી આગલની રજુ કરીશું.

જાણીતો ફીલસુફ ડારવીન જણાવે છે કે કુદરતમાં દરેક ચીજ પોતાનું રક્ષણ પોતેજ શોધે છે. તેથી ભરથાર મોટી ઉમરનો હોય અને બાયડી નાની ઉમરની હોય તો, ભરથાર જલદી મરણ પામે અને તેની જાતીનું આ દલીલ પ્રમાણે રક્ષણ થવું જોઇયે, તેથી છોકરો જન્મે છે કે તેનાં મરણ પછી તેની જાતી પાછી હૈયાત રહે.

કેટલાકો પોતાની દલીલ ખોરાકની ઉપર રજુ કરે છે. એ બાબત પર ડૉ. લીયોપોલ્ડ સેન્ક એક ઘણું રસીલું અને અગત્યનું પુસ્તક "The Determination of sex" કરીને લખેલું છે. આ તબીબના હાથમાં સ્ત્રીઓના કેટલાક કેસો હતા. આ કેસોની બારીક તપાસ કીધાથી તેને માલમ પડયું કે જે સ્ત્રીની પીસાબમાં મીઠાશ (sugar) જતી હોય તે સ્ત્રીને ત્યાં છોકરી જન્મે છે. પીસાબમાં મીઠાશ જવાથી છોકરી કેમ જન્મતી હશે તે વિષે સમજાવતાં તેણે પોતાની દલીલો બે બીજી દલીલોપર રચેલી છે. એક તો આપણે તપાસી ગયા તેમ પાકટ સ્ત્રી બીજ (Ripe ovum) ની. જો સ્ત્રીનું બીજ બરાબર પાકટ થયું હોય તો છોકરો આવે છે અને બીજી દલીલ (Cross Heredity) ની છે. એક જાતી પોતાની જાતીને પેદા કરતી નથી પણ સામી જાતીને પેદા કરે છે. એટલે સ્ત્રી છોકરાને પેદા કરે છે જ્યારે છોકરી ભરથારનાં બીજની અસરથી પેદા થાય છે.

બીજનાં પાકટપણાંને માટે સમજાવતાં તે લખે છે કે જ્યારે સ્ત્રીના સઘળા અવયવ પોતાનું નિયમીત કાર્ય કરે છે ત્યારે બીજ પણ પાકટ હાલતમાં આવે છે. જ્યારે શરીરમાં દરેક રીતના બંધારણ કરનારી શકિતઓ બરાબર કામ કરે છે ત્યારે પીસાબમાં મિઠાશ (sugar) જતી નથી. શરીરની જાળવણીને લગતા દરેક રસાયણીક કાર્યો થાય છે જે કાર્યો સ્ત્રીનાં બીજને પાકટ કરવાને જરૂરના છે, તેમાં મુખ્ય ખોરાક છે. ખોરાક શરીરમાં ગયા પછી બરાબર પાચન થાય છે તોજ સ્ત્રી બીજ પાકટ બને છે. જો ખોરાક બરાબર પાચન થતો નથી તો પીસાબમાં તે માલમ પડે છે અને સ્ત્રી બીજ બરાબર પાકટ થતું નથી, જ્યારે પીસાબમાં મુદલ મિઠાશ માલમ પડતો નથી ત્યારે સ્ત્રી બીજ બહુ ઉત્તમ પ્રકારે પાકટ થાય છે. જ્યારે સ્ત્રી બીજ બરાબર પાકટ થતું નથી ત્યારે તે નબળા પ્રકારનું હોય છે, કારણ તેને પુરતું પોષણ મળતું નથી.

છોકરાના અવયવ છોકરી કરતાં મજબુત હોય છે તેથીજ નબળું બીજ છોકરી પેદા કરે છે.

સ્ત્રીનાં શરીરમાં જે ખોરાક જાય તે બરાબર પાચન થાય તોજ પીસાબમાં મિઠાશ મુદલ માલમ પડતી નથી. જેથી બીજ પુરતું પાકટ અને મજબુત થાય છે, જેથી છોકરાના અવયવનું બંધારણ થાય છે.

આ દલીલ પરથી માલમ પડે છે કે એક સ્ત્રીએ છોકરાનો જન્મ આપવાને માટે ચોકસ રીતનો ખોરાક ખાવો જોઇયે. શરીરને મજબુત બનાવે એવો ખોરાક લેવો જોઇએ, જે સહેલાઇથી પાચન થાય અને પીસાબમાં જતી મીઠાશને અટકાવે. જે ખોરાકમાં મિઠાશ હોય અને સ્ટાર્ચ (Starch) એટલે કાંજી અથવા કલેપવાળો ખોરાક બહુ ખાવો નહી જેવા કે ચોખા એમાં બહુ સ્ટાર્ચ હોય છે. માટે ખોરાકમાં થુલા સાથના ઘઉં, દુધ, જેએ માસ ખાતા હોય તેઓ માંસ, ઇંડાં, દરેક રીતની દાળો, વગેરે બહુ ઉપયોગી થઇ પડશે. બનતાં સુધી મિઠાઇ અથવા તો ખોરાકમાં મિઠાશ વાપરવો નહીં. ખોરાકમાં આવો ફેરફાર હમેશ રહે તે અગાઉના દિવસોમાં અને તે પછીના કેટલાક દિવસોમાં થવો જોઇયે, ખોરાકના આવા ફેરફારથી પીસાબમાં જતી મીઠાશ વખત જતાં બંધ પડશે.

ડા૦ લીયોપોલ્ડે કેટલીક સ્ત્રીઓના કેસો હાથમાં લીધા હતા. તેઓને આપણે તપાસી ગયા તેવો ચોકસ રીતનો ખોરાક આપી અને તેઓની પીસાબમાંની મીઠાશ વારંવાર તપાસી તેઓને છોકરા જન્મશે એમ જણાવી પોતાની દલીલ પુરવાર કરવાની કોશેષ કીધી છે.

હવે ખોરાકને અને પીસાબમાં જતી મીઠાશ સાથ છોકરા, છોકરીના પેદા થવાને શું સંબંધ ? આ સવાલનો જવાબ પણ એ વિદ્વાન તબીબ ખુલાસાવાર આપે છે. ચોકસ રીતનો ખોરાક શરીરના બંધારણ પર અને મુખ્ય કરી ચોકસ અવયવની ગતીમાં ફેરફાર કરે છે, જેથી ચોકસ અવયવ બહુ તેજી બને છે જે છોકરો પેદા કરવા મદદ કરે છે. વળી આ રીતના ખોરાકથી પીસાબમાં જતી મીઠાશ બંધ પડી જાય છે. આ તબીબના કહેવા પ્રમાણે જ્યારે એક સ્ત્રીની પીસાબમાં મીઠાશ જાય છે ત્યારે તેણીના પેદા કરવાના અવયવમાં ચોકસ રીતનો ફેરફાર થાય છે તેથી જો પીસાબમાં જતી મીઠાશને બંધ કરવામાં આવે તો સ્ત્રીના પેદા કરવાના અવયવ પુરતા તેજી બને છે અને તે છોકરાને માટેનું બીજ ઉત્પન્ન કરી શકે છે. પીસાબમાં જતી મીઠાશ આપણે જાણી ગયા તેવો ખોરાક ખાધાથી બંધ થાય છે. ડા. સેન્કનાજ બોલમાં બોલ્યે તો " If a woman be dieted according to our method, she can reach a stage in which she becomes sexually superior

to the man, and her offspring will then be male in accordance with the law of the cross heredity of sex." જો એક સ્રીને આપણી રીત પ્રમાણેનો ખોરાક આપવામાં આવે તો તેણી એવા તબક્કાપર આવે કે જેથી તેણી પેદા કરવાનાં કાર્યમાં એક પુરૂષ કરતાં ચઢીયાતી થાય અને આપણે જાણ્યું તેમ એક જાતી પોતાની જાતી પેદા કરતી નથી પણ સામી જાતી પેદા કરે છે તે પ્રમાણે તેણી એક છોકરાનો જન્મ આપે છે.

ડા. સૅન્કની રીત અમલમાં નીચે પ્રમાણે મુકી શકાયઃ—

જો કોઇ સ્રીથી નીચે સુચવેલી પીસાબ તપાસવાની રીત સમજ ન પડે, તો પોતાના ઘરના દાક્તરને આ લખાણ વંચાવવું અને તેમાં લખ્યા પ્રમાણે પોતાની પીસાબની રોજ તેના દવાખાનામાંથી તપાસ કરી મંગાવવી.

પહેલાં તો જાણવું જોઇએ કે સ્રીને કાંઇ ચોકસ રીતનું દરદ છે કે નહિ, અથવા તો તેના પેદા કરના અવયવમાં એવો તો બગાડો નથી કે જેથી બચ્ચાં પેદા થનાંજ નહીં હોય. જો આવી રીતની કાંઇ પણ અડચણ હોય નહીં તો પછી પીસાબ વારંવાર તપાસવી. પીસાબ માપવાને માટે એક મોટું પીસાબ માપવાનું ગ્લાસ લેવું, જેમાં ૨૪ કલાકની પીસાબ એકઠી થઇ શકે તેવું મોટું હોવું જોઇએ. પહેલવહેલી તપાસ કરતી વખતે પેલા ગ્લાસમાં ફોરમેલાઇન (formaline) નામની દવાનાં થોડાંક ટીપાં નાખવાં જેથી પીસાબ લાંબો વખત રહેવા છતાં ખરાબ થઇ જતી નથી અને બરાબર તપાસ કરવાને માટે જેવીને તેવીજ હાલતમાં રહે છે. ચોવીસ કલાકમાં જેટલી પીસાબ એકઠી થઇ હોય તેને આસરે ૨૦૦) ગ્રામ જેટલી એક બાટલીમાં ભરી મજબુત બુચ દેવો, અને તપાસને માટે રાખવી, પોતે તપાસ કરવી અથવા કોઇ તબીબને ત્યાં તપાસ કરવા મોકલવી. પહેલાં લીટમસ કાગળ (litmas paper) જેવડે કોઇબી રીતનો તેજાબ (acid) પરખાઇ આવે છે. જે પીસાબ સાધારણ પ્રકારની હશે તો સાધારણ રીતે પેલા "લીટમસ પેપર" પર તેજાબ (acid) જણાઇ આવશે. ત્યાર પછી પીસાબની સ્પેસીફીક ગ્રેવીટી (Specific grevity) એટલે અમુક ભાગનો વજન કેટલો છે તે જાણવું જોઇએ. આ કામ કરવાને માટે ખાસ કાચનું વાસણ બનાવવામાં આવેલું છે જેને 'અલ્તઝમન યુરોમીટર' (Ultzman's Urometer) કરી કહેવામાં આવે છે, જેથી પીસાબ કેટલી ઘટ છે (density) તે સહેલાઇથી પરખાઇ આવે છે. સાધારણ પીસાબ ૧૦૧૫ થી ૧૦૨૦ જેટલી ઘટ હોય

છે. પીસાબનું ઘટ થવું અથવા પાતળું થવું બીજી ચીજોપર આધાર રાખે છે. મીઠી પીસાબના મરજવાળા માણસની પીસાબ બહુજ ઘટ હોય છે. જેઓ ઘણો પુષ્ટિકારક ખોરાક છોકરો જણવા ખાય છે, તેઓની પીસાબ બહુ ઘટ હોય છે. લગભગ પેલાં ગ્રાસમાં ૧૦૩૦ જેટલી ઘટ દેખાડે છે. પીસાબ કેટલી ઘટ છે તે તપાસ્યા પછી તેમાં મીઠાસ કેટલી છે તે તપાસવું જોઇયે. એ તપાસવાને માટે ડાક્ટરને ત્યાં પીસાબ મોકલવામાં આવે તો ઠીક પડે, કારણ સાધારણ માણસને એ તપાસવાનું કામ બીકટ થઇ પડશે. પીસાબમાં જતી મીઠાસને તપાસવાની ત્રણ રીતો છે તે અમલમાં મુકવી જોઇએ. (૧) Nylander's the *fermentation* test. (૨) Trommer's test. (૩) Phenyl hydrazin test. એ રીતોથી પીસાબ તપાસવી જોઇએ. આવી રીતે માલમ પડે કે પીસાબમાં મીઠાસ જાય છે તો ખોરાક બદલવો જોઇયે. ઉપર જણાવ્યા મુજબ ખોરાક લેવો. મીઠાસવાળો ખોરાક ખાવો નહીં અને જ્યાં સુધી મીઠાસ પીસાબમાં જતી તદન બંધ થઇ જાય ત્યાં સુધી ખોરાકમાં ફેરફાર ચાલુ રાખવો.

પીસાબમાં મીઠાશ તપાસ્યા પછી તેમાંથી ખોરાકની પુષ્ટી (Albumen or Nitrogen) કેટલી પસાર થઇ જાય છે તે તપાસવી જોઇયે તે તપાસવાને માટે Moritz's volumetric ની રીત વાપરવામાં આવે તો ઠીક પડશે.

આવી રીતે પીસાબમાં જતી મીઠાસ વારંવાર તપાસવી, જ્યાં સુધી જરા પણ મીઠાસ જતી બંધ પડે ત્યાં સુધી તપાસવાનું કામ ચાલુ રાખવું અને ખોરાકમાં ફેરફાર ચાલુ રાખવો. આવો ફેરફાર એક ભરથાર બાયડીની સંગતમાં આવે તેની ઘણા દિવસ અગાઉથી ચાલુ રાખવો જોઇએ.

હવે આ બાબતની બીજી અગત્યની શોધ રજુ કર્યે તે અગાઉ આપણે જાણવું જોઇએ કે જાતી કોણ પેદા કરે છે, એક સ્ત્રી કે મરદ ? છોકરી શું સ્ત્રીના બીજમાંથી પેદા થાય છે અને છોકરો મરદના બીજમાંથી અથવા છોકરો છોકરી બન્નેને પેદા કરવાની બન્ને જાતિમાં શકિત છે ? અને વળી એ બાબતને લગતો બીજો સવાલ એ ઉત્પન્ન થાય છે કે સંગતની વખતે જે બીજ ઉત્પન્ન થાય છે તેજ વખતે જાતીનાં તત્વો તેમાં હોય છે કે હમેલ રહ્યા પછી બચ્ચાંની જાતી પેદા થાય છે ?

બચ્ચાંની જાતી કેમ, કયારે, અને કોણુથી પેદા થાય છે!

એ બાબત પર વિદ્વાનોમાં મતફેર ઉભો થાય છે. કેટલાકોનું કહેવું એવું છે કે સ્ત્રીનું બીજ ઓરત પેદા કરે છે, અને મરદનું મરદજ પેદા કરે છે. પ્રો. થ્યુરી પોતાની "Cross Heredity" ની દલીલમાં જણાવે છે કે એક જાતી પોતાની જાતીને પેદા કરતી નથી પણ સામી જાતીને પેદા કરે છે એટલે મરદ છોકરી પેદા કરે છે.

રીચારડ્ઝ નામનો વિદ્વાન પોતાની દલીલ જણાવે છે કે માતાના અવયવમાં સઘળી પેદા કરવાની ક્રિયા થાય છે. એ ક્રિયાને પણ પહેલી તેજી આપનાર એ અવયવોજ છે. પેદા કરવાના કાર્યનું મધ્યબીંદુ એમાંજ સમાયલું છે. મરદનું કાર્ય એટલુંજ છે કે સ્ત્રીના એ અવયવને તેજી બનાવવા અને તેમાંથી શરીરનું બંધારણ કરવું, જો બરાબર બોલ્યે તો ગર્ભમાં ફેરફાર કરવો. માતાની પેદા કરવાની શકિત જો બહુજ ઉંચ્ચા પ્રકારની હોય છે તો છોકરો જન્મે છે, જે બહારના દેખાવમાં માતાને મળતો આવે છે.

જો એમ બને કે જે પ્રકારનું બળ માતામાં કાર્ય કરે છે તે બાપ કરતાં નબળા પ્રકારનાં હોય છે તો છોકરી જન્મે છે. આ છોકરી બાપના સ્વભાવની હોય છે અને બાપને મળતી આવે છે.

જાતી (sex) મા બાપથી વારસામાં મળતી નથી. બહારનો દેખાવ અને સ્વભાવિક ખાસિયતો માબાપમાંના એકને મળતી આવે છે. તે છતાં દરેક કેસોમાં સામી જાતીની અસરો માલમ પડે છે અને કેટલીક વખતે સ્વભાવમાં અને બહારના દેખાવમાં ફેરફાર કરી શકાય છે.

ડો. ટ્રાલ લખે છે કે "As woman develops the egg, it is certainly more reasonable to suppose that she also develops the sex, in other words, that sex is inherent in the egg, than that it is communicated by the male." સ્રી જ્યારે બીજને (ગર્ભ)ને ખીલવે છે ત્યારે તેની જાતીને પણ ખીલવે છે. જો બીજા બોલમાં બોલ્યે તો ગર્ભમાં અથવા બીજ સાથે જાતી ઉત્પન્ન થાય છે એમ માનવું વધારે વાજબી છે અને નહીં કે મરદ જાતી ઉત્પન્ન કરે છે.

પ્રો. વીસમેનનું કહેવું એ છે કે એક જાતીમાં બન્ને જાતી પેદા કરવાની શકિત હોય છે. જેમકે એક માતાના બીજમાંથી છોકરી તેમજ છોકરો

બન્ને ઉત્પન્ન થઇ શકે છે. એ વિદ્વાનના બોલોમાં બોલ્યે તો "In the human race we know that all the secondary sexual characters are transmitted by individuals of the opposite as well as of the corresponding sex. A fine soprano voice for instance, may be transmitted from mother to grand-daughter through a son and a black beard from the father to the grand-son through a daughter. And in other animals, the sexual character of both sides must be present in every sexual differentiated organism, some of them becoming manifest and others remaining latent." આપણે જાણ્યે છીયે તેમ મનુષ્ય જાતમાં એક જાતીને લગતી ખાસિયતો સામી જાતી ઓલાદમાં આપે છે. અને વળી તે જાતી તેજ બચ્ચાંની જાતીને આપે છે. દાખલા તરીકે ઘણોજ મધુર અવાજ પૌત્રિને એટલે છોકરાની છોકરીને પોતાના છોકરા તરફથી વારસામાં આપે છે, અને કાળી દાઢી એક બાપ પોતાના પૌત્ર એટલે છોકરીના છોકરાને પોતાની છોકરી મારફતે વારસામાં આપે છે. બીજા પ્રાણીઓમાં બન્ને જાતીના ગુણો એક જાતીમાં માલમ પડે છે, કેટલાક ગુણો જાહેરમાં આવે છે અને કેટલાક ગુણો બાતેનમાં રહે છે. એવા ઘણાક દાખલાઓ મળી આવે જે પરથી માલમ પડે છે કે એક જાતીમાં બન્ને જાતી પેદા કરવાની શકિત હોય છે.

હવે બીજો સવાલ ઉભો થાય છે તે એ કે હમેલ રહ્યા પછી બચ્ચાંની જાતી ઉત્પન્ન થાય છે કે બચ્ચાંનું બીજ ઉત્પન્ન થાય તેજ વખતે સાથે જાતીનાં તત્વ પણ તેમાંજ સમાયલાં હોય છે ?

આ સવાલનો ફડચો કરવા કેટલાક વિદ્વાનો એવાં અનુમાન પર આવ્યા છે કે જે વખતે બચ્ચાંનું બીજ એકમેકની સંમતથી પેદા થાય છે તેજ વખતે બચ્ચાંની જાતી પણ નક્કી થાય છે.

મેયર હોપર એ બાબતમાં લખે છે કે "I have incontestably proved against Alhfeld that the sex is determined at conception." મેં અહલફેલ્ડની સામે કંઇ પણ સંદેહ વગર પુરવાર કીધું છે કે બચ્ચાંની જાતી તેનાં બીજની ઉત્પત્તિની વખતેજ નક્કી થાય છે.

હવે બીજની સાથે જાતિ નક્કી થવાનું કારણ શું તે હવે પછીની અગત્યની દલીલો અને શોધો રજુ કરીશું તેથી પુરતી રીતે સમજ પડશે.

જમણી બાજુના અવયવ છોકરો પેદા કરે છે અને ડાબી બાજુના અવયવ છોકરી પેદા કરે છે.

યુનાની (ગ્રીક) ફીલસુફો એરીસટૉટલ અને હીપોક્રેટીસે જાહેર કીધું છે કે છોકરો અથવા છોકરી જમણી અથવા ડાબી બાજુના અવયવની તેજી ઉપર આધાર રાખે છે.

આપણે આગળ વાંચી ગયા તેમ એક પુરૂષનું બીજ હમેશાં તેના બે ગોળ અવયવમાંથી પેદા થાય છે. સ્ત્રીનું બીજ ગર્ભસ્થાનની એક જમણી બાજુએ મરદના જેવોજ ગોળ અવયવ હોય છે અને બીજો એવોજ અવયવ ગર્ભસ્થાનની ડાબી બાજુએ હોય છે તેમાંથી પેદા થાય છે. એ ગોળ અવયવમાંથી બીજ પેદા થઇ ગર્ભસ્થાનમાં દાખલ થાય છે. મરદના આ અવયવ બહાર હોય છે જ્યારે સ્ત્રીના એવાજ અવયવ પેટની અંદર હોય છે.

કેટલાક વિદ્વાનોનું ધ્યાન ખેંચાયું કે આ અવયવ બે હોવાનું કુદરતનું કારણ શું ? કોઇ વખતે જમણી બાજુના અવયવમાંથી બીજ ઉત્પન્ન થાય છે ને કોઇ વખતે ડાબી બાજુના અવયવમાંથી બીજ ઉત્પન્ન થાય છે. શું આ અવયવ મરદ અને સ્ત્રીને એકજ હતે તો નહીં ચાલતે ? અથવા તો જમણી બાજુના અવયવમાંથી બીજ ઉત્પન્ન થાય તે જુદા પ્રકારનું હશે અને ડાબી બાજુના અવયવમાંથી બીજ ઉત્પન્ન થાય તે જુદા પ્રકારનું હશે ? સ્ત્રી અને મરદ એ બે જાતિ છે અને એકજ જાતિને જુદી જુદી રીતના બીજ ઉત્પન્ન કરવાને બે અવયવ હોય છે તેથી શું એમ નથી ઠરતું કે એક બાજુના એ અવયવમાંથી છોકરાનું બીજ ઉત્પન્ન થાય અને બીજા એવાજ અવયવમાંથી છોકરીનું બીજ ઉત્પન્ન થાય ! કુદરતી રીતે આ સવાલો વિદ્વાનોના મનમાં ઉત્પન્ન થયા. સેંકડો વર્ષની વાત ઉપરનો યુનાની ગ્રીક ફીલસુફ હીપોક્રેટીસ (Hippocrates) જણાવી ગયો છે કે એક મરદના જમણી બાજુના આ અવયવમાંથી છોકરાનું બીજ ઉત્પન્ન થાય છે, અને ડાબા અવયવમાંથી છોકરીનું બીજ ઉત્પન્ન થાય છે. હાલમાં થોડાંક વર્ષની વાત પર જર્મનીના એક તબીબ પી. એફ. સીક્સ્ટ (Sixt) એમ. ડી. " An exposition of the Mysteries of Nature concerning generation of Man and the voluntary choice of the sex of the progeny " "જાતિનો કુદરતનો ભેદ અને આપણી મરજી પ્રમાણે છોકરો અથવા છોકરી પેદા કરવાની રીત" એ નામનું એક પુસ્તક રચ્યું હતું જે ડૉ. ટ્રૉલે ખરીદી લઇ

બહાર પાડયું છે, જે પુસ્તકમાં તેના કર્તાની દલીલ એવી હતી કે એક મરદના અને સ્ત્રીના જમણી ગમના અવયવમાંથી જો બીજ ઉત્પન્ન થાય તો તેમાંથી છોકરો પેદા થાય અને સ્ત્રી અને મરદના ડાબી બાજુના એ અવયવમાંથી બીજ ઉત્પન્ન થાય તો તેમાંથી છોકરી પેદા થાય છે. મરદનું બીજ જમણી બાજુના અવયવમાંથી ઉત્પન્ન થયું હોય, અને સ્ત્રીનું બીજ ડાબા અવયવમાંથી ઉત્પન્ન થયું હોય તો એ બન્ને બીજો એકમેકમાં આમેજ થતાં નથી અને હમેલ રહેતા નથી. પણ જયારે સ્ત્રી અને મરદ બન્નેનાં બીજ ડાબી વા જમણી એકજ બાજુના અવયવમાંથી ઉત્પન્ન થાય તોજ બન્ને બીજ એકમેકમાં આમેજ થાય છે અને હમેલ રહે છે.

ડા. સીકસ્ટે કેટલાક અખતરાઓ કીધા હતા. આવી બાબતમાં દલીલો ઉપયોગી થઇ પડની નથી. એ દલીલોને અખતરાઓથી પુરવાર કરવી જોઇએ. એ તબીબને ઉપલી દલીલો ખબર હતી પણ તેના અખતરા થયલા નહીં હોવાથી તેને એ બાબતપર ભરસો હતો નહીં. નીચે જણાવ્યા મુજબ એક બનાવ બન્યો જે પરથી તેને અખતરા કરવાની તક મળી. ૧૭૮૨ ની વસંત રૂતુમાં બે નાનાં ખસી કીધેલા એટલે તેઓના ગોળ અવયવ કાપી કાઢેલા, કે જેથી ડુકરો વધારે ફરબે થાય છે, તેવા બે નાના ડુકરો ખરીદયાં એવી મતલબથી કે તેઓને ખુબ ફરબે બનાવી માર્ચ મહિનામાં કાપી ખાવાં. થોડાક દિવસ બાદ પેલા ડાકટરને તપાસ કરતાં માલુમ પડયું કે એ ડુકરોમાંના એકનો ડાબો અવયવ ભુલમાં કાપી નાખતાં વિસરી ગયા હતા. આ બનાવથી તે કાંઇ ગુસ્સે થયો નહીં પણ ઉલટો ખુશી થયો અને તેણે નિશ્ચય કીધો કે આ તકનો લાભ લેવો અને કયો અવયવ છોકરાનું બીજ ઉત્પન્ન કરે છે તેનો અખતરો કરવો. આ મતલબથી તેને એક ડુક્કરી ખરીદી અને આ ડુક્કરીને પેલા જમણો અવયવ કાપી નાખેલા અને ફકત ડાબા અવયવવાળા ડુકકર સાથે એક ઓરડામાં તાળું દઇ રાખ્યાં જેની ચાવી પોતા પાસેજ પેલો તબીબ રાખતો હતો.

પેલી ડુકરી થોડા વખતમાં હમેલદાર થઇ. ડીસેમ્બર મહિનામાં તેણીએ આઠ બચ્ચાંનો જન્મ આપ્યો. એ સઘળાં બચ્ચાં કાંઇ પણ સંદેહ વગર નારી જાતીનાં હતાં એટલે સઘળી ડુકરીઓ જન્મી હતી. જોકે આ અખતરાથી પુરતી રીતે પુરવાર થયું હતું કે ડાબો અવયવ નારી જાતી પેદા કરે છે. તે છતાં પેલા ડાકટરે આ અખતરા પર સંપૂર્ણ વિશ્વાસ નહીં મુકતાં કેટલાક બીજા અખતરાઓ કીધા. તે પેલી ડુકરીના ઉપર બહુ

દેખરેખ રાખતો હતો કે તે બીજા કુકરોના સંબંધમાં આવે નહીં. ૧૭૮૬ના માર્ચ મહિનામાં આ કુકરી બચ્ચાં પેદા કરવાની સ્વભાવિક ખાસિયત દેખાડવા લાગી. પેલાં કુકરને તેની સાથે રાખ્યો. જુલાઇ મહિનામાં તેણીએ અગ્યાર બચ્ચાંનો જન્મ આપ્યો. આ સઘળાં બચ્ચાં માતાની જાતી એટલે નારી જાતીનાં જનમ્યાં. આવી રીતે પુરતી સાબિતી મળ્યા પછી, ડાકટર સીકરટે પોતાની માનિતી બાબત વિષે કોઇ શંકા દેખાડે નહિ તેથી એ મુજબના અખતરાઓ તેણે પોતાના મિત્રો પાસે કરાવ્યા અને તેઓ પણ ફત્તેહમંદ નિવડયા. આ છતાં પોતાની સંપૂર્ણ ખાતરી કરવા એ ડાકટરે વધુ અખતરાઓ ચાલુ રાખ્યા.

બીજા અખતરાઓ કુતરા ઉપર કીધા. તેણે એક કુતરો અને બે કુતરીઓ ખરીદી તા૦ ૨ જી સપ્ટેમ્બર ૧૭૮૬માં પેલા કુતરાનો જમણો અવયવ પોતે કાપી નાખી અને પેલી બે કુતરી જે પેલા કુતરાનીજ જાતની હતી તેઓના સંબંધમાં લાવ્યો. આ કુતરીઓને ઘણીજ સંભાળથી જુદા જુદા ઓરડામાં રાખી તેની ચાવી પોતા પાસે રાખી હતી અને એટલી સંભાળ લેતો હતો કે તેઓને પોતાને હાથે ખોરાક ખવડાવતો અને પોતાના મિત્રોને પણ તે ઓરડામાં દાખલ થવા દેતો હતો નહીં. દરેક રીતની શંકા મટાડતો અને કોઇબી રીતની ભુલચુક ન થાય તેની પુરતી સંભાળ રાખતો હતો.

આ કુતરાઓમાંથી એક કુતરો તા૦ ૮ મી જાનેવારીએ ૧૭૮૭ માં એક કુતરી સાથે સંબંધમાં આવ્યો અને ૧૨ મી માર્ચે પેલી કુતરીએ આઠ બચ્ચાંનો જન્મ આપ્યો, જે બધાં નારી જાતીનાં હતાં. એજ પ્રમાણે બીજા કુતરાએ બીજી કુતરીના સંબંધમાં આવ્યા અને તેઓનાં બધાં બચ્ચાં નારી જાતીનાં હતાં. જે વખને આ કુતરા પર અખતરા કરતો હતો તે વખતે સાથે સાથે સસલાંઓ પર પણ અખતરા કરવા માંડયા. આ ડાકટરે ત્રણ સસલાં લીધાં અને તેઓ દરેકનો જમણો અવયવ કાપી નાખી અને ત્રણ સસલીઓ સાથે એક ઓરડામાં બંધ કીધાં. દરેકને પાંચ અથવા છ અઠવાડિયા પસાર થાય નહીં એટલામાં બચ્ચાં પેદા થયાં તે સઘળાં બચ્ચાં નારીજાતીવાળાંજ પેદા થયાં. આ ડાકટરે પોતાના મિત્ર મી૦ હોત્ઝલરને આવા અખતરા કરવા સુચવ્યું અને તેને ત્યાં પણ પરીણામમાં સઘળાં બચ્ચાં નારીજાતીવાળાં પેદા થયાં. આવી રીતે ડાકટર સીકરટ પોતાના દરેક અખતરામાં ફત્તેહમંદ નિવડયો તેથી ઉલટમાં આવી નારીજાતીના જાનવરોના પેટ ચીરી તેઓના ગોળ અવયવ કાપી નાખી અખતરા કરવાનો

વિચાર કીધો. આ વહાડકાપમાં કેટલાક જાનવરો મરી ગયાં. એ વહાડકાપ બહુ જોખમ ભરેલું હોય છે. આખું પેટ ચીરી તેમાંથી ગર્ભસ્થાનની આજુ-બાજુ ગોળ અવયવ હોય તે કાપી નાખતા. આ જોખમ ભરેલા વહાડકાપથી કેટલાંક જાનવરો મરી જાય છે, નરજાતીને એ ગોળ અવયવ બહાર રહે છે તેથી તેમાંનો એક અવયવ કાપી નાખવામાં વધુ જોખમ હોતો નથી, પણુ નારીજાતીમાં મજકુર અવયવ કાપી નાખવામાં જોખમ સમાયલો છે. નારી-જાતીમાં કાપી નાખવાની કાંઇ જરૂર પણુ નથી પણુ આ તબીબે ફકત અખતરાને ખાતર આ વહાડકાપ કીધી હતી. આ વહાડકાપની જરૂર નથી તેનું કારણુ એ કે જો મરદનું બીજ જમણા અવયવમાંથી નિકળ્યું હોય તો સ્ત્રીના ડાબા અવયવમંથી નિકળેલા બીજ સાથે ભેળાતું નથી પણુ તેના જમણા અવયવમાંથી નિકળેલાં બીજ સાથેજ આમેજ થાય છે.

ડાકટર સીકસ્ટે જે કુતરીઓ પર વહાડકાપ કીધી તે સઘળી મરી ગઇ. ફકત બે કુતરીઓ જીવતી રહી. ૧૭ મી ઑગષ્ટ ૧૭૮૮ ને દિવસે આ બે કુતરીઓના જમણા અવયવ કાપી કહાડી, એઓને એજ અવયવ કાપી નાખેલા કુતરા સાથે સંબંધમાં ૧૬ મી ડીસેંબરમાં લાવવામાં આવ્યાં. ૧૮ મી ફેબરવારીમાં પેલી કુતરીએ પાંચ બચ્ચાંનો જન્મ આપ્યો. આ સઘળાં બચ્ચાં નારી જાતીવાળાં હતાં. આ સઘળા અખતરામાં ડાકટર સીકસ્ટ ફતેહમંદ નિવડયો હતો. એ સઘળા અખતરા પુરતી સંભાળથી અને ખંતથી પોતે કીધા હતા અને વળી પોતાના મિત્રો પાસે પણુ જાનવરોપર કરાવ્યા હતા. એ સઘળા ફતેહમંદ અખતરા ઉપરથી ડાકટર સીકસ્ટ નીચે પ્રમાણે પોતાનું અનુમાન રજુ કરે છે.

"From all these experiences, I belive to be justified in the following conclusions:—

" I. Each testicle secerns and contains peculiar sperm.

" 2. Each ovary contains its peculiar eggs, the right one the male and the left the female ones.

" 3. The seeds from *the right testicle* is capable only of fructifying the eggs of the right ovary, and that of the left, those of the left ovary alone.

"મારા આ સઘળા અનુભવો ઉપરથી નીચલાં સેવટ ઉપર આવ-વામાં હું પોતાને વ્યાજબી ધારૂં છું:—

"૧ એક મરદનો દરેક ગોળ અવયવ ચોક્સ જાતનું જુદું બીજ ઉત્પન્ન કરે છે અને ધરાવે છે.

"૨ સ્ત્રીના બન્ને ગોળ અવયવ જુદું જુદું બીજ ધરાવે છે. જમણી બાજુનો છોકરાનું બીજ અને ડાબી બાજુનો છોકરીનું બીજ.

"૩ મરદના એ જમણા અવયવમાંથી નિકળેલું બીજ સ્ત્રીના એવાજ જમણા અવયવમાંથી નિકળેલાં બીજ સાથેજ આમેજ થાય છે, અને ગર્ભ બનાવે છે, અને વળી મરદના ડાબા અવયવમાંથી નિકળેલું બીજ સ્ત્રીના ડાબા અવયવમાંથી નિકળેલાં બીજ સાથેજ આમેજ થાય છે."

ડાકટર સીકસ્ટના જે અખતરાઓ વાંચી ગયાં તે સઘળાં જાનવરોપર અજમાવવામાં આવ્યા હતા, માણસપર અખ્તરા અજમાવવામાં આવ્યા ન હતા. હવે આપણે માણસોમાં એવા દાખલા મળી આવે છે કે નહીં તેના દાખલા તપાસીએ.

૧૭૩૫ માં હીલદેસહેમનો ડાકટર બેશહીંગ જણાવે છે કે " મેં એક સ્ત્રીને જોઇ હતી જેણે નવ છોકરાને જન્મ આપ્યો હતો, તેણીએ એકબી છોકરીનો જન્મ આપ્યો ન હતો. તેણી જન્મ આપતાં મરણ પામી હતી. તેણીએ બધા છોકરાનો જન્મ આપ્યો હતો તેથી તેણીનું પેટ ચીરી અંદરના અવયવ તપાસવાની મારી ઉલટ ઉશ્કેરાઇ. તેણીનું પેટ ચીરતાં માલમ પડ્યું કે ગર્ભસ્થાનની જમણી બાજુનો ગોળ અવયવ (ovary) તદન સારો અને સંપૂર્ણ હાલતમાં હતો જ્યારે ડાબી બાજુનો આવો અવયવ સુકાઇ ચીમડાઇને સુક્કાં ચામડા જેવો થઇ ગયેલો હતો."

આ સ્ત્રીનો એ જમણો અવયવ બહુ તેજી હતો અને ડાબો રદ થઇ ગયો હતો તેથીજ સઘળા છોકરાનો જન્મ આપતી હતી.

૧૭૯૦ માં દલબર્ગના પ્રીન્સનો એક હજુરીઓ મરણ પામ્યો. ડાકટર રૂલમેનના કહેવાથી ડાકટર થાલોને તેની ઉપર વાઢકાપ કરતાં માલમ પડ્યું કે તેનો ડાબો ગોળ અવયવ તદન સુકાઇ ચીમડાઇ ગયો હતો, અને એવો તો સંકોચાઇ ગયો હતો કે તેમાંથી બીજ ઉત્પન્ન થઇ શકેજ નહીં. આ માણસ પરણ્યો તે અગાઉ 'દેલીંગ' અથવા (હદ ભરી લે છે તે) ના કટેરાપર પડવાથી તેના ડાબા ગોળ અવયવને બહુજ ઇજા થઇ હતી અને ડાકટર રૂલમેનની સારવારમાં હતો. ઇજા બહુ થયાથી એ અવયવ તદન રદ થયો હતો. થોડા મહિના પછી બે છોકરી સાથની વિધવા સાથે પરણ્યા પછી તેને ત્યાં પાંચ છોકરાઓ પેદા થયા હતા. તેનો ડાબો અવયવ રદ થઇ ગયલો હોવાથી તેને

ત્યાં એકેય છોકરી પેદા થઇ હતી નહીં. માણસ જાતમાં પણ માલમ પડતા આ પ્રકારના દાખલાઓથી પુરવાર થાય છે કે માણસનો જમણો અવયવ છોકરો પેદા કરે છે અને ડાબો છોકરી પેદા કરે છે.

હવે સવાલ એ ઉત્પન્ન થાય છે કે છોકરો જોઇતો હોય તો શું એ ડાબો અવયવ કાપી નાંખવો ? આમ કરવું સ્વભાવીક નથી. તેથી ડા. ટ્રાલ ડા. સીકસ્ટનું મત ટાંકતાં જણાવે છે કે:-

According to the theory of Sixt, it is only *necessary that the right or left testicle be firmly* compressed or drawn up toward the abdomen, in the act of seminal emission, to beget a boy or a girl. It is always the case that, during coition, one or other is drawn up so as to compress the spermatic vesicles. આ ડાકટરનાં કહેવાનો સાર એ થાય છે કે બચ્ચાંને માટેનું બીજ સંગતની વખતે એકજ ગોળ અવયવમાંથી પેદા થાય છે. અને એ અવયવ તે વખતે પેટ તરફ ખેંચાય છે તેથી છોકરો પેદા કરવાને માટે નર જાતીનો એ જમણો અવયવ ઉપર ખેંચાયલો રહેવો જોઇએ, એ અવયવ આવી રીતે રહેવાને માટે કેટલાક ચોકસ રીતે પટા બનાવવા સુચવે છે જ્યારે ડાકટર સીકસ્ટ ચોકસ રીતે સુવા જણાવે છે. એ પટો આ રીતે બનાવવામાં આવે છે, એ પટો બે પટાનો બનેલો છે. એક પટો પેટ પર બાંધવામાં આવે છે. એ પટાને જમણી બાજુ એક આગળ અને એક પાછળ મળી બે બટન ટાંકેલા હોય છે. આગળના બટનમાં બીજો પટો ભેરવવામાં આવે છે ને એ પટાને બે પગ વચ્ચેથી જમણી બાજુથી પસાર કરી પછવાડે લઇ જઇ બીજા પાછળના જમણી બાજુના બટનમાં ભેરવવામાં આવે છે, જેથી કરી એ બે અવયવમાં જમણો ગોળ અવયવ ઉપર ખેંચાયલો રહે છે."

ડા૦ ટ્રાલ જણાવે છે કે ૧૮૬૫માં ન્યુયોર્કમાં રહેતો એક પાદરી મને મળ્યો હતો જેણે મને જણાવ્યું કે "જ્યારે હું શહેરમાં રહેતો હતો તે વખતે મારૂં બીછાનું એવી રીતે હતું કે હું હંમેશાં મારી બાયડીની જમણી બાજુએ સુતો હતો જે વખતે મારી બાયડીએ ત્રણ છોકરાનો જન્મ આપ્યો. પણ જ્યારે હું ગામડામાં રહેવા જતો ત્યારે મારૂં બીછાનું એવી રીતે ગોઠવવામાં આવતું હતું કે મારી બાયડીની ડાબી બાજુએ સુવાની ફરજ પડતી હતી, જેથી એ વખતે મારે ત્યાં ત્રણ છોકરીનો

જન્મ થયો હતો." ડાકટર સીક્રસ્ટ પણ છોકરો પેદા કરવા બાયડીની જમણી બાજુએ સુવા જણાવે છે.

આ બાબત નાજુક હોવાથી જેમ કેટલાક વિદ્વાન લખનારોએ એકદમ ખુલાસાથી લખ્યું છે તે પ્રમાણે લખવાને આ કલમ ચાલતી નથી. છોકરો અથવા છોકરી પેદા કરવાનો વિષય હાથ ધરેલો હોવાથી એ બાબતની મુખ્ય શોધો વિદ્યા આધારે રજુ કરવી જોઇએ તેથી આ નાજુક બાબત લખવાની ફરજ પડે છે. વાંચનારને એટલીજ અરજ કરીશું કે કુદરતનો કાયદો એવો છે કે બન્ને જાતી લગભગ સરખી રીતે પેદા થવી જોઇએ તેથી જેઓને ત્યાં છોકરો થતો ન હોય તેઓએજ અહીં દર્શાવેલી ડાકટરોની રીતો અમલમાં મુકવી વાજબી ગણાશે. આપણે સાધારણ રીતે જાણીએ છીયે કે કેટલાકોને ત્યાં બધા છોકરા હોય છે જ્યારે કેટલાકોને ત્યાં બધી છોકરી પેદા થાય છે. આવા માબાપોને માટે ઉપલી શોધો ઘણી ફાયદા કારક થઇ પડશે. પણ બનતાં સુધી કુદરતનો જે નિયમ છે, કે બન્ને જાતી પેદા થવી જોઇએ, તે ખુબ ધ્યાનમાં રાખવો જોઇએ અને બન્ને જાતી પેદા કરવાની ફરજ સમજવી જોઇયે. કેટલાંક માબાપો પોતાને ત્યાં છોકરી પેદા થએલી જોઇ દલગીર થાય છે, જે તેઓના નબળા ગુણો દેખાડી આપે છે. મોટા નરો દુન્યામાં ઘણાક માબાપોને ત્યાં પેદા થયા છે, પણ તેના પ્રમાણમાં કેટલાં માબાપો મહાન બાનુઓ પેદા કરવાને ભાગ્યશાળી થાય છે ? ખરેખરાં ભાગ્યશાળી તેજ થશે કે જેઓ મહાન બાનુઓ પેદા કરી શકશે, કારણ મહાન બાનુઓ પેદા કરવાથી આપણા દેશ, અને ધર્મની આબાદાની વધારે થશે. મહાન નરો પણ કબુલ કરી ગયા છે કે દેશની આબાદાની બાનુઓના હાથમાં છે. વળી નેપોલ્યનની સ્ત્રી કેળવણી માટેની લીટી યાદ આવે છે કે

"કહે નેપોલ્યન દેશને કરવા આબાદાન
સરસ રીત છે એજ કે દો માતાને જ્ઞાન."

તેથી મહાન બાનુઓ પેદા કરવાથી માબાપો ખરેખર પોતાની ફરજો ઉમદા રીતે બજાવી શકશે. વળી આવી મહાન બાનુઓ પેદા કરવાથી તે માબાપોને પૈસે ટકે અને બીજી રીતે વેદના ખમવી પડશે નહિ, પણ એક છોકરા કરતા પોતાની ઉંચી મનશક્તિથી તેમજ ઉમદા સદગુણોથી વધારે સુખી કરશે. આ રીતનું બાળક પેદા કરવા તમને પુરતું જ્ઞાન લઇ તેનો ઉમદા હેતુથી ઉપયોગ કરવાને અરજ કરવામાં આવે છે.

હમેલવાળી સ્ત્રી છોકરો જણશે કે છોકરી તે પારખવાની રીત.

આપણે જમણી અને ડાબી બાજુ વિષે કેટલાક દાખલા દલીલો રજુ કીધા છે. છેક યુનાની ફીલસુફો સેંકડો વર્ષ અગાઉ પણ એજ મત ધરાવતા હતા. હીપોક્રીટસ નામનો તે વખતનો યુનાની (ગ્રીક) ફીલસુફ પણ એમ જણાવી ગયો છે, અને એરીસટોટલ પણ એમજ જણાવે છે. એરીસટોટલની ચોપડીમાં એ વિષે લખ્યું છે કે જેના શરીરની જમણી બાજુમાંથી બાળક પેદા થાય તો છોકરો અને ડાબી બાજુમાંથી છોકરી પેદા થાય છે. આવીજ દલીલોથી હમેલવાળી સ્ત્રી છોકરો જણશે કે છોકરી તે પારખી શકાય છે. એરીસટૉટલ જણાવે છે કે જો હમેલવાળી સ્ત્રીનાં પેટમાં છોકરો હોય છે તો માતાનું પેટ જમણી બાજુએ વધારે ઉપસેલું હોય છે અને તેણીને જમણી બાજુ ભાર લાગે છે. છોકરાની હીલચાલ પણ જમણી બાજુએજ થાય છે. વળી માતાની જમણી છાતી પણ વધારે કઠણ માલમ પડે છે, આ ચિન્હો માલમ પડે તો જાણવું કે તેના પેટમાં છોકરો છે એથી ઉલટું જો આ ચિન્હો માતાની ડાબી બાજુએ માલમ પડે તો જાણવું કે તેણી છોકરીનો જન્મ આપશે.

મરજી પ્રમાણે છોકરો અથવા છોકરી પેદા કરવાની કેટલીક દલીલો અને દાખલા રજુ કીધા છે. દરેક વિદ્વાનો પોતાની દલીલો જુદી જુદી રીતે રજુ કરે છે. વાંચનારને કુદરતી રીતે વિચાર આવશે કે કોણની દલીલ અમલમાં મુકયે અને ખરી માન્યે ? આ મુશકેલ સવાલનો ફડચો કરવાની સેહેલી રીત એ છે કે એ સઘળી દલીલોનો અભ્યાસ કરીને સઘળી દલીલોમાંથી મુખ્ય બાબતો એકઠી કરી તેમાંથી એક નવી દલીલ બનાવવી જોઇયે કે જે વડે આ સઘળી દલીલો ઉપયોગમાં આવે.

(૧) જો છોકરો જોઇતો હોય તો મહેરદાર માસીક માંદગીમાંથી અને દુર બેસવાથી મુકત થાય અથવા નાહી રહયા પછી આંઠ દશ દિવસ પછીજ સંગત કરવી એમ કરવાથી ડા. ર્‌યુરીની દલીલનો ઉપયોગ કીધેલો કહેવાશે.

(૨) ડા. સેન્કની ખોરાકની દલીલને અમલમાં મુકવા એક મહેરદારે પોતાના ભરથારની સંગતમાં આવે તેના ઘણા દિવસ અગાઉથી પોતના ખોરાકમાં ફેરફાર કરવો. દણીએ પોતાની પીસાબ ડાકટર પાસે તપાસાવવી કે તેમાં મીઠાશ ઘણો જાય છે કે નહીં. જો મીઠાશ જતો હોય તો મીઠાશવાળો ખોરાક ખાવો નહીં, ઘણા ચોખા, અથવા પટેટા ખાવા નહીં, પણ ખુલાં સાથના

ઘઉંની રોટલી, દુધ, સઘળી જાતની દાળ, વટાણા, ગોશ, માછલી, ઈંડા, મેવો વગેરે પુષ્ટીકારક ખોરાક ખાવો જોઇયે.

(૩) ડા. સીકસ્ટના જણાવ્યા મુજબ શરીરની જમણી બાજુનો અને જમણા ગોળ અવયવનો ઉપયોગ કરવો.

(૪) કેટલાકોની દલીલ પ્રમાણે એક જાતી પોતાની જાતીને પેદા કરતી નથી પણ સામી જાતીને પેદા કરે છે (cross heredity) તેથી છોકરો જોઇતો હોય તો એક સ્ત્રીએ મનપર નર જાતીનો દેખાવ અને તેના સઘળા અવયવની રચના સંગતની વખતે અને તે અગાઉ મનમાં રાખવાં જોઇયે. બહુ બારીકીથી નર જાતીનાં શરીરનો ખુબસુરત દેખાવ મનમાં ઠસાવવો જોઇયે.

(૫) આપણે ત્રીજાં પ્રકરણમાં તપાસી ગયાં તેમ શરીરના જુદા જુદા ભાગો હમેલ રહ્યા પછી જુદે જુદે મહિને બંધાય છે. હમેલ રહ્યા પછી ત્રીજે મહિને બચ્ચાંની જાતીના અવયવનું બંધારણ થાય છે તેથી હમેલવાળી સ્ત્રીએ હમેલ રહ્યા પછી પહેલા ત્રણ ચાર મહિના દરરોજ નર જાતીના દરેક અવયવોના છાપો મનમાં ઠસાવવા, જેથી પેટમાંના બચ્ચાંના જુદા જુદા અવયવના બંધારણની વખતે એ અવયવો નર જાતીના આકારના પેદા થશે. મુખ્ય કરી હમેલ રહ્યાની ત્રીજે મહિને વિશેષ ધ્યાન પુગાડવું જોઇયે.

આ રીતે સઘળી દલીલો એકત્ર કરી ઉપયોગમાં લેવામાં આવે તો તેનું પરીણામ બેશક ફાયદાકારક નિવડશે.

ઉપર દરશાવેલા સઘળા દાખલા દલીલોથી આપણે કુદરતનો એક મોટો ભેદ જાણી શકયા છીએ. કુદરતે પોતાની મહાન મન શકિતથી આપણા શરીરના જુદા જુદા અવયવો બનાવ્યા છે અને જયારે આવી શોધો થાય છે ત્યારે તેનો વાસ્તવીક ઉપયોગનો આપણને કાંઇ ખ્યાલ આવે છે. આપણા શરીરના કોઇબી અવયવ નકામા નથી એમ આપણી સાધારણ સમજથી જાણયે છીયે તે છતાં શરીરના દરેક અવયવનુ કાર્ય આપણામાંના કેટલા થોડા માણસો જાણે છે ?

આપણે ઇશ્વર તરફના ભકિતભાવથી કુદરતે પેદા કરેલી ઉપયોગી ચીજનું અવલોકન કર્યે તો તે પેદા કરનારનું મહાન ડહાપણને માનની નજરથી જોઇ શકયે અને આપણામાંથી હલકા વિચારો દુર થાય.

આજ હજારો વર્ષ થયાં છોકરો અથવા છોકરી કેમ પેદા થાય છે તેનો ભેદ જાણવાને ઘણા વિદ્વાનોએ કોશેશ કીધી છે અને કેટલેક દરજજે

તેઓની અથાગ મહેનત અને ખંતથી આપણે એ ભેદ સમજી શકયા છીયે. જુદા જુદા વિદ્વાનોએ એ ભેદ સમજાવવાની જુદી જુદી કોશેશ કીધી છે. આ વિદ્વાનોની જુદી જુદી કોશેશોથી એ બાબતનું આપણને જુદું જુદું જ્ઞાન મળ્યું છે, જે આપણને ભવિષ્યને માટે બહુજ ઉપયોગી થઇ પડશે એટલુંજ નહીં પણ જેઓ ઇશ્વરની પેદાયશને ભકિતભાવથી જુવે છે તેઓને એ બાબતનું બારીકીથી અવલોકન કરી ઇશ્વરની મહાન મનશકિત પોતાનું કાર્ય કેવી રીતે કરે છે તે તપાસવાને ઉમદા તક મળે છે.

પ્રકરણ ૧૨ મું.

બુધ્ધિશાળી (Genius) બાળક પેદા કરવાના નિયમો.

"Every child has the right to be born great."

"દરેક બાળકને મહાન મનવી તરીકે જન્મવાનો હક છે."

બાળકને પેદા કરવાનું કાર્ય ઘણું સહેલું છે, એમ તો જાનવરો પણ પોતાના બચ્ચાંઓ પેદા કરે છે. પણ ખરેખરાં બુદ્ધિશાળી બાળકો પેદા કરવાથીજ માબાપો અને દેશોની આબાદાની થય છે.

શા કારણથી જીંદગીમાં થોડાજ ફત્તેહ મેળવે છે જયારે હજારો નિષ્ફળ નિવડે છે? શા કારણથી દુન્યામાં આટલાં બધાં દુ:ખ દરદો, પાપો આફતો હોય છે જયારે ઘણા થોડાકજ ખરૂં સુખ ભોગવી શકે છે? શા કારણથી જીંદગીમાં ખરાબી વધુ હોય છે જયારે સારૂં થોડુંજ હોય છે? આ સવ.લોના જવાબો આપવા સહેલા છે, કારણ હજારોમાંથી એક પણ બચ્ચું માબાપની ઉમદા ઇચ્છાથી પેદા થતું નથી. જયારે હજારો બાળકો માબાપની અજ્ઞાનતા અને પાપી શકિત સાથે પેદા થાય છે, ત્યારે જો દુન્યામાં દુ:ખ દરદ, પાપો, કત્રાખતનાં મરણો, હવસ, આપઘાત, ખુન, આફતો આટલાં બધાં વધે અને પવિત્રાઇ સુખ, દેવતાઇ ગુણો અને આનંદ આટલાં ઓછાં હોય તેમાં નવાઇ જેવું શું છે? જયાં સુધી બાળકોને ઉમદા નિયમોથી પેદા કરવામાં આવશે નહિ ત્યાં સુધી દુન્યામાં ખરો સુધારો થશે નહિ. ત્યાં સુધી દુન્યામાં સુખ અને પવિત્રાઇ વધવાની નથી. મનુષ્ય જાતની બેહેતરીને માટે નવ મહિનામાં જયારે બાળક પેટમાં હોય તે વખતેની ઉમદા કોશેશથી જેટલું એક માતા કરી શકશે તેટલું સારૂં પરીણામ દુન્યાના સર્વ કેળવણીખાતાં અને સુધારા મંડળો જો સાથે મળીને આખી જીંદગી કોશેશ કરશે તો પણ લાવી શકશે નહિ.

દુન્યામાં દરેક બનાવ બને છે તે ચોક્કસ નિયમથી અને કારણથીજ બને છે, કોઇપણ બનાવ અચાનક રીતે બનતો નથી. દરેક બાબતના નિયમોનો અભ્યાસ કરવાથી તે ચીજો ઉપર આપણી મરજીનું બળ વાપરી શકાય છે.

માટે હવે આપણે મુખ્ય નિયમોની તપાસ કરીએ.

બુદ્ધિશાળી આદમીને પેદા કરવાના મુખ્ય નિયમો આ છે કે બાળકનો ગર્ભ ધારણ થાય તે અગાઉની અને ગર્ભ ધારણ થયા પછી જન્મ લે તે અગાઉના વખતમાં માબાપો ઉમદા ઇચ્છાથી સાચી કોશેશ કરે તો બાળકમાં સારો ઘાટઘટમ, ઉમદા ખાસિયત અને પવિત્રાઇ ઉત્પન્ન થાય છે. એ (ગર્ભન.) વખતમાં બાળકની સ્થિતિ વાસણ બનાવવાની માટીના જેવી નરમ હોય છે. જે પ્રમાણે કુંભાર જ્યારે માટી નરમ હોય છે ત્યારે વાસણને જોઇએ તેવા ઘાટઘટમ આપે તેજ પ્રમાણે ગર્ભની વખતે માબાપો પોતાનાં બાળકને મરજી પ્રમાણેનું બનાવી શકે છે. ઉત્તમ બાળક પેદા કરવા માટે પહેલાં તો સ્ત્રી તંદરોસ્ત હોવી જોઇએ. જો સ્ત્રી તંદરોસ્ત હાલતમાં ન હોય તો જ્યાં સુધી તેણી તંદરોસ્ત હાલતમાં આવે નહીં ત્યાં સુધી બાળકનો ગર્ભ પેદા કરવો નહિ.

કોરસેટ, પટા, ટાઇટ લેસો, અને ટાઇટ બુટો પેહેરવાં નહિ. એ ચીજો ગર્ભવાળી હાલતમાં ઘણુંજ દુ:ખી કરશે અને માંદા બાળકોનો જન્મ આપશે જેથી તમારાં દુ:ખમાં ઉમેરો થશે. વળી ખોરાકની પણ ઘણી સંભાળ રાખવી જોઇયે, વણોજ સ્વાદિષ્ટ મસાલાવાળો તીખો, ખાટો ખોરાક પણ તંદરોસ્તી બગાડી નાખે છે. જે સ્ત્રીઓ ફેશનેબલ પોશાક ઉપર અને મસાલેદાર ખોરાક ઉપરજ ધ્યાન આપતી હોય તે સ્ત્રી કદી પણ ઉમદા બાળકનો જન્મ આપી શકશે નહિ.

ડા. જોન કોવન એમ. ડી. લખે છે કે "જે સ્ત્રી બુદ્ધિશાળી બાળક પેદા કરવા માગતી હોય તેણીએ નીચલી લાયકાત ધરાવવી જોઇયે:— તેણી સંપૂર્ણ તંદરોસ્ત હોવી જોઇયે કોઇપણ રીતનું ઓલાદથી ઉતરતું દરદ તેમજ બીજો રોગ હોવો ન જોઇયે.

તેણીનો શરીરનો બાંધો સારો હોવો જોઇએ, કમર પણ ખીલેલી હોવી જોઇએ અને પછવાડેનો ભાગ પણ પહોળો ખીલેલો હોવો જોઇયે. તેણી છોકરાંની માવજત (નરસીંગ) કરી જાણતી હોવી જોઇએ. ફેશનની રીસ્યારીને બદલે ઉમદા હેતુ ધરાવતી જોઇયે. તેણી ધર્મી જીંદગી ગુજારનારી હોવી જોઇયે.

મરદની લાયકાતો.

તે સંપૂર્ણ રીતે તંદરોસ્ત હોવો જોઈએ અને ઓલાદથી ઉતરતાં દરદોથી તેમજ શરીરના બગાડના રોગો ધરાવતો ન હોવો જોઈયે. તેનાં શરીરનો બાંધો સારો હોવો જોઇયે; તંબાકુ અથવા દારૂની માઠી ટેવોથી નિરાળો હોવો જોઇયે; ઇંદ્રિઓ ઉપર કાબુ ધરાવતો હોવો જોઇયે; ધર્મી હોવો જોઇયે. છેવટે સર્વથી અગત્યનું તો એ કે સ્ત્રી અને ભરથાર એકમેકના વિચાર આચારમાં અને મન અને આત્માના એક સરખા પ્રેમી અને બિનસ્વાર્થી જીંદગી ગુજારનારાં અને એકજ હેતુથી કાર્ય કરનારાં અને એકમેકની સ્નેહમાં સુખ માનનારાં હોવાં જોઇયે.

સ્ત્રી અને ભરથારનો તંદરોસ્ત અને પ્રેમી સંબંધ નક્કી કર્યા પછી હવે નવો જીવ પેદા કરવા માટે કેટલો વખત અગાઉથી તૈયારી કરવી તે વિષે તપાસ કર્યે. ડા. જોન કોવન એમ. ડી. ના લખવા મુજબ બાળકમાં ઉમદા ગુણો વારસામાં આપવાની મુદતને ત્રણ ભાગમાં વહેંચી નાખવામાં આવે છે.

(૧) ગર્ભ ધારણ થાય તેની બરાબર એક મહિનો અગાઉનો વખત. આ ચાર અઠવાડીયાંના વખતને **શરૂઆતની તૈયારીનો વખત** કહેવામાં આવે છે.

(૨) બીજા ભાગે નવ મહિનાનો પેટમાંની જીંદગીનો વખત છે, જેને **ગર્ભધારણની અસરોનો** કહેવામાં આવે છે.

(૩) ત્રીજો ભાગ બાર મહિનાનો દુધ ધાવવાની અસરોનો કહેવાય છે.

ગર્ભ ધારણ થાય તેની એક મહિનો અગાઉનો શરૂઆતની તૈયારીના વખતમાં ભરથારની જીંદગી, ચાલચલણ અને ગુણોની અસરો બાળકની ઉપર થાય છે. બીજા બે ભાગમાં ફક્ત તેની સાધકારક અસરો થાય છે એટલે એ વખતે ફક્ત પોતાની બાયડીના આત્માની રાહબરીની અસરોને કરી શકે છે.

પાછળા બે ભાગમાં માતાની અસરો ઘણી બળવાન હોય છે અને તેણી ઉપર મોટે ભાગે બચ્ચાંના ઉમદા નસીબનો આધાર રહે છે. માસીક માંદગીમાં દસ્તાનના બંધ થવા પછી સ્ત્રીનું બીજ ગર્ભસ્થાનમાં આવે છે ત્યાં થોડાક દિવસ રહે છે અને પછી બહાર નિકળી જાય છે. જેમ જેમ દિવસો પસાર થાય છે તેમ તેમ આ સ્ત્રી બીજ નબળા પ્રકારનું થાય છે અને પછી બહાર નિકળી પડે છે તેથી જ્યારે સ્ત્રી બીજ તાજું અને જોરા-

વર હોય તેજ વખતે એ બીજને ગર્ભવાળું બનાવવું જોઇયે, એટલે કે માસીક માંદગી ખલાસ થયા પછી એક બે દિવસમાં સ્ત્રી મરદની સંગત થવી જોઇયે જેથી બાળક ઘણું જોરાવર અને તંદરોસ્ત પેદા થશે. પણ માસીક માંદગી પછી ઘણા દિવસો પસાર થયા પછી એટલે બીજી માસીક માંદગીનો વખત આવી પુગે તે વખતે સંગત કરવામાં આવે તો બાળક નબળા પ્રકારનું જન્મે છે. ત્યારે શરૂઆતની તૈયારીનો વખત આવી સંગતની બરાબર ચાર અઠવાડિયાં અગાઉથી થવો જોઇયે અને દસ્તાનના બંધ થવા પછીનો હોવો જોઇયે.

હવે આ ચાર અઠવાડિયામાં સ્ત્રીનું બીજ તેના અવયવમાં પાકટ થતું જાય છે અને તે વખતનાં અરસામાં એક માતા ભવિષ્યનાં બચ્ચાંનાં બીજ ઉપર અજાયબ જેવી બળવાન અસર કરી શકે છે.

ભરથાર પણ આવી સંગતની ચાર અઠવાડિયાં અગાઉથી ઉમદા હેતુથી તૈયારી કરે તો ભરથારના બીજમાં ઉમદા ગુણો આમેજ થઇ શકે છે. પણ યાદ રાખવું જોઇયે કે આ સઘળી શરૂઆતની તૈયારીમાં ભરથાર અને સ્ત્રીના બન્નેના હેતુ એકજ હોવા જોઇએ અને બન્નેની કોશેશ પણ એક સરખી હોવી જોઇયે. તેઓનાં કાર્યો, વિચારો, અને ઉમેદો એક સરખાં હોવાં જોઇએ.

જોકે ઉપલા તરીકે આ શરૂઆતની તૈયારી માટે ચાર અઠવાડિયાંનો વખત મુકરર કીધો છે પણ માબાપમાંના કોઇ એકને કાંઇ ખરાબ ટેવ પડી હોય અને તે ટેવ બચ્ચાંમાં વારસામાં ન ઉતરે એવી ખાયશ રાખતાં હોય તો શરૂઆતની તૈયારીનો વખત લંબાવી ચાર અઠવાડિયાંથી છ મહિના અને તેથી વધુ એક વર્ષ દિવસનો પણ રાખવો, અને તે વખતના અરસામાં દરેક ખરાબ ટેવો છોડી દેવી.

આ વખતના અરસામાં એક ભરથારે નીચલી ખરાબ ટેવોથી દુર રહેવું:—જો તે તંબાકુ ખાતો હોય તો તેથી દુર રહેવું.

જો દારૂ પીતો હોય તો તેનો ઉપયોગ કરવો નહિ.

જો ખાઘરાની માફક ખાતો હોય તો જીંદગી ભોગવાય તેટલુંજ ખાવું. જો તેને અનિયમિત ટેવો પડી હોય તો નિયમ અને રીતિ પ્રમાણે ચાલવું. જો તેને જુઠું બોલવાની ટેવ પડી હોય તો સત્યતા અખત્યાર કરવી જોઇએ.

જો મનની અધર્મી વળણ હોય તો પુણ્યવંત અને ધર્મી બનવું જોઇએ.

ચાર અઠવાડિયાંની શરૂઆતની તૈયારીના વખતના અરસામાં એક સ્ત્રીએ નીચલા નિયમો પ્રમાણે ચાલવું જોઇએ:—

જો ટાઇટ પોશાક પહેરતી હોય તો ઢીલો પોશાક પહેરવો, પોશાકની ગોઠવણ એવી કરવી જોઇએ કે પોશાકનો ભાર ફકત ખભાં ઉપરજ પડે.

જો આખો વખત ઘરમાં બેસી રહેતી હોય તો દરરોજ ખુલ્લી હવામાં ફરવા હરવા જવું.

જો તેણીને અનિયમિત ટેવો પડી હોય તો ઘરના કારભારમાં નિયમ સાચવવો. એ વખતના અરસામાં ભરથાર અને સ્ત્રીએ જુદાં જુદાં બીછાના ઉપર સુવું જોઇએ.

જો બાળકને ઉમદા ખાસ્યતો વારસામાં આપવા માંગતા હોવો તો તેવાં બાળકને માટે ઘણી જોરાવર ઇચ્છા શકિત ધરાવવી જોઇયે.

જેટલી માબાપની ઇચ્છા શકિત બળવાન હશે તેટલાજ પ્રમાણમાં તેઓ ફત્તેહમંદ નિવડશે.

માબાપે બુદ્ધિશાળી બાળક (Genius) કોણને કહે તે પહેલા જાણવું જોઇયે. ખરો બુદ્ધિશાળી નર તે કહેવાય કે જે ધંધામાં યા કાર્યમાં જેઓ ભાગ લેતો હોય તે ધંધામાં અથવા કાર્યમાં થોડી મહેનત કરી અદ્દભુત મનાશિકત દેખાડે અને એવાજ ધંધાનાં બીજા માણસો કરતાં વધુ તેજ બુદ્ધિ દેખાડી શકે અને તે ધંધામાં મોટી નામના મેળવી શકે. એમ તો દુન્યામાં ઘણા સાધારણ ધંધાદારીઓ અને હુન્નરમંદો હોય છે. આપણે કાંઇ એવા સાધારણ માણસો માંગતા નથી પણ ધંધામાં અને હુન્નરમાં નામદારી અને કીર્તી મેળવનારા સજ્જનોને પેદા કરવાની કોશેશ થવી જોઇએ. કોઈ માબાપો એવાં હશે નહીં કે જેઓ આવાં બુદ્ધિશાળી બાળકો માટે ઇચ્છા ધરાવતાં ન હોય. જો માબાપો આ પુસ્તકમાં દર્શાવેલા નિયમો પ્રમાણે કોશેશ કરે તો જરૂરજ ફત્તેહ મેળવે.

નવો જીવ પેદા કરવા અગાઉ ભરથાર અને સ્ત્રીને જે નક્કી કરવાનું છે તે એ કે પોતાના બાળકને શું બનાવા માગો છો: વેપારી, ચિતારો, તબીબ, કવી, ભાષણકર્તા, હુન્નરમંદ, જેવું બનાવવા માંગતા હોય તે બાબદના નામાંકીત નરોના જીંદગીના હેવાલો વાંચવા અને તે બાબદનો અભ્યાસ પણ કરવો. તે બાબદને લગતી દરેક પુછપરછ પણ કરવી. આ કોશેશો કીધા પછીજ બાળકનાં બીજને માટે સંગત કરવી.

આ સઘળી કોશેશોમાં ભકિત અને ધર્મીપણું ઘણો અગત્યનો ભાગ બજાવે છે.

જો ઉમદા ખાસ્યતનું બાળક જોઈતું હોય તો માતપિતા તે વિષેની હર વખતે ખરાં જીગરથી ઇશ્વરની બંદગી કરવાની ઘણી જરૂર છે. એથી બે ફાયદા થશે તમને તમારી ઉમદા નેમો બર લાવવાને માટે મોટી ઉમેદ અને હોંશ ઉત્પન્ન થશે અને વળી તમારૂં બાળક ભક્તિવાન પેદા થશે.

ભાગ ૨ જો—ગર્ભ ધારણ થયાથી તે જન્મ લે ત્યાં સુધીની ૯ મહિનાની મુદત એ વખતે એક માતાએ શું કોશેશો કરવી જોઇએ તે પુરતી રીતે આગળનાં પ્રકરણોમાં જણાવવામાં આવ્યું છે માટે હયાં પાછું લખવાની જરૂર નથી.

હમેલવાળી સ્ત્રીએ શું સંભાળ રાખવી, તેમજ બાળકની માવજત કેમ કરવી તે વિષે પુરતું જ્ઞાન મેળવવું હોય તો આજ લેખકનું પુસ્તક " **સ્ત્રીનો મદદગાર ફિરેસ્તો** " જરૂર વાંચવું જેમાં પુરતા ખુલાસાથી એ બાબદો સમજાવવામાં આવી છે.

પ્રકરણ ૧૩ મું.

—:o:—

ઉત્તમ બાળકના જન્મને માટે કયો વખત અને કેવી રીતે ગર્ભ ધારણ (Conception) થવો જોઇએ.

"A proper season for conception is an important consideration in the generating of a strong and healthy offspring"

Dr. John Cowen M. D.

જોરાવર અને તંદરોસ્ત બાળક પેદા કરવાને માટે સારા વખતે ગર્ભ ધારણ કરવાની ઘણીજ અગત્ય છે.

તંદરોસ્ત બાળક પેદા કરવાને તેના ગર્ભ ધારણનો અને જન્મનો વખત અગાઉથી નક્કી કરવો જોઇયે.

કયા મહિનામાં ગર્ભ ધારણ થાય અને કયા મહિનામાં બાળકનો જન્મ થાય તો ફાયદાકારક માલમ પડે તે પહેલાંથી નક્કી કરવું જોઇએ. તંદરોસ્ત બાળક સારા ગર્ભમાંથીજ પેદા થઇ શકે. જો બીજ ઉંચા પ્રકારનું હોય તો તેમાંથી પ્રફુલ્લિત ઝાડ ઉગી નિકળે છે, માટે બીજની ઉત્પત્તિનો વખત એવો હોવો જોઇયે કે તે વખતે મા બાપ સારી તંદરોસ્તી ભોગવી શકતાં હોય. ઉનાળાના દિવસમાં માબાપની શરીરની હાલત ઘણી

નબળી હોય છે અને તે વખતે બીજ પણ નબળા પ્રકારનું પેદા થાય છે, માટે બનતાં સુધી ઉનાળામાં પરણવું ન જોઇએ અને બાળકનું બીજ પણ પેદા કરવું ન જોઇએ. થંડીના દિવસમાં માબાપની શરીરની અને મનની સ્થિતિ સારી હોય છે તે વખતે સારો ખોરાક પણ પાચન થઇ શકે છે માટે એવા મહિના તપાસી બાળકનું બીજ ઉત્પન્ન કરવું જોઇયે. વળી એકદમ થંડીના દિવસો પણ પસંદ કરવા નહિ પણ સાધારણ થંડક હોય તેવાજ દિવસો પસંદ કરવા. જે વખતે થંડીની મોસમ ઉતરતી જતી હોય તે વખતે ફાયદાકારક છે. કારણ થંડીની લગભગ અરધી મોસમ શરીરને પુષ્ટીકારક ખોરાકથી મજબુત બનાવવું જોઇયે અને અરધી મોસમ ખલાસ થયા પછી છેવટના દિવસોમાં બાળકનું બીજ ઉત્પન્ન થવું જોઇયે. વળી બીજી અગત્યની બાબત એ ધ્યાનમાં રાખવી જોઇયે કે બાળકનો જન્મ આપવાનો મહિનો પણ સારી મોસમનો હોવો જોઇયે. તે વખતે ઘણી થંડી ન જોઇયે તેમજ ગરમી પણ ન જોઇયે પણ સઘળું મધ્યમ હોવું જોઇયે કે જેથી જન્મ પામેલા બાળકને તંદરોસ્ત બનવાની ટક મળે અને ખુલ્લી હવામાં ફરવાનું મળે. વસંત કાળમાં જન્મ પામતાં બાળકો ઘણાં તંદરોસ્ત અને ખુશાલ સ્વભાવનાં રહે છે.

હિન્દમાં જુદા જુદા ભાગમાં ગરમી થંડી પડવાના મહિના જુદા હોય છે માટે જે મુલકમાં રહેતા હોય તેની રૂતુની તપાસ જન્મ આપવાના મહિનાની ગણતરી કરી પછીજ ગર્ભ ધારણ કરવો જોઇયે.

માર્ચ મહિનામાં જન્મ પામતાં બાળકને ઘણી સારી હવા મળે છે અને તંદરોસ્તી વધે છે. વળી એ વખતે ગર્ભ ધારણ થાય તો તે પણ ફાયદાકારક છે કારણ માર્ચ મહિનામાં ગર્ભ ધારણ થાય તો નવેમ્બરમાં બાળકનો જન્મ થાય તો નવેમ્બર મહિનો પણ બાળકની તંદરોસ્તીને માટે સારો છે. એ વખતે થંડી માફકસર રહે છે. ઘણું કરી વસંતરૂતુમાં જન્મ થયેલો ફાયદાકારક નિવડશે. જો સ્ત્રી માસીક માંદગીમાંથી ફારેગ થયા પછી બે ત્રણ દિવસમાં ગર્ભ ધારણ કરે તો બાળક ઘણુંજ તંદરોસ્ત જન્મે કારણ તે વખતે સ્ત્રીનું બીજ ઘણું તાજી હાલતમાં રહે છે અને રફતે રફતે જેમ દિવસો પસાર થાય છે તેમ નબળું પડતું જાય છે. કેટલાક વિદ્વાનોનું એવું મત છે કે માસીક માંદગીમાંથી સ્ત્રી ફારેગ થયા પછી બેથી ૭ દિવસમાં સંગત કરવાથી છોકરીનો જન્મ થાય છે જ્યારે માસીક માંદગીથી ફારેગ થયા પછી ૯) થી ૧૨) દિવસમાં સંગત કરવામાં આવે તો છોકરો પેદા થાય છે. એ બાબત ઉપર પણ ધ્યાન પુગાડવું પડે છે.

ઉત્તમ બાળકને કયો દિવસ અને કયા વખતનો સંગત કરવી ફાયદાકારક છે.

મોસમ નક્કી કીધા પછી દિવસ નક્કી કરવો જોઇયે. જે દિવસ ખુશખુશાલી ભરેલો હોય જે દિવસે સુરજની રોશની સારી રીતે પડતી હોય વાદળાં અથવા અંધકાર ન પડતો હોય, ઘણો કામકાજનો દિવસ ન હોય, હવા ઘણી ખુશનુમા હોય તેવા દિવસે બાળકનું બીજ ઉત્પન્ન થવું જોઇએ.

દિવસ નક્કી કીધા પછી તે દિવસના કયા કલાકે સંગત કરવી તે ઉપર ધ્યાન પુગાડવું જોઇયે.

સાધારણ રીતે બાળક પેદા કરવા માટેની સંગતનો વખત ઘણુંકો રાતનો રાખે છે, જે વખતની સંગત ફાયદારક નથી હોતી. રાત્રે શરીર અને મન થાકેલું હોય છે. આખા દિવસના કામકાજથી શરીર પણ થાકેલું અને નબળું હોય છે, અને મન શરીર સુસ્ત હાલતમાં રહે છે તો તે વખતે બચ્ચાંનું બીજ ઉત્પન્ન કરવામાં આવે તો તે ઘણા નબળા પ્રકારનું હોય છે. બાળકનું બીજ અંધકારમાં રાતના પેદા કરવું ન જોઇયે, પણ સુર્યની પ્રકાશીત રોશનીમાં પેદા થવું જોઇયે કે જેથી પ્રકાશીત બાળક પેદા થાય. દિવસના ચોવીસ કલાકમાં માનવીના શરીરનું બળ સરખું રહેતું નથી. સ્ત્રી અને મરદ જેવાં સહવારે જોરાવર રહે છે તેવાં રાત્રે જોરાવર રહેતાં નથી. અને વળી દિવસના મધ્યમ ભાગમાં જેવાં જોરાવર રહે છે તેવાં સહવારે રહેતાં નથી. સહવારે બીછાના ઉપરથી ઉઠતાં બપોર સુધી શરીરની શકિત વધે છે અને સુર્યના અસ્ત પામતાં સુધીમાં શરીરની શકિત ધીમે ધીમે કમી થતી જાય છે. રાત પડતાંથી તે સુર્યના ઉગવા સુધી શરીરની શકિત ઘણીજ કમી અને નબળી હાલતમાં રહે છે. તેથી સ્ત્રી અને મરદ સવારે અગ્યારથી બાર વાગા સુધી શરીરે અને મને જોરાવર હાલતમાં રહે છે અને એજ વખતે જો બાળકના બીજને માટે સ્ત્રી અને મરદ સંગત કરે તો બાળક જોરાવર, બુદ્ધિશાળી અને ખુબસુરત પેદા થઇ શકે છે.

સુવાનો ઓરડો મોટો હવા ઉજાસવાળો હોવો જોઇયે. તેમાં સુર્યની રોશની પુરતી રીતે આવવી જોઇયે અને હવાની ફરહર પુરતી રીતે થવી જોઇયે. ઓરડામાં મહાન નરો અને ખુબસુરત નારીઓના તેમજ સુંદર બાળકોના ચિત્રોથી શણગારવો જોઇયે અને સુવાસીત ફુલોથી ખુશનુમા બનાવવો જોઇયે. જે દિવસ સંગતને માટે નક્કી કરેલો હોય તે દિવસ ઘણો પ્રકાશીત, ખુલ્લો અને ખુશનુમા હોય તે સવારે ઉઠી સારી રીતે અંગ સાફ

ફરી, ઢીલા સ્વચ્છ સફેદ અને સુંદર પોશાકથીજ સજ્જ થવું અને નીચે પ્રમાણે ઇશ્વરની બંદગી કરવી :—

"ઓ સર્વ શક્તિમાન ખુદા, આજે તારી ઉત્તમ શક્તિ, ઉત્તમ પ્રેમ અને ઉત્તમ ગુણોને ખરાં જીગરથી આરાધીએ છીએ:—નવો જીવ જે પેદા કરવાની કોશેશ કરીએ છીયે તે અમારી પુર ખાત્રી મુજબનો પેદા થાય. તારા તરફથી અમને બિનોઇ રોશની મળે જે અમારી રાહબરી કરે. અમે જેમ ઇચ્છીયે છીયે તેવું બુદ્ધિશાળી, પ્રેમી અને ખુબસુરત બાળક પેદા કર. તેના અત્યંતમાં એવી શક્તિ બક્ષ કે જેથી તે ઉમદા જીંદગી ગુજારી શકે. અમે ખરાં જીગરથી બંદગી કર્યે છીયે કે એ બાળકને પવિત્ર જીંદગી ગુજારવાને માટે તું દરેક ઉમદા તત્વો આપ, કે જેથી દરેક કાર્યો અને વચનોમાં તારા ઉમદા ગુણોનો તે એક પ્રતીબીંબ થાય અને અમારા દેશમાં ધર્મ અને માણુસ જાતનાં ભલાંમાં પોતાનું સુખ માને અને તે માટે રાત દિવસ કોશિશ કરે!

ઓ પ્રભુ! આ અમારી અરજ તું કબુલ કરજે અને અમે ખાત્રીથી માન્યે છીયે કે તું અમારી નેક મુરાદ જરૂરજ પાર પાડશે. આમીન!"

આ પછી સવારની સુર્યની રોશનીમાં એક કલાક ખુશનુમા મિજાજથી ફરહર કરવું. આઠ વાગાના સુમારે સાદા ખોરાકનો નાસ્તો કરવો. ખોરાક કોઇમી રીતનો ઉશ્કેરનારો, મસાલેદાર અથવા તીખો હોવો ન જોઇયે. ત્યારપછી વળી ખુલ્લી હવા અને સુર્યની રોશનીમાં જવું, પછી બે કલાક સ્ત્રી અને ભરથાર બન્નેએ પુર પ્રેમથી ઉમદા ખ્યાલોમાં અને ખુશ વાત ચીતમાં મશગુલ રહેવું, મહાન નરોના ઉમદા કાર્યો ઉપર ખ્યાલ કરવો, ભક્તિવાન પુરૂષોની ભક્તિનો ખ્યાલ કરવો, ઇશ્વરની બંદગી કરવી, સ્વભાવ ઘણોજ એકમેક તરફ ખુશ, પ્રેમી, અને આનંદી રાખવો અને ત્યારપછી પોતાના સુવાના ઓરડામાં દાખલ થવું અને ઉમદા ખ્યાલમાં અને પુરતા આનંદમાં અને દિવસની પ્રકાશીત સુર્યની રોશનીમાં નવો જીવ પેદા કરવા ઉમદા બીજને માટે સંગત કરવી.

પ્રકરણ ૧૪ મું.

વાંઝિયાપણું અને નિર્બળતા–તેનાં કારણો અને ઉપાયો.

" Be ye Fruitful and Multiply."

કુદરતના સર્વથી પેહેલા નિયમોમાંનો એક એ છે કે પોતામાંથી પોતાના જેવા બીજા પેદા કરવા. આ એક અગત્યના કુદરતના નિયમને લીધેજ કુદરત અસંખ્ય વર્ષોથી પોતાનું કાર્ય નિયમિત રીતે કર્યું જાય છે અને સર્વ ઠેકાણે આબાદી માલમ પડે છે. દુર કરી શકાય અથવા દુર કરી ન શકાય એવાં કેટલાક કારણોને લીધે કુદરતનો આ નિયમ અમલમાં મુકી શકાતો નથી અને ભરથાર અને સ્ત્રીના પ્રેમી જોડાણ છતાં છોકરાં પેદા થતાં નથી અને કેટલીક વખતે સંસાર ઘણો દુઃખમાં પસાર થાય છે.

એક ફળ વગરનું ઝાડ જેમ અકારૂં થઇ પડે છે તે પ્રમાણે છોકરાં વગરનું એક જોડું મનુષ્ય જાતની વૃદ્ધિને માટે બીન ઉપયોગી થઇ પડે છે. આ સ્થિતિમાં સ્ત્રીઓ માટે વાંઝિયાપણું શબ્દ વપરાય છે, જ્યારે મરદની બાબતમાં નામર્દી શબ્દ વપરાય છે.

સ્ત્રીઓનું વાંઝિયાપણું બે ભાગમાં વહેંચી શકાય. પહેલું તો જે પરણેલી સ્ત્રીને છોકરાં થતા ન હોય તે અને બીજું તો જે સ્ત્રીને પરણ્યા પછી એક બે છોકરાં પેદા થઇ પછી છોકરાં પેદા થતાં નથી તે. હવે આપણે સ્ત્રીઓની બાબતમાં થતાં વાંઝિયાંપણાંનાં કારણ તપાસ્યે.

એક તુરતનું પરણેલું જોડું પોતા ઉપર અંકુશ નહીં રાખતાં એકદમ હવસી બની વારંવર સંગત કરે છે તેઓ નિર્મળ, બીમાર અને વાંઝિયાં થઇ જાય છે અને બાજે વખત મરણ પણ પામે છે. કુદરતના કાયદાને માન નહીં આપી વારંવાર સંગત કરવાથી વારંવાર ગર્ભ ધારણ થાય છે અને તેનું પરીણામ એ આવે છે કે આવી રીતનાં જોરાવર કાર્યથી તેઓ જે ઉત્પન્ન કરે છે તેનોજ તેઓ નાશ કરે છે, ચાલુ હવસી સંગતો વારંવાર કરવામાં આવે છે તો ગર્ભસ્થાન ઉપર સોજો આવે છે, જે સોજો ચાલુ રહે છે તેનું પરીણામ એ આવે છે કે કેટલાંક વર્ષો સુધી વંઝિયાપણું રહે છે. ઘણીક વખતે આપણે જાણ્યે છીયે કે એક પરણેલાં જોડાને ત્રણથી પાંચ વર્ષ છોકરાં થતાં નથી અને ઘણું કરીને તેનું કારણ આપણે ઉપર તપાસી ગયા તે હોય છે. જે પરણેલાં માણસો આ રીતે ઘણાંજ હવસી બને છે તેઓ તદન નિર્બળ થઇ જાય છે અને વાજબી રીતે કુદરતની શિક્ષા ભોગવે છે.

કેટલીક વખતે એમ બને છે કે આવાં હવસી જોડાને ત્યાં એક બે બચ્ચાંઓ પેદા થાય છે ત્યાં સુધી વાંઝિયાપણું થતું નથી તેનું કારણ એટલુંજ કે પહેલીજ વખતે જન્મ આપતાં ગર્ભસ્થાનના મ્હોંનો ભાગ ચીરાઇ જાય છે. જો આ પ્રમાણે બને છે તો તે પછીની માસીક મંદગીની વખતે ઘણી વેદના થાય છે અને સફેદ પદાર્થ (leucorrhœa) મોટા પ્રમાણમાં વહેવા માંડે છે.

વળી ટાઇટ લેસો, પટા, ખરાબ હવા, અને શરીરને કસરત ન મળવાથી પણ ગર્ભસ્થાન નબળું પડી જઇ ગર્ભને અંદર સાચવી શકતું નથી તેથી પણ વાંઝિયાપણું થાય છે.

જ્યારે પિસાબને રસ્તે સફેદ પદાર્થ વહે છે તો ગર્ભ ધારણ થતો નથી ગર્ભસ્થાનના મ્હોં ઉપર નાસુર પડવાથી પણ વાંઝિયાપણું થાય છે. આ રીતનું વાંઝિયાંપણું ઘણી નવરાસમાં અને આળસુ રહેતી સ્ત્રીઓમાં મોટે ભાગે માલમ પડે છે.

ઘણીક વખતે સ્ત્રીઓ પરણેલી ન હોય તે વખતે હસ્ત-ક્રીયા (Self-abuse) યાને સામી જાતની સંગત વગર પોતેજ પોતાનાં શરીર સાથે અડકચાળી કરવાથી અને આવી રીતે વારંવાર પોતાનો હવસ તૃપ્ત કરવાથી પોતાનાં શરીરને તેમજ ગર્ભસ્થાનને નિર્બળ બનાવી દે છે જેથી પણ વાંઝિયાપણું મોટે ભાગે થાય છે. આ બાબદ માટે **"દીકરીને માતાની ખાનગી સલ્લાહ"** નું પુસ્તક વાંચવાથી ઘણો જાણવાજોગ અને વિગતવાર ખુલાસો સમજ પડશે. જુવાનીમાં દાખલ થતી ઉમ્મરે દરેક બાળાના હાથમાં આ પુસ્તક મુકવાથી, જીંદગી માટે અગત્યની તેમજ તંદરેસ્તી માટે અવશ્ય જાણવાજોગ ઘણી અગત્યની સલ્લાહો ઘણી સાદી તેમજ પવિત્ર રીતે આપેલી આ પુસ્તકમાં જણાશે.

ઘણીક વખતે સ્ત્રીની શરીરની નબળાઇથી અને શારીરીક, નૈતિક, કે માનસીક કાયદાનો ભંગ થવાથી ગર્ભસ્થાનનુ મ્હોં તેની જગા ઉપરથી ખસી જાય છે, જેથી સંગતની વખતે મરદનું બીજ ગર્ભસ્થાનમાં દાખલ થઇ શકતું નથી તેથી પણ વાંઝિયાપણું થાય છે. આ પ્રકારના દાખલાઓમાં ગર્ભસ્થાનનું મોહ સફરા બાજુ ફરી જાય છે, અથવા તો પિસાબની કોળથી તરફ વળી જાય છે, અથવા વળી જાડ એવડું થઇ જવાથી મરદનો પદાર્થ સંગતની વખતે અંદર દાખલ થઇ શકતો નથી તેથી વાંઝિયાપણું થાય છે:, આવા કેસોમાં માસીક માંદગીની વખતે ઘણી વેદના થાય છે.

વળી ગર્ભસ્થાન બહાર સુધી પડવાથી પણ વાંઝિયાપણું થાય છે. વારંવારની હવસી સંગતોથી ગર્ભસ્થાન નબળું પડી જવાથી વાંઝિયાપણું થયું હોય તો તે એ દાખલામાં સ્ત્રીએ મરદથી જુદું સુવું, જુદા બિછાના પર સુવું, અને જ્યાં સુધી તંદરોસ્ત થાય નહિ ત્યાં સુધી સંગત કરવી નહિ. સારો પુષ્ટીકારક ખોરાક ખાવો, મસાલેદાર અને જલદ ખોરાક અથવા પીણું પીવું નહિ; પોશાક ઘણો ઢીલો પહેરવો, પટા અથવા ટાઇટગેસો પહેરવાં નહીં; રોજ ખુલ્લી હવામાં ફરી હરી શરીરને બની શકે એટલી કસરત આપવી. ભરથાર અને સ્ત્રીએ એક એકથી લાંબો વખત જુદા રહેવું અને તેટલા અરસામાં સ્ત્રીએ સારાં વચનથી, સદગુણી માણસની જીંદગીના હેવાલોથી અને સારાં કામોમાં મનને રોકી શાંત, ખુશાલ, અને સદગુણી રાખવું. શરીરને ખુલ્લી હવાથી, કસરતથી, સાદા અને પુષ્ટીકારક ખોરાકથી અને ઢીલા પોશાકથી તંદરોસ્ત રાખવું. થોડાક મહિના આ રીતે પસાર કરવાથી ગર્ભસ્થાનમાં શકિત આવશે. ભલતી દવા લેવી નહીં, એકલાં દવા દારૂ કદી પણ તમને તદન તંદરોસ્ત બનાવશે નહીં. એ બાબતના પુરતાં જ્ઞાન વગરના લેભાગુ હકીમો અને ધુતારાઓની દવા લેવી નહીં; મોટી મોટી જાહેર ખબર આપી લોકોને ધુતી જતા ઠગારા ઉપર ધ્યાન આપવું નહીં, પણ કોઇ સારા ડાકટરની સલાહ લેવી અને એ બાબત ઉપર લખાયલાં પુસ્તકો વાંચવાં. નિયમિત અને સદગુણી જીંદગીથીજ તમારી તબયતમાં સુધારો કરી શકશો. એ વખતે ખોરાક બરાબર પાચન થતો નથી; ઘણીક વખતે કબજીઆત રહે છે, માટે એ વખતે ઘણો ભારી ખોરાક ખાવો નહીં. પાકાં ફળ, મેવો, કેળાં, અંજીર, આળુ, સંતરા, મોસંબી, ભાજીતરકારી વધુ ખાવી; દહીં, છાશ, દુધ, માખણનો ઉપયોગ કરવો પુરતી આશાયશ લેવી. કબજીયાત ઘણી રાખવી નહીં, ફકત પાણીની પીચકારી સફરા વડે જરૂર જણાય તેમ લેતાં રહી બનતાં સુધી હોજરીમાં ભાર રાખવો નહીં જેથી સાફ દસ્ત આવશે. દારૂ, તમાકુ, કાફી અને ચાહ જેવી ચીજોનો ઉપયોગ કરવો નહીં. સોજું પાણી અને થોડાં દુધનો ઉપયોગ કરવો, ખોરાક ઘણો ખાવો નહીં, પણ પચતો અને પુષ્ટીકારક લેવો.

ગર્ભસ્થાનનું પોતાની જગા ઉપરથી ખસી જવાથી થતું વાંઝીયાપણું અને તેના ઉપાયો.

ડાકટર જોન કોવન એમ. ડી. નીચે પ્રમાણે સુચવે છે:—

ગર્ભસ્થાન તેની જગ્યા ઉપરથી ખસી જવાની માંદગી આજે ઘણી વધી પડી છે અને એ બિમારી શ્રીમંત કુટુંબોની સ્ત્રીઓમાં વધુ માલમ પડે

છે અને તે મુખ્ય કરીને અકુદરતી રીતે જીંદગી ગુજારવાથી થાય છે. એ માંદગીથી ઘણું દુઃખ થાય છે. અને કેટલીક વખતે એ ફરિયાદની સારવાર ઘણી ખરાબ રીતે કરવામાં આવે છે.

ગર્ભસ્થાનનું ખસી જવું અથવા બહાર ખેંચાઇ આવવાને બે ભાગમાં વેહેંચી નાખવામાં આવે છે; એક તો પોતાની જગા ઉપરથી ખસી જવા છતાં પેસાબ કરવાના અંદરના ભાગમાંજ રહે છે. જયારે કેટલાક કેસમાં ગર્ભસ્થાન પેસાબ કરવાની જગામાંથી બહાર નિકળી આવે છે. સાધારણ રીતે ગર્ભસ્થાન પેસાબના અંદરના ભાગથી ચારથી છ ઇંચ અંદર રહે છે.

પહેલા દાખલામાં ગર્ભસ્થાન પોતાની જગા ઉપરથી ખસી પેસાબના ભાગ આગળ આવે છે. જયારે બીજા દાખલામાં ગર્ભસ્થાનના પેસાબના ભાગ (vagina) માંથી યાને ખરી રીતે બોલતાં ગર્ભસ્થાન અને ઇદ્રીના બહારના ભાગની વચ્ચે જે નળી જેવી સાંકડી જગા હોય છે જેને વેજીના (vagina) કરી કહે છે તે ભાગમાંથી બહાર નિકળી આવે છે.

કારણોઃ–વેજીના યાને પેસાબના અવયવના અંદરના ભાગ તેમજ પીડુના માસ્રરજલુ ઢીલા થઇ જવાથી, વારંવાર હવસી સંગત કરવાથી અને કબજ કોઠાને લીધે કાંસવાથી થાય છે; સાધારણ કારણોમાં 'કૉરસેટ' ટાઇટ લેસો અને પટા અને કપડાંનો ભાર પડવાથી ગર્ભસ્થાન ઉપર દબાણ થવાથી બહાર નિકળી આવે છે, અને સાધારણ રીતે જીંદગી ભોગવવાથી ખરાબ ટેવો જેવી કે, ખરાબ ખોરાક, કબજયાત, ખરાબ હવા, નરમ બીછાના ઉપર સુવાથી, આળસુ જીંદગી, વગેરે કારણોથી નબળાઇ અને જીવન શક્તિ ઓછી કરી નાખવાથી થાય છે. વળી બીજા ઉશ્કેરનારાં કારણોઃ–પડી જવું, ભારી વજન ઉચકવો, ખેંચાણ થવું, કબજીયાતથી, હાંફીને દસ્ત લાવવાથી અથવા સુવાવડ જલદીથી ખલાસ કરી નાખવાથી થાય છે.

આ દરદની નિશાનીઓ–કમ્મરમાં નબળાઇ અને દુખારો થવો અને શરીરમાંથી કાંઇ જોરથી બહાર નિકળી આવતું હોય અને નીચે ઝુળી પડતું હોય તેવી લાગણી થાય છે; ઉભું રહેતાં અને ચાલતાં આ લાગણી વધુ જોરમાં થાય છે અને સાંજ પડતાં વધુ હેરાનગતી આપે છે.

ઘણીક વખતે સફેદ ધાત બહાર વહે છે અને પેસાબ કરતી વખતે ઘણી મુશ્કેલી પડે છે. હોજરી તરફ દબાણ થાય છે, હદયમાં જોરથી ધબકારા થવા, દીલગીર થવું, મુઝાઇ જવું, પગનાં ઘુંટણો નબળા પડી

જવાં, શકિત રહિત થઇ જવું, એ વખતે દસ્તાનનું વહેવું નિયમિત રહે છે તેને કોઇ રીતની અડચણ નડતી નથી.

ઉપાયો—જે પણ ચીજથી સ્રીની જીવન શકિત ઓછી થઇ જાય છે તે ગર્ભસ્થાનના ઝુકી પડવાનું મુખ્ય કારણ થઇ પડે છે, માટે પહેલો ઉપાય સંપૂર્ણ તંદરોસ્તી મેળવવાનો થવો જોઇએ.

ઉપાય શરૂ કરતી વખતે પહેલી ચીજ ધ્યાનમાં રાખવાની છે તે પોશાકની છે, પોશાકની ગોઠવણ એવી થવી જોઇએ કે તેનું વજન પેટ ઉપર ન પડતાં ખભાં ઉપર પડવું જોઇએ. જ્યાં સુધી એક સ્રી તદન ઢીલાં અને હલકાં વજનનાં કપડાં પહેરવાની ગોઠવવણ કરશે નહીં ત્યાં સુધી ગર્ભસ્થાનના ઝુકી પડવાની માંદગીમાં સંપૂર્ણ સુધારો થશે નહીં. આ રીતના પોશાકની ગોઠવણથી અરધી માંદગી દફે થઇ જાય છે.

બીજો અગત્યનો ઉપાય સારા ખોરાકનો છે. એ વિષે અગાઉ પુરતું લખાયું છે માટે હવે વધુ વિવેચનની જરૂર નથી. વળી સદગુણી જીંદગીની ઘણી જરૂર છે, હલકી સંગતથી દુર રહેવું જોઇએ. દરરોજ પાણીથી નાહવાની જરૂર છે, અને પીડુનો ભાગ મસળવો જોઇયે. દહાડામાં ઘણી વખત થંડુ પાણી ગર્ભસ્થાનમાં અંદર દાખલ કર્યા કરવું; ઠંડા પાણીના ટબમાં બેસવું અને પછી શરીરને જાડા ટુવાલથી ઘસવું અને રગળવું. પેટ સાફ લાવવા સફરા વાટે પાણીની પીચકારી લેવી.

જો ગર્ભસ્થાન થોડું બહાર નિકળી આવ્યું હોય તો પીચકારી વડે ઠંડા પાણીની ધાર ઉપર નાંખવી અને તે પછી ચત્તાં સુઇ જઇ ગર્ભસ્થાનને જેટલું અંદર લઇ શકાય એટલું અંદર કરવું અને અરધા કલાકથી એક કલાક ચત્તાં સુઇ રહેવું. ઉઠતી વખતે નરમ વાદળી (સ્પન્જ) ને અંદર દાખલ કરી તેનો ટેકો આપવો પણ ખાસ ધ્યાનમાં રાખવું કે એક કલાકથી વધુ વાર સ્પન્જને અંદર રાખવું નહિ. વધુ વાર રાખવાથી નુકશાન થશે. ગર્ભસ્થાનના ઝુળી પડવાના ઉપાયોમાં જો એક સ્રી જલદીથી સારી થવા માંગતી હોય તો કોસટીક, ડુચા મારવા, અને રબરની પેસરીનો મુદલ ઉપયોગ કરવો નહીં. પેસરી (રબરની રીન્ગ) નો ઉપયોગ કરવાથી દુઃખ, અને ખિજ ઉત્પન્ન થશે, સફેદ ધાત વહેશે અને વખતે નાસુર પણ પડશે. ઢીલા હલકા વજનનાં કપડાં, ટબમાં બેસવું, રેજ નાહાવું, પેટના અને પીડુના માસરજ્જુઓ ખુબ રીતે મસળવા, થંડુ પાણી ગર્ભસ્થાનમાં અંદર

દાખલ કરવું, કબજિયાત, સાગ ખોરાકથી અને પીચકારીના માફકસર ઉપયોગથી દૂર કરવી. આ ઉપાયોથી એ દરદ તદ્દન સાજું થઇ જશે.

ગર્ભસ્થાનનું મ્હો સફરા બાજુ ઢળી જવું; તેનાં કારણો અને ઉપાયો.

આ બીમારીમાં ગર્ભસ્થાનનું મ્હો ઉપરથી થઇ પાછળ ફરી જઇ સફરા તરફ ઢળી જાય છે, આમ થવાનું મુખ્ય કારણ એ કે ગર્ભસ્થાનનો ઉપરનો ભાગ હંમેશ કરતાં ભારી થઇ જાય જેથી તે ભાગ પાછળ ઢળી પડે છે. ઘણી વખતે ગર્ભધારણ થવાના પહેલાં તબક્કામાં જો પેસાબની કોથળીમાં પીસાબ લાંબો વખત જમાવ થઇ રહે છે તો આ બીમારી થાય છે.

ચિન્હો:—પીસાબ કરતી વખતે ઘણો ખેંચાવો અને મુશ્કેલી પડે છે અને આવતી વખતે પણ એજ મુશ્કેલી નડે છે, બરડામાં ચાલુ દુખારો થાય છે અને સફરામાં ભાર લાગે છે.

ઉપાયો:—ગર્ભસ્થાનના મ્હોંના પાછળા ભાગને એક હાથની આંગળી વડે નીચે લાવવી અને બીજા હાથની આંગળી વડે ગર્ભસ્થાનના તળીયાંના ભાગને ઉપર કરી ગર્ભસ્થાનને પોતાની જગા ઉપર ગોઠવવું, અને ગર્ભસ્થાનના બહાર સુધી પડવાની બાબતમાં જે ઉપાયોમાં ખોરાક અને પોશાક વિષે જણાવ્યું છે તેજ પ્રમાણેના ઉપાયો કરવા.

ગર્ભસ્થાનનો ભાગ પીસાબની કોથળી તરફ આગળ ઢળી પડે અને તેનું મ્હોં સફરા પાછળ ઢળી પડે છે. એમ થવાનાં કારણો પેટ અને પીડુના માસરજાુની નબળાઇથી, પેટની કબજિયાતથી, વસુરી થવાથી અથવા તો જોસમાં માર વાગવાથી થાય છે.

ઉપાયો:—ગર્ભસ્થાનને તેની જગા ઉપર ગોઠવવું, અને ગર્ભસ્થાન બહાર સુધી પડવાના દાખલામાં જે ઉપાયો સુચવ્યા છે તે પ્રમાણે કરવું.

ગર્ભસ્થાનમાંથી સફેદ ધાતનું વહેવું (Leucorrhœa).

ગર્ભસ્થાનમાંથી અથવા તેની આગળની જગામાંથી પાણી જેવી, અથવા સફેદ અથવા પીળા રંગની ધાત વહે છે અને ગર્ભસ્થાનના આગળનાં ભાગ ઉપર સોજો આવે છે.

કારણો:—બેસીને જીંદગીને ગુજારવાથી, હવસ ઉસ્કેરનારી વાર્તાઓ વાંચવાથી, નાની ઉમરમાં પરણવાથી, હસ્ત ક્રિયાથી હવસ તૃપ્ત કરવાથી, વારંવાર બચ્ચાંનો જન્મ આપવાથી, બચ્ચાંને તોડી પાડવાથી, જલદ કબ-

જ્યાત કરતો ખોરાક અને પીણાંથી, સફાઇ, સુઘડાઇ નહી રાખવાથી, ખુલ્લી હવા વગરના બંધ ઓરડાથી, મનના ભારી જુસ્સાથી, ગર્ભસ્થાનના આગળા ભાગની જગામાં રબરની રીન્ગ મુકવાથી વગેરે કારણેથી એ બીમારી થાય છે.

ચિન્હો:—ગર્ભસ્થાનના આગળા ભાગ આગળની જગા ઉપર સોજો ચઢેલો હોય તેમ લાગે છે; પહેલાં ધાત સફેદ રંગની પાતળી ને થોડા પ્રમાણમાં વહે છે, પણ રહતે રહતે મોટા જથામાં વહે છે, ઘટ્ટ થાય છે અને પીળો અથવા લીલો રંગ પકડે છે.

પહેલા તબકામાં ચિન્હો ઘણાં તીક્ષ્ણ જણાંતા નથી, પણ શરીરના બગાડથી માલમ પડે છે, અને દરદવાળા ભાગમાં ઘણો દુખારો અને બેચેની માલમ પડે છે.

હાલના કહેવાતા સુધારાના વખતમાં ઘણીક સ્ત્રીઓને પેસાબને માર્ગે સફેદ રંગની ધાત વહેવાનું ચાલુ રહે છે અને તેઓ એ વહેવાનું કુદરતી સમજે છે અને પોતાની ખરાબ ટેવોનાં પરીણામ તરીકે સ્વિકારતી નથી. જ્યારે ગર્ભસ્થાન આગળના ભાગ ઉપર સોજો લાંબો વખત રહે છે અને આ સફેદ ધાત (whites) નું વહેવું ચાલુ રહે છે તો બરડામાં અને પીડુમાં દુખારો થાય છે; શરીરના બીજા ભાગોમાં દુખારો થાય છે, ભુખ મરી જાય છે, હોજરીમાં ખતાસ થાય છે, માથું દુખે છે, ઓડકાર આવે છે, બદહજમીને લગતા અસંખ્ય ચિન્હો જણાય છે,

સરદીની અસર શરીર પર જલદી થાય છે. પગ થંડા રહે છે, અને માથું ગરમ રહે છે, હૃદયનો ધબકારો જોરમાં થાય છે, બેસુદ્ધિ થાય છે અને છાતીમાં દરદ થાય છે. ચહેરો ફીકકો મારે છે, આંખો અંદર બેસતી જાય છે, અને કાંઇબી કારણ વગર રડની માલમ પડે છે, દરદી દિલગીર, નિરાશ અને શોકાતુર માલમ પડે છે.

ઉપાયો:-ગર્ભસ્થાન બહાર ઝુગી પડવાના કેસમાં જે ઉપાયો સુચવ્યા છે તેજ ઉપાયો એ કેસમાં કરવા. પહેલા તબકકામાં ગર્ભસ્થાનની અંદર ધુકું પાણી પીચકારીથી દાખલ કરવું અને એ પછી ઠંડુ પાણી દાખલ કરવું. દહાડામાં પાંચ છ વખત આ મુજબ પાણીનો ઉપયોગ કરવો, બેથી ત્રણ વખત કમર સુધી પાણીના ટબમાં પાંચથી દશ મીનીટ બેસવું અને તે પછી બરડા, અને પીઠના ભાગને ટુવાલથી રગડવો જેથી દરદમાં ઘણો ફરક જણાશે. આ અરસામાં ભરથાર સાથે સુવું નહીં, સંગતથી તદન દુર રહેવું. જ્યારે

સફેત ધાત વહેતી હોય તે વખતે ભરથાર સંગત થાય છે તો ખરાબ સ્ત્રીના સંગતથી મરદને જે દરદ થાય છે તેવું દરદ થાય છે.

જો સફેદ ધાતનું વહેવું ગર્ભસ્થાનનું પોતાની જગા ઉપરથી ખસી જવથી થય છે તો (અને મુખ્ય કરી એજ કારણથી એ બીમારી લાગુ પડે છે) પહેલાં ગર્ભસ્થનને તેની બરાબર જગા ઉપર ગોઠવવું જોઈએ.

જો સ્ત્રીએ આ દરદથી દુર રહેવું હોય તો બેસી રહેવાની આળસુ ટેવ છોડી દેવી અને ખુલ્લી હવામાં ફરી હરીને અંગકસરત લેવી, નાહવું અને સફાઈ સુઘડાઈ ઉપર વધુ ધ્યાન આપવું, હવસ ઉશ્કેરનારૂં વાંચન છોડી દેવું, અને જે બાબદથી હવસ ઉશ્કેરાતો હોય તે બાબદથી દુર રહેવું; ચાહ, કાફી, દારૂ વગેરે જલદ પીણાંથી પણ દુર રહેવું અને પવિત્ર જીંદગી ગુજારવી, અને જીંદગીની ખરાબ ટેવો સુધારવી.

જો ઉપર દર્શાવેલાં કોઈ પણ કારણથી વાંઝિયાપણું થયું હોય તો જ્યાં સુધી એ કારણો દુર થાય નહીં અને સ્ત્રી તંદરોસ્ત થય નહીં ત્યાંસુધી ભરથાર અને સ્ત્રીએ એકેકની સંગત કરવી નહીં, એ કામથી દુરજ રહેવું અને નિયમિત જીંદગી ગુજારવી અને ઉપર જણાવેલા ઉપાયો સારી રીતે અમલમાં મુકવા જેથી ટુંક વખતમાં ગર્ભ ધારણ કરી શકાશે.

ઘણીક વખતે ગર્ભસ્થાનના મ્હોં આગળના અંદર દાખલ થવાનો સાંકડો ભાગ જેને "વેજીના" કહેવામાં આવે છે તે ભાગનો રસ્તો એક ચામડી જેવાં પડથી બંધ થઈ જાય છે જે પડને "હીમન" (Hymen) કરીને કહેવામાં આવે છે. એ પડ સહેલાઈથી ચીરાઈ શકાય છે. સાધારણ રીતે નાના ખુલ્લા ભાગમાંથી દસ્તાન વહે છે, અને તે વખતે દુખ રો થાય છે, પણ ઘણા દાખલા એવા પણ હોય છે કે જેમાં કાંઇ પણ ખુલ્લો માર્ગ રહેતો નથી, તેથી દસ્તાન અંદરનું અંદર મોટા જથ્થામાં જમાવ થઈ રહે છે.

આ 'હીમન' અથવા 'પડ' ને કાપી કહાડી રસ્તો કરવાને માટે વાઢકાપ કરનારા તબીબની મદદ લેવાની જરૂર છે. 'પડ' ને કાપવાથી કાંઇ દુઃખ થતું નથી કે લોહી પણ નિકળતું નથી, તેથી તેને કાપી નખાવવા બાબે કોઇ રીતની ફિકર રાખવી નહીં. ઘણીક વખતે આવી સાધારણ બાબતનાં અજ્ઞાનપણાંને લીધે ભરથાર અને સ્ત્રીને વાંઝિયાપણું કયા સબબોથી થાય છે તેની સમજ પડતી નથી, તેથી તેઓ પુરતી તપાસ કરતાં નથી અને ભલતા ઉપાયો કર્યા કરે છે અને દુઃખી થાય છે.

કોઈ રીતના અકસ્માતથી અથવા દરદની અસરથી સોજો ચઢે છે અને વેજીનાનો ભાગ સંકોચઇ જાય છે અને તેનો માર્ગ બંધ થઇ જાય છે જેથી ગર્ભ ધારણ થવાનું કાર્ય પૂર્ણ થતું નથી. આ રીતે વાંઝિયાપણું થાય છે તે રફતે રફતે એ માર્ગ વાદળી (સ્પન્જ) વિગેરેથી પહોળો કરવાથી દુર થઇ શકે છે. આ દાખલામાં લાંબો વખત ધીરજ રાખવાની જરૂર છે. જો અકસ્માતના સબબથી માર્ગ બંધ થઇ ગયો હોય તો તેના ઉપાયો કરવામાં વિશેષ મુશ્કેલી નડે છે. ગર્ભસ્થાનના મ્હોં આગળ અથવા 'વેજીના' યાને તેના માર્ગના ભાગ આગળ વસુરી થવાથી અથવા એવીજ રીતની બીજી વધ થવાથી પણ વાંઝિયાપણું થાય છે. જો ગર્ભસ્થાનના મ્હોં આગળ વસુરી થાય છે તો તે દરદીને કોઇ રીતે માલમ પડતું નથી; કાંઇમી ન થયું હોય એમ લાગે છે, પણ ગર્ભસ્થાનમાં ગર્ભને અંદર દાખલ થતો અટકાવે છે. આ વસુરી ડાકટરો સહેલાઇથી કાપી કહાડી શકે છે. જ્યારે એ વસુરી નાની હોય છે તે વખતે સારી રીતે નિયમિત જીંદગીથી અને પાણીનાં ટબમાં બેસવાથી અને પાણીથી સ્નાન કરવાથી પણ દુર થઇ શકે છે.

ઘણીક વખતે ચાલુ સફેદ ધાત (Whites) ના વહેવાની પાછળી અસરથી ગર્ભસ્થાનનો માર્ગ બંધ થઇ જાય છે અને જ્યાં સુધી એ માર્ગ ખુલ્લો કરવામાં આવતો નથી ત્યાં સુધી વાંઝિયાપણું રહે છે.

ઉપાય ન થઇ શકે તેવાં વાંઝિયાપણાંનાં કારણો.

જે પ્રમાણે મરદને બહાર ગોળી જેવા અવયવ રહે છે તેમ સ્ત્રીને પેટમાં રહે છે, જે ગોળ અવયવમાંથી સ્ત્રીનું બીજ ઉત્પન્ન થાય છે; સંગત વખતે એ ગોળ અવયવમાંથી સ્ત્રીનું બીજ ઉત્પન્ન થઇ જે નળી અવયવ અને ગર્ભસ્થાનને જોડે છે તે નળીમાંથી સ્ત્રીનું બીજ પસાર થઇ ગર્ભસ્થાનમાં દાખલ થાય છે. હવે જો એ નળી તુટી ગઇ હોય અથવા હસ્તી ધરાવતી ન હોય અથવા તો એ નળીનો માર્ગ બંધ થઇ ગયો હોય તો વાંઝિયાપણું થાય છે, અથવા તો સ્ત્રીના આ ગોળી જેવા અવયવ ઉપર સોજો આવવાથી અથવા નકામા થઇ પડવાથી જો એ અવયવ બીજ ઉત્પન્ન કરી શકતો નથી તો તેથી પણ વાંઝિયાપણું થાય છે.

ઘણીક વખતે ગર્ભ આમળનો માર્ગ 'વેજીના' ઘણોજ નાનો હોય છે જેથી સંગતનું કાર્ય પૂર્ણ રીતે થતું નથી જો કે તેથી વાંઝિયાપણું થતું નથી. જો સ્ત્રી નાનાં કદની હોય છે તે 'વેજીના'નો માર્ગ પણ નાનો

હોય છે અને આવી સ્ત્રી જો મોટા કદના મરદ સાથે પરણે છે તો તેથી સ્ત્રીને સંગતની વખતે ઘણું દુઃખ થાય છે, અને તેથી પણ વાંઝિયાપણું થાય છે.

કોઇક સ્ત્રીઓમાં વળી ગર્ભસ્થાન માલમ પડતુંજ નથી. વળી કેટલીક સ્ત્રીઓના બીજ ઉત્પન્ન કરનારા ગોળી જેવા અવયવ (Ovaries) પુરતા ખીલેલા હોતા નથી, અને કેટલાકોને એ અવયવ હોતાજ નથી. આ પ્રકારના દાખલામાં વાંઝિયાપણાંનો ઉપાય થઇ શકતો નથી.

મરદની બાળક પેદા કરવાની નિર્બળતા (Impotency) નાં કારણો અને ઉપાયો.

જો મરદને કોઇપણ કારણથી નામર્દી લાગુ પડે છે તો સ્ત્રી સંગતનું કાર્ય તેનાથી થઇ શકતું નથી.

મરદનો અવયવ નિર્બળ થાય અથવા તો મરદનું બીજ ઉત્પન્ન થતું નથી, તો ગર્ભ ધારણ થઇ શકતો નથી.

મરદ તેમજ સ્ત્રી જો ઘણીજ સંગત કરે છે તો તેઓ શરીરે એટલાં તો નબળાં પડી જાય છે કે થોડાક વખતમાં વાંઝિયાં અને નિર્બળ થઇ જાય છે. અને મરદનાં વિર્યમાં જીવનશકિત માલુમ પડતી નથી. આ પ્રકારની નબળાઇ જણાતાં મરદે પોતાની બાયડીથી થોડોક વખત દુર રહેવું અને ઘણી નિયમિત અને પવિત્ર જીંદગી ગુજારવી જોઇએ. થોડાક મહિના આ રીતે ગુજારવાથી તે પોતાની શકિત પાછી મેળવી શકશે.

પરણેલી જીંદગીની શરૂઆતમાં જેઓ સંગત કરવામાં હદ કુદાવી જાય છે તેઓ પાછળથી નિર્બળ થઇ જાય છે જો મનશકિતનો ઘણો ઉપયોગ મરદ કરે છે તો તેથી પણ થોડોક વખત એક મરદ નામર્દીમાં આવે પણ પુરતી આરામથી તે પાછો પોતાની શકિત મેળવી શકે છે. કેટલાક જુવાન છોકરાઓ સ્ત્રી સંગત વગર પોતાના મનમાં હલકી વિચારો ઉત્પન્ન કરી હસ્તક્રિયાથી પોતાના અવયવ સાથે અટકચાળી કરવાથી પોતાની સઘળી શકિત ખોઇ દઇ નિર્બળ થઇ જાય છે અને પાછળથી સ્ત્રી સંગત ભોગવી શકતા નથી.

હસ્તક્રિયાની આપઘાતીક ટેવવાળા કમનસીબોને ખરાબ સ્વપ્નાં આવે છે અને એ વખતે ધાત વહે છે; વારંવાર ધાતના વહેવાથી શરીર ઘણું

નિર્બળ થઇ જાય છે. આ બાબદમાં વિગતવાર ખુલાસો **"દીકરાને બાપની ખાનગી સલ્લાહ"** નામે પુસ્તકમાં આપ્યો છે. આ પુસ્તક જુવાનીમાં દાખલ થતા દરેક છોકરાઓને આપવું જોઇએ, જેથી જીવન-રક્ષક પદાર્થ ધાત (Semen) જેનો ખરાબ રીતે ઉપયોગ કરી જુવાન જીવો પોતાની ખરાબીનો જે પાયો અજ્ઞાનપણાંથી નાંખે છે તેમાંથી તેઓનો વખતસર બચાવ થાય અને શરીરનો રાજા, કે જેની જાળવણી કીવાથીજ ભવિષ્યની તંદરોસ્તી જાળવી શકાય તેની જોઇતી સુચનાઓ મળી શકે.

પોતાની ખરાબ ટેવો સુધારવા માટે જલદ ખાવા પીવાનું છોડી દેવું જોઇયે. સારાં પુસ્તકો વાંચવા, સારાં માણસો સાથે વાતચીતમાં વખત ગુજારવો, ખુલ્લી હવામાં ફરહર કરવી, ધર્મ સંબંધી પુસ્તકો વાંચવાં, બંદગી કરવી અને કામકાજમાં મનને રેકેલું રાખવું જોઇયે. મનને આળસુ રાખવું નહીં. શરીરને એકદમ થાકવી નાખે તેવું કામ યા કસરત કરવી નહીં પણ આશાવશ લઇને કામ કરવું જોઇયે.

"સેનેટોજન," નો ઉપયોગ કરવો જોઇયે, રાતના ચત્તાં સુવું નહીં, ચત્તાં સુવાથી ધાતનું વહેવું ઘણું થશે. કમ્મર ઉપર ટુવાલ બાંધવો જેનો ગાંઠ પછવાડે કમ્મર ઉપર રહેવાથી ચત્તાં સુતી વખતે ગાંઠ બરડામાં ભોકાવવાથી તુરત કોર વાળવાની ફરજ પડશે અને એ રીત એ ટેવ દુર થશે. નરમ બીછાનું પણ વાપરવું નહીં, દરરોજ ખુલ્લી હવામાં ફરહર કરી અંગ કસરત લેવી; કોઠો સાફ રાખવો; દરરોજ એક સાફ દસ્ત લાવવો. કોઠો સાફ ન આવે તો પીચકારી (એનીમા) નો ઉપયોગ કરવો. ખોરાક ઘણો સદો અને પુષ્ટીકારક ખાવો; જલદ પીણાં જેવાં કે દારૂ, ચાહ, કાફી, ગરમ દવાઓ વગેરેનો ઘણોજ થોડો ઉપયોગ કરવો.

જો ધાત ઘણી જતી હોય તો બાયડીથી જુદા સુવું. જેને પોતાના હવસ ઉપર કાબુ હોય નહીં તેને કોઇ દહાડો પોતાની સ્ત્રી સાથે એક બીછાનાં ઉપર સુવું નહીં, સાધારણ રીતે પણ એક બીછાનાં ઉપર સુવું ફાયદાકારક નથી. ભરથાર અને સ્ત્રી જો જુદાં જુદાં બીછાનાં ઉપર સુવે તો ફાયદાકારક થઇ પડે.

ધાત જવાની બીમારીથી પીડાતા દરેક જયાં સુધી એ દરદથી મોકળો થાય નહીં ત્યાં સુધી પોતાની સ્ત્રી સાથે સુવું નહીં પણ પવિત્ર જીંદગી ગુજારવી.

જો દિવસને વખતે ખબર પડયા વગર ધાત જતી હોય તો બપોરને વખતે ઠંડા પાણીનાં ટબમાં ૧૫ થી ૨૦ મીનીટ બેસવું. દરરોજ એમ બેસવું, પછી ટુવાલથી શરીરને ખુબ રગળવું. જો પગ ઠંડા થઇ જતા હોય અને માથું ઘણું ગરમ થતું હોય તો દરરોજ સુતી વખતે પગને ગરમ પાણીમાં બોળી તુરત એક પળ થંડા પાણીમાં બોળવા અને ઉપર જણાવ્યા પ્રમાણેના બીજા ઉપાયો લેવા.

કેટલીક વખતે મરદ સ્ત્રી સાથે સંગત કરે છે તે છતાં વીર્ય નિકળતું નથી જેનું કારણ એ હોય છે કે મરદની ઇંદ્રીનો વીર્ય બહાર નિકળવાનો માર્ગ બંધ થઇ જાય છે તેથી વીર્ય બહાર નિકળવાને બદલે પીસાબની કોથળીમાં અંદર જતું રહે છે અને ત્યાર પછી પીસાબ સાથે બહાર નિકળે છે. એ બાબતમાં કોઇ સારા સરજનની સલાહની જરૂર છે.

શરીર ઘણું જાડું થઇ જાય છે તેથી પણ વાંઝિયાપણું થાય છે. સ્ત્રીઓ પણ ઘણીજ જાડી થઇ જાય છે તો વાંઝણી થવાનો સંભવ રહે છે. ચરબી ઘણી વધારે અને શરીરને જાડું કરે તેવો ખોરાક ખાવો નહિ જેવો કે પટેટા, ચાવલ, માખણ વિગેરેનો ઉપયોગ થોડો કરવો, રોજ સ્નાન કરવું, શરીરને ટુવાલથી રગળવું અને સદગુણી અને નિયમિત જીંદગી ગુજારવી.

સાદી, સદગુણી અને ઉપયોગી જીંદગી ગુજારનાર અને ખાવા પીવામાં મિતાહાર હોય તેઓ વાંઝિયાપણાં વગેરે ઘણાં દરદોથી વેગળા રહેશે. સાદા ખોરાક ઉપર રહેવાનો નિશ્ચય કરવો જોઇયે; આપણે જીવવાને માટે ખોરાક ખાઇયે છીયે નહીં કે ખોરાક ખાવાને માટે જીવ્યે છીયે. દરરોજ માફકસની અંગ કસરત લેવી જોઇયે અને સુર્યનાં તડકાં અને ખુલ્લી હવામાં જેટલું રહેવાય એટલું રહેવું, રોજ નહાવું, શરીરને સાફ રાખવું અને શરીરને ટુવાલથી રગળવું, નરમ બીછાના ઉપર સુવું નહીં, નિયમિત વખતે દરેક કાર્ય કરવું, સદગુણી અને પ્રેમી જીંદગી ગુજારવી, હવસથી દુર રહેવું અને તેને બદલે પવિત્ર પ્રેમ મિળવવો અને બને એટલી થોડી સંગત કરવી જેથી તંદુરસ્તી વધશે, જીંદગી સુખી નિવડશે, ખુબસુરત અને બુદ્ધિમાન બાળકનો જન્મ પણ આપી-શકશો અને વાંઝિયાપણું રહેશે નહીં.

પ્રકરણ ૧૫ મું.

ભવિષ્યના માબાપને છેલ્લા બે બોલ.

માબાપ થવું એ સહેલું કામ છે. પણ માબાપ તરીકેની ફરજો સમજવી અને બચ્ચાંના હક્ક સાચવી તેઓને પેદા કરવાનું કામ મુશ્કેલ છે. દરેક કાર્ય કર્યે તે અગાઉ તે કાર્યનું જ્ઞાન મેળવવાની જરૂર છે. અજ્ઞાનપણે એક કામ કરવાથી મુશ્કેલીમાં આવવું પડે છે, એટલુંજ નહિ પણ પોતાની આજુબાજુના પણ મુશ્કેલીમાં આવે છે. એજ પ્રમાણે બચ્ચાં પેદા કરવાનાં શાસ્ત્રનાં અજ્ઞાનપણાંથી થાય છે. આજે કેટલાંક જુવાન પરણેલાં જોડાં પોતે શરીરે દુઃખી દરદી થઇ ગયાં છે એટલુંજ નહિ પણ તેઓની ઓલાદને પણ દુઃખી દરદી પેદા કીધી છે. કેટલાકોને વારંવાર એવું કહેતાં સાંભળ્યે છીયે કે એવાં જ્ઞાનની જરૂર શી છે? કુદરતનું કામ કરવા દો. રોજ લખ્ખો બાળકો પેદા થાય છે ની? જો કુદરતને કુદરતનું કાર્ય કરવા દઇયે તો આજે મહાન શોધોથી માણસ જાત જે આશીર્વાદ ભોગવે છે તે ભોગવતે નહિ. રેલ્વે, સ્ટીમરો, સાંચાઓ અને જુદા જુદા શાસ્ત્રની મદદથી જે જ્ઞાન મેળવ્યું છે તે મેળવતે નહીં; જો કુદરતને કુદરતનું કામ કરવા દેતે તો આપણે રહેવાને માટે સુંદર મકાનો નહીં મળતે અને આપણે જંગળી જેવાજ રહેતે; કુદરતને ખુબસુરત બનાવનાર માણસ છે, કુદરત આપણને માટી અને પથરા આપે છે જે વડે આપણી મનશકિતનાં બળથી સુંદર ઇમારતો બાંધ્યે છીયે, માટી જેવી વસ્તુ ઉપર મનશકિત વાપરી તેમાંથી સુંદર વાસણો બનાવ્યે છીયે. તો કુદરતે આપણામાં બચ્ચાંનું બીજ ઉત્પન્ન કરી આપે છે તો તેમાંથી કુદરતને દીપાવે તેવાં ઉત્તમ બચ્ચાં બનાવવાની કોશિશ કરતાં શું શિખવું નહિ જોઇએ? પહેલાં કુદરતના નિયમોનો અભ્યાસ કરવો જોઇયે પછીજ તે પર આપણી મરજીનું બળ વપરી શકીયે; કુદરતના ભેદી કાયદાઓનું જ્ઞાન મેળવ્યે નહિ ત્યાં સુધી કુદરતની બલીહારી, અને કુદરતની ખુબસુરતીને કાર્યસાધક બનાવી શકયે નહીં; માટે કુદરતના ભેદી કાયદાનું જ્ઞાન મેળવવાની જરૂર છે. મનુષ્ય જાત બચ્ચાં પેદા કરવાના કુદરતના ભેદી કાયદાનાં જ્ઞાન વગર બચ્ચાં પેદા કરશે ત્યાં સુધી માણસ જાત જે ઇશ્વરની સર્વ પેદાશમાં સર્વથી શ્રેષ્ઠ ગણાયલી છે તેમાં છુપાયલી ઉત્તમ ખુબીઓ જોવાને કમનસીબ રહેશે.

બચ્ચાં પેદા કરવાના ભેદી કાયદાથી અજ્ઞાન માબાપને આપણા હીંદના એક અભણ માળી સાથે સરખાવ્યે અને જ્ઞાની માબાપને યુરોપ

તરફના અવિજ્ઞ બાગબાન સાથે સરખાવશે તો તુરત આપણાં જ્ઞાનથી કુદરતને મરજી પ્રમાણે કાર્યસાધક કેમ બનાવી શકાય છે તે માલમ પડે. હીંદનો એક માળી બાપદાદાથી થોડુંક જ્ઞાન મેળવી એક નાના બાગમાં આમ તેમ ઝાડ રોપશે ને ખત પાણી આપશે, પણ બીજમાંથી ઝાડ કેમ ઉગે છે, ઝાડ પોતાનું પોષણ મેળવી કેમ વધે છે, બીજની અંદર જુદાં જુદાં તત્વો ઉમેરવાથી અને જુદી જુદી દવાઓ નાખવાથી તેમાંથી ઝાડ ઉગવની શક્તિમાં કેવી રીતે ફેરફાર થાય છે તે એ બાપડો કંઇ જાણતો નથી.

યુરોપનો એક જ્ઞાની બાગબાન લેવો, જે પોતાના મનમાં બળથી કુદરતને કેવી દિપાવે છે, કુદરતની શક્તિઓને પોતાની મરજી પ્રમાણે કેમ પોતાના ઉપયોગમાં લે છે તે તપાસો ! એવા એક બાગબાનના બાગમાં ફરતાં તે બાગની સફાઇ, તેની સુંદરતા, જુદાં જુદાં ઝાડોની ગોઠવણ, ઝાડોનું પ્રફુલ્લિત ઉગવું, સુંદર ચિત્રકળાની આકૃતિથી બનાવેલા ક્યારાઓ આપણાં મનને એટલું તો ખુશનુમા કરી નાખે છે કે આપણે દુન્યાની સઘળી ચીજો વિસરી જઇએ. પણ વધુ અચંબો પમાડે તેવુ તો એ માલમ પડે છે કે ચોક્કસ ફળો જેમાં ઠળિયા ઘણાં હોય છે તે ફળોને આ બાગવાને ઠળિયા વગરના વગરના ઉગાડયા છે. શું આ એક અજાયબી નથી ? ઠળિયાવાળા ફળને ઠળિયા વગરના કેમ ઉગાડી શકાય ! આ બાગબાન કુદરતને પોતાની મરજી પ્રમાણે કેવી કાર્યસાધક બનાવે છે. આનું કારણ શું ? તેનું કારણ એજ કે આ બાગબાન કાંઇ આપણા હીંદની માળીની માફક બાપદાદા જેમ કરતા આવ્યા તેજ કરવું પણ તેથી વધુ જ્ઞાન મેળવવું નહિ એવા વિચારનો આળસુ નથી. આ બાગબાને બાગબાનીને લગતો ઉંડો અભ્યાસ કીધો છે; પોતે પોતાની મરજી પ્રમાણે નવી શોધો કરવા અખતરા કીધા છે; પોતે પોતાના બાગબાનીનાં કામનો ઉંડાણ અભ્યાસ કીધો છે, એટલાં સુધી કે એક બીજનાં જુદાં જુદાં તત્વો ઝાડ ઉગવામાં કેમ કામ લાગે છે તે તે જાણે છે, એ તત્વોની ઉપર ગરમી, ઠંડી, પાણી વિગેરે કેટલા પ્રમાણમાં જોઇએ તે જાણે છે, એ બીજમાં જુદાં જુદાં વસાણાં દાખલ કરવાથી જુદો જુદો ફેરફાર થાય છે, તે તે જાણે છે. એક ઝાડ બીજમાંથી કેમ મોટું થાય છે અને પોતાનું પોષણ જમીન, પાણી અને ખતમાંથી કેમ લે છે તે જાણે છે. આ રીતે ઝાડપાનને લગતા કુદરતના કાયદાનું જ્ઞાન મેળવી તે કાયદાઓને ચોક્કસ રીતે અમલમાં મુકી ઝાડમાં અને તેના ફળમાં મરજી પ્રમાણે ફેરફાર કરી શકે છે. એક ફળમાં કુદરતના કયા કાયદાથી બીજ ઉત્પન્ન થાય છે તેનો અભ્યાસ કરી તે કાયદા જાણી તે કાયદા પર મરજીનું બળ વાપરી બીજ વગરનાં ફળ પેદા કરવાને

શક્તિવાન થયો છે. ત્યારે હવે પ્રિય વાંચનાર ખ્યાલ કર કે જ્ઞાન કેટલું અગત્યનું છે? જ્ઞાન કુદરત પર કેવી સત્તા આપે છે. અંગ્રેજીમાં કહેવત છે તેમ "Knowledge is power." "જ્ઞાન એ એક સત્તા છે." યુરોપ તરફના બાગબાને બીજના જુદા જુદા તત્વનું જ્ઞાન મેળવ્યું અને ઝાડપાનના કયા કાયદાથી ફળમાં બીજ ઉત્પન્ન થાય છે તે જાણવાથી એ બાગબાનમાં ઠળિયા વગરનાં ફળ ઉગાડવાની સત્તા અને અક્કલ આવી. જ્યારે બાગબાન ઝાડપાનના બીજનું જ્ઞાન મેળવી તે પર આટલી હદ સુધી સત્તા મેળવી શકે છે તો મનુષ્ય બીજ વિષેનાં જ્ઞાનથી શું હવે પછી જન્મ લેનાર બાળકોમાં ફેરફાર કરી ન શકે? બેશક, આપણે બાળકોમાં મરજી પ્રમાણેનો ફેરફાર કરી શકયે. જો પેલા બાગબાનની માફક જ્ઞાન મેળવ્યે તોજ. પ્રિય વાંચનારને એવીજ રીતનું જ્ઞાન આપવા માટે આ પુસ્તક રચવામાં આવ્યું છે. આ પુસ્તક મારફતે વાંચનારને બીજ કેમ ઉત્પન્ન થાય છે, બીજના જુદાં જુદાં તત્વો બચ્ચાંનાં બંધારણમાં કેમ કાર્ય કરે, માતાનાં પેટમાં બીજમાંથી જુદે જુદે મહિને જુદા જુદા અવયવનું બંધારણ કેમ થાય છે અને મનની બળવાન અસર બીજની ઉત્પત્તિ વખતે અને બચ્ચાંના બંધારણની વખતે કેમ થાય છે તે દાખલા દલીલ સાથે સમજાવવામાં આવ્યું છે.

માણુસ જાતની બેહેતરીને માટે આ સર્વથી અગત્યની બાબત ખતમ કરવા અગાઉ પ્રિય વાંચનાર ભવિષ્યના માબાપોને પોતાના દેશ તરફ, આદમ જાત તરફ, કુદરત તરફ, તે કુદરતના પેદા કરનાર તરફની પવિત્ર ફરજો ઉત્તમ બાળકો પેદા કરી કેવી રીતે બજાવવી તે સમજાવવાની મારી છેલ્લી કોશિશ કરીશ.

ઉત્તમ બાળક પેદા કરવા માબાપો આ પુસ્તક મારફતે કેવું જ્ઞાન મેળવી શકે તે ટુંકમાં તપાસી જઇયે કે જેથી ભવિષ્યનાં માબાપની ખાતરી થાય કે મરજી પ્રમાણેનું બાળક પેદા કરવા જોઇતું પુરતું જ્ઞાન દાખલા સાથે આપવામાં આવ્યું છે. હવે એ જ્ઞાનનો લાભકારક ઉપયોગ કરી માબાપ તરીકેની પવિત્ર ફરજ અદા કરવાને તેઓમાં રહેલા સદગુણો ઉપર આધાર રાખે છે.

આપણે બાળકની ઉત્પત્તિનું જ્ઞાન મેળવ્યું છે. એ જ્ઞાન પુરતું મેળવવા મનુષ્ય બીજ કેવી રીતે અવયવોમાંથી ઉત્પન્ન થાય છે, એ બીજમાંના જુદા જુદા તત્વો જુદા જુદા અવયવના બંધારણને અને ઓલાદથી ઉતરતી ખાસિયતો અને દરેક રીતના માબાપના ગુણોમાં બચ્ચાંમાં ઉત્પન્ન થવાને કેમ કાર્ય કરે છે તે જણાવવામાં આવ્યું છે. ત્યાર પછી એ બીજ

માતામાંથી કેવી રીતે પોષણ મેળવે છે અને વધે છે તે જાણ્યું છે. માતાનાં પેટમાં એ બીજમાંથી જુદે જુદે મહિને જુદા અવયવનો આકાર કેમ ઉત્પન્ન થાય છે તે વિષે પુરતી સમજણ આપવામાં આવી છે.

બચ્ચાંને ખુબસુરત અને તંદરોસ્ત કેમ પેદા કરવાં તે પણ જણાવવામાં આવ્યું છે. દાખલા દલીલો સાંથે આપણે તપાસ્યું છે કે બચ્ચાં પેદા કરવાની સંગતની વખતે અને તે અગાઉ જે દેખાવો અને જે છાપ મન પર મજબુત રીતે બેસે છે તેવા ઘાટઘટમનું છોકરાનું બંધારણ ગર્ભમાં થાય છે. ખુબસુરત બચ્ચાંને પેદા કરવા માટે માબાપોએ ખુબસુરત માણસોનાં ચિત્રો આખો વખત નજર આગળ રાખવાં જોઇએ. સુંદર ફુલો, ફળો અને કુદરતના સુંદર દેખાવો પર ધ્યાન રાખવું જોઇએ. કદરૂપાં બચ્ચાં પેદા થવાનું મુખ્ય કારણ કેટલીક વખતે હવસ અને ગુસ્સાવાળો ઝનુની સ્વભાવ હોય છે. હવસ શરીરમાં તાણતોડ કરી માણસને જાનવરી દેખાવ આપે છે, માટે હવસથી દુર રહેવું જોઇયે અને અરસપરસ સાચા પ્યારથી વર્તવું જોઇયે. ગુસ્સો અને કીનોકપટ પણ તેવીજ અસર કરે છે, માટે એ બધા દુર્ગુણોથી દુર રહી ખુશ મિજાજ, ભોળો સ્વભાવ અને ભરથાર મહેરદારે એકમેક તરફ ઉભરાઇ જતાં હૈયાંના સાચા પ્યારથી વર્તવું જોઇએ, જેથી બાળક ખુબસુરત ઘાટઘટમનું જન્મશે. માબાપ કાળા રંગનાં છતાં સફેદ રંગનું બચ્ચું પેદા કરવાની રીત જણાવી છે. દાખલા દલીલો સાથે તપાસ્યું છે કે સફેદ માબાપને ત્યાં કાળાં બચ્ચાં જન્મ્યાં છે અને કાળાં માબાપને ત્યાં સફેદ બચ્ચાં જન્મ્યાં છે કારણ એટલુંજ કે જેવા રંગનો છાપ માબાપનાં મન પર પડે છે તેવાજ રંગનું બચ્ચું પેદા થાય છે. જો માબાપ સફેદ રંગ પર અને સફેદ રંગના ખુબસુરત બચ્ચાંનાં ચિત્રો પર પોતાનું ધ્યાન મુખ્ય કરી સંગત વખતે અને બીજી વખતે પણ રાખે તો બચ્ચું સફેદ રંગનું જન્મે.

સંગતની વખતે માબાપનાં મનની જુદી જુદી સ્થિતિ બચ્ચાંની ખુબસુરતી, તન્દુરસ્તી અને બુધ્ધિબળપર કેટલી મજબુત અસર કરે છે તે જણાવવામાં આવ્યું છે. કેટલાક ખરા બનેલા દાખલા દલીલો સાથે પુરવાર કરવામાં આવ્યું છે કે ખરાબ વિચારોથી, કિના કપટથી, ગુસ્સાથી, કોઇ રીતની બીમારીથી, આફતથી, કોઇ વહાંલાના મરણની ગમગીનીથી, કોઇ પણ રીતના કજિયા કંકાશથી, યા પૈસાની તંગીથી મનની સ્થિતિ ખરાબ થઇ હોય તે વખતે સંગત કરવામાં આવે તો લુચ્ચું, કદરૂપું, દુઃખી. દરદી, કજિયાખોર, ગરીબડું,

ઝનુની અને કેટલીક વખતે ઓછી અક્કલનું બચ્ચું જન્મે છે, માટે સંગત વખતે માબાપ ખુશાલ સ્વભાવનાં, એકમેક તરફ સાચા પ્યારની લાંગણી ધરાવતાં અને પુર તન્દુરસ્તીમાં હોવાં જોઇયે. અરસપરસ સંગતથી બન્ને જણાં ખુશ અને રાજી હોવાં જોઇયે, બંનેમાંથી એક પણ બેચેન અથવા નારાજી ન હોવું જોઇયે એ વખતે મનમાં ઉમદા સદગુણી ખ્યાલો રાખી, સદગુણી, બુધ્ધિમાન અને નસીબવંત પુરૂષની જીંદગી વાંચી તેના ખ્યાલથી મન ઉંચ સ્થિતિમાં અને ઉમદા સદગુણોથી ભરપુર હોય તે વખતે સંગત કરવાથી જે બીજ ઉત્પન્ન થઇ તેનાથી જે બાળક જન્મે છે તે બાળકમાં ઉમદા સદગુણો આમેજ થાય છે અને તે બાળક તેવુજ સદગુણો ધરાવતું પેદા થાય છે,

પ્યારથી ઉત્તમ બાળકો કેમ પેદા થાય છે તે જણાવવામાં આવ્યું છે. પ્યારની શક્તિ કેમ ઉત્પન્ન થાય છે, પ્યારનું રહેઠાણ ક્યાં આગ્યું છે, પ્યાર માબાપનાં શરીરને કેવી રીતે તન્દરોસ્ત બનાવે છે, પ્યારથી માબાપનાં શરીરમાં ઉત્તમ પ્રકારનો આનંદ કેમ વ્યાપી રહે છે, અને તેઓનું મન ઉમદા સદગુણોથી કેમ ભરપુર રહે છે અને પ્યાર માબાપનાં મનની ગુપ્ત રહેલી શક્તિઓ ખિલવી પ્યાર માબાપનાં શરીરને તન્દુરસ્ત અને ખુશ રાખે છે અને મનને આનંદી અને ઉમદા ખ્યાલોથી ભરપુર રાખે છે. અંગ્રેજીમાં કહેવત છે કે " God is Love" ખુદા પ્યાર છે, આપણ લોકો ખુદાને "સત–ચીત–આનંદ" કહયે છીયે. ખુદાનું સર્વથી મોહું સ્વરૂપ પ્યાર છે, માણસ જાત ખુદાનું સ્વરૂપ છે "Ye are the temples of God," માટે સાચો સદગુણી પ્યાર જયારે એક ભરથાર અને મહોરદારમાં ઉત્પન્ન થાય છે ત્યારે તેઓને શારીરીક સંબંધનો ખ્યાલ રહેતો નથી, તેઓ એકમેકના આત્માને નજરે જોતા હોય તેમ લાગે છે; આત્મા, જે ઇશ્વરી અંશનો બનેલો છે તે અંશ વડે ખુદ ઇશ્વર કે જે એક પ્યારનું સ્વરૂપ છે તેને જોતા હોય, તેનો ઉત્તમ આનંદમાંથી થયલાં હોય તેમ તેઓને લાગે છે. તે પરમ કૃપાળુ ઇશ્વરે માણુસ જાતને આ આનંદનો ખ્યાલ આપવા બે જાતીઓ બનાવી છે. પોતાના ઉમદા સદગુણોથી અને પ્યારથી સામી જાતી તરફ વફાદારીથી રહે છે તેઓજ આ ઇશ્વરી આનંદ ભોગવવાને શક્તિવાન થાય છે. આવા પ્રકારનો ઉમદા પ્યાર એક ભરથાર અને મહોરદારને ઇશ્વરી આનંદમાં લીન્ન કરી નાખે છે, અને તેઓને શરીરે અને મને એટલી હદ સુધી બળવાન, શ્રેષ્ટ અને ઉમદા બનાવે છે કે તેઓ માણુસ જાત હોય નહીં. આ દુન્યાના રહીશો નહીં પણ તે

ખરેખર દેવતા હોય, ઇશ્વરી અંશના બનેલા હોય, એવી પવિત્ર સ્થિતિમાં આવે છે. એવી સ્થિતિમાં તેઓની સંગતથી બીજ ઉત્પન્ન થાય છે તો તેમાંથી કેવાં બાળકો પેદા થાય તેનો બે ઘડી ખ્યાલ કરવો. ખરેખર, એ સ્થિતિમાં માબાપ આવે તો તેઓ દેવતાઇ બાળકો અને ચાહે તો મહાન રૂશી જેવા પેદા કરી શકે. માટે ભવિષ્યનાં માબાપોને સલાહ આપી શકાય કે હવસના જાનવરી જુસ્સાથી દુર રહી આવા ઉત્તમ પ્યારથી એકમેક સાથે વર્તશો, જેના બદલામાં ઇશ્વર તમારામાં કલ્પી નહીં શકાય એવો આનંદ ઉત્પન્ન કરશે અને તે ઉપરાંત તમો ઇશ્વરી સ્વરૂપ ધરાવનારાં બચ્ચાં પેદા કરી શકશો.

હમેલવાળી સ્ત્રીનું મન બચ્ચાંનાં બંધારણ તનદરોસ્તી, ખુબસુરતી અને બુદ્ધિબળપર કેવી અસર કરે છે તે ખરા બનેલા દાખલાઓ ઉપરથી સમજાવવામાં આવ્યું છે.

હમેલવાળી સ્ત્રીની બાબદમાં કુદરતના એક મોટા કાયદા વિષે ડા. કેલોગ જણાવે છે કે " In brief, the law seems to be that, such is the intimate connection between the mother and the embryo, that the exercise of any faculty of her mind or soul, or any organ of her brain or body stimulates and develops in proportionate degree the corresponding faculty or organ in the incipient child." ટુંકમાં કહએ તો કુદરતનો કાયદો એવો માલમ પડે છે કે માતાને અને ગર્ભને એટલો તો સંબંધ રહે છે, કે, માતાની મનની અથવા શરીરની કોઇ પણ શક્તિ ચાલુ વાપરવામાં આવે તો બરાબર તેવીજ મનની અથવા શરીરના અવયવની શકિત ભવિષ્યનાં બચ્ચાંમાં ઉશ્કેરાય છે અને ખિલે છે. હમેલવાળી સ્ત્રી આ ઉમદા કાયદો જાણે કે તેણીનાં મનની શક્તિઓ અને શરીરના અવયવો ગર્ભમાં રહેલા બચ્ચાંનાં મન અને અવયવપર અસર કરી શકે છે તો તેણી મરજી પ્રમાણેનું બચ્ચું પેદા કરી શકે. આવી રીત મરજી પ્રમાણેનું બાળક પેદા કરવાને માટે હમેલવાળી સ્ત્રીને બચ્ચાંના શરીરનું બંધારણ જુદે જુદે મહિને કેમ થાય છે તે જણાવવામાં આવ્યું છે કે જેથી તેણી બચ્ચાંના જુદાં જુદા અવયવને પોતાનાં મનની અસરથી ખુબસુરત અને તનદરોસ્ત બંધારણ આપી શકે.

હમેલવાળી સ્ત્રીને બીજો બહુજ અગત્યનો કાયદો જણાવવામાં આવ્યો છે, તે એ કે પહેલા ૭ મહિના બચ્ચાંનાં શરીરનું બંધારણ થાય

છે અને છેલ્લા ત્રણ મહિનામાં જુદી જુદી મનશકિત માટે ભેજાંના ભાગોનું બંધારણ થાય છે. આ અગત્યનો કાયદો જાણ્યા પછી હમેલવાળી સ્ત્રી પહેલા ૭ મહિના આગળ જણાવી ગયા તે રીત પ્રમાણે બચ્ચાંના શરીરનું ખુબસુરત તેમજ તન્દુરસ્ત બંધારણ કરી શકશે અને છેલ્લા ત્રણ મહિનામાં જુદાં જુદાં સારાં પુસ્તકો વાંચી અને બીજી રીતે પોતાની મનની જુદી જુદી શકિતઓ ખિલવવાની કોશિષ કરી બચ્ચાંને મરજી પ્રમાણેનું બુદ્ધિમાન બનાવી શકશે.

પોતાની મરજી પ્રમાણેનું ખુબસુરત અને બુદ્ધિમાન બાળક પેદા કરવાને જણાવવામાં આવેલા કાયદાઓ જો હમેલવાળી સ્ત્રી બરાબર અમલમાં મુકશે તો ઘણું સંતોષકારક પરીણામ લાવી શકશે.

હાર પછી મરજી પ્રમાણે છોકરો અથવા છોકરી પેદા કરવાની કેટલીક રીતો જણાવવામાં આવી છે.

મરજી પ્રમાણેનું બાળક પેદા કરવાને આપણે કુદરતના કેટલાક કાયદાઓ જાણ્યા છે, એટલા સુધી કે બીજ કેમ ઉત્પન્ન થાય છે, બીજમાં બચ્ચાંના બંધારણને માટે શું શું તત્વો સમાયલા છે, એ તત્વો શું શું કામ કરી શકે છે ? જુદે જુદે મહિને જુદા જુદા અવયવોનું બંધારણ કેમ થાય છે, મન બચ્ચાંનાં બીજ પર અને બચ્ચાંના બંધારણ પર કેમ અસર કરે છે તે પુરતી રીતે જાણ્યા પછી મનની અસરથી બચ્ચાંનો સફેદ રંગ કેમ પેદા કરવો, બચ્ચાંના દરેક અવયવને ખુબસુરત ઘાટઘટમ કેમ આપવો અને તેઓને તન્દુરસ્ત અને મજબુત કેમ બનાવવાં, મનની અસરથી બચ્ચાંઓમાં મરજી પ્રમાણેની મનશકિત કેમ ખિલવવી, મરજી પ્રમાણે છોકરો અથવા છોકરી કેમ પેદા કરવી, ઓલાદમાં છેક છઠ્ઠી પેઢી સુધી માબાપની ખાસિયત અને બીજમાં સમાયલા ચોક્કસ તત્વો કેમ કાર્ય કરે છે તે સઘળું આપણે જાણ્યું છે. આ સઘળું જાણ્યા બાદ કોઇ એમ કહી શકશે કે બચ્ચાંનું પેદા થવું કુદરતના હાથમાં છે, અને આપણો તે પર કશો અખત્યારજ નથી ! હું ધારૂં છું કે કોઇપણ માણસ જેનું મગજ સારી રીતે કામ કરતું હશે તે મરજી પ્રમાણેનું બાળક પેદા કરવાને જે ખરા બનેલા દાખલા દલીલો પુરવાર કરી આપ્યા છે તે કાર્યસાધક નથી એમ કહેવાની હીંમત કરી શકશે નહીં.

કુદરતનાં દરેક કાર્યો ચોક્કસ કાયદાઓથીજ થાય છે. બચ્ચાં પેદા કરવાનું કાર્ય પણ ચોક્કસ કાયદાઓથીજ થાય છે. કુદરતના એ ચોક્કસ

કાયદાઓ પ્રમાણે બાળક ખુબસુરત બને છે, અને એ કાયદાઓનો ભંગ થવાથીજ બદસુરત પેદા થાય; એજ પ્રમાણે બાળકનું તનદરોસ્ત થવું, બુદ્ધિમાન થવું એ પણ ચોક્કસ કાયદાઓથીજ થાય છે. આપણે કુદરતના એ કાયદાઓથી અજ્ઞાન હતા ત્યાં સુધી બાળકનાં પેદા થવાનો ચોક્કસ સંજોગો ઉપર આધાર રહેતો હતો અને તેથી મરજી વગરનાં જે બાળકો પેદા થયાં તેને કુદરતના ફાંટાબાજ પરીણામ સમજતા હતા, પણ હવે આપણે જાણ્યું છે કે એ કાંઇ કુદરતના ફાંટા નથી. કુદરત તો ચોક્કસ અચુક નિયમથીજ પોતાનું કાર્ય કરે છે પણ આપણાં અજ્ઞાનપણાં અને આપણી આળસાઇને લીધે કુદરતના એ નિયમો સમજવાની કોશિષ નહીં કરવાથી અને કુદરતના કાયદાનો ખરાબ રીતે ભંગ કરવાથી આપણને કુદરત તરફની એ શિક્ષા હતી. કુદરતના ભેદી કાયદા આપણી જાણમાં આવ્યા ન હોય તો આપણા કાર્યમાં સદગુણ અને ઉમદા સ્વભાવ વાપરવામાં આવે તો કુદરતના કાયદાને આડકતરી રીતે માન આપ્યે છીએ તેથી કુદરતની શિક્ષા ખમવી પડતી નથી.

કુદરતે બે જાતી પેદા કરવાનું કારણ શું? બન્ને જાતીઓનાં શરીરના જુદા જુદા અવયવોની તપાસ કરતાં માલમ પડશે કે બે જાતી પેદા કરવાનો કુદરતનો નિયમ એજ છે કે બન્ને જાતી એકમેક સાથે મળી ઉમદા સદગુણો ખિલવી ઉત્તમ બચ્ચાં પેદા કરી શકે. કુદરતના આ લાભકારક કાયદાનો કેવો ભંગ થાય છે? કેટલી સ્ત્રી આ કાયદાનો ભંગ કરી પૈસા મેળવવા ખાતર હલકો ધંધો લઇ બેઠી છે, કેટલીકોએ કાયદાનો ભંગ કરી બદ કર્મોથી છોકરાં પેદા કરી પોતાની શરમ ઢાંકવા તેઓનાં ખુન કરી પોતે આપઘાત કીધા છે, કેટલીક સ્ત્રીઓ લોભ લાલચે ને આધીન થઇ કુમારી જીંદગીમાં દુર્ગુણોથી પોતાનું શરીર ભ્રષ્ટ કીધું છે, પોતાની પાકદામાન ખોઇ બેઠી છે, પોતાનું ઉમદા ભવિષ્ય તદન રદ કરી નાખ્યું છે. કેટલીક પરણેલી સ્ત્રીઓ પરણવાની મુળ મતલબથી દુર રહી છોકરાંઓનો અટકાવ કરે છે અને ફક્ત પોતાનો હવસ તૃપ્ત કરે છે જેથી તેઓનાં શરીરમાં દરદો ઉત્પન્ન થાય છે. કેટલાક પુરૂષો કુદરતનો એ મુખ્ય કાયદાનો ભંગ કરી સ્ત્રી જાતીને પોતાનો હવસ તૃપ્ત કરવાનું હથિયાર તરીકે ગણે છે. આ અકુદરતી કાર્યને લીધે બન્ને જાતી ઘણાં દુ:ખ દરદોના ભોગ થઇ પડયાં છે, મરદો પોતાની મરદાઇ ખોઇ બેઠા છે અને અનેક સ્ત્રીઓ વાંઝણી થઇ ગઇ છે.

બન્ને જાતીના જુવાન જીવો કુદરતના કાયદાનો ભંગ કરી પોતાને હાથે પોતાનાં અવયવમાં બગાડો કરી શરીરે દુ:ખી દરદી થઇ કમોતે માર્યા

જાય છે. આપણો જુવાન વર્ગ શરીરે નબળો પડી ગયો છે, અને પોતાના ખિળતા બહારને ધુળ કરી નાખે છે. પોતાના દુર્ગુણી વિચારથી પોતાના પેદા કરનારા અવયવ બગાડી નાખે છે અને તેથીજ તેમની જુવાનીનો ખિળતો બહાર કરમાઇ જાય છે.

કુદરતે જે કારણુસર અવયવો બનાવ્યા છે તેનો અનીતિથી ખરાબ રીતે ઉપયોગ કરવાથી માણુસ જાતમાં અનેક બદીઓ દાખલ થઇ છે, ઘણા કિમતી જીવ કમોતે દુ:ખી દરદી થઈ મરી ગયા છે અને મરે છે. પરણેલી જીંદગીમાં જેઓ હદમાં રહેતા નથી તેઓ પોતાના હવસથી જે ખરાબી કરે છે તે વિષે લખતાં ડા. એલીસ સ્ટોકહોમ એમ. ડી. લખે છે કે:

In long years since the agonizing cries of heart-broken, suffering women, the terrible death rate of little children have proved that in marriage relation there is such a perversion of nature, such grievious wrcngs committed that one needs a pen of fire to express the living, burning thoughts, and carry the conviction of truth into the very lives of men and women. Unless by some divine miracle the eloquence of a thousand inspired pens cannot stay the floodtide of wrong and injustice now done to women and children under the cover of the marriage law.

આ લખાણુનો સાર એજ છે કે—વર્ષો થયાં દુ:ખી દરદી થયલી સ્ત્રીના શોકાતુર રૂદનો અને નાના બચ્ચાંના મરણનું ભંયકર પરિણામ એવું સાબીત કરે છે કે પરણેલી જીંદગીમાં એવાં તો અકુદરતી કાર્યો થાય છે, એવાં તો દુષ્ટ કર્મો કરવામાં આવે છે કે જેનું વાસ્તવિક બ્યાન કરવાને અને સ્ત્રી પુરૂષની જીંદગીમાં આ સચ્ચાઇને ખાત્રી કરી આપવાંને આગ જેવી કલમ વાપરવી જોઇયે. કોઇ ઇશ્વરી મોજેજા વગર, હજારો પવિત્ર વાકચાતુરી, પરણુવાના કાયદાના રક્ષણુ હેઠળ સ્ત્રી અને બચ્ચાંને જે ગેરઇન્સાફ થય છે, જે દુષ્ટ કર્મો કરવામાં આવે છે તેનો અટકાવ કરી શકશે નહીં.

બચ્ચાં પેદા કરવાના કુદરતના કાયદાથી અજ્ઞાન રહી જેઓ એ કાયદાઓનો ભંગ કરે છે તેઓ શરીરે દુઃખી થાય છે અને ખરાબ ઓલાદ પેદા

કરી પોતે અને બીજાઓને દુઃખી કરે છે તે આપણે બરાબર જાણ્યું છે. આ ખરાબ અને ભયંકર પરીણામ આવવાનું કારણ શું? ફકત એ વિષયનું અજ્ઞાનપણું. જો મનુષ્ય જાતમાં આ પ્રકારનાં જ્ઞાનનો પુરતો ફેલાવો કરવામાં આવે અને ભવિષ્યના માબાપને દરેક રીતની જોખમદારી પુરતી રીતે સમજાવવામાં આવે તો મનુષ્ય જાતને કેટલો ફાયદો થાય?

ભવિષ્યનાં માબાપો! તમને આ પુસ્તક મારફતે એ વિષયનું બન્યું છે એટલું જ્ઞાન આપવામાં આવ્યું છે. તમે એ કુદરતનો એક મહાન ભેદ જાણ્યો છે, જે મનુષ્ય જાતની બેહેતરી અને ઉન્નતીને માટે શ્રેષ્ટ છે. દાખલા દલીલ સાથે જાણ્યું છે કે ચોરો, લુચ્ચા, ખુની, કદરૂપ, હવસી, અક્કલ વગરના જીવડાઓ તેમજ તેનાથી ઉલટાજ પ્રકારના મહાન નરો કેમ પેદા થાય છે. મરજી પ્રમાણેનાં બાળકો પેદા કરવાની શકિત તમે ધરાવી શકો છો. દાખલા દલીલો સાથનું એ વિષયનું જ્ઞાન તમે મેળવ્યું છે. તમારી મોટી ફરજ અદા કરવાનું કામ તમારાં અંતઃકરણને સોંપીશું. મનુષ્ય જાતની બેહેતરી અને ઉન્નતીને માટે બચ્ચાંની ઉત્પત્તિ શિવાય કયો સવાલ વધારે અગત્યનો છે?

કેટલાંકો કેળવણી ઉપર વધુ ધ્યાન આપે છે, પણ જો બચ્ચાં દુર્ગુણી અને અક્કલ વિનાનાં પેદા કરવામાં આવે તો પછી કેળવણી શું કરી શકે? મનુષ્ય જાતની ચાલચલણનો ખાસ અભ્યાસી ડાકટર બર્નાડ હોલેંડર જણાવે છે કે "The fundamental character, dispositions of an individual may be inherited as much as are his physical and intellectual qualities. All education and experience can do is to teach the individual to control his actual inclination, do we not find sometimes that all the training fails in curbing the natural inclinations." "જે પ્રમાણે શારીરીક અને બુદ્ધિ-બળના ગુણો બચ્ચાંમાં માબાપથી ઓલાદમાં ઉતરે છે તેજ પ્રમાણે એક માણસની મુખ્ય ચાલચલણ અને સ્વભાવો પણ વારસામાં મળે છે. કેળવણી અને અનુભવ તેને પોતાના સ્વભાવ અને મનની વળણને અંકુશમાં રાખતાં શિખવે છે. કેટલીક વખત માલમ પડતું નથી કે મનની જાતી વળણને અંકુશમાં રાખવાને સઘળી કેળવણી વ્યર્થ જાય છે?"

માટે જો છોકરાને બુદ્ધિમાન અને સદગુણી જોવા ચાહતાં હોવો તો બચ્ચાંનું બીજ ઉત્પન્ન થાય તે વખતે અને બચ્ચાંના બંધારણની વખતે

સંભાળ રાખવાની છે. તે વખતે મનની જેવી સદગુણી યા બુદ્ધિમાન સ્થિતિ હશે, તેવાં બચ્ચાં પેદા થશે. પણ દુર્ગુણથી બીજ ઉત્પન્ન કરી પાછળથી કેળવણીથી સદગુણી બનાવવાની કોશિષ કરશો તો બહુજ મુશ્કેલી ખમવી પડશે અને તેનું પરીણામ મનમાનતું આવશે નહીં, માટે બચ્ચાંના સદગુણ બચ્ચાનું બુદ્ધિબળ, બચ્ચાંની ખુબસુરતી અને તનદરોસ્તી સઘળું બચ્ચાં પેદા કરતી વખતની માબાપની મનની સ્થિતિ પર આધાર રાખે છે. ત્યારે છેવટે જાણવાનું એજ છે કે જ્યારે બચ્ચાંને પેદા કરો તે વખતે તમારૂં મન ઉચ્ચ સ્થિતિમાં રાખજો. માણુસાઇ સ્વભાવ માણુસમાં ક્યારે પ્રગટી નિકળે કે જ્યારે તેનું મન ઉંચ સ્થિતિમાં હોય. આપણે ઇશ્વરની સર્વ પેદાશમાં શ્રેષ્ઠ છીયે, કારણ આપણે ઉંચી મનશકિત ધરાવ્યે છીયે. મનની બળવાન અસરથી આ પૃથ્વી પરના પત્થર અને માટીને વાપરી સુંદર ઇમારતોથી અને બાગ બગીચાથી રળીયામણી બનાવી શકયા છીયે, મહાન શોધો કીધી છે, પૃથ્વીપરની નાનામાં નાની રજકણની અંદર શું થાય છે તે જાણવાને શકિતવાન થયા છીયે, એટલુંજ નહિ પણ હજારો બલકે લખો માઇલો પર આવેલા તારા અને સેતારા વિષે પણ જાણી શકયા છીયે.

બળવાન મનશકિતનો આ પ્રમાણે ઉપયોગ કરવાથી આપણે માણુસ તરીકેનો ઉંચો દરજ્જો ભોગવી શકયે છીયે એ મનશકિતનો ખરાબ ઉપયોગ કરવાથી માણુસમાં સેતાનના જેવી શકિત પ્રગટી નિકળે છે અને પોતે દુ:ખી દરદી થવા સાથે બીજાંને પણ દુ:ખ દે છે. ખરાબ મનશકિત શરીરમાં જુદા જુદા પ્રકારના ઝેરો કેમ ઉત્પન્ન કરે છે અને તેનાથી દુ:ખ દરદો કેમ ઉત્પન્ન થાય છે તેમજ સારી મનશકિત વાપરવાથી દુ:ખ દરદો કેમ સાજાં થાય છે તે "**ગુપ્ત મન શકિતની મહાન શોધો**" નામનાં મારાં પુસ્તકમાં ખુલાસાવાર જણાવ્યું છે. ખરાબ મનશકિત માબાપનાં શરીરને દુ:ખી દરદી બનાવે છે એટલુંજ નહિ પણ ખરાબ મનશકિતથી બચ્ચાંને પેદા કરવામાં આવે છે તો તે બચ્ચાંને દુ:ખી, દરદી, કમનસીબ અને બદસુરત બનાવે છે. હમેલની વખતે માના ગમગીન રહે છે તો બચ્ચાંનું માથું મોટું થાય અને તેમાં પાણી ભરાય છે જેથી બાળક અકલ વગરનું જન્મે છે. કિના, કપટ, ગુસ્સાથી, બાળક બદસુરત બને છે, નાક, કાન, મોટા થઇ જાય છે, તેજ પ્રમાણે ઉંચ મનશકિતનો ઉપયોગ કર્યા વગર હવસથી બાળક પેદા કરવામાં આવે છે, તો તે જાનવરી ખવાસનાં પેદા થાય છે.

કુદરતે આપણને મનશકિતની ઉમદા બક્ષિશ કીધી છે અને સંસારના કાર્યમાં મન પર કાબુ રાખતાં શિખવે છે. જ્યારે પણ આપણે મનનો સારો

ઉપયોગ કરતા નથી અને તે પર કાબુ રાખતા નથી ત્યારેજ તરેહવાર શિક્ષા ખમવી પડે છે, શરીર દુ:ખી દરદી થઇ જાય છે તેનાં દુ:ખ ખમવાં પડે છે, અને વળી બાળકો દુ:ખી દરદી પેદા થાય છે, ત્યારે તેઓનાં પણ દુ:ખ વેઠવાં પડે છે. જો ભરથાર અને ધણિયાણી એકમેક તરફ પ્યારથી વર્તતાં નથી અને વારંવાર કજીયો કંકાસ કરે છે તો બાળક બદસુરત અને ખરાબ સ્વભાવનાં જન્મે છે, એ રીતે તેઓને શિક્ષા ખમવી પડે છે.

આ પુસ્તકમાં જે શોધો જણાવવામાં આવી છે તે આપણને એજ મહાન શિક્ષણ આપે છે કે તમારે ઉત્તમ બાળક પેદા કરવાં હોય તો તમારી પરણેલી જીંદગીમાં તમારાં મનપર કાબુ રાખો, મનને પવિત્ર રાખો, હૈયું ઉભરાઇ જતું હોય એવા પ્યારથી એકમેક સાથે વર્તો, કિના, કપટ, કજિયો કંકાસ, હવસ, બદસુરત દેખાવ વિગેરેથી મનને અપવિત્ર બનાવી બાળકનું બીજ ઉત્પન્ન કરશો નહિ, નહિ તો ખરાબ બાળકોથી મોટી શિક્ષા ખમવી પડશે. પણ મહાન નરોના મહાન કાર્યોના હેવાલો વાંચી, મનને ઉંચી સ્થિતિમાં લાવી, ઉત્તમ પ્રકારની પવિત્રાઇ રાખી મનને પવિત્ર બનાવી અને 'માણસ જાત ઇશ્વરનું સ્વરૂપ છે' એ સદા ધ્યાનમાં રાખી એ સ્વરૂપની ખુબસુરતી કેવી જોઇએ તે મનમાં કલ્પી, ખુબસુરત બાળકો તેમજ પુરૂષોનાં ચિત્રો પર અવલોકન કરી, મનને ખુબસુરત બનાવી, મીનોઇ પ્યારના આનંદથી એકમેકના આત્મામાં આમેજ થઇ જઇ, શરીરની દરેક રગેરગને આત્મીક પ્યારથી આનંદી બનાવી તેના ઉત્તમ તેજથી બીજ ઉત્પન્ન કરી, તે બીજને માતાએ નવ મહિના આગળાં પાણાંઓમાં સુચવેલી રીતોથી બાળકનાં શરીરનું બંધારણ ખુબસુરત કરી, ઉત્તમ મનશકિત બાળકમાં ઉત્પન્ન કરી, બાળકને પેદા કરવામાં આવશે, તો ખરેખર તે બાળક ગોયા 'ઇશ્વરના સ્વરૂપ' ના ઇલકાબ અને મોભાને લાયકનું પેદા થશે અને આવાં બાળકો ઉત્પન્ન કરનાર માતા-પિતા ઇશ્વરના સર્વથી મોટા આશિષ મેળવવાને નસીબવંત થશે.


જ્યારે એક મહાન નર પેદા થાય છે ત્યારે તે એકલો નર કરોડો માણસનાં નસીબો ફેરવી નાખી કેવો ઉપયોગી થઇ પડે છે ? એક ગ્લેડસ્ટન જેવા, એક હિંદના દાદા દાદાભાઇ નવરોજી જેવા મહાન નરો કરોડો માણસોની કેટલી સેવા બજાવે છે અને સુખ આપે છે ! આપણા મહાન નરો થાય છે તે માબાપની ચોકસ વખતની મનની સ્થિતિને આભારી છે. કેવી રીતે મહાન નરો પેદા કરવા એ વિષે જાણવા પછી તમારી ખાસ

ફરજ છે કે ભવિષ્યની બેહેતરી માટે, તમારાં પોતાનાં સુખ માટે, તમારા દેશ અને ધર્મનાં કલ્યાણ માટે ઉત્તમ બાળકો પેદા કરવાં. ભવિષ્યની ઓલાદનો આ અગત્યનો સવાલ છે. ભવિષ્યની ઓલાદની બેહતરી કરવી તમારાં હાથમાં છે, તેને ઉત્તમ બનાવવાનું પુરતું જ્ઞાન તમોએ મેળવ્યું છે, અને જ્યારે તમો એ જ્ઞાનનો પુરતો ઉપયોગ કરશો, જ્યારે એ જ્ઞાનનો પુરતો ફેલાવો કરશો, ત્યારે આપણામાંથી દુર્ગુણી, દુ:ખી, દરદી, કદરૂપા જીવ જે માણસ જાતના મોભાને ડાઘ લગાડે છે, તે જીવ પેદા થતા અટકશે, ત્યારેજ માણસ જાતમાં જે ઇશ્વરી સ્વરૂપ છુપું છે તે પુર રોશનીમાં પ્રગટી નિકળશે, ત્યારેજ એ સ્વરૂપમાં છુપાયલી ઉત્તમ ખુબસુરતી માલમ પડશે, ત્યારેજ ઉત્તમ સદગુણી જીવ એકમેક તરફના પ્યારથી આનંદમાં રહેશે, ત્યારેજ તે જમાનો કે જેને માટે કવિઓ, ફીલસુફો અને પેગમબરો અગાહી કરી ગયા છે તે જમાનો જેમાં માણસ ઉત્તમ સદગુણો, ઉત્તમ પ્યાર, ઉત્તમ ખુબસુરતીવાળા પેદા થશે, તે સોનેરી જમાનામાં ઉતાવળે આવી પહોંચીશું. આવો જમાનો લાવવા માટે આખી કુદરત પોતાનું ચાલુ કાર્ય કરે છે, અને તેજ જમાનો જલદી લાવવા આપણે પેદા થયા છીએ. જેઓ એ જમાનો જલદી લાવવાની પોતાના અંત:કરણથી કોશિષ કરે છે, તેઓ કુદરતના આશિષ મેળવે છે, અને જેઓ પોતાના દુર્ગુણથી એ સોનેરી જમાનાને પોતાનો જલદી રસ્તો લેવામાં અટકાવ નાખે છે તેઓ ભારી શિક્ષા ખમે છે અને દુ:ખી થાય છે, માટે કુદરતની આ ઉમદા નેમમાં હળી મળી કાર્ય કરી તમારી મહાન ફરજ બજાવી, તમારો તેમાં લાયક હિસ્સો આપી, કુદરતના સર્વથી ઉમદા આશિષ મેળવવાને તમો સામર્થવાન થાવો ! આમીન !

હવે પછીના પાણાંઓમાં માનવીની શરીર રચનાનાં, અને અંતર અવયવોનાં ચિત્રો આપ્યાં છે, તે ઉપરથી આપણાં શરીરની અજાયબ રચનાનો કાંઇક ખ્યાલ આવશે. તેમજ સ્ત્રીઓના ગુહ્ય-ભાગો માટે સેહેલો ઉપાય દર્શાવનારૂં ચિત્ર બાનુ-વાંચકોને માટે ઉપયોગી થઇ પડશે. વળી ટાઇટ કૉરસેટ અને લેસીંગ તેમજ સાંકડાં બુટના વપરાસથી શારીરીક તનદરોસ્તી જોખમમાં આવી પડે છે તે દેખાડવા જે ચિત્રો આપ્યાં છે તે પણ ધ્યાન પુગાડવાજોગ છે.

મહાન નરોનાં ચિત્રો જોવાની આગળાં પાણાંઓમાં જે જલામણ કાધી છે, તે માટે દુન્યાના મહાન નરોની તસ્વીર તેમનાં ટુંક જન્મવૃતાંત સાથે આપી છે, જે ભવિષ્યનાં મા-બાપને મનન કરવા સગવડરૂપ થઇ પડશે.

માનવીની શરીર રચના.



Human Skeleton.

હાડપિંજર.



The Muscles.


સ્નાયુ રચના.

હાડપિંજર—હાડકાંની કુદરતી અજાયબ રચનાથી શરીરને આકાર, દ્રઢતા અને ચલનશક્તિ મળે છે. શરીરના બીજા વિભાગો તેને વળગી રહ્યાથી તેને જોઇએ તેવી ગતી મળે છે અને તેની મદદથીજ શારીરીક અને વ્યવહારીક દરેક કાર્ય થાય છે.

સ્નાયુ—હાડપિંજર એ એક ચોકઠું છે અને તેની ઉપર આવેલા સ્નાયુઓ વડે શરીરનું દરેક પ્રમાણે ચલન-વળણ થઈ શકે છે. એ માંસના લોચાઓ જેવો ઉપયોગ તેવા અનેક આકારના હોય છે. વળી એના બે વિભાગ હોય છે. એક વિભાગ મનુષ્ય માત્રની ઇચ્છાને અનુસરી કામ કરે છે જ્યારે બીજા વિભાગની ગતીનો આધાર મનુષ્ય ઇચ્છાને આધીન નથી.

આ બાબદ માટે ઘણી રસીલી હકીકત જાણવી હોય તો એક પારસી બાનુએ લખેલી ઉપયોગી ચોપડી વાંચવાની ભલામણ કર્યે છીયે, જેનું નામ "આદમીની શરીર રચના" યાને માણસીક શરીરની બનાવટ કરી છે.


છાતીના અને પેટના અંતર–અવયવો.




મનુષ્ય માત્રનું શરીરનું સાંચાકામ કુદરતની એક મહાન અજાયબી છે. આ અપુર્વ સાંચાકામને સામાન્ય ભાસ આપવા ઉપલું ચિત્ર આપ્યું છે.

A·હૃદય Heart; B B ફેફસાં–Lungs; C ડાયાફ્રામ. છાતી અને પેટની વચ્ચેનો એક પરદો; Diaphragm; D કલેજું–Liver; E પિત્તો-પિત્તાશય Gall Bladder; F હોજરી, Stomach; G નાનાં આંતરડાં–Coils of small intestines; H. મોટાં આંતરડાનો એક વિભાગ.–Transverse part of large intestines.

ગર્ભસ્થાન પોતાની જગ્યા ઉપરથી ખસી જાય તેને કુદરતી ઉપાયોથી ઠેકાણે લાવવાની સેહેલી યુક્તિ.



ઉપલાં ચિત્રમાં ગર્ભસ્થાન વાંકું થયલું છે.




☞ જુવો પાનું ૧૪૮.


રોજ પોતાના ગુહ્ય ભાગો ઉંઘાડી અંદર પવન જાય તે પ્રમાણે પગ પહોળા કરવા; પછી આંગળીએ ગર્ભસ્થાનને જરા તેને ઠેકાણે લાવવા કોશેશ કરી સેહેજ દબાણ આપવું અને તેની યોગ્ય જગ્યાએ તે ભાગ આવેલો સમજાય કે ઉપલાં ચિત્રમાં દેખાડ્યા પ્રમાણે ગુંઠણ ઉપર પગ રાખી ઉંધું સુવું. આ પ્રમાણે રોજ રાત્રે સુતી વેળા અરધો કલાક ફક્ત થોડા દિવસ મહેનત લેવાથી ગર્ભસ્થાન પોતાની જગ્યાએ રહેશે. સાથે બીજી કાંઇ બીમારી યા ચાલુ નબળાઇ હોય તો તેના ઉપાયો કરવા અગત્યના છે.

એક નાજુક કમ્મર.

કોરસેટ યા ટાઇટ-લેસીંગથી
શરીરનાં હાડકાં અને સાંચાકામની થતી ખરાબી.



હાડકાંની કુદરતી સ્થિતિ.
કુદરતે રચેલી ખુબસુરત
ગોઠવણ.




તાઇત પતા, કૉરસૅટ
વિગેરે ફૅશનની ફિશ્યારીથી
હાડકાં કેમ વળી જાય છે?


તાઇટ લેસીંગ, પતા, કૉરસૅટ એ પશ્ચિમ તરફના જે જે શ્રાપ આપણે હાથે દાખલ કીધા છે તેમાંનો એક શ્રાપ છે, અને કુદરતે બક્ષેલાં સુંદર શરીરને નાહાનિયત ભરેલા આ ધખારાથી કેટલું નુકશાન થાય છે તે ઉપલાં ચિત્રમાંથી સ્પષ્ટ સમજાશે. પરમાત્માએ જે ગોઠવણથી શરીર-રચના બનાવેલી તેને માનવી પોતાની કમસમજ મૂર્ખાઈથી કેમ બગાડે છે તેનો ખ્યાલ ઉપલાં તેમજ હવે પછીનાં ચિત્રો આપશે.

☞ જુવો પાનું ૭૯.

નાજુક કમ્મર કરતાં અવયવોને થતું નુકસાન.



અવયવોની કુદરતી સ્થિતિ.




ટાઇટ લેસીંગ પછીની હાલત.

શરીર રચનામાં મહાન અક્કલ કુદરતે વાપરી છે છતાં મનુષ્યજાત ચાલુ ફેશનની ખોટી ફિસ્યારીને આધીન થઇ કુદરતનાં મહાન કાર્યને પોતાને હાથે જાણી જોઇને કેટલું નુકશાન કરે છે તે ઉપલાં ચાર ચિત્રો ઉપરથી ઘણી સારી રીતે સમજી શકાશે. ચાલુ તાઇટ પતા અને કૉરસેટ જેવા અકુદરતી અને હાનીકારક પોષાકથી શરીરના અવયવોને બેહદ રીતે સંકોચી નાખવાથી તે પોતાનું કાર્ય બરાબર રીતે કરી શકે નહીં, અને બદહજમી, છાતીના બગાડ, ફેફસાંની નબળાઇ તેમજ ગુહ્ય ભાગોની ચાલુ અડચણો આ હાની-કારક ટેવથી થાય છે, માટે જો તબીયત બગાડવી નહીં હોય અને તંદુરોસ્ત બાળકનો જન્મ આપવો હોય તો કોઇપણ રીતનાં તંગ પટા યા કૉરસેટનો વપરાસ દરેક બાનુઓએ કદી પણ કરવો નહીં.

☞ જુવો પાનું ૭૯.

સાંકડા બુટ અને તેથી થતી ખરાબી.



૩ ૨ ૧

ઉપલાં ચિત્રમાં નાં. ૧ તે કુદરતી પગ અને તેમાં પહેરેલું સૅન્સીબલ બુટ છે. આ પ્રકારનાં આકારનાંજ બુટ–શુઝ પહેરવાથી આખો દિવસ લોહીની ગતી કુદરતી રહે છે અને વિના કારણનું કશું દબાણ લોહીની નેસો ઉપર થતું નથી, પણ ફૅશનના ફાંટાને નમી જનારો વર્ગ જો સાંકડાં બુટ પહેરે છે તો નાં. ૩ માં દેખાડયા મુજબ આંગળાંઓ આખો વખત કચડાયલી–ભચડાયલી હાલતમાં રહેવાથી તે લોહીની ગતીમાં ઘણી નુકસાંનકારક અસર પેદા કરે છે, એટલાં સુધી કે આંખનાં રતનને તે ઇજા પહોંચાડવા ઉપરાંત આખ્ખાં શરીરમાં બગાડાનાં બીજ નાંખે છે, માટે ચાહુ શરીર-સુખાકારીની ઇચ્છા રાખનાર કોઇએ પણ તંગ બુટ યા જોડા પહેરવા ઘણુંજ નુકસાનકારક છે.

મહાન નરો.

તેઓનાં ચિત્ર અને ચારીત્રની અગત્યજોગ નોંધ.

આ પુસ્તકનાં પ્રકરણ આંકમાં ૮૬–૮૭ પૃષ્ટ ઉપર મહાન નરોની દગીના હેવાલ વાંચવાની અને મહા નરોનાં ચિત્રો ઉપર મનન કરવાની સુચના આપી છે તેમાં વાંચકને મદદ મળે કરી આ વધારાનાં પ્રકરણમાં યામાં થઇ ગયલા કેટલાક નામાંકીત નરો, જેઓ પોતાની કોમની–બલ્કે ખી દુન્યાની એક યા બીજી રીતે પોતાનાં ઉપયોગી કાર્યોથી અગત્યની ા બજાવી ગયા છે તેવા કીર્તીવંત–પોતાની માતાની કુખને શોભાવનાર તેોનાં જન્મ–ચરિત્રની ચિત્રો સહિત ટુંક નોંધ આપી છે.

સંજોગો યારી આપતાં કોઇ પણ માણસ મોટા ઓખ્ધા ઉપર આવે ં કાંઇ વખાણ કરવા જેવું નથી. ગ્લેડસટન–દાદાભાઇ નવરોજી– ફીરોજ- , મેહેતા–પહેલા બારોનેટ નામદાર સર જમશેદજી જીજીભાઇ–જમશેદજી ા સર્વે ગજવે ગરીબ હતા. ગરીબ મા-બાપને પેટે જન્મ લઇ, અનેક ાબતો વચ્ચે કેળવણી પ્રાપ્ત કરી પોતાની **જાત–મેહેનત, જાતી બા- શી, પુખ્ત અભ્યાસ અને જીવ-તોડ કોશેશોથીજ** મહાન પદ પામી ાનું–પોતાના કુટુંબનું–પોતાની કોમનું–પોતાના દેશનું અને કાંઇક અંશે યાનું કલ્યાણ કરવા શકિતવાન થયા હતા. જીંદગીના આ વૃત્તાંતો જે ય પાઠ શિખવે છે તે જાત-મહેનતનોજ છે. નસીબ ઉપર આધાર રાખવો મુર્ખાઇ છે. નસીબને તેનું કામ કરવા દઇ, બને એટલો પ્રમાણીક શ્રમ દરેક ઇન્સાને જાત-મહેનત કરવાથી માંગો તેવું ફળ નિપજાવી શકાય ો સાબેતીઓ મહાન નરોની જીંદગીના વૃતાંતો આપે છે અને વાંચકવર્ગ ંથી જોઇતો ધડો લેશે તો લેખકની મહેનત સફળ થશે.

વીલ્યમ ઇવર્ટ ગ્લૅડસ્ટન. ૧૮૦૯–૧૮૯૮.

આ વિદ્વાન અને ધાર્મીક મહાન રાજદ્વારી નરનો જન્મ, ૨૯મી ડીસેમ્બર ૧૮૦૯ ને શુભ દિવસે લીવરપુલમાં થયો હતો. એણે ઇટન અને ઑક્ષફર્ડની પાઠશાળામાં અભ્યાસ કીધો હતો, જ્યાં પણ એની કારકીર્દી ઘણી ફતેહમંદ હતી. પચ્ચીસ વર્ષની ઉમ્મરે (૧૮૩૪)માં પાર્લામેંટમાં દાખલ થતાં પોતાની કીર્તિ સ્થાપી અને જુન્યર લોર્ડ ઓફ ટ્રેઝરીનો ઓધ્ધો ભોગવી, ૧૮૩૫માં સંસ્થાનોના અંદર-સેક્રેટરીના ઓહ્દા ઉપર આ ભવિષ્યના મહાન રાજદ્વારીએ કામ કરવા માંડ્યું, અને ત્યારથી પાર્લામેંટમાં ઘણી વજનદાર જગ્યા એ રાજદ્વારીએ રોકી. ચાર વખત ઇંગ્લાંડના વડા પ્રધાનની જગ્યા ઉપર એની નેમણુંક થઇ અને દરેક વેળાએ એનાં બહોળાં જ્ઞાન, વાંચણ, તર્કશક્તિ અને અનુભવથી દરેક સવાલો ઉપર જે ગરમાગરમ વાદવિવાદ થતો તેમાં પોતાનાં તેજ બુદ્ધિ-બળથી આ મહાન પુરૂષ ઘણી અસર ઉપજાવી શકતો. એની કાર્ય-બુદ્ધિથી એની લાંબી તેમજ અગત્યની કારકીર્દીમાં ઘણા અગત્યના ઇતીહાસીક ફેરફારો કરનારાં બીલો પાસ થયાં છે, જેમાં એક અથંગ રાજદ્વારી તેમજ ધર્મીષ્ટ વિચારોના પ્રમાણીક નર તરીકે ઇંગ્લાંડ તેમજ યુરોપમાં એની ઘણી નામના થઇ છે. એની કારકીર્દી માટે લખતાં એક લખનાર લખે છે "His life was greatly absorbed in working the institutions of his country." "એની આખી જીંદગી પોતાના દેશની સંસ્થાઓનાં કાર્યમાંજ વપરાઇ હતી" આ મહાન નર એક રાજદ્વારી ઉપરાંત ખરો ધર્મી નર હતો. રાજદ્વારી ચળવળ બાદ એનો મુખ્ય અભ્યાસ એનો પવિત્ર ધર્મ હતો. પોતાના ખ્રિસ્તી ધર્મનો એ એક મહાન અભ્યાસી હતો. દુન્યામાં જે મહાન રાજદ્વારીઓ થઇ ગયા છે તેમાં આ પ્રમાણે ધર્મીષ્ટ વિચારો સાથે પવિત્ર જીંદગી ગુજારનાર ગ્લૅડસ્ટન સમાન કોઇ થઇ ગયલા આજ સુધી જણાયા નથી કે જેઓએ રાજ્ય–પ્રકરણનો અથંગ અભ્યાસ ભેગો પોતાના ધર્મનો પણ સંપૂર્ણ અભ્યાસ કીધો હોય. એની યશસ્વી જીંદગીમાં જે સર્વથી ધ્યાન ખેંચનારી બાબદ છે તે એજ કે રાજદ્વારી પ્રકરણમાં દુનિયાના સર્વ ભાગમાં છળ–કપટ–દગો–જુઠાણું દુનિયાની શરૂઆતથી તે આજ સુધી ભેળાયલું રહ્યું છે, જ્યારે આ ધર્મી નર પોતાના દરેક વિચારો અને રહેણી–કહેણીમાં ધર્મી હોવાથી રાજદ્વારી બાબદમાં પણ ધર્મી રીતે વર્તી, પોતાના બાંધેલા વિચારોને પ્રમાણીક રીતેજ અમલમાં મુકી એક કીર્તીવંત જીંદગી ધર્મીષ્ટ રીતે ગુજારી ગયો. એની

એક મહાન રાજદ્વારી.

સાદી પણ ઉદયોગી જીંદગી ગુજરનાર
ઇંગ્લાંડનો વડો પ્રધાન.





રાઇટ ઑનરેબલ મી૦ વીલ્યમ ઇવર્ટ ગ્લાડસ્ટન.

જીંદગીનું વૃત્તાંત લખનાર વાઇકાઉન્ટ જૉન મોરલી લખે છે કે "Mr. Gladstone cared as much for the church as he cared for the state; he thought of the chuch as the soul of the state; he believed the attainment by the magistrate of the ends of government to depend upon religion; and he was sure that the strength of a state corresponds to the religious strength and soundness of the community." "મી० ગ્લૅડસ્ટન જેટલી રાજ્ય કારોબાર માટે ચિન્તા રાખતો તેટલીજ પોતાના ધર્મ માટે રાખતો; તે ધર્મને રાજ્યના આત્મા સમાન ગણતો; રાજ્ય-પ્રકરણના અમલ કરનારની સૈવટની ધારણા ફળદાયક થાય તે માટે ધર્મ ઉપરજ આધાર બાંધતો અને ખાત્રીપૂર્વક રીતે માનતો કે રાજ્યની મજબુતી પ્રજા-વર્ગની ધર્મી લાગણીનાં જોર અને મજબુતાઇ ઉપરજ સરખાવી શકાય" લૉર્ડ સૅાલ્સબરી, જે મી० ગ્લૅડસ્ટનનો હરીફ પક્ષનો વડો હતો તે મી० ગ્લૅડસ્ટન માટે કહેતો કે તે "a great Christian" "એક મહાન ખ્રિસ્તી" હતો અને એ નાનાં વાક્યમાં આ પવિત્ર-આત્મા માટે સર્વ સમાઇ જાય છે. પોતાના ધર્મનાં પવિત્ર ફરમાનોને પોતે ખાનગી જીંદગીમાં માન આપીનેજ નહીં રહેતાં પોતાની મહાન પ્રજા-ઉપયોગી કારકીર્દીમાં બજાવેલાં દરેક મહાન કાર્યોમાં આ પવિત્ર વિચારો મુજબજ પોતાના આચાર-વિચારોનો અમલ કરતો તેમજ કરાવતો હતો. બ્રીટીશ રાજ્ય-સત્તાની ચાવી હાથમાં રાખી કાર્ય કરનાર અનેક રાજ્ય-દ્વારીઓ થઇ ગયા છે પણ મી० ગ્લૅડસ્ટનની માફક ચપળ બુદ્ધિબળ, હદબાહેર કાર્ય-શક્તિ અને દરેક કાર્યોમાં પવિત્ર અને ધર્મી વિચારો સાથની લાંબી કારકીર્દી ભોગવનાર એનો જોડયો કોઇ થયો નથી. "He was the chief force, propelling, restraining, guiding his country at many decisive moments." "પોતાના દેશની ઘણી ચીંતાતુર પરીણામ લાવે એવી પળોમાં આ (ગ્લૅડસ્ટનજ) એક મુખ્ય શક્તિ હતી, કે જે પોતાના દેશનાં વહાણને દોરવવા—કબજામાં રાખવા—અને સારો રસ્તો બતાવવામાં મુખ્ય કામે લાગતી". આ મહાન નરનો ચેહેરો બારીકીથી આ સાથે આપેલા ચિત્રમાં તપાસતાં મહાન બુદ્ધિ-બળ, પવિત્ર વિચારો, મજબુત મન-શક્તિ, ઉદ્યોગ, પવિત્રાઇ અને સાફ અંતઃકરણની ખુલ્લી નિશાનીઓ આ મનન કરવા લાયક ચેહેરામાં માલમ પડશે. એવા મહાન નરની જીંદગીનો સંપુર્ણ વૃત્તાંત, અભ્યાસની રીતીએ વાંચવા જેની ઇચ્છા હોય તેણે

"Life of Gladstone" by John Morley નાં ત્રણ વાલ્યુમનો અભ્યાસ કરવો જેથી આ મહાન નર જેને માટે ઇંગ્લીશમેન નહીં એવા એક યુરોપના રાજદ્વારીએ એનાં મરણ પછી લખ્યું હતું કે "On the day that Mr. Gladstone died, the world has lost its greatest citizen" "મી૰ ગ્લૅડસ્ટન જે દિવસે મરણ પામ્યા તે દિવસે આખી દુન્યાએ પોતાનો એક મહાન શેહેરી ગુમાવ્યો છે" તેવા મહાન નરની કારકીર્દી માટે મનન કરી અનુકરણ કરવા જોગ અનેક બાબદનો અભ્યાસ કરી શકાશે.

મુખસામુદ્રિક શાસ્ત્ર (Physiognomy) અને મસ્તક વિદ્યા (Phrenology) પ્રમાણે વીલ્યમ ઇવર્ટ ગ્લેડસ્ટનના સ્વભાવ, લક્ષણો અને ચારિત્ર્ય વિગેરેની ટુંકી નોંધ:—

આ પુરૂષનો આખો ચેહરો, અનેક રમ્ય-મધુર તેમજ અડગ અને ઊગ્ર ધાર્મિક વૃત્તિઓનો પ્રબળ પુરાવો આપે છે.

મસ્તક અને કપાળ—તેનું ઉપરના ભાગમાં મધ્યમાંથી ઉંચું મસ્તક તેની અંદરની ધાર્મિક લાગણી–ઇશ્વર પરની શ્રદ્ધા, ધર્મપરનો વિશ્વાસ, પ્રાચીન ધાર્મિક વિષયો તરફ પુજ્ય-બુધ્ધિ અને પ્રબળ આત્મનિષ્ટા દર્શાવે છે. જ્યારે આગળનું કપાળ, તેની ચપળ બુધ્ધિ શકિતઓ દર્શાવે છે.

નયનો અને ભ્રમર—આંખો વિશાળ, ખુલ્લી અને બુધ્ધિશાળી ભાવ દર્શક છે. તેમજ અવલોકન શકિતની પ્રબળતા દર્શાવવા સાથે સર્વ પ્રકારના આર્ટીસ્ટીક શોખને દર્શાવનાર કમાનસમ વાંકી વળેલ ભ્રમરોયુકત છે,

નાસિકા—તેનું તળીયેથી મોટું તથા લાંબુ અને કપાળના મૂળ પાસેથીજ બરાબર શરૂ થતું ઉભું નાક, પ્રબળ કાર્યશકિત–સાહસ, ઉદ્યોગશકિત અને સ્પર્ધા તથા કરકસરીયાપણું અને પ્રબળ પૃથકકરણશકિત દર્શાવે છે. બન્ને આંખનો વિશાળ વિસ્તાર અને બહારના ખુણાઓની પહોળાઇ ગણીતશકિતની પ્રબળતા દર્શાવે છે.

ચીબુક (દાઢી)—લાંબી પહોળી અને ઉંચી છે. જે સ્નેહભાવ, દામ્પત્યસ્નેહ અને સ્ત્રી જાત તરફનો પ્રેમાળ સ્વભાવ તેમજ બાળકો તરફના પ્રેમ અને સુંદર પ્રકારના આરોગ્યયુકત જીવનને દર્શાવે છે.

મસ્તક—સામાન્ય રીતે બન્ને કાનો તરફ વધારે પહોળું હોવાથી–પ્રબળ દ્રવ્ય મેળવવાની ઇચ્છા–પ્રબળ ઉદ્યોગ શક્તિ–પ્રબળ સાવધતા, સ્પર્ધા અને કોઇ કોઇ વખતે ગુસ્સા તથા ભયની લાગણીથી વધારે ઉશ્કેરાઇ જવાની આદતવાળો સ્વભાવ દર્શાવે છે. છતાં ચહેરા પરની મધુર સાથે અડગ ગંભીરતા-વિચારશીલતા-કાર્ય તત્પરતા આદિ ભાવો-પ્રબળપણે અત્રે સ્પષ્ટ થાય છે.

ભવિષ્યની માતાઓ ! તમો એવા બેટાઓ પેદા કરજો કે જે પોતાની, પોતાના દેશની–પોતાના ધર્મની બાબતમાં, ગ્લૅડસ્ટન જેવી સેવા બજાવી તમારી કુખને શોભાવે ! આમીન !

હિન્દના દાદા.

મરહુમ દાદાભાઇ નવરોજી.

ગરીબ મા-બાપને પેટે અવતરી, પાંચ વરસની બાળ વયે પોતાના પિતાનું છત્ર ગુમાવી, એક દિલસોજ માવતરની ગોદમાં કાળજીથી ઉછરી, એક અપુર્વ કીર્તિવંત કારકીર્દી ભોગવી, પોતાની આખ્ખી જીંદગી પોતાના દેશનાં કલ્યાણ અર્થે ગુજારી, હિન્દ જેવા વિશાળ ખંડના બત્રીશ કરોડ વસ્તીના દાદા તરીકેનું પોતાની સેવાઓની એક બક્ષીશ તરીકેનું વાજબી અને ઘટતું માન મેળવી, હિન્દની બહોળી વસ્તીની ભીન્ન–ભીન્ન જાતોમાં દરેકનાં જીગરમાં પોતા માટે ચાહ અને પ્યાર ઉત્પન્ન કરી ગયલા આ મહાન નરની સાધુ જેવી સાદી પણ પળે પળ ઉપયોગી, ઉદ્યોગી અને દેશનાં કલ્યાણ માટે અર્પણ કરનારી જીંદગીની ટુંક કારકીર્દી દરેકને માટે જ્ઞાનના એક ખજાના સમાન છે.

સારાં હિન્દનો આ સાચ્ચો સેવક મુંબઇમાં માંડવી બંદર આગળ ખડક ઉપરનાં એક નાનાં ઘરમાં તા૦ ૪ થી સપ્ટેમ્બર ૧૮૨૫ ઇસવી, રોજ સાતમો, માહા બારમો, યજદેજર્દી સને ૧૧૯૪ ને વાર રવીને દીને જનમ્યો હતો. એમના પિતાજી મંબાર્‌ નવરોજજી પાલનજી દોરડી એક ગરીબ હાલતના અથોરનાન હતા અને એમને પાંચ વરસની ટુંક ઉમરના મુકી બહેસ્ત મુકામ પામ્યા હતા, ત્યાર બાદ એમનાં માયાળુ માતુશ્રી બાઇ માણેકબાઇએ હદ બાહેરની ગરીબાઇ છતા માયા અને કાળજીથી એમને ઉછારી, કેળવણી આપવાની પણ ઘણી કાળજી કરી હતી. આજે હિન્દ દેશ એ માણેકબાઇના મોટા ઉપકારંમાં રહેલો કહેવાય, કારણ કે એ માતાએ આ નર-રત્ન દાદાભાઇને કાળજીથી કેળવ્યો નહીં હતે, તો જે મહાન ઇતીહાસીક સેવાઓ દાદાભાઇ નવરોજી બજાવી ગયા છે તે બનવું મુશ્કેલ થઇ પડતે. ધન છે એવી માતાઓને કે જેઓ હદ-બાહેરની સખતાઇ અને ગરીબાઇ વચ્ચે પોતાનાં બાળકોને જતનથી ઉછારી કેળવણી આપી આવા સપુતોને ઉછેરે છે. આજે આખ્ખો દેશ આ માણેક-બાઇની યાદમાં કશું કરી શકયો નથી એ અફસોસકારક છે !

મર્હુંમ દાદાભાઇનાં લગન તે વેળાના પારસીઓમાં ચાલુ રહેલા રેવાજ મુજબ દસ વરસની કાચી ઉમ્મરે બાઇ ગુલબાઇ તે મી૦ સોરાબજી શરાફનાં બેટ્રી સાથે થયાં હતાં. લગનના કોલની પવિત્રાઇ માટે એમના વિચારો ઘણા

હીન્દના દાદા.



નેક હોવાથી પોતે જે બાનુ સાથે કદ-ખુદાઇ કીધી તેની તરફ મહુંમ દાદાભાઇ પોતાનાં મરણ તુલક સાચ્ચા નિવડયા હતા. એમની જીંદગીની શરૂઆતથી તે છેવટ સુધી આ બાનુ તરફ સંપુર્ણ પતિ-ભકિત દેખાડી, ઇગ્લાંડના રહેવાશ છતાં આ સાદાં બાનુ તરફ માયા દેખાડવામાં એઓ કદી પછાત પડયા નહીં હતા. ઇંગ્લાંડની ખુબસુરતીથી અંજાઇ પોતાના લગ્નના પવિત્ર કોલ તરફ બેપરવાઇ દેખાડી, દોલત, ઓધ્ધો યા આબરૂનો વધારો થતાં સાદા દેખાવની અને થોડું શિખેલી પોતાની પરણેતર તરફ જેઓ અભાવ દેખાડે છે તેઓ માટે આ મહાન નરની પોતાની પરણેતર તરફની સાચ્ચી વર્તણુક એક અગત્યનો ધડો શિખવે છે.

એમની કેળવણીની શરૂઆત એલફીનસ્ટન ઇન્સ્ટીટયુટમાં થઇ હતી. મહુંમ સાહિત્ય અને ગણીતમાં પહેલાંથીજ કુશળ હતા અને બન્ને બાબદમાં પોતાની સ્કુલ અને કૉલેજની જીંદગીમાં અનેક ઇનામો અને સ્કૉલરશીપ જીતી ગયા હતા. વળી મનની કેળવણી સાથે તનની કેળવણીની અગત્ય એઓ પિછાણુતા હતા, અને તે વખતની પારસીઓની માનીતી રમત "ગીલ્લી દાંડા" રમવામાં પણ એઓ ઘણા કુશળ ગણાતા હતા.

એમની બાહોશી અને કુદરતી ચંચળ ઝેહનથી 'બોર્ડ ઑફ એડયુકેશન'ના તે વેળાના પ્રમુખ સર અરસ્કીન પેરી ઉપર ઘણી ઉંડી અસર થઇ હતી, જેને પરીણામે આ ભલા યુરોપિયને પોતાના ગીરેથી એક સારી રકમ જુદી કહાડી, બીજા પારસી શેઠયાઓને બાકીના ખર્ચ માટે અરજ કીધી કે આવી ઉત્તમ મન-શકિતવાળા ઉછરતા જવાનને ઇંગ્લાંડ મોકલી બેરીસ્ટર કરવા, પણ તે એયામમાં ઇંગ્લાંડ ગયલા કેટલાક પારસી જુવાનો ખ્રીસ્તી ધર્મ તરફ વળણ દેખાડી ચુકેલા હોવાથી, શેઠ દાદાભાઇના શુભેચ્છકોને વેહેમ પડયો કે એઓ પણ ઇગ્લાંડ જઇ ખ્રીસ્તી થઇ જશે, કરી આ વિચાર અમલમાં મુકવાનો માંડી વાળવામાં આવ્યો. એ પછી એલફીસ્ટન ઇન્સ્ટીટયુટમાં એક શિક્ષક તરીકે જોડાયા અને ત્યાં પણ પોતાની બાહોશીની પુરવારી મળવાથી ત્યાંના પ્રોફેસર ઓરલીબારે એક વેળા કહ્યું કે "મી. દાદાભાઇ એક પ્રોમીસ ઑફ ઇન્ડીયા છે." અને તે આગાહી ભવિષ્યના બનાવોએ બોલે બોલ ખરી પાડી છે.

૧૮૪૮માં એજ કોલેજના વિદ્યાર્થીઓએ ઇંગ્રેજી તથા વિદ્યા-હુન્નરનાં જ્ઞાનના વધારા અર્થે "સ્ટુડંટસ લીટરરી ઍન્ડ સાયનટીફીક સોસાયટી" નામે એક મંડળ સ્થાપ્યું જેના કારોબારમાં ૧૮૫૫ સુધી પોતાનો

હિસ્સો આપતા રહ્યા. એજ મંડળ તરફથી તે વેળા પારસી સ્ત્રી-કેળવણીનો પાયો નંખાયો અને કોટ, ધોબીતલાવ અને બહારકોટ મળી ત્રણ સ્કુલો ઉઘાડવામાં આવી. જ્યાં સાત પારસી જવાનો સહવારે સાતથી દસ વાગ્યા સુધી મુફ્ત સેવા બજાવી આ કામ બજાવતા. તે બાદ એ મંડળીને મદદ મળવાથી તા. ૫મી જુલાઇ ૧૮૫૦ને દીનથી પગારદાર શિક્ષકો રોકી એ ત્રણે નિશાળોને આખ્ખો દિવસ કામ કરતી કરવામાં આવી.

મરહુમે એ સોસાયટી હસ્તક ૧૮૪૮ થી ૧૮૭૬ સુધી અનેક ઉપયોગી વિષયો ઉપર ઘણાં વિદ્વતાભર્યાં ભાષણો આપ્યાં હતાં. ત્યાર બાદ "જ્ઞાન પ્રસારક મંડળી"ની સ્થાપનામાં એઓએ મેહેનત લીધી, જે આજ સુધી પોતાનાં નામ મુજબ કામ બજાવતી રહી છે. તા૦ ૨૦ મી જાનેવારી ૧૮૫૧ને દીને એલફીન્સ્ટન કૉલેજમાં પ્રોફેસરના ઓધ્ધા ઉપર એમની નેમણુંક થઇ.

પારસીઓમાં અનેક જુદદીન રસમો અને વેહેમોની માન્યતા તે વેળા અફસોસકારક હદે જાયેજ હતી, જેને તોડવા "રાહનુમાય માજદયસ્નાન સભા" સ્થાપવામાં આવી તેમાં પણ આગેવાન ભાગ શેઠ દાદાભાઇએ લેવા સાથે અનેક વિદ્વતા ભર્યાં ભાષણો આપી કોમી સેવા બજાવી હતી.

૧૮૫૧ના અકટોબર માસમાં પારસી-મુસલમાન હુલ્લડનો કમનસીબ બનાવ બન્યો હતો તે વેળાએ બહારકોટવાસીઓ ઉપર પડતો જુલમ અટકાવવાને બીજા આગેવાનો ભેગો શેઠ દાદાભાઇએ પણ ઘણો આગેવાન ભાગ લીધો હતો.

"રાસ્ત-ગોફતાર" મર્હુમ શેઠ દાદાભાઇએ પહેલું મર્હુમ શેઠ ખુરશેદજી નોશેરવાનજી કામાજીની મદદથી બાહેર પાડયું હતું તેમજ ૧૮૫૨ માં કોટનું ધરમનું દવાખાનું સ્થાપવામાં શેઠ દાદાભાઇએ આગેવાની લીધી હતી.

ઉપલા બનાવો એ દેખાડે છે કે જ્યાં સુધી શેઠ દાદાભાઇનો મુંબાઇમાં વસવાટ હતો ત્યાં સુધી કોમને લગતી દરેક બાબદમાં એઓ પોતાનો હિસ્સો આપી ચુપચુપ મહેનત બજાવ્યા જતા હતા.

૧૮૫૫ની ૨૬ મી જુનને દિવસે એઓ કામાની કું૦ તરફથી વેપાર અર્થે પહેલા ઇંગ્લાંડ ગયા. લંડનમાં આ પહેલી પારસી પેહેડી હતી. જતાં વાર વેપારના કામમાં ભાગ લેવા સાથે એમની લંડન યુનીવરસીટી કૉલેજમાં ગુજરાતી ભાષામાં પ્રોફેસર તરીકે નેમણુંક થઇ હતી. ૧૮૫૮માં મુંબાઇ

એઓ પાછા ફરતાં વળી જાહેર બાબદોમાં આગેવાન ભાગ લેવાનો શરૂ કીધો અને ત્રણ માસ રહી પાછા ઇંગ્લાંડ ગયા અને ત્યાં લંડન અને લીવરપુલ મધે પોતાને નામે વેપાર કરવો શરૂ કીધો. ઇંગ્લાંડમાં પણ લોકોપયોગી, કોમ-ઉપયોગી અને દેશ-ઉપયોગી અનેક કાર્યો કરવામાં એઓએ કશી પણ કચાશ રાખી નહીં. યુરોપનું જરથોસ્તીઓનું ધર્મનું ફંડ ૧૮૬૧માં એમનીજ આગેવાની હેઠળ સ્થાપન થયું. ૧૮૬૩માં મુંબાઇ પાછા ફરતાં ત્યાંની દરેક જાહેર હિલચાલના એઓ આગેવાન તરીકે કામ કરતા રહયા. એજ સાલમાં યુનીવરસીટીના ફેલો તરીકે સરકારે એમની નેમણુંક કરી માન આપ્યું હતું. ૧૮૬૪માં માર્ચ મહિનામાં ઇંગ્લાંડની ત્રીજી સફર કીધી અને ત્યાં જાઇ લોક-રક્ષી નર મહુંમ શેઠ નવરોજી ફરદુનજી ભેગો 'લૉ કમીશન' સાથે એઓએ પત્ર વહેવાર ચલાવી ઘણી સેવા બજાવી હતી. ૧૮૬૫ના એપ્રીલ માસમાં હિન્દુસ્તાનને લગતી રાજદવારી અને લોકોપયોગી બાબદો વિષે તકરાર ચલાવી હિન્દના લોકોના વિચાર તથા લાગણી જાહેર કરવા માટે "લંડન ઇન્ડીયન સોસાયટી" નામની એક મંડળી એમનાં પ્રમુખપણાં હેઠળ સ્થાપવામાં આવી હતી. હિન્દીઓનાં બુદ્ધિ-બળ સામે જૉન ક્રાફર્ડ નામે એક ઇંગ્લીશમેને હુમલો કીધો, જેનો અસરકારક રદિયો આ હિમ્મતવાન રાજદવારી નરે દોકડે-પાયકે ચુકવી આપ્યો હતો. ૧૮૬૭માં "ઇસ્ટ ઇન્ડીયા એશોશીએશન" ની સ્થાપના એઓએ કીધી. ૧૮૬૯માં એઓ મુંબાઇ પાછા ફરયા અને "રાસ્ત-ગોફતાર"માં "બાનુઓનો હક અને દરજ્જો" તેમજ બીજી સુધારા તરફ વલણ દેખાડનારી અનેક બાબદો ઉપર અસરકારક આરટીકલો લખવા માંડી. મુંબાઇમાં "ઇસ્ટ ઇન્ડીયા એશોશીએશન"ની એક શાખા ઉઘાડી અને ત્યાં રાજદવારી ભાષણો આપી હિન્દીઓમાં રાજદવારી ચળવળનો પાયો નાંખ્યો. ત્યાર બાદ એઓ ચોથી વેળા જ્યારે ઇંગ્લાંડ ગયા તે તકનો લાભ લઇ મુંબાઇના જાહેર પુરૂષોએ ફરામજી કાવસજી ઇન્સ્ટીટયુટમાં એમને એક માનપત્ર તથા રૂ. ૩૦,૦૦૦ને આશરેની એક પર્સ એનાયત કીધી, જે સર્વે રૂપ્યા ઉપરાંત પોતાના ગીરોના બીજા હજારો રૂપ્યા એ મહાન નરે હિન્દના ભલાં અર્થે ઘણાં ઉપયોગી કામોમાંજ ઇંગ્લાંડ ખાતે ખરચ્યા હતા. ઇંગ્લાંડમાં હવે એ મહાન નરે કાળજીપુર્વક દેશ-સેવા બજાવી, ઇંગ્લાંડની પ્રજા, પાર્લામેન્ટ અને સરકારને હિન્દની હાલત બાબે ભાષણો, અરજીઓ અને પત્ર-દવારા લખાણોથી પ્રમાણીક ખબરો પુરી પાડવાનું કાર્ય કરવા માંડયું. આ વેળા ઇરાનના તે વેળાના શાહ ઇંગ્લાંડની મુસાફરીએ પધાર્યા હતા જેમને પારસીઓ તરફથી મુબારકબાદીનું એક માન-

પત્ર આપવાની એઓએ તક લીધી અને તેમાં હિન્દ મધ્યે વસતા પોતાના હમ-દીન ગરીબ ઇરાનીઓ ઉપર નીધેહબાની રાખવા માટે ઘણી અસરકારક અરજ નામવર શાહને કીધી હતી, જેની ઘણી સારી અસર થઇ હતી. ઇંગ્લાંડમાં આ સાધુ-પુરૂષ જે સાદી જીંદગી ગુજારી પ્રમાણીક કાર્યો કરતા હતા તેથી ત્યાંના લોકો ઉપર પણ ઘણી અસર થઇ હતી, એટલાં સુધી કે ત્યાં પ્રગટ થતાં "ઓરીએન્ટલ" પત્રના અધિપતિએ એમને માટે લખ્યું કે "મી. દાદાભાઇ નવરોજી દશ લાખમાં તો શું પણ પંદર કરોડમાં એકજ નર રત્ન છે કે જે પોતાના દેશ માટે દેશ-વટો ભોગવી, પારકી પ્રજા વચ્ચે પારકા દેશમાં રહી, પોતાના દેશ માટે આવા કિમતી ભોગો આપી શકે."

૧૮૭૮માં એઓ બરોડાના મહલ્હારાવ ગાયકવાડના દીવાન તરીકે નેમાયાથી અત્રે પાછા આવી એક વર્ષ દીવાનગીરી ભોગવી ૧૮૭૫માં મુંબાઇની કોરપોરેશનમાં દાખલ થયા અને એક વર્ષ અત્રે ઉપયોગી કામો બજાવી પાછા ઇંગ્લાંડ ગયા, જે વેળાએ આ એક વર્ષની ટુંક પણ ઉપયોગી કારકીર્દી માટે કોરપોરેશને એક ખાસ ઠરાવ પસાર કરી એમની કદર કીધી હતી. હિન્દની ગરીબાઇ માટે એમની કાળજી અપુર્વ હતી. બ્રીટીશ રાજનીતિથી ગરીબ ખેડુત-વર્ગ નિર્ધન રહી, પેટ-પુરતું ગુજરાન કરી શકે એટલું પણ કમાઇ નહીં શકતો હોવાથી એઓએ જે લડત આખ્ખી જીંદગી દરમ્યાન ચલાવી હતી તે આ કંગાળ-વર્ગ માટેનીજ હતી અને તેને માટે પોતાની આખી જીંદગી એ વીરલા નરે કશા પણ બદલા યા પૈસાની લાલચ વિના પોતાની ગીરોથી હજારોનો ખરચ કરી, પ્રમાણીક રીતે જે કાર્ય કીધું હતું તેની સામાન્ય પ્રજા-વર્ગમાં જોઇતી પિછાણ થઇ નથી.

૧૮૮૨માં એઓ મુંબાઇ પાછા ફરી જાહેર સવાલોમાં ભાગ લઇ પોતોનો આખ્ખો વખત દેશ-સેવામાંજ ગાળ્યો હતો અને હિન્દી બાબદો વિષે ઇંગ્રેજ પ્રજાને કેળવવાની નેમથી મહુર્મ મી. બેરામજી મલબારી સાથે "વૉઇસ ઓફ ઇન્ડીયા" નામે પત્ર બાહેર પાડી, તે મારફતે હિન્દની ફરીયાદોનો પોકાર ઇંગ્રેજી ભાષામાં ચાલુ બાહેર પાડવાનું સાંધણ સ્થાપન કીધું હતું.

ઇંગ્રેજ રાજ-અમલ દરમ્યાન ઘણા થોડા મહાન ઇંગ્લીશમેનો હિન્દનું ભલું કરવામાં જાણીતા થયા છે તેમાં લૉર્ડ રીપન પહેલી અને સર્વોપરી જગા રોકે છે. એ મહાન વૉઇસરોયે ૧૮૮૦-૧૮૮૫ ના પોતાના રાજ-અમલ દરમ્યાન હિન્દીઓના વાજબી હકોનો પોતાથી બને એટલો સ્વીકાર કર્યો

હતો અને હક-વાજબી રાજદ્વારી હક્કો સ્વીકારવાની શરૂઆત એ નામદાર દિલસોજ હાકેમે કરી આપી હતી. મી૰ દાદાભાઇની જીંદગીની લડત હિન્દી હક્કો માટેજ હતી અને તે લડતની હિમ્મત લૉર્ડ રીપન સમજતો હતો. મી. દાદાભાઇએ આ દિલસોજ વાઇસરોયની યાદગીરી માટે એક મોટું ફંડ મુંબાઇમાં ઉભાડ્યું હતું અને તે માટે એ માયાળુ સુબ્બા ઇંગ્રેજ-ગવર્નરે બીજાઓ ભેગો મી૰ દાદાભાઇને ૨૦ મી ડીસેમ્બર ૧૮૮૫ને દીને ગવરમેન્ટ હાઉસમાં બોલાવી પોતે જાતે સર્વેનો ઉપકાર માન્યો હતો.

૧૮૮૫માં મુંબાઇની ધારા-સભામાં ગવરનર લૉર્ડ રેએ એમને એક અધિકારી નેમી માન આપ્યું હતું. મુંબાઇની ટાઉન કાઉનસીલમાં એમની નેમણુંક થઇ, જેમાં બીરાજવા માટે દરેક બેઠકની ફી મળતી હતી, પણ જાહેર-કામો માટે જીંદગી અર્પણ કરી ચુકેલા આ વિરલા નરે તે 'ફી'ની એક પાઇને હાથ લગાડવા સાફ ના પાડી, પોતાના જાહેર સેવાના જુસ્સાનો પુરાવો આપ્યો હતો.

એ બાદ જફી ઇંગ્લાંડની સફરે એવણુ ૧૮૮૬ના માર્ચની ૨૬મીએ ઉપડ્યા અને ત્યાં જઇ પાર્લામેન્ટમાં દાખલ થઇ હિન્દની કંગાળ્યતના પુરાવા આપવાની એકલી નેમથી 'ટાબર્ન' શહેર તરફથી એક પ્રતીનીધી તરીકે બાહેર પડ્યાં જ્યાં પોતાના ચુંટણી કરનારાં શહેરના રહીશો આગળ ત્યાંના ટાઉન હૉલમાં તેમજ બીજી અનેક જાહેર જગ્યાઓએ અને હૉલોમાં ઘણું જુસ્સાદાર ભાષણો આપ્યાં હતાં, પણ એ ચુંટણીમાં હરીફ ઉમેદવારનાં મત વધુ પડવાથી એઓ નિષ્ફળ નિવડ્યા, ત્યારબાદ હિન્દનાં હીતનો એક પણ એવો વિષય નહીં હોય, કે જે માટે આ વિર-પુરૂષે ભાષણો અને લખાણો મારફતે પોતાનો અવાજ ઉઠાવ્યો નહીં હોય. લંડન ટાઇમ્સ, ડેલી ન્યુઝ જેવાં ઇંગ્લાંડનાં વગવાળાં રાજદ્વારી પત્રોમાં એમનાં હિન્દની વાજબી ફરીયાદોનાં અનેક લખાણો આવી ગયાં છે, ઇંગ્લાંડની રાજદ્વારી વાતાવરણમાં હિન્દુસ્તાન અને તેની ફરીયાદો અને હક્કો માટે એજ વીરલા પુરૂષથી ધ્યાન ખેંચાયું હતું, અને એમની વાક-ચાતુરી, ઇંગ્લીશ ભાષા ઉપરનો પાકટ કાબુ તેમજ પ્રમાણીક રીતનાં પુખ્ત અભ્યાસનાં લખાણોથી વીલ્યમ વેડરબર્ન એ. ઓ. હ્યુમ અને ડબલ્યુ એસ. કેન જેવા રાજદ્વારી પુરૂષોમાં એઓએ પોતા માટે વાજબી માન પેદા કીધું હતું. આવા વિદ્વાન ઇંગ્લીશમેનોની એમના તરફની આ માન-ભરી વળણથી ત્યાંના બીજા રાજદ્વારીઓમાં મી. દાદાભાઇ નવરોજીનાં લખાણો અને વિચારો અગત્ય મેળવતા થયા હતા.

એઓ નવેમ્બર માસમાં મુંબાઇ પાછા ફરતી વેળાએ લંડનમાં નૉર્થબ્રુક ઇન્ડીયન કલબે લૉર્ડ રીપનના પ્રમુખપણાં હેઠળ એક જ્યાફત આપી હતી તથા "નેશનલ લીબરલ કલબ"ના મેમ્બરોએ એમને એક માનપત્ર એનાયત કરી એમની બિનસ્વાર્થી મહેનતનો સ્વીકાર કીધો હતો.

મુંબાઇ પાછાં ફરતાં તરતજ બીજી હિંદી નેશનલ કોંગ્રેસના પ્રમુખ તરીકે એઓ ચુંટી કહડાયા હતા. અને ત્યાર પછી બીજા ત્રણ મહિના રહી અત્રે ઉપયોગી કાર્યો કરી પાછા ૧૧ મી માર્ચ ૧૮૮૭માં ઇંગ્લાંડ ગયા હતા. મદ્રાસના તે વેળાના ગવરનર સર ગ્રાંડ ડફે હિન્દીઓ માટે કીધેલા એક લખાણનો રદીયો આપતાં હિન્દુસ્તાનની ગરીબાઇ માટે એવણે ફરી ફરી ઇસારો કીધો હતો. એજ સાલમાં મરહુમ મહારાણી કવીન વીકટોરીયાની જુબીલીનો પ્રસંગ પડવાથી, ઇંગ્લાંડમાં વસતા હિન્દીઓ તરફથી એક માનપત્ર બીજા એક હિન્દી ગૃહસ્થ ભેગા વીંડસર કાસ્ટલમાં જઇ હાથોહાથ પુગાડી આવી, મહારાણીજીનો ઉપકાર સ્વીકાર્યો હતો. ૧૮૮૮માં ચળણ બાબે એક કમીશન નેમાયું હતું, જેમાં પોતે નાણાં-શાસ્ત્રી તરીકેના પુખ્ત અભ્યાસી હોવાથી ઘણી વાસ્તવીક દલીલો સાથની વજનદાર જબાની આપી સેવા બજાવી હતી,

સેંત્રલ ફીન્સબરી, કે જ્યાંથી ૧૮૯૨ માં એઓ પાર્લામેન્ટના એક મેમ્બર તરીકે ચુંટી કહડાયા હતા તે સ્થળે, એઓએ જરથોસ્તી ધર્મ વિષે એક જાણવાજોગ ભાષણ કીધું હતું, જેનો ફ્રેન્ચ ભાષામાં તરજુમો એક સ્વીસ ચોપાનિયામાં છપાયો હતો.

એક હિન્દીને ઇંગ્લાંડમાં વજન અને માન મેળવતો જોઇ, તે વેળાના કનઝરવેટીવ પક્ષના વડા લૉર્ડ સૉલ્સબરીએ એક નાલાયક હુમલો મહુંમ દાદાભાઇ નવરોજી ઉપર કરવાની તક લીધી. સેંત્રલ ફીન્સબરી તરફથી એમની પાર્લામેન્ટ માટેની ઉમેદવારી માટે એડીનબરો ખાતે ભાષણ આપતાં લૉર્ડ સૉલ્સબરી અપમાન ભરી ભાષામાં બોલ્યો કે "હું નથી ધારતો કે આપણી તરફ વાત એટલી હદ સુધી વધી ગઇ હોય કે જેથી ઇંગ્લાંડનાં પાર્લામેન્ટની ચુંટણી કરનાર વર્ગ એક કાળા માણસને ચુંટી કહાડે અને એ રીતે કાળા માણસ તરફનો ઇંગ્લાંડમાં રહેલો ધીકાર નીકળી ગયો હોય." આ ભાષણની કડવી ભાષાએ હિન્દુસ્તાન અને ઇંગ્લાંડમાં ઘણી ચકચાર ઉભી કીધી અને લંડનમાં એ ભાષા તરફ પોતાનો ખુલ્લો અણગમો દેખાડવા "નેશનલ લીબરલ કલબ" તથા "ન્યુ-કાસ્ટલ લીબરલ કલબે" એમને

જાહેર ખાણું આપ્યાં હતાં. વળી ઈંગ્લાંડનાં મશહુર લીબરલ પેપર "પેલમેલ ગજેટ" માં એ બાબે શેઠ દાદાભાઈની તરફેણમાં લખાણોની હાર-માળા શરૂ થઈ, અને તે લખાણનો એક સંગ્રહ કરી એ પત્ર તરફથી શેઠ દાદાભાઈને મોકલવામાં આવ્યો હતો, જેનો વળતો ઉપકાર માનનારો પત્ર શેઠ દાદાભાઈએ તે પત્રના અધિપતિને મોકલ્યો જે એમનો એમ, એક "Fac-simile" તરીકે એમની સહી સાથે, ફોટોથી રીપ્રોડ્યુસ કરી "પેલ-મેલ ગેઝેટ" માં પ્રગટ થયો, જેવાં પત્રોની આબેહુબ ફોટોથી લીધેલી નકલ ઈંગ્લાંડમાં અગત્ય ધરાવનારાં વર્તમાન પત્રો ફકત બહુ અગત્ય ધરાવતી વેળાએજ પ્રગટ કરે છે. શેઠ દાદાભાઈના હાથ-દસ્તક પ્રજાને બતાવવા માટે પ્રગટ કીધેલાં આ કાગજથી શેઠ દાદાભાઈની ઈંગ્લાંડમાં રાજદ્વારી સર-કલમાં અગત્યતા વધી ગઈ હતી.

૧૮૯૧ માં આરોગ્યતા બાબેની કૉનગ્રેસમાં હિન્દ તરફના એક ડેલી-ગેટ તરીકે એઓએ બીરાજી સેવા બજાવી હતી. સેંત્રલ ફીન્સબરી તરફના એક ડેલીગેટ તરીકે એઓ ચિવ્વટાઈથી મહેનત કરી રહયા હતા, અને એ પ્રમાણીક લડતનાં પરીણામે સર્વ હરીફો દુર થઈ જવાથી ૧૮૯૨ના જુલાઈ માસની સાતમી તારીખે એઓ પાર્લામેન્ટના સેંત્રલ ફીન્સબરી તરફના એક મેમ્બર તરીકે બહુમતે ચુંટી કહડાયા હતા. આ ખબરથી હિન્દના વિશાળ ખંડના ચારો ખુણે ખુશાલી પથરાઈ હતી અને હિન્દના ઇતિહાસમાં કદી નહીં બનેલા એવા અગત્યના આ બનાવથી હિન્દની રાજદ્વારી તવારીખમાં એક નવું પ્રકરણ શરૂ થયું હતું. મુંબાઈના આગેવાન રહીશોએ એક ગંજા-વર જાહેર સભા બોલાવી ટાઉન હૉલમાં એક-મતે ઠરાવ પસાર કીધો કે "ઈંગ્લાંડની આમની સભાના પહેલા દેશી સભાસદ તરીકે ચુંટી કહડાવા માટે મી૦ દાદાભાઈ નવરોજીને ખરી દીલસોજીથી મુબારકબાદી આપતી વેળા આ જાહેર સભામાં ભેગા મળેલા મુંબાઈ શહેરના રહીશો મી. દાદાભાઈ આ દેશના હીતને ખાતર બિનસ્વાર્થી જે જે મહેનત કરી હતી અને જે મેહેનત તરફ દેશના લોકો માન અને મોહોબતની નજરે જોય છે તેમાં ફત્તેહ મેળવવા માટે પોતાને ઉપજેલો સંતોષ જાહેર કરવાની ખાહેશ રાખે છે." તે ઉપરાંત હિન્દના દરેક મુખ્ય શેહેરોમાં તેમજ દરેક દિલસોજ પત્રોમાં આ મહાન બનાવ માટે ઘણા તારીફ લાયક શબ્દોમાં ભાષણો, ઠરાવો અને લખાણો થયાં હતાં.

૧૮૯૩ માં લાહોર ખાતે ભરાનારી નેશનલ કોંગ્રેસના પ્રમુખ તરીકે સેવા બજાવવા જ્યારે એઓએ તા. ૩ જી ડીસેમ્બરે મુંબાઈના કિનારા ઉપર

પગ મેલ્યો ત્યારે મુંબાઇની આખી તવારીખમાં કોઈ પણ વૉઇસરોય—ગવર-નર યા બીજા કોઇ પણ મહાન પુરૂષને મળ્યું નહીં હોય એવું માન તથા હેતવંતો આવકાર મળ્યો હતો. મુંબાઇની દરેક કોમની પચરંગી પ્રજાએ જે હરખભર્યો આવકાર શેઠ દાદાભાઇને તે દિવસે આપ્યો તેવો બનાવ તે અગાઉ બનેલો નોંધાયો નથી. તા૰ ૧૬ મી ડીસેમ્બરે બીજો એક યાદગાર અને ઇતીહાસીક મેળાવડો થયો, જ્યાં મુબાઇ શેહેર અને ઇલાકા તરફથી આવેલાં અનેક ડૅપ્યુટેશનો સાથે આવેલાં સંખ્યાબંધ માનપત્રો આપવા માટે આ મેળા-વડો ટાઉન હૉલમાં કરવામા આવ્યો હતો. સ્થાનીક મંડળો તરફનાં ૪, ગુજરાત પ્રાંતનાં ૧૩, અને દખ્ખણ જીલ્લા તરફનાં ૫૧ માનપત્રો એમને એનાયત કરવામાં આવ્યાં હતાં. તેમજ એ નરે જ્યાં જ્યાં પોતાનાં પનોતાં પગળાં મેલ્યાં ત્યાં ત્યાં ડેપ્યુટેશનો અને માનપત્રોના ઢગના ઢગ આવી પડતા હતા. એમની ત્રેન જે સ્ટેશને ઉભી રહેતી તે દરેકના પ્લેટફોર્મ ઉપર લોકો કીડીની માફક ફકડી જતું અને લાહોરનાં સ્ટેશન ઉપર એમને મળેલાં માનનું વર્ણન કરવું અશક્ય છે. લાહોરમાં ફત્તેહમંદી સાથે કોંગ્રેસના પ્રમુખ તરીકે કામ બજાવી મુંબાઇ પાછાં ફરતાં મુંબાઇની કોરપોરેશન તરફનું એક માનપત્ર તા. ૧૧ મી જાનેવારી ૧૮૯૪ને દીવસે ટાઉન-હૉલમાં આપ્યું હતું. મુંબાઇની કોરપોરેશને પોતાની તવારીખમાં એક દેશીને આપેલું માનપત્ર આ પહેલું હતું.

૨ જી માર્ચ ૧૮૯૩ને દીવસે એઓએ પાર્લામેન્ટમાં એક બીલ રજુ કીધું હતું, જેની નેમ એ હતી કે “ હિન્દી સનદી નોકરી (સીવીલ સરવીસ) માટે ઇગ્લાંડ તેમજ હિન્દ બન્ને દેશોમાં એકકી વખતે આ પરીક્ષા લેવી ” પણ હરીફોનાં જોર આગળ આ વાજબી માંગણીનો સ્વીકાર થયો નહીં. ૧૮૯૪માં ઉમરાવોની સભા ઉરાડી દેવાની હિલચાલ કરવામાં આવી અને તે માટે ઉભી થયલી “ નૅશનલ લીગ ” ના ઉપ-પ્રમુખોમાં એમનું નામ ત્યાંના રાજદ્વારીઓએ આમેજ કરી શેઠ દાદાભાઇની રાજદ્વારી શક્તિનો પુરાવો આપ્યો. એ લીગની આગેવાની હેઠળ સીત્તેર હજાર માણસોની એક ગંજા-વર સભા હાઇડ-પાર્કમાં મળી હતી ત્યાં પણ એ મહાન નરે એક અગત્યનું ભાષણ આપ્યું હતું. એજ વરસમાં “ કીંગ્સ ક્રોસ ટેમપરન્સ એસોશી-એશન ” ના પ્રમુખ તરીકે એઓ ચુંટી કહડાયા હતા.

પોતાની આખી પારલામેન્ટની કારકીર્દીમાં આ સ્વદેશ ભક્ત નરે હિન્દની દોલત ઇગ્લાંડ ઘસડાઇ જવાથી દેશમાં ગરીબાઇ, કંગાલ્યત, દુકાળ વિગેરે આફતો આવે છે તે માટે અસરકારક લડત ચલાવી, પાછળાં વરસોમાં

હિન્દને જે હકો મળ્યા તેનો પાયો નાખ્યો હતો. મીન્ટો-મોરલીના અમલ દરમ્યાનના હકો અને ત્યાર પછીના મોન્ટેગ્યુ-ચેમ્સફર્ડના અમલ દરમ્યાનના હકો માટેની લડતનું પહેલું માન આ વીરલા નરને ફાળે જવું જોઇએ, કારણ કે એમની આ શરૂઆતની લડતેજ હિન્દીઓમાં પોતાના હકોની લડત માટે ભાન મળ્યું કહેવાય. વળી લશ્કરી ખરચોના ધાડ્ઢામ વધારાનો બોજો એકલાં હિન્દને માથે નહીં પડતાં તેમાં પણ ઇંગ્લાંડે ફાળો આપવો જોઇએ, તેની પણ લડત ઘણી જુસ્સાદાર ભાષમાં ચલાવી હતી. એમના એ અવાજને સત્તાવાળાઓએ તે વેળાજ ઇનસાફ આપ્યો હતે તો હિંદમાં બેદીલીનાં જે બીજ પાછળથી રોપાયાં તે થતે નહીં અને ઇંગ્લાંડનો અમલ હાલ હિંદીઓમાં કેટલેક દરજ્જે અપ્રિય થઇ પડયો છે તે પણ થતે નહીં. આ દીર્ઘ-દૃષ્ટીવાળો મહાન રાજદ્વારી નર સ્વદેશ ભક્તિમાં કોઇ પણ હિંદના સપુત કરતાં વધુ દૃઢ હતો. બલ્કે સ્વદેશ-સેવાનો પાઠ શિખવનાર 'પાયોનીયર' હતો તેની લડતને ઇંગ્લાંડ અને હિંદના તે વેળાના રાજદ્વારી કારોબારીઓએ તેજ વેળા વજન આપી યોગ્ય હકોની બક્ષીશો કરી ઘટતા હકો આપ્યા હતે તો આજની રાજદ્વારી ચળવળ તેમજ બેદીલી જન્મ પામતે નહીં.

પોતાની આખ્ખી ઇંગ્લાંડની મહાન સ્વદેશ-સેવાની એક હિંદુ ગૃહસ્થ શેઠ દામોદર ગોરધનદાસ સુખડવાલા ઉપર ઘણી ઉંડી અસર થઇ હતી અને આ સખી ગૃહસ્થે એક સ્કુલ સ્થાપી તેનાં મકાનનું નામ "દાદાભાઇ નવરોજી બીલ્ડીંગ" આપ્યું અને તે આજે પણ એજ નામે ચાલે છે. વળી નાવારેસ હિન્દુ બાળકો માટે એક ઓરફનેજ બનારસ મધે ચાલે છે, જેને પણ "દાદાભાઇ નવરોજી ઓરફનેજ"નું નામ આપી હિન્દના આ દાદાની યાદગારી રાખવાની કાંઇક કોશેશ થઇ છે. એમની એક આખ્ખાં કદની તસ્વીર ફરામજી કાવસજી ઇન્સીટયુટમાં ૧૯૦૦ માં મરહુમ વિદ્વાન જસટીસ મહાદેવ ગોવીંદ રાનાડેએ ખુલ્લી મુકતાં મરહુમ દાદાભાઇની લોક-સેવાની ઘણી વખાણો કીધી હતી. વળી મરહુમ શેઠ દામોદર સુખડવાળાએ તારદેવ તરફ એક ફ્રી લાયબ્રેરી ખુલ્લી મુકી તેને પણ "ધી દાદાભાઇ નવરોજી ફ્રી રીડીંગ રૂમ એન્ડ લાયબ્રેરી"નું નામ આપ્યું હતું. એમની સાલગરેહ તા. ૪ થી સપટેમબરે પડતી હતી, અને એ દિવસે ગામે-ગામ એક જાહેર તહેવાર તરીકે પળાતો અને મેળાવડાઓ કરી એમને લાંબી જીંદગી ચહાવામાં આવતી હતી. હજુ પણ એ તારીખે 'જયંતી'ના કેટલાક મેળાવડા થાય છે, જ્યાં એ મહાન સ્વદેશ-ભક્તના યશોગુણ ગવાય છે.

ઇંગ્લાંડથી આવી લ્યાં રીટાયર જીંદગી " અંદેરી " મધે એઓ ગુજારતા હતા, જ્યાં પણ એમની સાલગરેહને દિવસે બાનુઓનું ડેપ્યુટેશન એમને મુબારકબાદી આપવા જતું હતું. વળી એમની શાલગરેહ ટાંકણે વાઇસરાય, ગવરનર વિગેરે અધીકારીઓ એમને મુબારકબાદી આપવાની કાળજી રાખતા હતા.

મરહુમ દાદાભાઇની આખ્ખી જીંદગીની સ્વચ્છ કારકીર્દી, એક પાઇની પણ હાંસળ વિના, બીનસ્વાર્થી દેશ-સેવા અને દેશની ઉન્નતીનાં કિંમતી કાર્યોમાંજ રોકાઇ હતી. દેશનો નિર્ધન ખેડુત વર્ગ કરોના બોજા હેઠળ કચડાઇ, જુલ્મી રાજ-પદ્ધતિને કારણે જે અસહ્ય દુઃખ ખમતો હતો, તેવા અવાજ વગરના કંગાળ વર્ગની ફરિયાદો માટે, તેમનાં દુઃખો ટાળવાને માટે આ સાધુ-પુરૂષે આખ્ખું જીવન ગાળ્યું અને રાજ્યદવારી લડત અને વાજબી હકો માટેની રીતસરની (constitutional) લડતનો પાયો નાખી હિન્દને પોતાના રાજ્યદવારી હકોનો પાઠ શિખવી પોતાના દેશ તરફની ફરજો સંપૂર્ણ રીતે બજાવી પોતાનો પ્રાણ તે કિરતારને સ્વાધીન કીધો, જે દિવસે મુંબાઇ નગરીએ તેમને સેવટની આરામઘાહમાં પુગાડતાં જે માન આપ્યું તેવું માન જવલેજ કોઇને મળ્યું હશે. પરમાત્મા એમનાં રૂહને શાંતી બક્ષો !

મુખસામુદ્રિક શાસ્ત્ર (Physiognomy) અને મસ્તક વિદ્યા (Phrenology) પ્રમાણે હિન્દના દાદા દાદાભાઇ નવરોજીના સ્વભાવ લક્ષણો અને ચારિત્ર્ય વિગેરેની ટુંકી નોંધઃ—

એમનું ભવ્ય અગ્ર કપાલ, તેની પ્રબળ અવલોકન શક્તિઓ, બુધ્ધિ-શક્તિઓ અને સાહિત્ય શક્તિઓનો પ્રબળ પુરાવો છે. તેનું બાજુનું વિશાળ અને ભવ્ય કપાળ, તેની આશ્ચર્યકારક યોજના શક્તિ—ગણીત શક્તિ—તેમજ આર્થિક પ્રશ્નોની દિવ્ય સંકલના અને ઉકેલણી કરવાની શક્તિને મુખ્યપણે દર્શાવી રહેલ છે. બન્ને કાન વચ્ચેનું પહોળું મસ્તક તેની પ્રબળ ઉદ્યોગ શક્તિ—સાહસ—હિમ્મત—દ્રવ્યોત્પાદક શક્તિ—તેમજ બન્ને આંખો વચ્ચેનું અધિક અન્તર તેની પ્રબળ સ્મૃતિ અને દિવ્ય કુશાગ્ર બુદ્ધિમત્તાની ખાત્રી આપે છે.

આંખો—ચપળ-Shrewd—છતાં પ્રબળ પ્રભાવશાળી, અવલોકન શક્તિઓની પ્રબળતાવાળી અને વિશાળ હોવા સાથે ધાર્મિક ભાવોની પ્રબળતાવાળી તેમજ વાત્સલ્ય સ્નેહ રસથી પૂર્ણ છે.

નાસિકા—તેની મોટી વિશાળ અને મૂળમાંથી કપાળ પાસેથી ઉભી નિકળતી નાસિકા કર્યશકિત, પ્રબળ ઉત્સાહ, સાહસ તેમ સ્પર્ધા શકિતની અધિકતા દર્શાવે છે. જ્યારે બન્ને તરફના નસ્કોરાંની ઉંચ્ચાઇ, પ્રબળ અનુકરણ શકિત, અધ્યાત્મિક વિષયો તરફનો દ્રઢ અનુરાગ, વાત્સલ્ય સ્નેહની પ્રબળતા તેમજ પ્રબળ આત્મ નિષ્ઠાની ખાત્રી આપે છે. જ્યારે બન્ને ભ્રમરોની વચ્ચમાંની ચારપાંચ રેખાઓ પણ તેની પ્રબળ સત્યનિષ્ઠા અને ન્યાય નિષ્ઠાની ખાત્રી આપે છે.

સમગ્ર મુખ—અગ્ર કપાળનો ભવ્ય વિસ્તાર, તેના ઉપરના મસ્તકની પણ ઉંચ્ચાઇનો ખ્યાલ આપે છે. અને તે પ્રમાણે જોતાં તેનાં મસ્તકની અંદરના તર્ક, તુલના, પ્રેરણા, સૌજન્ય, ભકિત, આશા, આત્મનિષ્ઠા, અને ખાસ કરી નં. ૨૨ ની પરોપકાર વૃત્તિની અતિ પ્રબળતા દર્શાવે છે. જ્યારે સમગ્ર મુખ એક મહાન ગંભીર અને વિચારશીલ ભવ્ય, પરોપકારી નરને છાજે તેવા રૂપિભાવો સમ્પન્ન છે. જ્યારે તેની સર્વ પ્રવત્તિઓ તેટલીજ પ્રબળ પ્રેરણાશકિત, પરોપકારવૃત્તિ અને સ્નેહજ સૌજન્યને લીધેજ અતિ ઉગ્રપણે પ્રવર્તેલી સ્પષ્ટ જણાય છે. અને તેની સમગ્ર પ્રકૃતિ એકંદર રીતે જોતાં Mental-Motive Temperament યુકત છે.

ભવિષ્યની માતાઓ! આ નમુનેદાર જીંદગી ઉપર મનન કરજો! એમના કાર્યો તમારાં મગજમાં ઠસાવજો! એમની પવિત્ર જીંદગી, પોતાનાં પત્ની તરફની એમની એક સરખી લાગણી, એમની વાકચાતુરી, એમનું જ્ઞાન એ સર્વે તમારાં જીગરમાં કોતરી રાખજો અને એવા મહાન, બિનસ્વાર્થી સેવા બજાવનાર નરો પેદા કરશો તો તમારી કોમને, તમારા દેશને અને કુલ દુનિયાને તમો આભારી કરશો!


—:o:—

મર્હુમ શેઠ જમશેદજી નસરવાનજી તાતા.

આ સાહસિક, તીવ્ર વેપારી-બુદ્ધિના, ઉદયોગી નરનો જન્મ ૧૮૩૯ માં નવસારીમાં થયો હતો. સાધારણ સ્થિતીનાં મા-બાપને પેટે જન્મ પામી તેર વર્ષની કાચી ઉમ્મરે કેળવણી સંપાદન કરવા એઓ મુંબઇ આવી વસ્યા જ્યાં ચાર વર્ષ અભ્યાસ કરી "વૅસ્ટ સ્કૉલરશીપ" મેળવી ઓગણીશ વર્ષની કાચી ઉમ્મરે પોતાના પિતાની વેપારી પેઢીમાં જોડાઇ સારો અનુભવ સંપાદન કીધો. તે એક એવો સમય હતો કે ચીન દેશની મુસાફરી ભારે જંજાળનું કામ હતું. આજના જમાના મુજબ તારસ્ટીમરોની સગવડ તે વખતે નહીં હોવાથી ચીનની સફર કરતાં અનેક હાડમારી ખમવી પડતી હતી. તેવા જમાનાઓમાં જરથોસ્તીઓમાં સહાસ અને પરદેશ ખેડવાની હિમ્મત હતી, તેથીજ આજે અનેક કુટુંબોમાં તે સહાસને પરીણામે એકઠી કીધેલી દોલત જોવામાં આવે છે. જ્યારે આજના જમાનામાં મુસાફરીની હદબાહેર સગવડ છતાં કોમનો જુવાન વર્ગ ઘરનાં આંગણાંમાંથી બાહેર પડતો નથી અને પરદેશનાં વેપારી સહાસોમાં ઝીપલાવવામાં હદ બહેર બેદરકાર રહેવાથી બીજી કોમો આફ્રીકા–ચીન–જાપાન–ઇજીપ્ત વિગેરે મુલકોમાં વેપારી સહાસ ખેડી ધીરજ ધરી ચાલુ મહેનત કરે છે, અને ઘણી સારી દોલત પેદા કરી અમન–ચમન કરી, પોતાનાં બાળ બચ્ચાં માટે સારૂં નાણું એકઠું કરે છે, જ્યારે આપણો પારસી જુવાન વર્ગ નફ્ફટ નોકરી કરી–માન માન ટુંક આવક પેદા કરી ચાલુ ગરીબ સ્થિતીમાં રહી પોતાનાં બાળ–બચ્ચાંનું ભવિષ્ય બગાડી નાંખે છે. જો મર્હુમ જમશેદજી તાતાએ ટુંક ઉમ્મરે દરીયો ખેડી ચીન–જાપાનની સફરો કરી અનુભવ મેળવ્યો નહીં હતે તો ત્યાર બાદ ૧૮૬૫ માં ઇંગ્લાંડ જવા એવણને હિમ્મત નહીં આવતે અને ત્યાર પછી એબીસીન્યાની લડાઇ ઉપર જઇ ત્યાંનાં સરકારી કન્ત્રાકટોમાં કમાઇ પોતાની દોલત–ઉદયોગ અને સહાસનો જે પાયો નાંખ્યો તે બનવું લગાર મુશકેલ થઇ પડતે. એબીસીન્યાની લડાઇ બાદ એ સહાસીક નરે મીલ–ઉદયોગ ઉપર ધ્યાન પુગડ્યું, અને પ્રમાણીક સહાસથી આજે મીલ–ઉદયોગમાં તાતાનું નામ સર્વોપરી ગણાતું કીધું છે. નાગપુરની એમ્પ્રેસ મીલ્સ તેમજ મુંબઇની સ્વદેશી મીલ આજે હિન્દુસ્તાનની સર્વે મીલોમાં કમાણીમાં, કાપડની જાતમાં, મૅનેજમેન્ટમાં દરેક બાબદમાં સર્વોપરી ગણાય છે, જે આ સહાસીક નરની ગણત્રી બાજ વ્યવહાર–કુશળતા અને સ્થાપન કરતી વખતની હદ–બાહેરની મેહેનત, તેમજ દરેક ઉદયોગની બારીક બારીક બાબદના અભ્યાસને આભારી કહી શકાય.

એક મહાન સ્વદેશી.

ઉદયોગ હુન્નરના સ્થાપક અને સખાવતી નર.



મરહુમ જમશેદજી નશરવાનજી તાતા.

મીલ ઉદયોગના ધંધાને ઉંચ હાલતે લાવ્યા બાદ, આ ગણુત્રીબાજ અને દુરઅંદેશ નરે વરસાદનું પાણી એકઠું કરી તે પાણીનાં પ્રવાહનાં બળથી વિજળી ઉત્પન્ન કરનારાં મહાન "હાઈડ્રો-ઈલૅક્ટ્રીક" ખાતાંઓ જે એમની જીંદગી દરમ્યાન આરંભ્યાં હતાં તે કમનસીબે ચાલુ થતાં જોવા એઓ જીવ્યાં નહીં. પણ પિતાના જેવાજ એમના સહાસીક બેટાઓ સર દોરાબ અને મહુંમ સર રતન તાતાએ આ ખાતાંઓ ચાલુ કરી મુંબાઇના ઉદયોગ માટે એક નવો જમાનો શરૂ કીધો છે. એ ઉપરાંત દેશમાં કોલસો-લોખંડ-મૅંગેનીઝ મોટા પ્રમાણમાં પેદા થાય અને તે યુરોપ-અમેરીકા ઘસડાઇ જઇ તેમાંથીજ બનેલું પોલાદ "સ્ટીલ" અત્રે પાછું આવી મોંઘે ભાવે વેચાય તે આ દીર્ઘ-દ્રષ્ટીવાળા નરને દેશનાં કલ્યાણ માટે એક ઘણી નુકશાનકારક બાબદ લાગવાથી પોલાદનાં કારખાનાંની ગંજાવર યોજના ઘડી તેની કાર્ય-સાધક રીતે સ્થાપના કરવાની ગંજાવર પાયા ઉપર હિલચાલ શરૂ કીધી, જેને પણ ચાલુ હાલતમાં એમનાં કવખતનાં મરણ પછી એમના સહાસીક બેટાઓએજ પાર પાડી. આ બન્ને સહાસોથી જ્યાં ઉજ્જડ ગામો હતાં ત્યાં રાત-દિવસ ઉદયોગ કરતાં મોટાં શેહેરોની સ્થપના થઇ છે, જેને સરકારે પણ "તાતા-નગર" "જમશેદપુર" વિગેરે નામોથીજ ઓળખી આ નરનું નામ કાયમ રાખવાનું વાજબી ધાર્યું છે. આ બન્ને સહાસોથી સેંકડો નહીં પણ લખ્ખો લોકને રોજી મળતી થઇ છે, અને દેશની કરોડોની દોલત, જે દેશમાંથી ઘસડાઇ જતી હતી તે દેશમાંજ રહી છે. **સ્વદેશીના** પોકારો મારતો જે વર્ગ હાલ મોટી મોટી ગુમરાણો મચાવી રહયો છે તેઓ માટે મરહુમ જમશેદજી તાતાની જીંદગી અને તે દરમ્યાન કીધેલાં કામો એક કિમતી શિક્ષણ પુરૂં પાડે છે, અને તે એ, કે બહુ-બે લાઓ ચાલુ ફુડાકા મારી વગર-અર્થનું ગુમરાણ કરી ખાલી ઘોંઘાટ મચાવ્યા કરે તેનાં કરતાં-દેશની દોલત દેશમાં રાખવા **તાતા** જેવો સહાસ, જે આજે સારી દુનિયાની વેપારી હાલતનો ચુંદારો થવાથી જોકે નફો પેદા કરવાની શકિતમાં ઘણો કમી થઇ ગયો છે છતાં જે સહાસથી કરોડો રૂપિયા દેશમાંથી જતા અટકી દેશમાંજ રહેતા થયા છે, જે સહાસથી લખ્ખો લોકો રોજી કમાતાં થયાં છે, જે સહાસથી ખેડુતોનો આ દેસ (agricultural country) તે ઉદયોગ-હુન્નરનું ધામ (Industrial country), તરીકે દુન્યામાં ઓળખાવા માંડયો છે, તેવા, દેશનાં કલ્યાણ કરનારા સહાસો ખેડી દેશને આગળ પાડવાનાં કાર્યસાધક કામો કીધાથીજ **ખરા સ્વદેશી** ગણાઇ શકાય.

ઉદ્યોગ-હુન્નરમાં સહાસ દેખાડી તેમાંથી પૈસો પેદા કરીને આ ઉંડી સમજ શકિતવાળો સહાસીક નર શું પોતાની દોલત ગણ્યા કરે ? ના ! જેવા તેના સહાસ દીર્ઘ-દ્રષ્ટીવાળા હતા તેવીજ તેની સખાવત-વૃતિ પણ દેશનાં કલ્યાણ માટે મોટા આશીર્વાદ રૂપ હતી. કૉલેજમાં શિખી બાહેર પડતા ચંચળ જવાનો, જેઓ વધુ અભ્યાસ માટે ખાહેશમંદ હોય તેઓ માટે પૈસાની મદદ કરવાની અને તેઓને યુરોપ અમેરિકા જઇ પોતાનો અભ્યાસ આગળ વધારવાની ટક આપી તેઓની જીંદગીમાં મહાન ફેરફાર કરવા સાથે દેશના ચંચળ બેટાઓને વિદ્યા-હુન્નર અને જ્ઞાનમાં ઉંચે દરજ્જે ચહડાવ્યાથી તેઓ દેશની ઉન્નતિમાં પોતાનો હિસ્સો આપી શકતા થવાથી દેશ વધુ અને વધુ આબાદ થતો જાય અને તેવી સખાવતથીજ દેશની ઉન્નતિ થાય એવી તીવ્ર બુધ્ધિના આ સહાસીક સખાવતી નરની તાતા ઍડ્જ્યુકેશનલ સ્કીમની આ યોજનાથીજ ડૉ. રાવ જેવા કુશળ એમ. ડી. ને આ ખાતાંમાંથી ટક મળવાથી તેઓ આજે પોતાની જીંદગી સુખી બનાવી, પોતાની હવે પછીની ઓલાદ માટે પણ સગવડથી કેળવણીનાં ફળ મેળવી સુખી જીંદગી ભોગવાય એટલું કમાતાં થયાં છે. અને તે ઉપરાંત અનેક સીવીલ સરવન્ટો-બારીસ્ટરો-ઇજનેરો-ડાકટરો ઇલેક્ટ્રીશ્યનો અને વિદ્યા-અભ્યાસની ઉંચી પાયરીએ ચહડેલા અનેક હિન્દી-વાનો આ યોજનાનો લાભ લઇ, ઉંચ કેળવણી લઇ આવી પોતાનું કલ્યાણ કરવા સાથે દેશને ઉપયોગી થઇ પડયા છે.

દુનિયાના દરેક ઉદ્યોગી (Industrial) દેશ applied chemistry નાં જ્ઞાન વિના ઉદ્યોગ-હુન્નરમાં આગળ પડી શકતા નથી. સાયન્સનાં આ જમાનામાં સાયન્સનાં ઉંડા જ્ઞાન વિના કોઇ પણ ઉદ્યોગ ફતેહમંદ થઇ શકતો નથી. જાપાન જેવો એક નાનો મુલક જે આજ ચાલીશ વર્ષ અગાઉ બાપ-દાદાની રાહરીતીથી કામ કરી અંધકારમાં રહેલો હતો તે સાયન્સનું જ્ઞાન જરમની-ઇંગલાંડ-અમેરીકા જેવા સાયન્સનાં મુખ્ય ધામોમાં સંપાદન કરી આજે યુરોપ-અમેરીકાને પોતાના સહાસોથી દરેક બાબદમાં હરીફાઇ કરી ચોંકાવી રહ્યો છે, જે પરીણામ સાયન્સનાં જ્ઞાનની બરકતથીજ આવ્યું છે. આવા દુરંઅંદેશ વિચારથી અને દેશની ભવિષ્યની આબાદી સાયન્સની શોધ-ખોળમાંજ સમાયલી છે એવી માન્યતા મરહુમ જમશેદજી તાતાની હોવાને લીધેજ **રૂપિયા ત્રીશ લાખની** ગંજાવર રકમનું ટ્રસ્ટ કરી **"તાતા રીસર્ચ ઇન્સટીટયુટ"** ની સ્થાપના કરી એક ખાતું ઉઘાડયું કે ત્યાં દેશના ઉમંગી બેટાઓ સાયન્સના વિદ્યા-અભ્યાસનું શિક્ષણ લઇ દેશ-ઉપયોગી

બલકે સારી દુનિયાને ઉપયોગી થઇ પડે એવી શોધ-ખોળ કરી દેશમાં આ-બાદી પાંઠરે. આ ખાતાંના ઉપયોગીપણાં વિષે જાહેરમાં અફસોસકારક રીતની હદ સુધી અજ્ઞાનપણું છે અને તે સાથે નામદાર સરકાર, આ ખાતાંને જેવો આશરો ઉતેજન અને મદદ આપવી જોઇએ તેવી સરકાર તરફની અને કાળજી ઉત્તેજનની ગેરહાજરીમાં આ ખાતું કે જે દેશના સપુતો માટે તેમજ દેશનાં કલ્યાણ અને ઉન્નતીને માટે એક આશીર્વાદ થઇ પડવું જોઇએ તેનો જેવો જોઇએ તેવો લાભ મળતો નથી. દેશના આગેવાનોની ફરજ છે કે આ ખાતાંનાં ઉપયોગીપણાં માટે બને એટલો શ્રમ કરી આ ખાતાંને સંપુર્ણ લાભ આપતું અને ઉંચા પ્રકારનું શિક્ષણ આપતું કરવું, જેથી હિન્દના બેટાઓ સાયન્સના આ આગળ વધતા જમાનામાં ઉંચું જ્ઞાન સંપાદન કરી દુનિયામાં આગળ વધતી જતી હરીફાઇમાં પોતાનાં આવાં ખાતાં તરફથી મેળવેલા જ્ઞાનની દોલતે પોતાના હરીફો સાથ ટક્કર ઝીલવાને શક્તિવાન થાય.

મુખસામુદ્રિક શાસ્ત્ર (Physiognomy) અને **મસ્તક વિદ્યા** (Phrenology) પ્રમાણે **જમશેદજી નસરવાનજી તાતા**નાં સ્વભાવ, **લક્ષણો** અને ચારિત્ર્ય વિગેરેની ટુંકી નોંધઃ—

જમશેદજી નશરવાનજી તાતાની પણ એક મહાન નર તરીકેની ગણુના તેના અનેક પ્રબળ ગુણોને લીધેજ થાય છે એ તદન સ્વભાવિક છે. આ પુરૂષનું **મસ્તક**—બન્ને આંખનાં ખુણાંની બહારના ભાગમાં ઉપર તરફ જતાં નાં. ૪, ૫, ૬, ૨૩, ૨૪, ૨૫, ૨૬, આદિ સ્થાનો કે જ્યાં નિત્તેષણા, ઉદયોગ શક્તિ, સાહસ, શૌર્ય, અનુકરણ, કળા કૌશલ્ય અને યોજના શક્તિ તેમજ સૌંદર્ય અને ઔદાર્ય આદિ ભાવોનાં સ્થાનો આવેલાં છે તે બધાં સ્થાનોમાં પ્રબળ વિસ્તારવાળું છે. એ અવલોકન કરનાર કોઇ પણ સુજ્ઞને બહુજ સ્પષ્ટપણે જણાયા વિના નહીંજ રહે.

આંખો—તેની આંખો વિશાળ હોવા છતાં જરા મંદ છે. છતાં સ્નેહ, કરૂણા અને સૌજન્યના પ્રબળ ભાવો દર્શક હોવા છતાં અધ્યાત્મિક ભાવો તરફના પણ પુર્ણ વળણવાળી જણાય છે. નાસિકા શરીર અને મુખના પ્રમાણમાં મોટી છે ખરી પણ સર ફીરોજશાહ તેમજ દાદાભાઇ જેટલી મોટી ન હોવાથી તેઓનાં જેટલી જાતે શારીરિક પ્રવૃત્તિમાં ન

મેળવાઇ શકે છતાં તેનો ભવ્ય બુદ્ધિ વૈભવ કોઇ રીતે એ બન્ને નરો કરતાં યતકિંચિત પણ ન્યુન નથી. તેની ઉદારતા અને પ્રબળ પરોપકારવૃત્તિ લાખોને આશ્રય આપી શકે તેટલી ભવ્ય અને વિશાળ છે. અને તેટલાજ પ્રમાણમાં તેનું નાં. ૨૨ વાળું મસ્તકનું સ્થાન પણ ઘણુંજ વિશાળ હોવુંજ જોઇએ કે જે હાલ પાઘડીથી છુપાયલું છે: સુજનતા, સુદ્રઢતા અને પરોપકાર તથા પરોણાગત આપી સૌને આવકાર આપવાની પ્રબળ ઇચ્છા તેના હૃદયમાં સર્વદા પ્રદિપ્ત થઇ રહેલી છે જે તેના સમગ્ર મુખ પરનાં ભાવથી પ્રકટ થાય છે. સ્નેહ સૌજન્ય અને દયા એજ એનો મુદ્રાલેખ (Motto) હોવો જોઇએ.

ભવિષ્યનાં મા-બાપો ! એક **જમશેદજી** તાતાનો જન્મ થવાથી લખ્ખો લોકો રોજી કમાતાં થયાં—દેશ નવા ઉદયોગોથી હળમળી રહયો અને તેમની દુરઅંદેશ સખાવતથી દેશના બેટાઓ ઉંચી કેળવણી સંપાદન કરતા થયા, તો આ પુસ્તકનાં વાંચકો પોતાનાં વિચાર-બળના પ્રતાપથી અને આવી જીંદગીઓના બનાવ મગજ ઉપર ઠસાવી જો બીજા અનેક એવા ઉત્તમ પ્રકારના મનોવૃતીવાળા ઉદયોગી—ચંચળ—દીર્ઘદ્રષ્ટીવાળા અને ઉત્તમ પરીણામો નિપજાવે તે જાતની કેળવણી માટેની સખાવત કરનાર બેટાઓ પેદા કરશો તો તમારૂં પોતાનું, તમારી કોમનું અને તમારા દેશનું કલ્યાણ કરવામાં તમોએ ઘણો કિંમતી ફાળો આપેલો ગણાશે ! પરમાત્મા તમને તેવી શકિતની બક્ષેસ કરે ! આમીન !

મુંબાઈનો તાજ વિનાનો રાજા.



મરહુમ સર ફીરોજશાહ મે. મેહેતા.

સર ફીરોજશાહ મેહેરવાનજી મેહેતા.

એમ. એ, બારીસ્ટર ઍટ. લૉ. કે. સી. આઇ. ઇ.

આ જાણીતા વિદ્વાન, રાજદ્વારી પુરૂષ અને કાયદાશાસ્ત્રીનો જન્મ ઇ. સ. ૧૮૪૫ માં ૪ થી આગષ્ટે મુંબાઇમાં થયો હતો એમના પિતા કામા કુંપનીમાં એક ભાગીયા તરીકે કામ કરતા હતા. ફીરોજશાહ બચપણથી ઘણા ચંચળ અને અસાધારણ યાદદાસ્ત શકિત ધરાવતા હોવાથી સોળ વર્ષની ઉમરમાં (ઇ. સ. ૧૮૬૧માં) મેટ્રીકયુલેશનની પહેલી પરિક્ષા પસાર કરી, ૧૮૬૪માં **બી. એ.** અને ૭ માસની ટુંક મુદતમાં **એમ. એ.**ની પરીક્ષા ફતેહમંદી સાથે પસાર કરી હતી. ટુંક મુદતમાં **એમ. એ.** જેવી ચઢતી પરિક્ષામાં **પહેલા પારસી** તરીકે પસાર થતાં એમને સર એલેકઝાન્ડર ગ્રાન્ટ, જેઓ એલફીન્સ્ટન કોલેજના પ્રિન્સીપલ હતા તેમણે ફીરોજશાહને કોલેજના એક ફેલો તરીકે નેમી, શેઠ રૂસ્તમજી જમશેદજી જીજીભાઇવાળી ત્રેવેલીંગ ફેલોશીપ એમને આપવાની મજબુત ભલામણ કરી હતી પણ એમના પિતાને એ વાત પસંદ પડી નહિ, કેમકે પોતાનો બેટો બીજાને પૈસે કેળવણી લે એ તેમનાં ધ્યાનમાં ઠીક લાગ્યું નહિ. પણ સર એલેકઝાન્ડરે તેમને સમજાવ્યું કે જેમ પારસીમાં પહેલા એમ. એ. થઇ નામના મેળવી છે. તેમ **પહેલા બારિસ્ટર** બનાવવા એક સખી નરની સ્થાપેલી સ્કોલરશીપ સ્વીકારવાથી કશું હલકું લાગશે નહિ. પણ ઓર જેબ મળશે. આથી ૧૮૬૫ ફીરાજશાહ બારીસ્ટરના અભ્યાસ અર્થે લંડન જઇ, ૧૮૬૮માં પરિક્ષા ફતેહમંદી સાથે પસાર કરી સ્વદેશ આવ્યા. લંડનના રહેવાસ દરમ્યાન એવણુ પ્રોફેસર **દાદાભાઇ નવરોજી**ને પોતાના ગુરૂ તરીકે માન આપતા હતા. તેમણે મી. દાદાભાઇ તથા બાબુ વ્યૅમેશચંદ્ર બેનરજી સાથે રહીને લંડનમાં **લીટરરી સોસાયટી** ઉભી કરવામાં ઘણી મદદ કરી હતી. આ સોસાયટીની સભામાં સર ફીરોજશાહે હિંદુસ્તાનમાં કેળવણીના વિષય ઉપર કેટલાક ઉપયોગી નિબંધો વાંચ્યા હતા. મુંબાઇમાં આવતાં એવણે જાહેર કામોમાં ભાગ લેવા માંડી પોતાની બ.હોશીથી નામના મેળવી હતી. તેમજ ૧૮૭૦ ના સુમારે મુંબાઇ મ્યુનિસીપલ કમીશનર મી. આર્થર ક્રાફર્ડે મુંબાઇને એકદમ સુધરેલું શેહેર બનાવવાની યોજના યાહોમ અમલમાં મેળતાં પ્રજાપર ભારે કરનું દબાણ થવાનો સંભવ થતાં આ ઉડાઉ પાર્યમાંથી હાથ ખાંચવા માટે મી. કાફર્ડને જાહેર હીલચાલથી ફરજ પાડી, કમીશનરના ઓહ્દા ઉપરથી તેને દુર થવાની ફરજ પાડી.

તે પછી એમની હીલચાલથી ૧૮૭૨માં મ્યુનીસીપલ ઍકટ પસાર થયો હતો. તે પછી દોખમાં કેસમાં પોતાના બાહોશી મી. એનેસ્ટી બારીસ્ટર સાથે પુરતી પ્રકાશીત કરી હતી. ૧૮૭૮માં સુરત રાયત કેસમાં પોતાના કાયદાનાં જ્ઞાનથી ઘણી નામના મેળવી હતી, તેમજ ખંબાતવાલા મી. વીલસનના કેસથી પણ એમની બાહોશી વધારે પ્રકાશીત થઇ હતી. સર ફીરોજશાહ કાઠીયાવાડના દેશી રાજ્યોમાં તેમના હક્ક સંબંધી સરકારમાં અપીલો ઘડવાની બાબતમાં પણ સારી નામના પામ્યા છે.

પોતાના ધંધાની બોહોળી રોકાણો છતાં એવણુ પ્રજા હિમાયતનાં કામમાં તન મન ધનથી જે મહેનત ચાર દાહેકા સુધી કરતાં રહયા હતા તે અસાધારણ પ્રકારની અને ઘણી જાણીતી હતી. એમને ૧૮૮૪ અને ૮૫માં મ્યુનીસીપલ કારપોરેશનની પ્રમુખ તરીકે લાગટ બે વરસ નેમવામાં આવ્યા હતા. મર્હુમ મી. કાશીનાથ ત્રીંબક તેલંગ સાથે રહીને એવણે "**બોમ્બે પ્રેસીડન્સી એશોશીએશન**"ની પ્રથમ સ્થાપના કરી હતી, અને જાણીતાં **ઇલબર્ટ બીલ** વખતની ગરમા ગરમીમાં મુંબઇએ જે આગેનાન ભાગ લીધો હતો તેમાં બીજા દેશહિતકારીઓ સાથે સર ફીરોજશાહનો આગેવાન હીસ્સો હતો.

ઇ૦ સ૦ ૧૮૮૬માં મુંબઇના ગવરનર લૉર્ડ રેએ સર ફીરોજશાહને પોતાની લેજીસલેટીવ કાઉનસીલના સભાસદ તરીકે નેમ્યા હતા, અને ત્યાં બે વર્ષની કારકીર્દી દરમ્યાન પ્રજા તરફથી ઘણી લડતો લડી નામના મેળવી હતી. તે પછી ૧૮૯૩માં કોરપોરેશન તરફના પ્રતિનીધી તરીકે ધારાસભામાં બેઠક મેળવી હતી અને તે પછી પણ એવણુ ફરી કૉરપોરેશન તરફના પ્રતિનીધી તરીકે મુંબઇની વડી ધારાસભામાં બીરાજી ખેડુતો પર ગુજરતા જુલમ વિષેની હીલચાલમાં અસાધારણ હિમ્મતભરી લડત માટે આ પ્રસંગે તમામ ભરતખંડમાં નામના મેળવી હતી. નામદાર વાઇસરાયની ધારાસભામાં સર ફીરોજશાહ બીરાજ્યા તે પહેલાં ત્યાં માત્ર અમલદાર વર્ગનો લાગવગ ચાલતો હતો; અને તેમને એ આગમજ કોઇપણ સભાસદે ખુલ્લા આકારમાં ચિતાર્યા નહોના; પણ સર ફીરોજશાહે કોઇની પણ દરકાર યા ડર રાખ્યા વિના વાજબી દલીલો સાથે લડતો ચલાવી તેથી એમની બાહોશી અને વાકચાતુરી તથા જાહેર હિમ્મત માટે જાબજા માન મળ્યું હતું. એમની વડી ધારાસભામાંની કીંમતી સેવા માટે કલકત્તાના આગેવાન ભાગે એમને જાહેર માન આપ્યું હતું તેમજ મુંબઇની પ્રજાએ સર દીનશા પીટીટ બારોનેટનાં

પ્રમુખપણા તળે એક મોટી સભા મેળવી એમને માનપત્ર એનાયત કર્યું હતું. તે પછી ફરી એવણ વડી ધારાસભામાં ચાલુ નેમાયા હતા. અને લાર્ડ કર્ઝન જેવા બાહોશ રાજદવારી નરની ભારે પ્રસંશા મેળવી હતી.

ઇ. સ. ૧૮૯૪માં એમને સી. આઇ. ઇ. નો **કમ્પેનીયન ઓવ ધી ઇન્ડીયન એમ્પાયરનો** ખેતાબ નામદાર મહારાણી વિકટોરીયા તરફથી એનાયત થયો હતો.

વળી સર ફીરોજશાહ 'ઇન્ડીયન નેશનલ કોંગ્રેસ'ના ચુસ્ત હિમાયતી અને જીવનગાળા જેવા હતા. એમને ૧૮૯૦માં કલકત્તામાં મળેલી છઠ્ઠી કૉન્ગ્રેસના પ્રમુખનું મહાન માન આપવામાં આવ્યું હતું ત્યાં આપેલું એમનું ભાષણ ઘણુંજ યાદગાર ગણાય છે. આ ભાષણ એવું તો મોહન અને વિદ્વતા-ભર્યું હતું કે તે વેળાએ હાજર રહેલા મી. કેન જેવા પાર્લામેન્ટના સભાસદો પણ સાંભળીને મુગ્ધ થયા હતા, અને તેમણે એમનાં વખાણ ત્યાંજ કરી એમની વાજબી પ્રસંશા કરી હતી.

હિંદુસ્તાનમાં રાજકિય અને વિદવાન બાહોશ પુરૂષો જે ગણત્રીના કહેવાય તેમાં સર ફીરોજશાહ પહેલે નંબરે ગણાતા હતા, અને તેમને એક '**સિંહ**'ની ઉપમાંથી હમેશા યાદ કરવામાં આવે છે; તેમજ રાજદવારી લડંતોમાં ચાલુ હાજરી આપનાર તરીકે પ્રકાશીત કારકીર્દી ભોગવનાર તરીકે વગર હરીફાઇએ સર ફીરોજશાહ એખલા એકજ ગણાતા હતા. મુંબઇ મ્યુનિ-સીપલ તથા રાજકિય કારકીર્દી એમની ત્રણ દાહેકા થયા ખાંચા વીના ચાલુજ રહી હતી, તેમજ જુદે જુદે ઠેકાણે મળતી " પ્રોવિનસીયલ કોનફરન્સો " માં એવણ પોતાની હાજરી આપી ચાલુ મદદ કર્યા કરતા ઇ. સ. ૧૯૦૪ના જુન માસમાં એમને નાઇટ કમાનદર ઓફ ધી ઇન્ડીયન એમ્પાયરનો ખેતાબ મળ્યો હતો.

એક ટુંક કમાઇવાળાં કુટુંબમાં જન્મ લઇ, પોતાની જાતી બાહોશી અને જાતી અક્કલથી, ઉંચી કેળવણીનાં બળથી અને જાત-મહેનત (Self-Help) થી પોતાના દેશમાંજ નહીં, પણ ઇંગ્લાંડમાં પણ એક બાહોશ વકતા, એક ઉંડા અભ્યાસી, એક મહાન રાજદવારી નર, એક ઉંચ પંકતીના બારીસ્ટર, અને દેશ સેવામાં આખ્ખી જીંદગી અર્પણ કરનાર દેશ-ભકત તરીકે મર્હુમ સર ફીરોજશાહ મેહેતા નામના મેળવી ગયા છે, અને તેમનાં મરણથી જે જગ્યા ખાલી પડી છે તે પુરાવા.માટે બીજી અનેક સદીઓ જોઇશે.

એમનો ચ્હેરો જોતાંજ સામાં માણસમાં તુરતજ અસર થતી કે આ એક મહાન માણસ છે. એમનો સીંહ જેવો દેખાવ, વાત કરવામાં અને કૉર્ટ યા જાહેર તખ્તા ઉપર ભાષણ કરતાં ઠઠરાવનારો અવાજ, એમનું સરોવર જેવું ઉંચું કદ, અને મજબુત બાંધો એ સર્વે એમને માટે સામા ધણીને માન ઉત્પન્ન કરવામાં તુરતજ અસર કરી શકતાં હતાં.

મુખસામુદ્રિક શાસ્ત્ર (Physiognomy) અને મસ્તક વિદ્યા (Phrenology) પ્રમાણે સર ફીરોજશાહ મેહેરવાનજી મહેતાના સ્વભાવ લક્ષણો અને ચારિત્ર્ય વિગેરેની ટુંકી નોંધઃ—

સર ફીરોજશાહ મહેતાનાં કાર્યથીજ હિંદુસ્તાનનો મોટો જનસમુદાય અનેક કારણોને લીધે યથાવત રીતે વાકેફજ છે. છતાં સામુદ્રિકશાસ્ત્રનુ સાર તેના ચહેરાદ્વારા કયાં કયાં લક્ષણો પ્રગટ જણાય છે તેનું અતિ ટુંક અવલોકન કરતાં આપણને માલમ પડે છે કેઃ—

મસ્તકનો અગ્રભાગ—

તેનું આંખના પ્રદેશની આસપાસનું આગળ પડતું કપાળ-તેની પ્રબળ અવલોકન શકિતઓ દર્શાવે છે. ૨. તેનું ભવ્ય અને વિસાળ અગ્રકપાળ બુધ્ધિ શકિતઓની પ્રબળ વૈભવ દર્શાવે છે. તેમજ ૩. બન્ને કાન વચ્ચે તેનું પહોળું માથું ઉગ્રપ્રકારની કાર્યશકિત, ઉદમોગ શકિત, સાહસ, વિતેષણા અને ખાનપાનના આનંદો ભોગવવાની આત્મ સંરક્ષક શકિતઓની પ્રબળતા દર્શાવે છે.

નાસિકા—મુખપર આવેલી લાંબી ઉભી પ્રબળ નાસિકા તેની ઉગ્ર કાર્ય-શકિત, સાહસ, અને પ્રબળ સ્પર્ધા શકિતનો તેમજ પ્રબળ પૃથક કરણ શકિતનો પ્રતાપ દર્શાવે છે.

જાડી ભમરો—વિચારશીલતાની અધિકતા તથા ઉતાવળીયા અને ઉગ્ર સ્વભાવની ખાત્રી આપે છે.

ચીબુક—જ્યારે ભરાવદાર-ડબલ, જાડી અને પહોળી ચીબુક, પ્રેમ, વાત્સલ્ય સ્નેહ તેમજ પ્રબળ જીજીવિષા અને પ્રાણ તથા પોષણ શકિતને દર્શાવે છે. એટલુંજ નહીં પણ મુખપરની રેખાઓ પ્રબળ સ્વમાન શૌર્ય અને આગતાસ્વાગતાવાળા સ્વભાવની પ્રબળતા દર્શાવવા ઉપરાંત કડક સ્વભાવની પણ પ્રબળતા દર્શાવે છે.

ઓષ્ઠ—જાડા ભરાવદાર અને વિશાળ છે. જે રસમય પદાર્થોની પ્રિયતા પ્રેમભાવની પ્રબળતા (Amativeness) દર્શાવે છે અને હાસ્ય તથા કટાક્ષ પ્રિયતા આદિ ગુણો તેની મુખમુદ્રાપરથી સ્પષ્ટ વ્યક્ત થાય છે. જ્યારે મસ્તકનો મુખ્ય ભાગ પાઘડીથી ઢંકાયેલો હોવાથી તેની નૈતિક અને ધાર્મિક લાગણીઓ તેમજ સાંસારિક લાગણીઓનાં પાછળના પ્રદેશના સંબંધમાં કાંઇપણ અવલોકન કરી મસ્તક વિદ્યા પ્રમાણે કહી શકાય તેમ નથી. છતાં તેની સમગ્ર પ્રકૃતિ Motive-Mental Temperament યુક્ત સ્પષ્ટ દેખાય છે. કાર્ય ઉત્સાહ અને સાહસ એજ તેનો "Motto" હોઇ શકે.

કેળવણી, જાત-મહેનત અને ચાલુ અભ્યાસની આદતથી કોઇ પણ માણસ પોતાની હાલત સુધારી શકે એ નિશંક છે તો આપણે ઇચ્છીશું કે આપણી જરથોસ્તી કોમ જે હિંદમાં શું પણ સારી દુનિયામાં મહુંમ **સર ફીરોજશાહ મહેતા** જેવા નરોથી માન મેળવી ચુકી છે, તે હવે પછી પણ બીજા એવા અનેક **ફીરોજશાહ મહેતા** જેવા જ્ઞાની અને બાહોશ બેટાઓ મેળવવાને ભાગ્યશાળી થાય.

સખાવતે બહાદુર.

સર જમશેદજી જીજીભાઇ પહેલા બેરોનેટ.

આ પહેલા માનવંત ઉમરાવ અને હાતમ-દિલ નરનો જન્મ ઇ. સ. ૧૭૮૩માં ૫ મી જુલાઇએ થયો હતો.

કેટલાકનાં મત મુજબ આ નરનો જન્મ મુંબઇમાં કાફર્ડ માર્કીટ પાછળની ' બથા બહુ વૈરીયો ' નામે મોહલ્લામાં થયો હતો. બીજાઓનાં મત મુજબ નવસારીમાં મલેસર ફળીયાનાં વાચ્છા મહોલામાં થયો હતો.

સર જમશેદજીનાં માતા પિતા ગરીબ સ્થિતિમાં હોવાથી એમને ટુંક કેળવણી આપી ૧૨ વર્ષની વયે જમશેદજીના માસા ફરામજી નશરવાનજી બાટલીવાલાને ત્યાં મુંબાઇ મોકલ્યા, જ્યાં ગુજરાતિ વાંચતાં લખતાં શિખી થોડુંક ઇંગ્રેજીનું જ્ઞાન મેળવી બાટલી વેચવાના ધંધામાં પડયા. તેટલાં ૧૭૯૯ માં એમના માતા તથા ૧૮૦૦ માં પિતા મરણ પામ્યાં. તે પછી એવણે કલકત્તા તથા ચીનની મુસાફરીઓ કરી, મી૦ તબાકના મેહેતાગીરીમાં રહ્યા હતા. એમનાં લગન ૧૮૦૩ માં ૧૩ મી માર્ચે ફ. ન. બાટલીવાલાની બેટી બાઇ આવાંબાઇ સાથે થયાં હતાં. એમના મસીઆઇ ભાઇ તથા શેઠ મેહેરવાનજી તબાકનો નબળો વખત આવવાથી પાછળથી જમશેદજીએ મોતીચંદ અમીચંદ, ફરદુનજી સોરાબજી અને મહમદઅલી વગેરે ગ્રહસ્થો સાથે વેપાર ચલાવી જુદાં જુદાં શેહેરો તથા મુલકોમાં વેપારી આડત બાંધી હતી, અને થોડી મુદતમાં બંગાળ, મદ્રાસ, પીનાંગ, મલાકા, સુમાત્રા, સીંગાપોર, સિયામ, મનિલા, ચીન, સુવેઝ, સ્મિર્ના, એલેકઝાન્ડ્રીયા અને ઇગ્લાંડ વિગેરે દેશોમાં આડત બાંધીને ત્યાંનો માલ ખરીદી કરવા તથા અહીંનો માલ ત્યાં મોકલવા માંડયો. તેમાં સર જમશેદજીની કુશળતાથી કંપનીને મ્હોટો ફાયદો થયો. ચીનની તેઓ ચાર વાર સફર કરી આવ્યા હતા. ચીનની બીજી સફરમાં તેમને ભારે અડચણ એ નડી કે તેઓ જે વહાણમાં બેસીને આવતા હતા તે ઇસ્ટ ઇન્ડીયા કંપનીમાંનું એક હતું અને તે વખતે ઇસ્ટ ઇન્ડીયા કંપની તથા ફ્રેન્ચ લોકો સાથે લડાઇ ચાલતી હતી, તેમાં એકમેકના વહાણના સીપાણો અથડી પડતા. આ સફરમાં તેમને ફ્રેન્ચ વહાણ સામું મળતાં ત્યાં બન્ને વચ્ચે લડાઇ થઇ. તેમાં ફ્રેન્ચો હાર્યાથી આ સફરમાં જમશેદજી મુંબઇ પાધરા આવી શકયા પણ ચોથી સફરમાં ચીનથી માલ ભરી મુંબઇ આવતાં ફ્રેન્ચ વહાણે વહાણ અટકાવી લુટયું. તેમાં સઘળો માલ સર જમશેદજીનો

એક મહાન સખાવતે બહાદુર નર.



નામદાર સર જમશેદજી જીજીભાઇ

પહેલા બારોનેટ.

હતો, તે પણ લુંટાયા ઉપરાંત એમને કેદ કરી કેપ ઓવ ગુડહોપમાં લઇ ગયા ત્યાંથી વિટંબણા ખમતા એક વલંદા વહાણને રૂ. ૧૬૦૦નું નુર ભરી ખાધા પીધાની ભારે હાડમારી ખમી ૧૮૦૩ની ડીસેમ્બરે મુંબઇ આવી પુગ્યા. તે આગમજ ૧૭મી ફેબરવારીએ મુંબઇ કોટમાં લાગેલી ભયંકર આગથી જે ૧૦૦૦ હજાર મકાનોનો નાશ થયો હતો તેમાં પણ જમશેદજીને ભારે નુકશાન થયું હતું.

આ મુજબ ૧૮૦૩માં એમને હાડમારીઓ ઘણી ખમવી પડી હતી. તે પછી એમની હાડમારીનો અંત આવતાં ૧૮૦૭ થી મુંબાઇમાં ઠરીઠામ રહી જુદા જુદા દેશો સાથે વેપાર કરવા માંડયો. ૧૮૧૪ થી તેવણે વહાણવટીનો ધંધો શરૂ કરી પાંચ વહાણો પોતાની માલેકી તળે રાખ્યાં હતાં. ૧૮૨૮ માં દેશીઓને 'ગ્રાન્ડ' અને ' પેટી ' જુરરનાં હકકો મળ્યા હતા, તેમાં પહેલા ગ્રાન્ડ જુરરમાંના સર જમશેદજી એક પહેલા હતા. ૧૮૩૪ માં ' જસ્ટીસ ઓવ ધી પીસ 'નું માન મેળવ્યું. ૧૮૫૧ માં મુસલમાનોએ કરેલાં હુલડ વેળા બહારકોટના પારસી વસનારાઓને ઘણું ખમવું પડયું તે વેળા સર જમશેદજીએ ખાધ ખોરાકીની અમુલ્ય મદદ કરી હતી. એવણ ૧૮૨૩ થી પારસી પંચાતના અકાબરનું માન પામ્યા હતા.

પોતાની જુવાનીમાં માત્ર ૧૨૦ રૂપ્યાની ટુંક પુંજી ઉપર મદારત બાંધી દીર્ઘ દ્રષ્ટિએ વેપારમાં પડી બે ત્રણ દાહેકામાં આ નસીબવંત નરે રૂપિયા સાત કરોડની ગંજાવર દોલત મેળવી હતી. જેમ તે દોલત દીર્ઘ દ્રષ્ટિ, કુશળતા અને સારે નસીબે મેળવી હતી તેવોજ તેનો છુટો હાથે ઉપયોગ સખાવત રૂપે કર્યો હતો.

ઇ. સ. ૧૮૪૨ના મે માસમાં એવણને સર નાઇટનો ખેતાબ મહારાણી સરકાર તરફથી મળ્યો, અને તે એલકાબનો સોનાનો ચાંદ ૧૮૪૨માં ૧૫ મી ડીસેમ્બરે મુંબઇના ગવરનર સર જ્યૉર્જ આર્થરે જાહેર દરબારમાં એનાયત કર્યો હતો. તે ઉપરાંત એમને " ફ્રીડમ ઓવ ધી સિટી ઓવ લંડનનુ " નું વેપારી માન મળ્યું હતું તે પછી બેરોનેટનો માનવંતો ખેતાબ ૧૮૫૭નાં મે માસમાં આપવામાં આવ્યો હતો. ૧૮૫૬નાં જુન માસમાં આ દેશના લોકોએ તેમનું પુતળું કોતરાવીને મુંબઇના ટાઉન હોલમાં મેલાવ્યું હતું જે હજી ત્યાં કાયમ છે.

ઇ. સ. ૧૮૫૦માં સર જમશેદજીની ખાસ મુલાકાત નામદાર વડોદરાના મહારાજા ગણપતરાવ ગાયકવાડે લીધી હતી. તે વેળા રાજા સાહેબને

રૂપીઆ એક લાખનું નજરાણું આપ્યું હતું. અને એજ સાલમાં એવણુ નવ- સારી જતાં મહારાજા ગણપતરાવ ગાયકવાડે તેમના માનમાં મ્હોટા પાયાપર સરકાર તરફથી તૈયારી કરી બાદશાહી માન આપ્યું હતું. એમના ત્રણ બેટાઓ ખરશેદજી, રૂસ્તમજી અને સોહરાબજી પણ પિતાના નામને જેબ આપે તેવા સખાવતે બહાદુર તથા ભણેલા નિવડયા હતા. સર જમશેદજીનું મરણ ૭૬ વર્ષની ઉમ્મરે વયે ૧૮૫૯માં ૧૪મી એપ્રીલે નિપજ્યું હતું. આ વેળા મુંબાઇ તેમજ પરદેશોમાં એટલી તો દલગીરી ફેલાઇ હતી કે આખાં શેહેરે હડતાલ પાડી હતી, તથા મુંબાઇની સરકારી તથા પરજાની પેઢીઓ તથા ખાતાંઓ બંધ રાખ્યા ઉપરાંત, બંદરમાં પડેલી સઘળી મનવારો અને વેપારી વહાણો ઉપરથી શોકના વાવટા, કાઠી પર અર્ધા ઉડતા કરી શોકની લાગણી બત- લાવવામાં ભાગ લીધો હતો.

સર જમશેદજીની જાહેર સખાવત લગભગ પચ્ચીસ લાખ રૂપીઆની હતી ત્યારે બીજી ખાનગી સખાવત સાથે લગભગ **ચાલીસથી પીસ્તા- લીસ** લાખની તેમની જુમલે સખાવત જણાવવામાં આવે છે. સર જમ- શેદજીએ દુનિયાની ગીરદેશથી પડી ભાગતા અનેક મ્હોટાં ખાનદાનોને છુપી રીતે એવી તો ઉદાર મદદો કરી હતી કે તેવી ગંજાવર બક્ષેસની રક- મની નોંધ તેવણે કદી જાહેર પડવા દીધી નથી; તેમજ તેમના વારસોએ તેવા નામીચા ખાનદાનીઓની ગરીબાઇમાં તેમના મુરબ્બીએ કરેલી મદદની છુપી બીના જાહેરમાં નહિ પાડવા માટે બંદોબસ્ત કર્યાથી તેની નોંધો જાહેરમાં છપાયલી નથી.

આખ્ખાં હિન્દુસ્તાનમાં "સખાવત" શું છે તે સર જમશેદજીએ શિખવ્યું હતું, કારણ કે એ મહાન નરે સખાવતો કરવાની શરૂ કીધી તે અગાઉ સાર્વજનીક સખાવતો મુંબાઇમાં તો શું પણ હિન્દુસ્તાનના બીજા ભાગોમાં પણ અજાણી હતી. સર જમશેદજીએ ગુજરાતનાં દરેક શહેર અને ગામડાંમા જ્યાં જ્યાં જરૂર જણાઇ ત્યાં ત્યાં ધર્મશાળાઓ, કુવાઓ, દવાખા- નાંઓ ખોલી જાત પરજાત દરેક ગરીબોને એટલી તો સગવડ કરી આપી કે તે વેળા "જરથોસ્તી સીકકા"ની બોલબાલા આ સખાવતોથી શરૂ થઇ. વળી મુંબાઇના પોતાના ગરીબ હમદીનોને કેળવણી આપવા માટે "સર જમશેદજી જીજીભાઇ પારસી બેનીવોલન્ટ ઇન્સટીટયુશન"ની સ્થાપના થવાથી દરેકે દરેક જરથોસ્તીઓ પોતાનાં બાળકોને કેળવણી આપી શકયા છે. આ ખાતાંની બરકતથી કેળવણીનો ફેલાવો કોમમાં થવા પામ્યાથી ગરીબાઇ

ઓછી કરવાનું ઘણું આવકારદાયક પગળું ભરાયું છે. આ કેળવણી ખાતાંની ગેરહાજરી હતે તો અનેક પારસી વિરલા નરો બાહેર પડી શકતે નહીં. પારસી કોમને માટે આ આશીરવાદ-દાયક ખાતાં ઉપરાંત મદ્રેસાની સ્થાપના થવાથી અવસ્તાના અભ્યાસમાં પણ ઘણું ઉત્તેજન મલ્યું છે; એ ઉપરાંત એ નામાંકીત નરની સખાવતથી મુંબાઇની પારસી તેમજ બીજી દરેક કોમને અનેક ફાયદાઓ થયા છે.

મુખસામુદ્રિક શાસ્ત્ર (Physiognomy) અને મસ્તક વિદ્યા (Phrenology) પ્રમાણે સર જમશેદજી જીજીભાઇના સ્વભાવ લક્ષણો અને ચારિત્ર્ય વિગેરેની ટુંકી નોંધ:—

મુબઇની અંદર સર્વથી શ્રેષ્ટ અને એક મહાન દાનવીર નર નામદાર સર જમશેદજી જીજીભાઇ પહેલા બેરોનેટ થઇ ગયા છે. મસ્તક વિદ્યા પ્રમાણે તેની અનેક માનસીક શકિતઓનાં સ્થાનોનું અવલોકન કરવું જો કે તેણે પાઘડી પહેરેલી હોવાથી મુશ્કેલ છે. છતાં સામુદ્રિક શાસ્ત્ર અનુસાર તેનાં મુખપરથી પણ અનેક ભાવો સ્પષ્ટ દેખાય છે.

આંખો—તેના વિશાળ અને પુર્ણ અંશે ખીલેલાં ચક્ષુઓ તેની અંદરની કાળી કીકીનો વિસ્તાર, બુધ્ધિ- લાગણી અને સ્નેહ શકિતઓની પ્રબળતા દર્શાવે છે.

કાન અને આંખની વચ્ચેનું ભરાવાદાર ભવ્ય કપાળ, તેની પ્રબળ યોજના શકિત, પ્રબળ વિત્તેષણ, અર્થાત દ્રવ્ય મેળવવાની શકિત, કાર્યશકિત ઉદ્યોગ પ્રિયતા આદિ ભાવો દર્શાવે છે.

ભમરો—કળા કૌશલ્ય અને હુન્નર-ઉદ્યોગનો શોખ દર્શાવે છે.

નાસિકા—મોટી લાંબી અને નીચેથી પહોળી-શરીરની અંદરની પ્રાણશકિતઓની વિપુલતા દર્શાવવા ઉપરાંત સાહસ, નિગ્રહવૃત્તિ અને કરકસર પણ દર્શાવે છે.

પહોળું મુખ—અને લાંબા ઓષ્ઠ, પ્રબળ, આગતા સ્વાગતા, યોગ્ય પ્રજનનશકિત, એકાન્તિક સ્નેહભાવ, અને દામ્પત્ય ધર્મની પ્રબળ લાગણી દર્શાવે છે.

ભરાવાદાર ચિબુક—સ્નેહ, સૌજન્ય, દયા કરૂણા અને પ્રબળ પ્રાણ શકિતઓ, જીવન શકિત તેમજ પરોપકાર પ્રિયતા દર્શાવે છે, સ્વભાવે મકકમ, નિખાલસ દીલ, દયાળુ જીવન, દુઃખીઓપર કરૂણા, સુખીઓ સાથે સહાનુભૂતિ, અને પરાર્થે સુખ વૈભવના ત્યાગ આત્મક સુખદ

સૌજન્ય યુકત આ મુર્તિ છે જેના ચહેરા પરના બધા ભાવો, હિન્દુજાતિના તેવાજ એક મહાન દાનવીર શેઠ મુળજી જેઠા, અને ગોકલદાસ તેજપાળના ચહેરાઓ સાથે સરખાવતાં અનેક રીતે મળતાપણું જણાય છે.

સખાવત અને નેક જીંદગી એ બન્ને મરહુમ સર જમશેદજીના સર્વોત્તમ ગુણો હતા, અને આપણે ઇચ્છીશું કે એ ગુણો હવે પછીની ઓલાદમાં ઉતરતા રહે, જેથી જરથોસ્તી સીકકાની કારકીર્દી, નાની સંખ્યા હોવા છતાં સદા ઝળકતીજ રહેશે !

એક મહાન લડવૈયો.

નેપોલ્યન બોનાપાર્ટ.

" He was the greatest general that thu world has known."

" દુનિયામાં થઇ ગયલા સર્વે સીપાહ-સાલારોમાં એ સર્વોપરી હતો."

કૅારસીકાના ટાપુમાં ગરીબ મા-બાપને ત્યાં અવતરી, ગરીબાઇમાં મહા સખ્તીએ બાળ જીવન કહાડી, એક મહોબતવંતી માવતરની ગોદમાં ઉછરી, એક સાધારણ સિપાહ-બચ્ચાથી કારકીર્દી શરૂ કરી, સીપાહસાલાર બની, આખ્ખાં યુરોપનાં જરમન, ઑસ્ત્રીયન, રશયન, ઇટાલ્યન, પોરચુગીઝ, સ્પેનીશ સર્વે લશ્કરોને પોતાની અદભુત લડાયક કળાથી આજેજ કરી, ફ્રાન્સની શેહેનશાહતનો શહેનશાહ બનેલો, આપ-બળ, સખત મહેનત અને જાતી-હુશિયારીથી સારી દુનિયાંમાં કદી નહીં વિસરાય એવી બહાદુરી, હિમ્મત અને હિકમતવાળા આ નરની જીંદગીનો વૃત્તાંત જાત-મહેનત Self-Help શું પરીણામ લાવી શકે તેનો ચિતાર આપવા અમુલ્ય છે.

ભુમધ્ય સમુદ્ર (Mediterranean Sea) માં આવેલા કૅારસીકા ટાપુમાં આ મહાન નરનો જન્મ થયો હતો. કૅારસીકનો બહારનાઓ તરફ સભ્ય અને મેહમાનદાર હોવા સાથ દુશમનો તરફ અતિશય ક્રુર અને કીનાબાજ રહે છે. બે કુટુંબો વચ્ચે વાંધો પડયો તો જીવલેણ મારામારી ચાલુ રહે છે. ૧૭૬૮માં આ ટાપુ ઇટાલીના હાથમાંથી ફ્રાન્સના હાથમાં આવ્યો, જે કૅારસીકનોને ભાવ્યું નહીં અને થોડોક વખત સર્વેની ગુસડી માથેથી

એક મહાન લડવૈયો.

એક સિપાહી ઉપરથી પોતાના ઉદ્યોગ, ચાલાકી અને જાતી-મહેનતથી ફ્રાન્સની શહેનશાહતનો ગાદીનશીન.



નેપોલ્યન બોનાપાર્ટ.

કહાડી નાંખી પોતાનું એક નાનું રાજ્ય સ્થાપી કીંગ થીયોડોરને રાજા તરીકે ગાદીનશીન પણ કીધા હતો, પણ તેને લંડન નહાસી જવું પડયું. અંતે ૧૭૭૪માં ફ્રાન્સે પોતાની સત્તા કૉરસીકામાં સ્થાપી, પણ લોકો ફ્રાન્સને ધિક્કારવા શિખ્યું. આ જાતના ધિક્કારના સમયમાં નેપોલ્યનનો જન્મ થયો, એનો બાપ આળસુ, ખરચાળુ અને મોજમજાહનો શોખીન હતો અને હંમેશ કરજદાર રહેતો પણ આ બ્હાદુર નરની માતા લેટીઝા રેમોલીનો કરકસર વાળી અને ઘણી ડાહી બાનુ હતી. ૧૫ મી આગસ્ટ ૧૭૬૯ ને દિવસે કૉરસીકાના મુખ્ય શહેર એજેસ્યોમાં (Ajaccio) એ જનમ્યો હતો. એનો તે વેળા એક વડો ભાઇ જોસફ હતો. નેપોલ્યન ઠીંગણો અને માંદો હતો, અને તેથી સ્વભાવે પણ ચિરડાઉ રહેતો; દરેક જણ એ જે કહે તેમ કરી એને બગાડતાં, પણ એની માતાનું એનાં પર હદ્દબાહેર વ્હાલ હોવા છતાં એની ભૂલ મજબુત હાથે સુધારી એને ફાંટાબાજ થતો અટકાવતી હતી. નેપોલ્યન જન્મથીજ ફાંટાબાજ હોવા સાથે ઘણો હિમ્મતવાન હતો. ૧૭૭૧ માં એની એક બહેનનો જન્મ થયો જેની ક્રીસ્ટનીંગની ક્રિયા વેળાએ પાદરીએ આ બે વરસની નાની બ્હેન ઉપર પવિત્ર પાણીનો છંટકાવ કર્યો, જે વેળા નેપોલ્યન હાજર હતો, તે છેડાયો કે મારી બ્હેન ઉપર પાણી કેમ નાખ્યું? અને તે પાદરીને મારવા પડયો.

નેપોલ્યન હુસ્યાર હતો, પણ શિખવામાં આળસુ હતો; નાનપણથીજ એને લડાઇઓની વાત સાંભળવાનો ઘણો શોખ હતો, બાળક તરીકેની એની મુખ્ય મોજ લશ્કરી ટુકડીઓ રસ્તામાંથી જતી હોય તે વેળા પોતાની લાકડાંની રમવાની તરવાર અને રમકડાંની તોપ સાથે તે લોકોની સાથે ચાલવામાં સમાયલી હતી. ફક્ત એકજ બાબદમાં એ પછાત પડતો અને તે એ કે સર્વે સીપાહોને મુછ હતી, જ્યારે પોતાને મુછ નહીં તેનું શું કરવું તે એ બાળકને સમજ પડતું નહીં. ઘરે રહી તોબાની તાળી પડાવવા માંડી તેથી એનાં મા-બાપે એને છોકરીઓની એક સ્કુલમાં મુકયો, અને ત્યાં પણ સર્વે બાળકીઓ ઉપર એણે રાજ ચલાવવા માંડયું અને એના હુકમ જે છોકરી અમલમાં નહીં મેલે તેને ફટકારવા લાગ્યાથી સર્વે બચ્ચાંઓ એનાં તાબેદાર થઇ ગયાં. એ ૭ વરસનો થયો ત્યારે એની માતાએ એના લશ્કરી ખ્યાલને લીધે એક જેનરલનો યુનીફૉર્મ એનાં માપનો સીવાડયો અને જ્યારે કહ્યું માનતો ત્યારે તે પહેરાવતી, અને ભાઇ જ્યારે જાત ઉપર જતા ત્યારે ધમકી મળતી કે "જનરલ યુનીફૉર્મ પહેરવાનો મળશે નહીં". જેની અસરથી

વળી પાછા થઇ જતા. આ યુનીફૉર્મ નાનો નેપોલ્યન પહેરતો ત્યારે એની ખુશાલી સમાતી નહીં અને એક જેનરલના તોરથીજ એજેસ્થોના મોહલ્લાઓમાં એ ફરતો.

બાઇ જેમ મોટા થતા ગયા તેમ પોતાનાં ગામના બીજા તોફાની પોરીયાઓના સરદાર થયા. તેઓને એકઠા કરી બે ભાગમાં વેહેંચી નાખી જે હાથમાં મળતું, લાકડી, પથ્થર, ધુળ તેનાથી આ બે વિભાગો લડાઇ કરતા અને જ્યારે ઘરે પાછા ફરતા ત્યારે ખરડાયલા લપટાયલાજ નહીં, પણ પાંચ-સાત ઠેકાણેથી થોડા થોડા લોહી-લુહાણ થયલા પાછા ફરતા અને કપડાં ફાડવાનો તો કાંઇ હિસાબ રહેતોજ નહીં. "પગ્રોતો પુત પાળણાંમાં" પોતાની વળણ દેખાડતો થયો હતો. જ્યારે માતાને હાથના ફટકા પડતા ત્યારે કદીએ રડતો નહીં યા સુધરી જવાની ખોટી કબુલાત આપતો નહીં, પણ માર ખાઇ બીજે દહાડે તેજ અવતારે ઘરે પાછો ફરતો. આખરે એજેસ્થોની કૉલેજમાં જવાનો વખત આવી પુગ્યો, પણ ત્યાં નેપોલ્યન જવા માંગતો હતો નહીં કારણકે એના બાપને ફ્રેંચ સરકાર તરફથી ટુંક પગાર મળતો અને તે ખરચાઇ જઈ વધતાં જતાં કુટુંબને કારણે એ કુટુંબ સદા કરજદાર સ્થિતિ રહેતું હોવાથી તેમજ ફ્રેન્ચ ગુલામી કોરસીકનો નાપસંદ કરતા હોવાની વાતચીત નેપોલ્યનના કાન ઉપર પડતી હોવાથી એ નાના બ્હાદુરની એકજ ઇચ્છા હતી કે એ ગુલામીમાંથી પોતાના નાના દેશને છોડવવો, તેથી ફ્રેન્ચો, કે જેઓનો એ પાછળી જીંદગીમાં શહેનશાહ થવા પામ્યો તેને આ પળે ખરાં જીગરથી ધિક્કારતો હતો, તેથી કેળવણી લેવા કરતાં લડવાની તાલીમ લેવાની એની ઇચ્છા હતી.

તે વેળાનો ફ્રાન્સનો શહેનશાહ માયાળુ જીગરનો હતો તેથી તેણે હુકમ બહાર પાડયો કે કૉરસીકાના જુવાનોને ફ્રાન્સનાં કેળવણી ખાતાંનો લાભ આપવો તેથી નેપોલ્યન ૧૭૭૯ માં ફ્રાન્સ આવ્યો અને ત્યાની કોલેજમાં અભ્યાસ શરૂ કીધો. એ કોલેજની જીંદગી દરમ્યાન કૉરસીકનોને ફ્રેન્ચ વિદ્યાર્થીઓ ફોરેનર તરીકે ઘણા હાડમાર કરતા, જેઓને આ ખીસે ખાલી, પણ મજબુત મન-શક્તિ ધરાવનાર નવ વરસનો હિમ્મતવાન બાળક મુંગા તીરસ્કારથી દુર રાખતો અને બીજા વિદ્યાર્થીઓ સાથે ભેળાવાની તક નહીં મળવાથી તેની જીંદગી દરમ્યાન ઘણી કામ લાગનારી એક ટેવ એને પડી તે એ કે આખ્ખો વખત તે અભ્યાસમાંજ ગાળતો. આ શરૂની કેળવણી પુરી થતાં નેપોલ્યન ૨૫મી એપ્રીલ ૧૭૭૯ ને દિવસે બ્રીએન (Brienne) ની મીલીટરી કૉલેજમાં દાખલ થયો. અહિયાં પણ એની ગરીબાઇને લીધે બીજા

વિદ્યાર્થીઓ એની તરફ અપમાનથી વર્તતા હોવાથી એ પોતાનો ફુરસદનો વખત પ્લુટાર્કની રોમન અને ગ્રીક યોદ્ધાઓની જીંદગીના વૃતાંત વાંચવામાં ગાળતો. વળી ભૂગોળ અને ઈતીહાસનો પણ ખંતથી અભ્યાસ કરતો. ધીમે ધીમે નેપોલ્યનની મગજ-શક્તિનો બીજા વિદ્યાર્થીઓને ખ્યાલ આવતો ગયો. અને થોડા વખત પછી એવું થયું કે એ મીલીટરી કૉલેજની સર્વે રમત-ગમતની ગોઠવણમાં નેપોલ્યન વડા તરીકેજ ગણાતો. ૧૭૮૩માં એની મીલીટરી કેળવણી પુરી થતાં ૧૭૮૪ માં પેરીસ એ આવી પુગ્યો. ખાલી ખીસાંવાળો આ કૉરસીકન શરૂઆતમાં પોતાના ગરીબડા દેખાવથી ઘણું થોડું ધ્યાન ખેંચી શકયો. ૧૭૮૫માં એના બાપનું મરણ નિપજ્યું અને એ વાલીનાં ગુજરવાથી, પોતાનો વડો ભાઈ હોવા છતાં આખ્ખાં કુટુંબની જોખમદારી પોતાને માથે આવેલી સમજી, એ સોલ વરસની ટુંક ઉમ્મરના બાળકે પોતાની માતાને લખ્યું કે "આપણે ઘર ચલાવવાની કાળજી હવે ઓછી રાખીશું. અમો તમારા બેટાઓ જો અમારી તાબેદારીથી આ ખોટ પુરવા માટે સામર્થવાન થઈશું તો અમો પોતાને નસીબવાન સમજીશું. હું સંપુર્ણ તન્દરોસ્તીમાં છું. અને તમો પણ સદા તનદરોસ્ત રહો તેની રોજ બંદગી કરીશ." પેરીસની મીલીટરી કૉલેજ છોડવાનો વખત આવ્યો ત્યારે એના વડાએ નીચલી નોંધ નેપોલ્યન માટે કીધી "જો સંજોગ યારી આપશે તો એ ઘણો આગળ વધી જશે. આ છોકરો રમત-ગમત કરતાં અભ્યાસ વધુ પસંદ કરે છે; શાંતીને ચાહનારી પ્રક્રતી વાળો છે અને એ ગણીત અને ભૂગોળ ઘણી સારી રીતે જાણે છે. ઘણો તેજ સ્વભાવનો, ફાંટાબાજ, મુગે મ્હોડેનો અને હુંપણું ધરાવનાર છે. જવાબમાં પ્રવીણ, હાજરજવાબી અને ટીકા કરવામાં ઘણો ગરમ છે આ જુવાન માણસ મોટી ઉમેદો ધરાવનાર છે અને આગળ પાડવા માટે દરેક મદદને લાયક છે." ફ્રાન્સના ભવિષ્યના શહેનશાહ માટે આ એક અજાયબ વાણી હતી.

નેપોલ્યનને તોપખાનાંની એક ટુકડીમાં નેમવામાં આવ્યો. ૧૭૯૧માં એ એક લાંબી રજા ઉપરથી પોતાની નોકરીમાં પાછો જોડાયો ત્યારે પોતાના નાનાભાઈ લુઈને પોતા સાથે લેતો આવ્યો કે પોતાની માતાને એક જીવની ગુજરાણની કાળજી ઓછી થાય. નેપોલ્યનની પોતાની તે વેળાની આવક એટલી ઓછી હતી કે તે એકજ વેળા જમતો પણ લુઈ જ્યારે તેની સાથે આવ્યો ત્યારે તો પોતાને હાથે ખાણું પકાવી સેરવો અને પાઉં ઉપર ગુજારો કરવો પડતો. કોઈ દિવસ પણ એ હોટલ જે 'કાફે' ને નામે આજે પણ ઓળખાય છે ત્યાં જતો નહીં કારણ ત્યાં જઈ ખરચવાના પૈસાજ ફાજલ પડતા

નહીં. અને કરજ કરવું એ નેપોલ્યનના વિચારની વિરૂદ્ધની વાત હતી તો પછી જે મળ્યું એ ગનીમત કરી મહા સખ્તીમાં પણ હિમ્મત અને બાહેરનો દેખાવ રાખી એ પોતાનો વખત કહાડતો. આ કરકસરની આદત એની જીંદગી સાથે કાયમ રહી. જ્યારે કામ પડે ત્યારે કરોડોના ખરચની વાણુ નહીં, પણ ગુરખાઇભર્યા અને નકામા ખરચો કદી નહીં કરવ નો ખ્યાલ શેહેનશાહ થયો ત્યારે પણ કાયમજ રહયો હતો. એક ખરચાળુ ગ્રહસ્થે એક વેળા બળાપો કીધો કે "વરશે ૫૦૦ પાઉંડમાં કેમ જીવી શકાય" ત્યારે નેપોલ્યને જવાબ આપ્યો કે "મને તેની બરાબર ખબર છે. જ્યારે હું એક સબ-લેફ્ટનન્ટ હતો ત્યારે હું સુક્કાં પાઉં ઉપર ગુજારો કરતો, પણ ગરીબાઇને તો દરવાજાની બાહેરજ રાખી જાહેરમાં મેં મારા દરજ્જાને સદા સાચવેલોજ રાખ્યો છે." ૧૭૯૬માં ઓસ્ત્રીયાના શહેનશાહને ત્યાં એક બેટીનો જન્મ થયો જેનું નામ "મેરી-લુઇ" રાખવામાં આવ્યું, ફ્રાન્સના લશ્કરનો એક ગરીબ કૉરસીકન સબ-લેફ્ટનન્ટ આ શહેનશાહજાદીનો ભવિષ્યનો ભરથાર થશે એમ કોઇ તે વખતે ભવિષ્ય ભાખતે તો તેની ઠેકડી થતે પણ અઢાર વરશના ગાળા બાદ તે બનવા પામ્યું.

આ હિંગામમાં ફ્રાન્સમાં રાજદ્વારી ઉઠલપાઠલ (Revolution) ની શરૂઆત થઇ. આ વખતે લાંબો વખત રજા વગર ચાકરીથી ગેરહાજર રહેવાનાં કારણે નેપોલ્યનને પોતાની લશકરી નોકરી ઉપરથી બરતરફ કરવામાં આવ્યો હતો. એક વેળા લોકોએ રાજ-મેહેલ ઉપર ધસારો કીધો ત્યારે પોતાના એક આગલા કૉલેજ-મિત્ર બુરીએન (Bourrienne) જે પાછળથી એનો પ્રાઇવિટ-સેક્રેટરી તરીકે એની આખ્ખી કારકીર્દી દરમ્યાન રહયો, અને એની જીંદગીનાં કેટલાંક ખાનગી પ્રકરણોની વિગતો એક વાંચવાજોગ વાલ્યુમમાં બાહેર પાડયાથી નેપોલ્યનની જીંદગી ઉપર એણે ઘણું અજવાળું નાંખ્યું હતું, તેની સાથે લોકોની પાછળ એ રાજ-મેહેલ આગળ ગયો અને લોકોને રાજ-મેહેલમાં ઘુસી જતું જોયું ત્યારે બોલી ઉઠયો કે "કેવા બેવકુફો! તોપનો એક ગોળો છોડે તો બધા નાસભાગમાં પડે?" તોપખાતાંનો ઉપયોગ કરવાની એને ટક નજીકનાં ભવિષ્યમાં મળવાની હતી તેની આ ભવિષ્ય-વાણી હતી. ટુંક વખતમાં ફ્રાન્સમાં પ્રજા-સત્તાક રાજ્ય જાહેર થયું અને કમનસીબ રાજા લુઇ બળવાખોરની છરી (Guillotine) નો ભોગ થઇ પડયો.

નેપોલ્યને જોઇ લીધું કે લોકો ઉપર મજબુત હાથની સત્તા બેસાડવાની જરૂર હતી, અને એવા મજબુત મનના રાજ્યધીકારીની ગેરહાજરીમાં

આખા મુલકમાં ગેરબંદોબસ્ત ફેલાતો જતો હતો. નેપોલ્યનનાં ગજવાં ખાલી હતાં અને પોતાના દોસ્તનાં મહેમાન તરીકે રહ્યાથીજ ખોરાકી એને મળી શકતી. તે વેળા યોગ્ય તાલીમવાળા અમલદારોની ખુટ હોવાથી ઘણી મહેનતે એને કેપટનની પદવી સાથની એક જગ્યા લશ્કરમાં મળી અને ૧૭૯૩ થી એ પોતાની માતા અને ભાઇ-બહેનો સાથે જાડુક ફ્રાન્સને પોતાની માતૃભુમી બનાવી ત્યાંજ ઘર ઉપાડી ત્યાંજ રહયો અને ફ્રાન્સના ઇતીહાસમાં મહાન ફેરફારો કરનારી મહાન કારકીર્દી ભોગવતો થયો.

ફ્રાન્સ ઉપર તે વેળા ચોમેરથી હુમલા થતા હતા. બ્રીટીશો ફ્રાન્સની દક્ષીણે ટુલૉ (Toulon) ખાતે પડાવ નાંખી પડયા હતા, અને તેનાં બારાંમાં બ્રીટીશ કાફલો પણ હતો. તે વેળાએ ફ્રાન્સ ચોમેર લડતું હતું એક લશકર રાહીન ઉપર, બીજું ઇટાલીમાં, અને ૨૫,૦૦૦ માણસો તુલૉને ઘેરો નાંખી લડતું હતું. નેપોલ્યનને એક આરટીલરીના કેપટનના માર્યા જવાથી તેની જગ્યા મળી, અને નેપોલ્યને આ શહેર કબજે કરવા માટે એક યુકતી પોતાના વડાઓ આગળ રજુ કીધી, જે લાંબો વખત મુલતવી રાખી, પણ પોતાની ફત્તેહ માટે સંદેહ પેદા થતાં તે અમલમાં મુકવાની રજા મળી. અને વધુ તોપો આવી પુગતાં રાત-દીવસ એક સરખી મહેનત કરી, મ્હોતનાં ડાચામાં જઇ, નેપોલ્યને પોતાનો પ્રોગ્રામ અમલમાં મુકયો અને ટુલૉમાંથી બ્રીટીશને હાંકી કહાડી, બ્રીટીશ સરદારને કેદ પકડયો અને પોતાની લશકરી કારકીર્દીનું પહેલું ફત્તેહમંદ પ્રકરણ આ શુરા નરે શરૂ કીધું. નેપોલ્યનનો વડો અમલદાર, જે નામેજ વડો હતો તેણે આ લડાઇમાં નેપોલ્યનને તેની મરજી મુવાફેક કામ લેવા દીધું હતું તેથીજ લડાઇમાં ફતેહ મળી એમ માનતો હતો, તેણે પારીસના વડા અધીકારીઓ ઉપર રીપોર્ટમાં લખ્યું કે "નેપોલ્યન લડાઇની વિદ્યામાં કુશળ અને બુદ્ધિવાન હોવા સાથે ઘણો બહાદુર નર છે. આ માણસને આપણાં પ્રજા-સત્તાક રાજ્યની ભવિષ્યની સેવાઓ માટે સાચવી રાખવો જરૂરનો છે."

ઉપલી સેવાઓ માટે ૧૭૯૪માં એ 'જનરલ'ની પદવી પામ્યો જેમ હંમેશ બને છે તેમ એક ઝડપથી પદવી મેળવનાર પોતાની લાયકાતથીજ આગળ વધતો હોવા છતાં અદેખાઇથી જળનારો વર્ગ તેની ગીબત કરવામાં પાછળ પડતો નથી અને એવા દવેશભારી વર્ગમાંના કેટલાકોએ આ નવા જનરલ ઉપર ખોટા આરોપો મુકવા માંડયા, જેથી એને થોડો

વખત બંદીખાનું પણ વેઠવું પડયું. આ બધી આફતો વેળાએ નેપોલ્યનને તદ્દન શાંત સ્વભાવ સાચવ્યો હતો. ટુલોની લડાઇ વેળાએ જુનો (Junot) નામના એક જુવાને અસાધારણ બહાદુરીના પુરાવાઓ આપ્યાથી નેપોલ્યને પોતાની સાથે રાખ્યો હતો, અને જે પાછળથી એક મહાન સેપાહસાલાર નીવડયો હતો. તેણે બંદીખાનું તોડી નેપોલ્યનને છુટો કરવા માંડયો ત્યારે નેપોલ્યને તેને અટકાવ્યો, પણ ફ્રાન્સને આ મહાન લડવૈયાની ઘણી જરૂર હતી. પેરીસમાં રાજદ્વારી ઉઠલપાઠલ દરમ્યાન હંમેશ બને છે તેમ અનેક વિભાગો પડી ગયા હતા, અને રાજકર્તા વિભાગ સામે બળવો જગાડવાનાં કાવત્રાં છયોક ચાલતાં હતાં. તે વેળાએ લશકરના વડાને એક હુશ્યાર મદદગારની અતિશય જરૂર જણાતાં તેણે નેપોલ્યનને મદદે બોલાવ્યો. નેપોલ્યને પોતાની લશકરી ગોઠવણથી આ બળવો ફતેહમંદી સાથે દાબી નાખ્યો, જેથી નેપોલ્યનની જાબજા નામના થઇ. લશકરના વડાએ રાજીનામું આપતાં તેને આ ઓધ્ધો મળ્યો. જ્યાં જરૂર જણાતી ત્યાંજ લશકરી દોર એ ચલાવતો. એને ઘણાકો ઘાટકી હોવાની ઉપમાં આપી ગયા છે, જે એક જુઠાણું છે. ૧૭૯૬માં ઇટાલીમાં લડતાં ફ્રેન્ચ લશકરના વડાએ રાજીનામું આપતાં નેપોલ્યનને તે પદવી મળી અને છવ્વીસ વરશની ટુંક ઉમ્મરે એક મોટાં લશકરનાં સેપાહસાલાર તરીકે નેમાઇ નેપોલ્યન ઇટાલી સામે લડવા ગયો, જ્યાં જુનાં અમલદારો પહેલાં આ જુવાનના હુકમો ઉપર અમલ કરવા આંચકી ખાવા લાગ્યા પણ નેપોલ્યને તે લોકોને પોતાના બનાવી લેવાની ચુકતી ખબર હતી. જ્યારે પોતાનું કામ કઢાડી લેવું હોય ત્યારે નેપોલ્યન ખુશ હાસ્યથી સામા ધણીનું દીલ જીતી લેવાની તાકાત ધરાવતો તેમજ તેના ગુસ્સાથી ગમે એવા બહાદુર નરને ધ્રુજરાં છુટતાં હતાં. તે વેળા લશકરનાં માણસો પાસે કપડાં યા ખોરાકી સર્વે હાલ-હવાલ હતાં અને વડા અધીકારીઓ પણ તે પુરી પાડવાની સ્થીતીમાં નહીં હોવાથી "આરકોલા"નો કીલ્લો હુમલો કરી લેવાનો હતો તે વેળા પોતાના સિપાહોને તેણે કહ્યું કે "મારા બહાદુર સેપાહો! તમે કપડે નાગા છેવો, ખાવાનું પુરતું નથી, સરકાર તમારા બેહદ ઉપકારમાં છે કારણ કે તમને કશું પુરૂં પાડયા વિના તમો તરફથી ઘણી મોટી અને આફતકારક ફરજો બજાવવાની આશા રાખે છે. તમારી સહન-શકિત, બહાદુરી અને રંજ તમને કીર્તી બક્ષવા ઉપરાંત બીજું નગદ ઇનામ લાવી શકતી નથી, પણ હું તમને દુનિયાના સર્વથી ફળદ્રુપ મુલ-

કમાં લઇ જાઉં છું, જ્યાંનાં તવંગર શહેરો, તમારી બહાદુરીથી આપણા હાથમાં આવશે તો તમને માન-કીર્તી મળવા સાથ દોલતના ડુંગરો દેખાશે. તો મારા બહાદુરો તમો હિમ્મત હારશો નહીં અને બેધડક આગળ વધો" આ લડાઇમાં નેપોલ્યનનાં અનેક બાહાદુરીભર્યાં પરાક્રમો ઇતિહાસમાં નોંધાયાં છે, એની બ્હાદુરી સમયસુચકતા તેમજ હરીફ લશ્કરોને હંફાવવાની એની મગજ-શક્તિ તેમજ લડાયક યુક્તિઓથી લડાઈના હુન્નરમાં એણે સર્વે નવુંજ (Original) બુદ્ધિ-બળ દેખાડયું અને એની લડાયક-યુક્તિ (Military tactics) આજે પણ લડાયક સરદારોમાં પ્રચલીત છે, બલ્કે હજુ એના જેવું લડાઇ કરવાના જ્ઞાનનું ભંડોળ બીજાઓ દેખાડી શકયા નથી. ત્યાર બાદ અનેક લડાઇઓ ફ્રાન્સની ચોમેર ચાલીજ રહી, અને જ્યાં નેપોલ્યન જતો ત્યાં જય-વીજય કરીનેજ કામ સરંજામ ઉતારી પાછો ફરતો હોવાથી, ઈજીપ્ટ ખાતે જ્યારે કામ પડયું ત્યારે પણ એજ ફ્રેન્ચ વાવટો ફરફડાવતો ત્યાં પણ પુગી ગયો, જ્યાં એને જમીન ઉપર લડાઈ કરવા ઉપરાંત દરીયાઈ લડાઇ પણ કરવી પડી હતી. ફ્રેન્ચ દરીયાઈ અને મુલ્કી લશકરી ખાતું તે વેળાએ જુદું નહીં હતું, પણ એકજ હોવાથી બન્ને લશકરી ગોઠવણ ઉપર ધ્યાન આપવાનું નેપોલ્યન માટે ઘણું કઠણ થઈ પડયું અને થીટીશોના નામના પામી ગયલા નૌકા-સેનાધિપતિ લૉર્ડ નેલસને એનાં વ્હાણોને આગ લગાડી ડુબાડી નાખ્યા. દરીયાઇ કાફલાનો નાશથી નેપોલ્યનને મજબુત ફટકો પડયો. રેતીનાં રણોમાં આ વિરલા નરે અદભુત લડાયક કળા અને અપુર્વ હિમ્મત અને હિકમતથી રણસંગ્રામ ધ્રુજાવ્યું પણ કાફલાની ગેરહાજરીમાં ખોરાકી તેમજ દારૂગોળાની પરમુલકમાં અડચણ પડવાથી આ હલ્લો પડતો મુકી, અનેક હાડમારીઓ વચ્ચે એને પાછું હઠવું પડયું. વળી ઓસ્ટ્રીયનોએ એની યુરોપની ગેરહાજરીની ટક લઇ ઇટાલીમાંથી ફ્રેન્ચ લશ્કરને હાંકી કહાડયું હતું તેથી પણ એની હાજરીની ફ્રાન્સમાં જરૂર હતી. ફ્રાન્સ આવતાં વાર મકકમ હાથે સર્વ હકુમત પોતાને સ્વાધીન લઈ ત્રણ માણસની એક કાઉનસીલ નેમી પોતે તેઓનો વડો થઈ "ફર્સ્ટ કૉનસલ" નો ઓધ્ધો લીધો; એટલે ફ્રાન્સની સર્વોપરી હકુમત એને સ્વાધીન થઇ.

૧૮૦૦ના મે માસમાં ઇટાલી ઉપર આલ્પસ પર્વત ઓળંગી એ ચહડાઇ લઇ ગયો અને મારેન્ગો (Marengo) ની પ્રખ્યાત લડાઇમાં ૧૪મી જુને એણે એક યાદગાર જીત મેળવી. ૧૮૦૧–૨ માં જરમની

તેમજ બ્રીટીશો સાથે સુલેહનું કરારનામું થયું. આ સર્વે મહાભારત કામ નેપોલ્યને સરંજામ ઉતાર્યાં તેને લીધે સર્વાનુમતે ફ્રેન્ચ રૈયતે એની જીંદગી સુધીના પહેલા કાઉનસલ તરીકેની નેમણુંક કરી એનું વડપણ સ્વીકાર્યું. નેપોલ્યન લડાયક બુધ્ધિમાં તેજ હતો, ઉપરાંત ધારા ઘડવામાં, રાજ્યની અપુર્વ ગોઠવણમાં, સુલેહ અને શાંતી પાથરવાનાં અઘડાં કાર્યમાં અને વેપારનો વધારો કરવાનાં સાંધણો ઉભાં કરી દેશની દોલતમાં વધારો કરવામાં પણ ઘણો કુશળ હતો. દરેક ખાતાંઓ ઉપર બારીક દેખરેખ રાખતો અને બંદોબસ્ત (dicipline) માં ઘણોજ સખત હોવાથી દરેક ખાતાંઓમાં એની દેખરેખથી બ્હોળા સુધારા થઇ ગયા. સહવારે છથી રાત્રે બાર વાગ્યા સુધી, વચમાં બે વખત ફક્ત ૧૫ મીનીટ ભોજણ માટે લઇ એ અઘાર કલાક કામ કરતો. અને ઝડપી હોવાથી રોજનું એનું કામ મહાભારત હતું. વળી દરેક નાનાં યા મોટાં ખાતાંના નિયમો એણે પોતાની દીર્ઘ-દ્રષ્ટી સાથની ચપળ બુદ્ધિ-બળથી નેમી આપેલા હોવા સાથ, તેનો અમલ સખતપણે થાય છે કે નહીં તેની જાતી તપાસ રાખવાથી એકેએક ખાતાંના સર્વે માણસોને છરીની ધાર ઉપર ચાલી સખત મહેનત કરી નીયમાનુસાર ફરજ બજાવવી પડતી. નેપોલ્યન જ્યાં ફરજની સંપુર્ણ બજાવણી થતી જોતો ત્યાં ઉત્તેજનના સુખનો કહી યોગ્ય ઇનામ આપતો અને જ્યાં બેદાદી જોતો ત્યાં એનો ગુસ્સો ભલા ધનેતરને ઠઠડાવી બીહીવાડવા પુરતો ગણાતો, તેમજ શીક્ષા પણ તેટલીજ કડક રહેતી. પરીણામે આખ્ખા મુલકમાં ચોતરફ દરેક ખાતાંઓ નિયમીત થઇ જવાથી દેશમાં આબાદીનો ઘણો ઝડપથી ફેલાવો થતો ગયો. એની જીંદગી દરમ્યાન એણે ફ્રાન્સની અપુર્વ સેવા બજાવવામાંજ તેમજ આખ્ખા યુરોપ સાથે લડાઇ કરવામાંજ પોતાનો વખત કહાડયો. એની મજાહ યા એશઆરામ જેવું કશું હતુંજ નહીં, અને જે શોખ હતા તે તદન સાદા હતા. ફ્રાન્સને બુલંદ દરજ્જો બક્ષવો અને દુનિયાની સર્વે પ્રજાઓમાં સર્વોપરી પદ અપાવવું એજ એકલી નેમથી એ કાર્ય કરી રહયો હતો.

એણે અનેક ફત્તેહમંદ લડાઇઓ કરી આખ્ખાં યુરોપને હાડમાર અને હેરાન કરી મુકયું હતું અને તે દરેક લડાઇમાં એણે જે મહાન લડાયક બુદ્ધિ-બળ દેખાડયું હતું તે માટે આજ સુધી દરેક મહાન સપેહસાલારો તારીફ કરી તેજ જાતની કળા (Tactics)ની આજે પણ નકલ કરે છે.

એના સિપાહો અને અમલદારો એના હુકમ ઉપર પોતાનો જાન સદકે કરી નાખતા અને એની હિમ્મત તથા હિકમત ઉપર સંપૂર્ણ ભાવ તથા ભરોસો આવી જવાથી કોઇબી ભારે ભય-ભર્યા હુમલાના એના હુકમો શાંતી તથા હિમ્મતથી બજાવવા બાહેર પડતા તેથીજ દુશ્મનો ઉપર વિજય મેળવવાને બની આવતું.

એક વેળા ઓસ્ત્રીયનો જોડે લડતાં એના પગનાં ગુંઠણ ઉપર ગોળી લાગી અને તે એનો સરજયન તપાસે એટલાં આખ્ખાં લશકરમાં વાત ફેલાઇ કે શહેનશાહને ગોળી લાગી છે કે લશકરમાં એટલી તો ઉશકેરણી ફેલાંઇ અને માણુસો પોતાની જગ્યા છોડી શહેનશાહને જોવા એટલી તો નહાસ-ભાગ કરવા લાગ્યા કે ત્યાં દુશમનોને ફાવવાનું સહેલું થઇ પડવાની અણી ઉપર મામલો આવી પુગ્યો. તેવા અણી ઉપરની હીંગામમાં આ ઘાયલ થયલો વીરલો તુરતંજ ઘોડેસ્વાર થયો અને જાણે કાંઇ બન્યુંજ નહીં હોય એમ હુકમો ફરમાવવા પડયો કે તુરતજ થોડી પળોમાં લશકર ગોઠવાઇ ગયું અને ઝનુનમાં આવી પોતઃના વ્હાલા શહેનશાહને સલામત જોઇ લડવા ઝીપલાવ્યું અને હુમલો શરૂ કરી દુશમનોને જેર કીધા.

આ રીતે કીર્તીની ઉંચી ટોચે આ ગરીબ કૉરસીકન આવી પુગી ફ્રાન્સનો શહેનશાહ-પદ પામી, યુરોપનાં એકેકએક મોટાં રાજ્યોને લડાઇમાં હરાવી રહયો હતો. એણે ૧૮૦૬ માં પોતાના ભાઇ લુઇને હૉલેન્ડનો રાજા બનાવ્યો. બીજાને વેસ્ટફાલ્યાનો રાજા બનાવ્યો. એની માતા માટે એણે ઘણો મનમાનતો બંદોબસ્ત કીધો હતો, અને એ ડાહી બાનુને ગોયા કુદરતી બસારત થતી હોય તેમ એવા વિચારથી પૈસા બજાવતી, કે આ સર્વે ચહડતી વખતે કાયમ રહે કે નહીં ? ૧૮૦૭ માં પોરચ્યુગલ ઉપર ચહડાઇ લઇ જઇ રાજકુટુંબને નહસાડી સ્પેન પણ કબજે કીધું અને ૧૮૦૮માં પોતાના વડા ભાઇ જોસફને સ્પેનની રાજ-ગાદી આપી. સ્પેનીશ લોકોને આ ફેરફાર કુદરતી રીતે રૂચ્યા નહીં. નેપોલ્યનની આ ચહડતી થતી જોઇ બ્રીટીશો પણ હુમલો થવાની આશામાં હંમેશ નેપોલ્યનનો આ યુરોપ ઉપર વધનો જતો કાબુ ઘણી દહેશતથી તપાસતા હતા, અને એનું બળ તોડવાની ટકની શોધમાંજ હતા. સ્પેનને તેઓની મદદ મળવાથી એક ઘણી ભયભીત લડાઇમાં નેપોલ્યનને ઉતરવું પડયું.

વળી ચાલુ લડાઇ થતી હોવાથી ફ્રેન્ચ પ્રજા તેમજ લશ્કર પણ ફત્તેહ અને કીર્તી માટેના ગમે તેવા લોભ છતાં ઘણું કંટાળી ગયાં હતાં. ચાલુ લડાઇને કારણે પ્રજાના જુવાન વર્ગને ફરજીઆત લશ્કરી કાયદાને લીધે કાચ્ચી ઉમરે લશ્કરમાં જોડાવાની ફરજ પડતી હતી, અને જુવાન કાજગરા જીવોની ચાલુ હાનીથી લોકોમાં અસંતોષની લાગણી ફેલાવા માંડી હતી. લશ્કરના વડા અમલદારોના તો બારે માસ લડાઇનાં મેદાનમાંજ જતા, અને ગમે તેવી આવક અને ખેતાબો મળવા છતાં જીંદગીની મજાહ ભોગવવા તેઓને દર વરશે થોડા દિવસ પણ ફાજળ પડતા નહિ.

૧૮૧૨માં નેપોલ્યન અને તેની નવી શહેનશાહ બાનુ મેરી-લુઇ તે ઓસ્ત્રીયાની શાહજાદી, રેશનીનાં મુખ્ય શહેરમાં આવ્યાં, જ્યાં યુરોપના બીજા શહેનશાહો, ઓસ્ત્રીયાના, પ્રશ્યાના અને બીજાં નાનાં જરમન રાજ્યોના રાજાઓ ત્યાં નેપોલ્યનને માન આપવા ભેગા મળ્યા અને ત્યાં એક મોટી લશ્કરી કવાયદ થઈ જ્યાં અનેક શહેનશાહો અને રાજાઓ નેપોલ્યનની તાબેદારી કરતા ઉભા રહ્યા. આ બનાવ નેપોલ્યનની કિર્તીની ટોચ હતી. નેપોલ્યને એ કવાયદ (Review) વેળા લશકરીઓ જોડે ઉભો રહી વારંવાર સિપાહોની કાળજીભરી પરપુછ કરતો કે "તમને પગાર વખતસર મળે છે કે? તમારો ખોરાક બરાબર મળે છે કે? અને આ મોટી કુચ માટે સરંજામમાં કાંઇ ખામી છે કે" અને વળી કોઇ કોઇ સિપાહોનો સર્વે સરંજામ ઉતરાવી કાળજીથી તપાસી જોતો. આવા એક કાળજી અને માયાવંત બહાદુર, કુળામાજં, હિમ્મતવાન સેપાહસાલાર માટે તેના સિપાહો તાબેદારી અને જાનના જોખમોવાળા સહાસ કરે એમાં નવાઇ શું?

પડતીનો વખત આવવાનો પહેલો બનાવ તે રશિયન ઉપરની ચઢાઇ હતી. રશિયામાં અતિશય ગરમી અને ઠંડીની ૠતુમાં કાતીલ ઠંડક રહેતી. નેપોલ્યનનું ગંજાવર લશકર પોતાની કુચ માટે જે દેશમાં જાય ત્યાં મળતા ખોરાક અને સામાન ઉપરજ આધાર રાખી શકે. રશિયનોએ જોયું કે પંજો મેળવવામાં ફત્તેહ મળવાની વકી નથી. મોસ્કો સુધી, નાની ઝપાઝપીઓ કરી આગળ વધવા માંડયું અને જ્યારે એ મોસ્કોમાં દાખલ થયો ત્યારે આ ગુલજાર નગરને વેરાન જોયું. ખોરાકીનો એક દાણો એને માટે દુશમનો બાકી રાખી ગયા હતા નહીં! કડકની ઠંડી સાથે બળતણ—ખોરાક—પાણી—ઘાસ ચારો એ બધાંની ગેરહાજરીમાં નેપોલ્યનને ત્રાહે—ત્રાહે પુકારવી પડી, અને ત્યાર બાદ જ્યારે મોસ્કો સળગ્યું

અને ઘણું કરી રશિયનોએજ આ ત્રાસદાયક આગ લગાડી હશે એમ અનુમાન થાય છે, ત્યારે નેપોલ્યનોની મુસીબતોનો શુમાર રહયો નહીં અને એને પોતાના મુલક તરફ પાછા ફરવાની ફરજ પડી. આખ્ખો પહાડી મુલક ગંજાવર તોપખાનાં અને ઘોડેસ્વાર તેમજ પાયદળ મોટી સંખ્યાનાં લશકર સાથે વર્ણન નહીં થઇ શકે એવી હાડમારી ભોગવતાં પાછા હઠવા માંડયું તેમાં ખોરાક—પાણી—ચારા વિના માણુસો તેમજ ઘોડાઓનો મરો થયો. થંડી એટલી સખત પડતી કે હાથ-પગનાં આંગળાં પણ ખરી પડતાં. પોતાના બહાદુર સેપાહોનો ગંજાવર ભોગ આપી આ શુરો નર દુ:ખી જીગરે પણ હિમ્મત હાર્યા વિના પોતાના મુલકમાં પાછો ફર્યો. પણ એને કે એનાં લશકર માટે ઘડીની જપ કુદરતે નિર્માણ કીધી નહીં હતી. હવે એની સાથનાં મિત્ર-રાજ્યો એનાં દુશમન થઇ લાગ્યાં હતાં. બ્રીટીશ શુરો સરદાર ડયુક ઑફ વૅલીંગટન સ્પેનમાં એનાં લશકર જોડે લડી તેને પાછળ હઠાવતો હતો. પ્રશ્યા, રશ્યા સાથે મળી એની સરહદ ઉપર તોફાન મચાવતો અને ચારો બાજુએથી એની ઉપર આખ્ખાં યુરોપનાં લશકરે સંપ કરી હુમલો લાવતાં, જે બધાને એ પોતાની લડાયક બહાદુરી અને ચપળ બુદ્ધિથી પુરો પડતો, જે એની બહાદુરી માટે એનો બીજો જોડયો આજ સુધી દુનિયાના કોઇ પણ ભાગમાં પેદા થયો નથી.

૨૦મી એપ્રીલ ૧૮૧૪ ને દિવસે એણે પોતાની ગાદી છોડી અને ફ્રેંચ પ્રજા અને લશકર બન્નેની કીર્તી બુલંદ દરજ્જેની બનાવવા પાછળ આખી જીંદગી મહાન સખ્તી ભરી લડાઇઓ કરનાર આ મહાન યોધ્ધો પોતાના વ્હાલા સિપાહોથી છુટા પડતા બોલ્યો કે

"All Europe has armed against me; France hereself has deserted me and chosen other rulers; Be faithful to the new Sovereign France has chosen; do not lament my fate. I cannot embrace you all but I embrace your General."

"આખ્ખું યુરોપ મારી સામે હથ્યાર ઉગામી રહ્યુ છે; ફ્રાન્સે પોતે મને તરછોડયો છે અને બીજો રાજ-કર્તા પસંદ કીધો છે, નવા રાજ-પતી તરફ વફાદાર રહેજો; મારાં કમનસીબ ઉપર અફસોસ કરશો નહીં હું તમો બધાને આલીંગન કરી શકતો નથી તે બદલે તમારા સરદારને આલીંગન કરૂં છું" આ લાગણીભર્યા શબ્દો બોલી જેવું તેણે લશકરી સરદારને આલીંગન

કીધું, કે ત્યાં હાજર રહેલા દરેક સિપાહોની આંખમાંથી લાગણી ભર્યાં આંસુઓનો વરશાદ વરસી રહયો. આલીંગન કીધા બાદ લશકરનો વાવટો મંગાવ્યો, તેને સલામી આપી ચુંબન કીધું અને છેલ્લા બોલો બોલ્યો કે "Adieu my children! Adieu my brave comrades; Do not forget me. Adieu." "છેલ્લી સલામ, મારાં બચ્ચાંઓ તમને! છેલ્લી સલામ મારા બ્હાદુર ગોઠિયાઓ તમને! મને વિસરતા ના! છેલ્લી સલામ."

આ લાગણી ભર્યું ભાષણ કરી એ ગાડીમાં બેસી ઉપડી ગયો અને ૪ થી મે ૧૮૧૪ ને દિવસે એલ્બા (Elba) ટાપુ ઉપર આવી પુગ્યો. જ્યાં ઘણો વખત એકાંતવાસ ભોગવવાનું સરજાયલું હતું નહીં. ફ્રેન્ચ પ્રજા ચાલુ લડાઇથી કંટાળી ગયું હતી, પણ લશકરનો મોટો ભાગ નેપોલ્યન જેવા કીર્તીવંત સરદાર હૈયાત હોવાં છતાં બીજા સાધારણ સરદારના હાથ હેઠળ કામ કરવા નારાજ હતું, કારણ કે આ મહાન નરની કુદરતી લશકરી તેજ-બુધ્ધિબળની કીંમત તેઓ જાણતા અને પછીની વસંત રૂતુમાં એ પારીસ પાછો ફર્યો, કારણ કે ફ્રાન્સમાં અસંતોષ વધતો હતો એટલુંજ નહીં પણ એને જે પેનશન આપવાનું નકકી કીધું હતું તે પણ પુરૂં પાધરૂં મળતું હતું નહીં. એની પારીસની તરફની કુચ ફત્તેહભરી હતી. બધી બાજુએથી પ્રજા તેમજ લશકરે એને વધાવી લીધો, પણ તે શાંતી થોડા વખતનીજ હતી. નેપોલ્યનના વધતાં જતાં બળને લીધે આખ્ખું યુરોપ એકસંપીથી જોડાઇ ગયું હતું અને એની સત્તા તોડવા દરેક રાજ્યો એક-સંપીથી લડાઇ કરવા બાહેર પડયાં હતાં. જરમની અને તેનાં દરેક નાનાં રાજ્યો, ઓસ્ટ્રીયા, રશીયા, સ્પેન, પોરચુગલ અને બીજાં તે વેળાનાં એકકે-એક રાજ્યોનાં ભેગાં લશકરી બળથી વૉટરલુની યાદગાર લડાઇમાં નેપોલ્યન હાર્યો અને પારીસથી એક નાનાં ગામડામાં જઇ રહયો. પોતાની જીંદગીની સલામતી માટે ધારતી લાગતાં એ અમેરીકા જવાના વિચારથી રોચફૉર્ટ તરફ ગયો, પણ રોચફૉર્ટમાં છટકવું મુશકેલ થઇ પડયું ત્યાંનાં બંદરમાં બ્રીટીશ લડાયક વહાણો હતાં અને તેમાંના એક "Bellerphon" નામની મનવારના કેપટન મેટલેન્ડનને એણે પુછાવ્યું કે અમેરીકા ઉપડી જવા એને રજા મળી શકશે? પણ આ ભલા કેપટનને એવી રજા આપવાની સત્તા નહીં હતી, તેથી આ મહાન શહેનશાહે બ્રીટીશ ઇનસાફમાં પોતાને વિશ્વાસ હોવાથી એ પોતાની રાજીખુશીથી કેપટન મેટલેન્ડની મનવાર ઉપર ગયો

કેપ્ટન મેટલેન્ડને કહ્યું કે "I come to throw myself on the protection of your Prince and laws." એ મતલબનું એક કાગજ પણ તેણે બ્રીટીશ રાજ્યાધીપતીને લખી મોકલ્યું હતું. થોડા દિવસ બાદ તે મનવાર ઇંગ્લાંડ જવા ઉપડી. ફ્રાન્સના કિનારા ઉપર પોતાનાં વહાણ ઉપરથી છેલ્લી નજર નાંખતાં એ મહાન શહેનશાહની લાગણી કેવી હશે તે વાંચક તુંજ વિચારી લેજે !

બ્રીટીશોએ પોતાને તાબે રાજીખુશીથી આવેલા આ મહાન વીરનરને ફરી આવકાર નહીં આપતાં તેને ઇંગ્લાંડને કિનારા ઉપર ઉતરવા પણ દીધો નહીં અને સેન્ટ હેલીના (St. Helena) ના ઉજ્જડ-વેરાન ટાપુ ઉપર એક સાધારણ કેદી મિસાલે કેદ કીધો અને આ તાબે થએલા વીરલા મહાન નર ઉપર તુંદ સિપાહોનો પેહેરો રાખ્યો. આ મહાન નરને કીધેલાં આ અપમાન માટે બ્રીટીશો આજે દિલગીર થતા હોય પણ તે વેળા તો ઘણો ઘાટકી ગેર ઇનસાફ કીધો હતો એ નક્કી.

તુરેલાં જીગરે, એક હિણુભર્યા કેદી તરીકેની જીંદગી ભોગવી ૧૮૨૧ ના મે મહિનાની ૫મી તારીખે આખ્ખાં યુરોપને ધ્રુજાવનાર, દુનિયાને લડાયક તાલીમ શિખવનાર, મહાન યોધ્ધાએ પોતાનો પ્રાણ પોતાના કીરતારને સ્વાધીન કીધો.

ઓગણીશ વરસ બાદ ૧૮૪૦ના અક્ટોબરની ૧૫મી તારીખે આ મહાન યોદ્ધાનું શબ એક ફ્રેંચ મનવાર ઉપર ભારે માન સહિત પેરીસ લાવવામાં આવ્યું. ત્યાં ફ્રાન્સના મહાન માણસોની જોડે પુરતાં માન સાથે "Hotel des Invalides" માં દફનાવવામાં આવ્યું જ્યાં ફ્રાન્સના બીજા કીર્તિવંત નરોની જોડમાં આ યોધ્ધો હંમેશગીની નિરાંતમાં આજે પણ છે, જેની કબરને જોવાને માન આપવા ચોખંડ દુનિયામાંથી લોકો આવી આ મહાન યોધ્ધાની કબરને માન આપે છે.

મુખસામુદ્રિક શાસ્ત્ર (Physiognomy) અને મસ્તક વિદ્યા (Phrenology) પ્રમાણે મહાન વીર નેપોલ્યન બોનાપાર્ટના સ્વભાવ, લક્ષણો અને ચારિત્ર વિગેરેની ટુંકી નોંધ:—

દુનીયાની એક સર્વથી આશ્ચર્યકારક મહાન અને ભવ્ય તેમજ અદ્વિતીય મુર્તિનાં આપણે આ સ્થળે દર્શન કરીએ છીએ. આ વિશ્વમાં એના જેવો ભવ્ય અને પ્રતાપી નર તેના પછી પાછો કદી પણ

કોઇ પણ સ્થળે પેદા થયોજ નથી. જો કે તેનો બધો બુધ્ધિ-વૈભવ અને કાર્ય-શકિતઓ, પોતાના દેશના હિત માટે અને જનસમુદાયની સામાન્ય સ્વતંત્રતા માટે લડી મરવા પાછળની એકાદ બે દિશામાંજ પ્રબળપણે વાપરવાની તેને સંયોગો અનુસાર જરૂર પડી હતી. તેની અન્ય વિષયોનું મહત્વ દુનિયાને યથાવત્ જોવાનો પ્રસંગજ નથી પ્રાપ્ત થયો છતાં સર્વગુણ સમ્પન્ન કોઇ રીતે કંઇક અંશે કહી શકાય તો તેવું ભવ્ય રચનાવાળું મુખ, મસ્તક અને શરીર આપણે આજ માત્ર એક વીર નરની અંદરજ યોજાયેલું જોઇએ છીએ. તેનું ભવ્ય સમગ્ર મસ્તક આગળનાં પાછળનાં તેમજ ઉપરનાં બધાં માનસિક શકિતઓનાં સ્થાનોજ પ્રબળતા દર્શાવે છે. Most perfaotly and nicely developed Brain-centre. આપણને આ પુરૂષની અંદરજ મળી શકે તેમ છે. તેનું ભવ્ય અને વિશાળ અગ્ર કપાળ, તેના દિવ્ય બુદ્ધિ વૈભવ, અને પ્રબળ યોજના શકિતની પ્રત્યક્ષ મુર્તિ પ્રકટ કરે છે.

નાસિકા—તેની લાંબી ઉભી અને કપાળ મુળમાંથી શરૂ થતી, છિદ્ર નાસિકા, તેની અજબ પ્રેરણા શકિત, સ્પર્ધા શકિત, અને કાર્ય શકિત તથા વિરતા અને હિમ્મત આદિ સર્વ પ્રભાવોને સ્પષ્ટ રીતે ભવ્ય ભાષામાં પ્રકટ કરે છે.

ઓષ્ઠ—તેનાં સુંદર વિશાળ અને સપ્રમાણ ઓષ્ઠ, તેના હૃદયના મધુર ભાવો જેમાં પ્રેમ-વાત્સલ્ય, દામ્પત્ય, સ્વદેશાનુરાગ, આદિ સાંસારિક મધુર ભાવોનો સમાવેશ થાય છે, તે સર્વની સુંદરતાની ખાત્રી આપે છે.

ચીબુક—તેની સપ્રમાણ, વિશાળ અને પહોળી તથા ઉંચી ચીબુક, તેના પ્રબળ દામ્પત્ય સ્નેહ, સૌજન્ય, કાર્ય શકિત, દ્રઢતા અને પુંભાવોની ખાત્રી આપે છે. તેના મુખના પડખાના ગાલના અસ્થિઓ એવાં તો સપ્રમાણ છતાં ભવ્ય યોજના અને કાર્ય શકિતની પ્રબળતા દર્શાવનાર છતાં પશુવત્તિ દર્શક ભાવોથી તદન રહિત અને તેના મસ્તકના બુદ્ધિ વૈભવને આધિન રહી વર્તવાની વત્તિવાળાં સ્પષ્ટ દેખાય છે. તે એક નરવીરને સદા શોભા આપે તેવાં સુંદર રીતે યોજાયેલાં છે. સમગ્ર કપાળ, મુખ, નાસિકા, આંખો, ઓષ્ઠ, ચિબુક-કર્ણ અને મુખપરના બધા ભાવો એવી તો સુંદર રીતે યોજાયેલાં છે, કે તે આ દુનિયાનો તો ખરેખર અદ્વિતીય નરવીર કેશરીજ રહેવાનો. એવી દિવ્ય મૂર્તિનાં

દર્શનો તો આ વિશ્વમાં લાખો વર્ષે એકાદ વારજ થતાં હશે. આવા ભવ્ય પુરૂષનાં આ વિશ્વને દર્શન થવાં ઘણુંજ દુર્લભ છે. यजमानस्य वीरो जायताम् અમારા યજમાનોને ત્યાં વીરપુરૂષોજ હંમેશાં પેદા થાય એવી ભારતવર્ષના ઋષિઓ હંમેશાં પ્રાર્થના કરતા હતા. મનુષ્યનો આદર્શ નમુનો કોઇ જન સમાજ કે માતાઓ સનમુખ ધરવાનો હોય તો સમગ્ર ભુમી મંડળમાં આ રહ્યો આ **મહાન વીર નર કેશરી નેપોલીયન.**

સગર્ભાવસ્થામાં—અર્જુન, ભીમ, અને કર્ણ તથા રાણા પ્રતાપ અને નેપોલીયન જેવા મહાન નરોનાં જીવન ચરિત્રો ભારત વર્ષની પ્રજાને જન્મ આપનાર ભવિષ્યની માતાઓ પાસે વંચાવાની, પારાયણરૂપે વંચાવાની હાલની પરિસ્થિતિઓ જોતાં ખાસ અગત્ય છે.

ભવિષ્યની માતાઓ! નેપોલ્યન કાંઇ દોલતમંદ માબાપને ત્યાં પેદા પડયો હતો નહીં, પુરૂં-પાધરૂં ખાવાનું મળવાના અને કપડાંના શરૂઆતમાં વાખા હતા, પણ એની માતાએ એ જ્યારે ગર્ભમાં હતો, ત્યારે વીર-નરોનાં દાસ્તાનો વાંચી, વીર-પુરૂશોની જીંદગીનો અભ્યાસ કીધો હતો અને નેક-ચલનથી તંદુરોસ્તી સાચવી હતી તો નેપોલ્યનની મગજ-બુદ્ધિ તેજ થઈ અને સારી દુનિયામાં કોઇએ નહીં મેળવેલી એવી નામના મેળવી ગયો, તો જો તમારામાં કુદરતે શકિત આપી હોય તો તેનો ઉપયોગ કરશો તો કુદરતની મહેરબાની થઇ તો તમો પણ એવા કુળ-દિપક બેટાઓનો જન્મ આપી શકશો અને જો તેમ થયું તો તમારૂં પોતાનું તમારા કુટુંબનું તમારા દેશનું કલ્યાણ કરવાનું નસીબ તમારે હાથે આવશે ! પરમાત્મા તમને આવી શકિત બક્ષે ! આમીન !

———:o:———

જેહાંગીર કરાણીવાળી

તમામ

ખોરદેહ અવસ્તાનું દફતર.

જેમાં અશેમ, યથા, પાંચે ગેહે, સર્વે ન્યાએશ, છ પતેતો, પચ્ચીસ યશ્તો, સર્વે બાજો, આફ્રરંગાનો, આફ્રીનો, બધી ખશનુમનો, સતુમ, હુપ-નીરંગ, આશીરવાદો, નીરંગો, ફરવરદેગાનના પાક દિવસો ઉપર પઢવાના ફરામરઓદના હા તથા ગાથાના પાંચે હા, ત્રીસે રોજની સેતાયશો અને તે ઉપરાંત એક નામાંકીત ફારસી સ્કૉલરે ઘણી મેહેનત લઇ સુધારેલી શુદ્ધ ઉચ્ચારે છાપેલી છત્રીસ મુનાજાતો સાથનું

તમામ બંદગીનું મોટું દફતર.

ખાસ ખુબીઓ:—

મોટા, જાડા, મરોડદાર કાળા ભમ્મર ટાઇપે છાપેલું છેલ્લામાં છેલ્લા સુધારા મુજબ સુધારેલું, મજબુત રીતે સીલ્ક ઍલીગન્ટ કલૉથમાં બાંધેલું, અશો જરથોસ્ત સાહેબનો મુબારક ફોટો સાથનું તેમજ નામાંકીત ફારસી સ્કૉલરે સુધારેલી, શુધ્ધ જબાનમાં છાપેલી ૩૬ મોનાજાતો સાથનું હાથ શોભી રહે તેવું દળદાર દફતર.

આજસુધી કોઇબી તમામ અવસ્તામાં નહીં વપરાયલા એવા મરોડદાર, મોટા, કાળા ટાઇપે સફાઇદાર રીતે છાપેલું અને પૉ. ગેલ્ડનર અને પ્રૉ. વેસ્ટર-ગારડનાં પુસ્તકો ઉપરથી છેલ્લા સુધારા સાથની શુદ્ધ જોડણીવાળું, ચીવ્વટ કાગજ ઉપર છાપેલું અને મજબુત રીતે બાંધેલું આ દફતર જરથોસ્તી ફીરકાની સેવામાં રજુ કીધું છે.

અશો જરથોસ્ત સ્પીતમાનનો એક ફોટોગ્રેવ્યુર ખાસ ઇંગ્લાંડથી છપાવી પુસ્તકની શરૂઆતમાં આપ્યો છે.

તમામ દફતરમાં આવતાં મામુલી સર્વે ભણતરો સમાવ્યાં છે અને તે ઘણી સંભાળથી સુધારી શુદ્ધ એબારતમાં છાપ્યાં છે.

ડૅમી ઑકટેવો ૮¾×૫ ઇંચનાં ૮૫૦ પાણાનું મોટા, મરોડદાર અને કાળા ટાઇપે છાપેલું હૅન્ડસમ વાલ્યુમ.

કીમત:—ફુલ કલોથ ગીલ્ટ એમબૉસ બાઇન્ડીંગ કીમત રૂ. પાંચ હાફ બાઉન્ડ, લૅધર ઍન્ડ કલૉથ, ગીલ્ટ એમબૉસ કીમત રૂ. સાડા છ.

જેહાંગીર બી. કરાણીના છોકરાઓ, ૨૨૦-૨૨૨, પારસી બજાર, કોટ, મુંબઇ.

કરાણીની પ્રગટ કીધેલી

પાક ખોરદેહ અવસ્તા.

૧. તમામ પાક ખોરદેહ અવસ્તા. કીં. રૂ. ૨.

સાઇઝ પા×૭ા ઇંચ, કુલ્લે પાનાં ૮૪૮.

જુમ્લીસ યશ્તો, સીસે રોજની સેતાયશ, ગુજરેલાંની યાદ માટે ભણવાનો સતુમનો કરદો, ફ્રશામરઓતનો હા તથા ગાથાના પાંચે હા, એકવીસ નેનાન્નત, વગેરે સંપુર્ણ બંદગીનો સમાવેશ કીધો છે.

૨. પાક ખોરદેહ અવસ્તા. કીં૦ બાર આના.

સાઇઝ ૪ા×૬ા ઇંચ, પંદર યશ્તો-૮૩૨ પાનાં.

રોજની ફરજ્યાત બંદગી ઉપરાંત, હોરમજદ, મોટી તથા નાની હપતન, અરદીબેહેસ્ત, સરોશ હાદોખ્ત તથા વડી, બેહેરામ, તીર, ખોરદાદ, મેહ્ર, આવાં, આસ્તાદ, ખોરશેદ, નાની હોમ, અને વનંત યશ્તો સાથે કુલ પંદર યશ્તો અને દાદાર અહુરમજદનાં ૧૦૧ નામો અને ગુજરેલાંની યાદ માટે ભણવાનો કરદો આપ્યો છે.

૩. પૉકેટ પાક ખોરદેહ અવસ્તા. કીં૦ આઠ આના.

સાઇઝ ૪×૬ા ઇંચ-નવ યશ્તો-૫૭૬ પાનાં.

રોજની ફરજ્યાત બંદગી ઉપરાંત હોરમજદ, મોટી તથા નાની હપતન, અરદીબેહેશ્ત, સરોશ હાદોખ્ત તથા વડી, બેહેરામ, નાની હોમ અને વનંત યશ્ત મળી કુલ નવ યશ્તો, દાદાર અહુરમજદનાં ૧૦૧ નામો અને ગુજરેલાંની યાદ માટે ભણવાના કરદાનો સમાવેશ કીધો છે.

૪. વેસ્ટ-પૉકેટ પાક ખોરદેહ અવસ્તા. કીં૦ છ આના.

સાઇઝ ૪×૬ા ઇંચ-પાંચ યશ્તો-૪૪૮ પાનાં.

રોજની ફરજ્યાત બંદગી ઉપરાંત હોરમજદ, અરદીબેહેસ્ત, સરોશ હાદોખ્ત તથા વડી અને વનંત યશ્ત મળી કુલ પાંચ યશ્તો, દાદાર અહુરમજદનાં ૧૦૧ નામો અને ગુજરેલાંની યાદ માટે ભણવાનો કરદો આપ્યો છે.

શુદ્ધ જોડણી, કાળા ટાઇપ, ચીકણા અને મજબુત કાગળ ઉપર છાપી, ફુલ ક્લૉથમાં મજબુત રીતે બાંધી ગીલ્ટ ઍમબૉસ કીધેલી અમારી સર્વ અવસ્તામાં અશો જરથોસ્ત સ્પીતમાન સાહેબનો ફોટો શરૂઆતમાં આપ્યો છે

જેહાંગીર બી. કરાણીના છોકરાઓ, ૨૨૦-૨૨૨, પારસી બજાર, કોટ, મુંબઇ

બુઝર્ગ ઉમરના, નબળી આંખવાળા તેમજ નાનાં બાળકો
માટે ખાસ મોટા ટાઇપની

પાક ખોરદેહ અવસ્તા.

રોજની ફરજ્યાત બંદગી ઉપરાંત, હોરમજદ, મોટી તથા નાની હપતન, અરદીબેહેશત, સરોશ હાદોખત તથા વડી, બેહેરામ, ખોરદાદ, આવાં, તીર, ગોશ, નાની હોમ અને વનંત યસ્ત મળી કુલ તેર યશત આપી છે.

ફુલ ક્લૉથ, ગીલ્ટ ઍમબૉસ બાઇન્ડીંગ.

શરૂઆતમાં અશો જરથોસ્ત સ્પીતમાનનો ફોટો આપ્યો છે.
કીંમત રૂપ્યો સવા.

બાળકોને નવજોતનું શીખવવા માટે
મોટા ટાઇપની નવજોત–અવસ્તા.

નાનાં બાળકોને નવજોત માટેના અવસ્તાના પાક કલામો સેહેલથી અને સગવડથી શીખવવા માટે મોટા ટાઇપની અવસ્તાની આ ઉપયોગી કેતાબમાં નવજોત માટે અગતજોગી સર્વ બંદગીઓ, તેની પુરતી સમજ સાથ આપી છે. દાખલા તરીકે સહવારે ઉઠતાં વાર શું શું ભણવું, કુસ્તી કેમ કરવી, પહેલો ગાંઠ ક્યારે અને કેમ મારવો, વગેરે કુસ્તી માટેની સમજણ બાળકોને સમજ પડે તે કીસમે આપી છે અને તે ઉપરાંત પતેત પશેમાની અને હોરમજદ યશત પણું સમાવી છે.

ચાર ચિત્રો સાથે–કીંમત આના ચાર.

ફરવરદેગાનના પવિત્ર દિવસોમાં પઢવા માટે
ફરામરોદનો હા તથા ગાથાના પાંચે હા.

કીંમત આના ચાર.

છુટી આવાં યશત—મોટા ટાઇપ—કીંમત આના ચાર.

જેહાંગીર બી. કરાણીના છોકરાઓ, ૨૨૦–૨૨૨, પારસી બજાર, કોટ, મુંબઇ

મી૦ બેહેમન સોરાબજી જાં. બનાજીનાં રચેલાં ઉપયોગી પુસ્તકો.

પુર્વ તથા પશ્ચીમનાં વિદ્વાનોનાં ખ્યાલો અને શોધને આધારે વાંચવાજોગ અને વિચારવાજોગ વિચારોનો સંગ્રહ.

મોતનો ભેદ.

ગુજરેલાંની દુન્યા, રૂહોના સંદેશા (**ચીત્રો સાથે.**)

લખનાર—**બેહમન સો. જહાં. બનાજી—કીંમત રૂ. રા**

મોતની ઉત્પતિ ધર્મ અને ફિલસુફીને આધારે મોતની વ્યાખ્યા મોત થવાનાં જુદાં જુદાં કારણો—મોત પારખવાની રીત મરતાં માણુસના આંખમાં પડતાં ચીત્રો—મોતની ચેતવણી કુદરત તરફથી—**અકાળ મોતે દટાટા અને બળી મરતાઓના દાખલાઓ અને અટકાવ.**

મરતી વખતની શરીરની હાલત આપધાતથી મરતાં માણુસોનાં હેવાલો—એક જીવતું દોજખ. **મરતી વખતે મહાન નરોએ રજુ કરેલો અનુભવ.**

આત્માની હસ્તી અને અમર્ગી મરણુ પછીની હાલત વિષે જાણુવાની જરૂર. તેના પુરાવા. **આત્માનો ફોટોગ્રાફ લેવાનો અખતરો.**

બેહસ્ત અને દોજખ. મરણુ પછીની હાલત તેમજ અસલી હાલની શાસ્ત્રવિદ્યાને આધારે મહાન પારસી યોગી આઝર કયવાને જોયલા મીનોઇ દુન્યાના દેખાવો. બેહશ્ત અને દોજખ વિષે મનની વિદ્યાના પુરાવા. બીજી દુન્યામાં માણુસની જીંદગી. **ગુજરેલાં સાથના સંદેશા વડે મરણુ પછીની હાલત.**

ગુજરેલાં સાથની વાતચીત. **ગુજરેલાંનું રૂહ શરીર અને કુ-પડાં વડે દેખાવ દે છે**—પવિત્ર માણુસનું મીનોઇ દુનયામાં રહેઠાણુ. **મીનોઇ જેહાંનના હેવાલો. બંદગી કરવાથી રૂહને મળતી રાહત.** ધર્મ ક્રિયાની ગુજરેલાં પર અસર.

ગુપ્ત મનશક્તિની મહાન શોધો.

જે વડે માણુસ દુઃખ દરદ મોત અને નસીબપર કાબુ રાખી શકે.

આપણી મનશક્તિમાં કેટલું બળ સમાયલું છે, અને તે બળનો ઉપયોગ કરી આપણી જીંદગી કેટલી હદ સુધી સુખી બનાવી શકયે તેનો ખ્યાલ આપેલો છે. આપણામાં કુદરતે જે શક્તિ મુકી છે તેનો વપરાશ કરતાં શિખવવામાં આવ્યું નથી તેથીજ 'મન-શક્તિ' જેવી બળવાન શક્તિ આપ-ણામાં હોવા છતાં ફકત અજ્ઞાનપણાંથી જીંદગીમાં મેળવવું જોઇતું સુખ આપણે ગુમાવી બેઠા છીયે. સારા વિચારોથી કેટલા સુખી થઇ શકયે તેનો ખ્યાલ આ પુસ્તક વાંચવાથી આવી શકશે. **કીં. આના બાર.**

જેહાંગીર બી. કરાણીના છોકરાઓ, પારસી બજાર, કોટ, મુંબઇ.

ગોહરે જામાસપિ.

અથવા જામાસ્પિમાંથી ચુટી કાઢેલાં રત્નો.

બનાવનાર,

રતનજી ફરામજી શેઠના.

શાહ ગુસ્તાસ્પના વખતમાં થઇ ગયલા જેહાંન આશકારા જામાસ્પ વજીરે જે અદભુત આગાહીઓ કીધી હતી તેનું ઘણું જાણવાજોગ વર્ણન આપ્યું છે. તે ઉપરાંત ફાલનામુ તે જોવનાં ફાલચક્ર સહિત આપ્યું છે. તેમજ ઇરાનવેજનો પ્રાચીન તેમજ અર્વાચીન ઇતિહાસ આપ્યો છે અને તે સાથે ઇરાનના નીચલા શાહોની આંઠ તસ્વીર આપી છે.

૧. તેહેમુરસ,	૨. જમશેદ,	૩. જોહાક,	૪. અફ્રાસિઆબ,
૫. કયકાઉસ,	૬. કયખશ્રુ,	૭. ગુસ્તાસ્પ,	૮. સેકંદર.

આગળા જમાનામાં તાવીજો ઉપર યકીન હતું તેનો ખ્યાલ આપવા તરેહવાર આફતો તેમજ દુ:ખ દરદોના બચાવ માટે એજમતી બાવીસ તાવીજો તેની દરેક વિગતો સાથે આપ્યાં છે. કીંમત રૂપીઆ બે.

ઇરાનની ટુંકી તવારીખ.

ઇરાની વડવાઓએ સ્થાપેલી મહાન શહેનશાહતનો ટુંક ઇન્તેખાબ.

કર્તા—રૂસ્તમ હો. ઝાબવાળા, બી. એ.

દુનિયામાં એક વેળા ઇરાની શહેનશાહત ચોખંડ ફેલાઇ હતી જેના પાદશાહો સખી, નેક, બુલંદ તાલેના, તેમજ મહાન લડવૈયા હતા તે બાબેનું કોમનું અજ્ઞાનપણું અફસોસકારક રીતે રહેલું છે, તેથીજ આ તવારીખ પ્રગટ કીધી છે, જેથી ઇરાનના ઇતિહાસનો સારાંશ જાણી શકાય. દરેક જરથોસ્તી બાનુ અને ગૃહસ્થને આ પુસ્તક વાંચવાની મજબુત ભલામણ કરવા સાથે દરેક જરથોસ્તી બાળકના હાથમાં આ પુસ્તક આપવાની ભલામણ કરીએ છીએ. કીંમત આના બાર.

જેહાંગીર બી. કરાણીના છોકરાઓ, પારસી બજાર, કોટ, મુંબઈ.

દીલખુશ વાર્તાઓ.

કર્તા—જેહાંગીર બરજોરજી સનજાણા બી. એ.

કુટુંબમાં વાંચવા વંચાવવા જોગ, બોધદાયક, નીતિમાન તેમજ રસીલી, નીચલી આંઠ વાર્તાઓમાં તેના ગ્રૅડયુએટ કવી-લેખકે જગે જગ રસીલી બેતબાજીથી આ પુસ્તકને શણગાર્યું છે:—

વાર્તાઓ. ૧. સ્પેનીશ સુકુમારી, ૨. ગોહાક—ફરીદુનનો કિસ્સો, ૩. ભાગ્યશાળી અહમદ અબદલ્લા, (અરેબ્યન નાઇટ્સની ઢબની એક રસીલી કહાણી) ૪. નકશીનું બારણું—એક જુવાન જોડાંની ગરીબાઇની કહાણી ૫. પીચફુળનું ઝાડ યાને એફંદીની આપદા, ૬. અબળાને હાથે કેદ થયલો કયસર, ૭. પિત્તળના હાથાવાળી છરેકાત્રી, ૮. તેનું બીનહરીફ લખાણ. સાચા પ્યારની એક મનહર વાર્તા.

કીંમત રૂપીઓ દોહોડ.

ગુલફામની પારસી સંસારી નવી વાર્તા.

નવલ નાણાવટી.

રમુજી લેખક તરીકે નામના ધરાવનાર લેખકની અનુભવી કલમે લખાયલી આ પારસી સંસારી વાર્તામાં તમો શું વાંચશો ?

કંજુસ કજાસની ચીલ-ઝડપ અને દોલત ભેગી કરવાની કંગાળ અને પાપી યુકિત; નિરદોશ પરીપયકર હીરાં ઉપર કંગાળ કંજુસ કાકા તરફનો કાતીલ જુલમ; બહાદુરી, સચ્ચાઇ, નેકી અને નીતિ ઉપર મુસ્તાક રહેલા નવલ નાણાવટીની મુસીબત, મેહેનત અને મોહોબત; પહેલવાની તન બદનના પણ ભોલા ભલા અને બેહદ રમુજી ગામડયા કાજીનો ગામડયો સુખી સંસાર, રમકડાં જેવી રમત્યાલ નાજુક ધનની ભલાં અને સાચ્ચાં જીગરની લાગણી, વિગેરે.

ટુંકમાં પારસી કુટુંબોમાં વંચાવવા જોગ નીતિ અને દુન્યાદારીના અનુભવથી ભરપુર આ રમુજી અને ફતેહમંદ વાર્તા ઘણીજ રસીલી છે.

કીંમત રૂપીઆ ત્રણ.

જેહાંગીર બી. કરાણીના છોકરાઓ, પારસી બજાર, કોટ, મુંબઈ.

જીંદગીનું બળ.

અને તેના મળેલા જાણુવાલાયક જવાબો.

કર્ત્તા

બેહેમન સોરાબજી જાં. બનાજી.

પરવરદેગારે જે અસંખ્ય ઉપકારો કુલ આદમજાત ઉપર કીધા છે તેની સેતાયશ, ખરાં જીગરથી કરવાની કુલ ઇનસાનને માથે જે ફરજ છે તેનું કરજ અદા કરવાને માણુસ ચુકે છે, ત્યારે તે અનેક આફતોના મારા ખમે છે. આ પુસ્તકની નેમ, જ્યારે નહીં ધારેલી મુસીબતો આવી પડે છે ત્યારે બની શકતો પ્રમાણીક પ્રયત્ન કરી પાક પરવરદેગારની મદદ માંગવાને બદલે જેઓ આડે રસ્તે ઉતરી જઈ, વેહેમનાં વેહેળામાં સપડાઇ પૈસાની બરબાદી કરે છે તેવાં દુ:ખથી દાઝેલાંઓને ખરા બનેલા અને પુરવાર થએલા અનેક દાખલાઓ આપી સમજાવવાની કોશેષ કીધી છે કે દરેક પ્રમાણીક કોશેષ ભેગી ઇશ્વરની મદદ માંગવાથી આફતોમાંથી સહેલાઇથી પસાર થવાની શકિત મળે છે અને ઘણા માઠા બનાવોમાંથી સુખરૂપ પસાર થવાય છે.

☞ દરેક ઘરમાં આ પુસ્તકની એક નકલ રેહેવી જોઇએ.

કીંમત રૂપીઓ દોહોડ.

—જેહાંગીર બી. કરાણીના છોકરાઓ, પારસી બજાર, કોટ, મુંબઇ.

"જીવન રહસ્ય."

—:0:—

શારીરશાસ્ત્ર, શરીરવિજ્ઞાનશાસ્ત્ર, માનસશાસ્ત્ર, મસ્તકવિદ્યા અને મુખસામુદ્રિકશાસ્ત્ર, તેમજ પ્રજનનશાસ્ત્ર (Eugenios) તથા કામશાસ્ત્ર, આદિ અનેક શાસ્ત્રો કે જેનો સંબંધ, માનવ જીવનના દરેક પ્રકારના રહસ્યોનાં ખુલાસાઓ કરવાને યોજાયેલાં છે, તેવાં સર્વ શાસ્ત્રોના સાર રૂપે ઉપર જણાવેલો "જીવન રહસ્ય" નામનો ગ્રંથ અમારા તરફથી થોડાજ વખતમાં પ્રસિધ્ધ થશે.

ગ્રન્થનું કદ—ક્રાઉન આઠ પેજી, પૃષ્ટ ૪૦૦, ચિત્ર સંખ્યા ૩૦૦ જેમાં અનેક સ્ત્રી પુરૂષોનાં તેમજ બાળકોનાં ચિત્રો રજુ કરવામાં આવશે.

પ્રકરણ ૧૨.—જેમાં

૧ શરીરયંત્રની યોજના,	૨ મન અને મસ્તક
૩ જીવન પર પ્રેમનો પ્રભાવ,	૪ સ્ત્રીઓનું સૌન્દર્ય,
૫ લગ્ન સંબંધી પ્રસંદગી,	૬ પરિશીલન,
૭ લગ્ન યોગ્ય ઉમર,	૮ જનનેન્દ્રિયોના અવયવો,
૯ પ્રજનનક્રિયા અથવા ગર્ભાધાન,	૧૦ લગ્ન સંબંધ
૧૧ વિવાહિત જીવન,	૧૨ સ્ત્રીઓ અને સંસાર

આદિ બાર પ્રકરણોનો સમાવેશ થાય છે. આમાના દરેક પ્રકરણના વિષયને અનેક ચિત્રોથી યુક્ત કરવામાં આવેલ છે. Sexsual Soienoe "સાથે સંબંધ રાખનાર—આ ગ્રન્થ ગુજરાતી સાહિત્યમાં એક તદન નવીનજ સ્વરૂપે પ્રથમવારજ પ્રકટ થાય છે.

માત્ર અગાઉથી ગ્રાહક બનારાઓનેજ મળી શકશે.

પાછળ રહેનારાઓને પસ્તાવું પડશે.

ગ્રાહક થવા ઇચ્છનારાઓએ નીચેને સ્થળે—અગાઉથી નામ નોંધાવી લેવા કૃપા કરવી.

કીંમત રૂ. ૫. એન્ટીક પેપર પરની કોપીના રૂ. ૭.

ગિરધરલાલ ગોવિંદજી મહેતા.
પ્રોફેસર ઓફ ફ્રેનોલૉજી.
નં. ૧૫૨, બજારગેટ કોટ, મુંબઈ.

વાંચવા લાયક પુસ્તકો.

પીઝામ-કૃત.

- એમાન-સંગ્રહ — રૂ. ૪
- આફતા પર કોઇતું — ,, ૪
- ધડી ચપકો — ,, ૪

રશીક (ડા. ફ. લંગરાના) કૃત.

- બડી-સાંપ — રૂ. ૨
- ગુલઝાર — ,, ૨
- એશમ ચોર — ,, ૨
- મોહોબતની મકતબ — ,, ૧॥
- નીતા — ,, ૧
- ખુબસુરત મકકાર — ,, ૨
- જીવતું દોજખ — ,, ૨
- બીલોરનો ખુચ — ,, ૨
- જાન કે જીગર — ,, ૨
- એશીયા અને યુરોપની પતિવ્રતા બાનુઓ — ,, ૧॥
- ડીટેક્ટીવ ક્લાઇડ — ,, ૨॥

મી. બમનજી કાબરાજી કૃત.

- દેલજંગ દલેર — રૂ. ૨॥
- પારતીપર પચાસ — ,, ૨॥
- પ્યારનો એક ફુલ — ,, ૧।
- એક પત્થરના પ્રતાપ — ,, ૨
- રીચમંડ વીલાનો વારેસ — ,, ૨
- સફેદ-ડગ — ,, ૧॥
- ભાઇ કે કસાઇ — ,, ૨
- બેદીલ કે બેવફા — ,, ૨॥
- કુમી કલાટ — ,, ૨
- સંસાર — ,, ૨॥

ગુલફામ કૃત.

- કાળો નાગ — રૂ. ૨॥

અરદેશર દેશાઇ કૃત.

- બાપના શ્રાપ — રૂ. ૨॥
- કરણીનો ફેજ — ,, ૧॥

મરહુમ દાદી તારાપોરવાળા કૃત.

- અધીરી અરનવાજ યાને પસ્તાયલી પારસણ — રૂ. ૨॥
- દુઃખી દાદીબા — ,, ૫

મી. સોરાબ તાતા કૃત.

- ભરતીઓટ બે ભાગમાં — રૂ. ૪

મરહુમ ખ. બ. ફરામરોજ કૃત.

- ધર્મી જોડાંની ગેબી ફતેહ — રૂ. ૨
- આપણી બખ્તાવર પતેતી બાઇ — ,, ૦॥

નાઝુક કૃત.

- માહારી સુખ્યારી પળો. — રૂ. ૦॥।
- ઓબાસના વારેશો — રૂ. ૦।=

મી. સી. એમ. હકીમ કૃત.

- સત પ્રેમ-સાગર — રૂ. ૦।=

ગુલબાનું શા પીન્ટર કૃત.

- એરીસ્ટોક્રાટીક ઉં — રૂ. ૩॥

પે. શી. કાપડયા કૃત.

- ખુદાને ખબર, નવી મમા — રૂ. ૪
- તોખમની તકોઅરી — ,, ૨
- એક લોહીના — ,, ૧॥
- ગુલીસ્તાનનું ગુલ — રૂ. ૪
- બોસ્તાનનું બુલબુલ — ,, ૪
- પરસ્તાને પાગલ — ,, ૨
- લુટાર મુબારક — ,, ૧॥
- બેહેસ્તન હોમલીબાઇની ધાયેજ — ૧॥
- ભાઇનો ભોગ — ,, ૧।
- જેહાંગીર નામું — ,, ૨
- બેલાડ પીયરથી બ્રીટન — ,, ૩॥
- યોગીની જડી-બુટી — ,, ૦॥।
- કબીર વાણી કલોથ બાઇંડીંગ — ,, ૨
- ,, ,, કાગજની બાઇંડીંગ — ૧॥
- સત યુગની શોધમાં — ,, ૩

જેહાંગીર બી. કરાણીના છોકરાઓ, પારસી બજાર, કોટ, મુંબઇ

જહાંગીર બી. કરાણીના
છોકરાઓ.
પારસી બજાર, કોટ મુંબઈ.